શ્રી ઉમાસ્વાતિવાચક રચિત

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

સ્વોપજ્ઞભાષ્ય + ટીકા + અનુવાદસહિત

## ભાગ - ૩

ગચ્છાધિપતિ આચાર્ય શ્રી ઉદયપ્રભસૂરિ

## સુકૃત અનુમોદના

તત્ત્વબોધદાયી પ્રવચનકાર ગચ્છાધિપતી પ.પૂ.આચાર્યદેવ શ્રી ઉદયપ્રભસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય ગણિ શ્રી અભ્યુદયપ્રભવિજયજી મ.સા. તેમજ મુનિ શ્રી હેમર્ષિપ્રભવિજયજી મ.સા.ના વિ.સં.૨૦૭૪માં ફોર્ટ શ્રીસંઘમાં કરેલ ચાતુર્માસની અનુમોદનાર્થે તેમની પ્રેરણાથી શ્રીસંઘના જ્ઞાનખાતામાંથી આ ગ્રંથ તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૩ ના પ્રકાશનનો સંપૂર્ણ લાભ શ્રી ફોર્ટ તપાગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘ - મુંબઈએ લીધેલ છે.

તેની ભૂરી ભૂરી અનુમોદના...



ભવોદધિતારક ગુરુદેવ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

|| શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથાય નમઃ || || શ્રી અજાહરા પાર્શ્વનાથાય નમઃ || || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રી મણિ-બુદ્ધિ-મુક્તિ-કમલ-કેશર-ચંદ્ર-પ્રભવચંદ્ર-હેમપ્રભસૂરીશ્વરેભ્યો નમઃ ||

*૫૦૦ પ્રકરણના પ્રણેતા વાચકમુખ્ય*
*શ્રી* **ઉમાસ્વાતિવાચક** *રચિત સ્વોપજ્ઞભાષ્ય કલિત*
*ગંધહસ્તી શ્રી* **સિદ્ધસેનગણિ** *કૃત ટીકા વિભૂષિત*
*હેમગિરા વ્યાખ્યા સમન્વિત*

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

## ભાગ-૩

* દિવ્યાશીષ *

યોગનિષ્ઠ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કેશરસૂરીશ્વરજી** મહારાજા
અધ્યાત્મયોગી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ચંદ્રસૂરીશ્વરજી** મહારાજા
પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રભવચંદ્રસૂરીશ્વરજી** મહારાજા

* કૃપાદૃષ્ટિ *

ભોપાલતીર્થોદ્ધારક ગચ્છાધિપતિ ગુરૂદેવ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજા

* હેમગિરાવ્યાખ્યાકાર + સંપાદક *

ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજાના આદ્ય પટ્ટધર
**આચાર્ય ઉદયપ્રભસૂરિ**

* પ્રકાશક *
**શ્રી હેમગિરિ ટ્રસ્ટ,**
**અમદાવાદ.**

મુખ્ય સંશોધક

વિદ્યાગુરુવર્ય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કુલચંદ્રસૂરીશ્વરજી** મહારાજ

માર્ગદર્શક

વિદ્યાગુરુવર્ય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજ
વિદ્યાગુરુવર્ય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **યશોવિજયસૂરીશ્વરજી** મહારાજ

✤ પ્રથમ આવૃત્તિ ✤ મે -૨૦૧૯ ✤ વિ.સં. ૨૦૭૫ ✤ નકલ : ૧૦૦૦ ✤ મૂલ્ય રૂા.૩૦૦ ✤

*સર્વ હક્ક શ્રમણપ્રધાન શ્રી જૈન સંઘને આધીન*

**તત્ત્વાર્થાધિગમસૂત્રના ત્રીજા ભાગનો પરિચય** પૃષ્ઠ

ગ્રંથ સમર્પણ....................4
અંતરના આશીર્વચન : પ.પૂ.ગચ્છાધિપતિશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા....................5
પ્રકાશકીય સ્ફુરણા....................6
પુરોવચન : પૂ.આચાર્યશ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા.....................7-8
પ.પૂ.આ.શ્રી કેશરસૂરિજી મ.સા.ના પુસ્તકોની સૂચિ....................9
ભૂમિકા....................10-14
તત્ત્વાર્થની પ્રસાદી....................15
વિષયમાર્ગદર્શિકા....................16-18
તત્ત્વાર્થાધિગમસૂત્ર : અધ્યાય-૩....................૧-૧૨૧
પરિશિષ્ટ ૧ થી ૧૨....................૧૨૨-૧૪૫
પ.પૂ.આ.શ્રી ઉદયપ્રભસૂરિજી મ.સા. દ્વારા સંપાદિત પુસ્તકોની સૂચિ....................૧૪૬

✤ પ્રાપ્તિસ્થાન ✤

(૧) **શા. પોપટલાલ મિશ્રિમલજી**
૪૪, ગિરધરનગર સોસાયટી, શાહીબાગ,
અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૨૮૬૦૧૮૪
Mob. No. 989858123

(૨) **Jayesh / Sainik C/o. Sha Parasmal & Sons**
Station Road, Opp. Clock Tower,
Davangere-577001.
M. 9448384023 / 9886715371

અધ્યયનશીલ સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાનભંડારોને ભેટરૂપે મળી શકશે.

**ટાઈપસેટીંગ** : શ્રી પાર્શ્વ પ્રિન્ટર્સ, અમદાવાદ. મો. ૯૯૦૯૪૨૪૮૬૦.

II Shri Ajahara Parshwanathaay Namah II

II Namotthunam Samanassa Bhagavao Mahaveerassa II

II Shri Mani-Buddhi-Mukti-Kamal-Kesar-Chandra-Prabhavchandra-Hemaparabhasuribhyo Namah II

The Compiler of 500 scriptures

Vachaka Mukhya **Shri Umaswatiji Vachaka's**

# Tattvarthadhigam Sutra

## [ Part-3 ]

together with Swopagya (his own) Bhashya along with the Gandhahasti commentary written by **Gandhahasti Shri Siddhasen Gani**

★ Divine Blessing ★

Yognishtha Pujyapaad Acharyadev

Shrimad Vijay **Kesarsurishwarji** Maharaja

Adhyatmayogi Pujyapaad Acharyadev

Shrimad Vijay **Chandrasurishwarji** Maharaja

Prashantmurti Pujyapaad Acharyadev

Shrimad Vijay **Prabhavchandrasurishwarji** Maharaja

★ Merciful Vision ★

Bhopaltirthoddharak Gachchhadhipati Pujyapaad Acharyadev

Shrimad Vijay **Hemaprabhasurishwarji** Maharaja

★ Translator + Editor ★

Bhopaltirthoddharak Gachchhadhipati Pujyapaad Acharyadev

Shrimad Vijay **Hemaprabhasurishwarji** Maharaja's Disciple

Pujyapaad Acharyadev Shrimad Vijay **Udayprabhasurishwarji** Maharaja

★ Publisher ★

**Shree Hemgiri Trust**

Ahmedabad. Mob. 9925931118

First Edition : 1000 Copies May -2019 * Price : Rs. 300/- * © Shraman Pradhan Shri Jain Sangh

# સમર્પણ

જેઓશ્રીની મુખમુદ્રા સદા પ્રસન્ન છે
જેઓશ્રીની દૃષ્ટિમાં કાયમ વાત્સલ્ય વર્ષે છે
જેઓશ્રીના હૃદયમાં નિરંતર શાસનપ્રેમ નીતરી રહ્યો છે
જેઓશ્રીના રોમેરોમમાં વિશુદ્ધ સંયમી પ્રત્યેનો સદ્ભાવ ઉછળી રહ્યો છે
જેઓશ્રીના પ્રત્યેક રક્તબિંદુમાં સર્વે જીવો પ્રત્યે અપાર કરુણા છલકાઈ રહી છે
જેઓશ્રી ઉપર અદ્ભૂત વૈયાવચ્ચ ગુણ દ્વારા ગુરુકૃપાનો
અપૂર્વ શક્તિપાત થયો છે એવા
પરમ પૂજ્ય ઉદારમના, પ્રશાંત - ગંભીર સ્વભાવી,
નિડરતા - નિખાલસતા - નિસ્પૃહતાદિ ગુણ-વૈભવ સ્વામી,
વૃદ્ધવયે વર્ષીતપાદિ ઉગ્રતપશ્ચર્યાકારી, સુવિશુદ્ધ બ્રહ્મચારી,
પ્રવચન પ્રભાવક, શ્રમણ સેવા વિચારક,
મારા ઉત્કર્ષમાં મહત્ત્વનો ભાગ ભજવનાર
પોતાના મહત્ત્વના કાર્યો ગૌણ કરીને
અનેક પ્રખર વિદ્વાન સંયમી પાસે મને અધ્યયન કરાવનાર
વાત્સલ્ય-પ્રેમ-ઉષ્મા આપી મને નિર્મલ સંયમ-માર્ગે આગળ વધારનાર
ભવોદધિતારક ગુરુદેવ
ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

ને સાદર સવિનય સબહુમાન સમર્પણ.

*...કૃપાકાંક્ષી*
*એજ આપનો શિશુ*
**ઉદયપ્રભસૂરિ**

**भवदीयं भवद्भ्यः समर्पयामि**

## ❋ અંતરના આશીર્વચન - શ્રુતના વધામણાં ❋

ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા, મોહના કાળજાળતાપથી સંતપ્ત માનવીને, શ્રુતગંગા જ અનુપમ શીતલતા બક્ષે છે.

સર્વજ્ઞ પરમાત્મા શ્રી તીર્થંકરદેવ કથિત, શ્રી ગણધર ભગવંત રચિત, શ્રુતજળનો વિવિધ સ્વરૂપે સંગ્રહ કરી પૂર્વધર આદિ પૂર્વાચાર્યોએ આ જિનશાસનને સદા નવપલ્લવિત અને આજ સુધી જીવંત રાખેલ છે. એમાંય વળી હુંડા અવસર્પિણીકાળના પ્રભાવે બૌદ્ધિક મંદતાદિ દોષોને કારણે શ્રુતગ્રહણ અતિ કઠિન થઈ પડતા. જેમ યુગપ્રધાનાચાર્ય ભગવંત શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી આદિ પૂર્વાચાર્યોએ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ રૂપ ૪ અનુયોગોમાં શ્રુતને વિભાજિત કરી, શ્રુતપ્રાપ્તિને સુગમ કરી, જગત ઉપર મહાન ઉપકાર કરેલ છે; તેમ શ્રુતસંગ્રહ કળાના શિલ્પી એવા વાચક પ્રવરશ્રી **ઉમાસ્વાતિજી** મહારાજાએ સમસ્ત જૈન સંપ્રદાયોને સુસમ્મત એવા **તત્ત્વાર્થાધિગમ** સૂત્રની રચના કરી, જે સમગ્ર જૈન તત્ત્વામૃતના અર્ક = નિચોડ રૂપ છે.

જેના ઉપર શ્વેતાંબર દિગંબર આચાર્યોએ ખૂબ ખેડાણ, ટીકા રચવા દ્વારા કર્યું છે, એમાં શિરમોર ટીકા **ગંધહસ્તી સિદ્ધસેનીય** છે, જે વર્તમાન કાળે **ગંધસ્તી મહાભાષ્ય** તરીકે ઓળખાય છે અને જે ગ્રંથ એક દાર્શનિક સ્વરૂપે પ્રતિષ્ઠિત છે. તેની પંક્તિઓની જટીલતાને લઈ કેટલાક સમયથી તેનું વાંચન અલ્પ થઈ ગયું છે. એ પંક્તિઓની દુર્ગમતાને સુગમતાનું સ્વરૂપ આપવા આ ટીકાના રહસ્યોને પ્રગટ કરવાનું મહાભારત કાર્ય મારા આદ્યપટ્ટધર, પટ્ટપ્રભાવક **આચાર્યશ્રી ઉદયપ્રભસૂરિજી**એ હાથમાં લીધું... અનેક પ્રાચીન તાડપત્ર અને હસ્તપ્રતિઓનું માધ્યમ લઈને ખૂબ ચીવટ અને ધીરજ સાથે પ્રથમ બે ભાગનું સંશોધન-સંપાદન-પ્રકાશન કર્યું.

**ડગલું ભર્યું તે ભર્યું હવે પાછું ના હટવું, ના હટવું...** એવા ઉત્સાહ અને ધૈર્ય સાથે અનુવાદ યાત્રા આગળ વધારી.

સમુદાય-શાસનના અનેક કાર્યો, વિહારો, પ્રભાવક ચાતુર્માસો આદિ સાથે અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ ત્રીજા અધ્યાયનો ભાવાનુવાદ પૂર્ણ કર્યો છે, જે મારા માટે અને સમુદાય માટે ગૌરવનો વિષય છે.

આ પરિશ્રમ સાધ્ય ભગીરથ કાર્યમાં **પંન્યાસશ્રી યુગપ્રભવિજયજી, ગણિવર્યશ્રી અભ્યુદયપ્રભવિજયજી** આદિ સર્વ મુનિ ભગવંતો સહાયક બન્યા એ પણ ખૂબ અનુમોદનીય છે.

એમની ભાવના ભાવિમાં ક્રમશઃ દશે અધ્યાયનો અનુવાદ કરવાની છે. નિર્જરાલક્ષી આ મહાન શ્રુતકાર્ય શીઘ્રાતિશીઘ્ર, નિર્વિઘ્નપણે, સંપૂર્ણતાના શિખરને આંબે ! એવા મારા અંતરના શુભાશીષ એમને પાઠવું છું.

અને પ્રસ્તુત ત્રીજા અધ્યાયના અધ્યયન-અધ્યાપન દ્વારા મુમુક્ષુ વર્ગ આત્મ કલ્યાણને સાધે એજ અંતરેચ્છા.

**- આચાર્ય વિજય હેમપ્રભસૂરિ**

# ❀ પ્રકાશકીય સ્ફુરણા ❀

સકલ શ્રીસંઘની સમક્ષ સ્વોપજ્ઞભાષ્ય અને **સિદ્ધસેનીય ટીકા**ના અનુવાદ સહિત **તત્ત્વાર્થાધિગમ સૂત્ર**ના ત્રીજા અધ્યાયને પ્રકાશિત કરતાં અમે અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ.

૫૦૦ ગ્રંથના સર્જનહાર વાચકપ્રવરશ્રી **ઉમાસ્વાતિજી** મહારાજે તત્ત્વાર્થસૂત્ર-ભાષ્યની રચના કરેલ છે. જેમાં મોક્ષમાર્ગ = ધર્મની શરૂઆતથી માંડી મોક્ષ પ્રાપ્તિ સુધીનો માર્ગ એટલે કે આત્મા પરમાત્મા સ્વરૂપ બને તે પર્યન્તની આત્મ સાધના માટે ઉપયોગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું સ્વરૂપ વગેરે વિષયોનું આ સુત્રમાં નિરૂપણ કરવામાં આવેલ છે. કુલ ૧૦ અધ્યાયમાં આ સૂત્ર વિભાજિત છે. આ સૂત્ર + સ્વોપજ્ઞ ભાષ્ય ઉપર, **ગંધહસ્તી** તરીકે ઓળખાતા **શ્રી સિદ્ધસેનગણિજી**એ કુલ ૧૮૨૮૨ શ્લોક પ્રમાણ વિશાલકાય ટીકા રચેલી છે. આ ટીકા **ગંધહસ્તીટીકા** તરીકે પ્રસિદ્ધ થયેલી છે.

આ સુંદર ટીકા સૂત્ર અને ભાષ્યના રહસ્યોને ખુલ્લા કરી ગ્રંથને સ્પષ્ટ કરે છે. તેમ છતાં ટીકાની ગહનતા, વિશાળતાને કારણે કેટલાક મુમુક્ષુ વર્ગને પદાર્થ હૃદયંગમ ન થાય તે સ્વાભાવિક છે. તેથી જિજ્ઞાસુ વાચક વર્ગને સ્પષ્ટ વિશદ બોધ થાય તે ધ્યાનમાં રાખી, પૂજ્યપાદ યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ વિજય **કેશરસૂરીશ્વરજી** મ.સા.ના સમુદાયના ગચ્છાધિપતિ પરમોપકારી ભોપાલ તીર્થોદ્ધારક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજાના આદ્યપટ્ટધર તત્ત્વબોધદાયી પ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ઉદયપ્રભસૂરીશ્વરજી** મહારાજે **'હેમગિરા'** નામે ગુજરાતી વ્યાખ્યા = અનુવાદ કરેલ છે. આ સરલ + સુબોધ અનુવાદને વાંચ્યા પછી વાસ્તવમાં તે હેમગિરા છે એવું જણાયા વગર રહેશે નહિ. પ્રાચીન મુદ્રિત પ્રકાશનોમાં રહેલી અશુદ્ધિઓને ૧૨ હસ્તલેખિત પ્રતો દ્વારા દૂર કરીને મૂળગ્રંથ તથા ટીકાને શુદ્ધ કરવાનું અને અધ્યેતા વર્ગને કુશલ અધ્યાપકની ગરજ સારે તે રીતે સ્પષ્ટ ગુજરાતી વ્યાખ્યા લખવાનું એક અત્યંત આવશ્યક અને ઉપયોગી કાર્ય પૂ. આચાર્યશ્રીએ કરેલ છે.

આજના સમયને અનુરૂપ, સમસ્ત જૈન સમાજને આદરણીય એવા આ તત્ત્વાર્થાધિગમસૂત્રના પહેલા, બીજા અધ્યાયના સભાષ્ય, સટીક, સાનુવાદ પ્રકાશન પૂર્વે થઈ ચુક્યા છે. આ ત્રીજા અધ્યાયના સભાષ્ય, સટીક, સાનુવાદ પ્રકાશનનો પ્રથમ લાભ અમારા ટ્રસ્ટને મળવા બદલ અમે ગૌરવ અનુભવીએ છીએ.

આ ત્રીજા અધ્યાયના પ્રકાશનમાં સંપૂર્ણ આર્થિક લાભ લેનાર શ્રી ફોર્ટ તપાગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘ - મુંબઈ પણ ધન્યવાદને પાત્ર છે, જેમણે ઉદારતા પૂર્વક આ લાભ લીધો.

પ્રાન્તે, પ્રસ્તુત તત્ત્વાર્થાધિગમ સૂત્રના અધ્યયન-પરિશીલન અને પરિણમન દ્વારા સહુ કોઈ પરમપદને વહેલી તકે પ્રાપ્ત કરે એ જ મંગલકામના.

લિ.

**શ્રી હેમગિરિ ટ્રસ્ટ,**

અમદાવાદ

# પુરોવચન

સમસ્ત જિનશાસનનો સાર પ્રભુવીરે ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામીને માત્ર ત્રણ પદ સ્વરૂપ ત્રિપદી **'उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा'** આપી તેમ ઉમાસ્વાતિ મ.સા.એ જિનશાસનના બધા મૌલિક પદાર્થોનો સંગ્રહ માત્ર ૨૦૦ થી ઓછા શ્લોક પ્રમાણ સૂત્રમાં કરી દીધો અને એ સૂત્ર એટલે **'તત્ત્વાર્થાધિગમ સૂત્ર'**.

ઉમાસ્વાતિ મ.સા.એ સમસ્ત જિનશાસનના મૌલિક પદાર્થોને દશ વિભાગરૂપ અધ્યાયમાં સમાવેશ કરી દીધો. કદાચ પ્રભુ વીર પછી ઓછામાં ઓછા શબ્દોમાં વધુમાં વધુ પદાર્થોનું નિરૂપણ કરનાર કોઈ હોય તો એક માત્ર આ મહાપુરુષ ઉમાસ્વાતિ મ.સા. એટલે જ **સિદ્ધહેમ વ્યાકરણ**માં પણ **કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મ.સા.**ને કહેવું પડ્યું કે **'उपोमास्वातिं संग्रहितारः'** અને આ કારણથી પૂર્વના મહાપુરુષોએ આ ગ્રંથને **'અર્હત્પ્રવચનસંગ્રહ'** તરીકે પણ ઓળખાવ્યો છે.

**❒ ગ્રન્થકર્તા ૧૦ પૂર્વધર અને સ્વોપજ્ઞ ભાષ્યકાર :**

ઉચ્ચનાગરી શાખાના આચાર્ય **ઘોષનન્દિસૂરિ** મ.સા.ના શિષ્ય વાચકવર્યશ્રી ઉમાસ્વાતિ મ.સા. થયા. તેઓ પ્રાયઃ ૧૦ પૂર્વધર હતા અને લગભગ વિ.સં. ૩૬૦માં થયા છે. તે તત્ત્વાર્થસૂત્રમૂલના અને ભાષ્યના કર્તા સંભવે છે. અથવા **હિમવત્ સ્થવિરાવલી** પ્રમાણે **રાજા ખારવેલ**ના સમયમાં જે ૧૦ પૂર્વધર ઉમાસ્વાતિજી મ.સા. થયા તે મૂલસૂત્રકાર અને ભાષ્યકાર સંભવે છે અને તેઓના શિષ્ય **શ્યામાચાર્ય** હતા. જેઓ દ્રવ્યાનુયોગનો મહાન ગ્રંથ **'પ્રજ્ઞાપના સૂત્ર'**ના રચયિતા હતા.

પ્રભુ વીરના શાસનમાં ચાર અનુયોગો છે - દ્રવ્યાનુયોગ (૧), ચરણકરણાનુયોગ (૨), ગણિતાનુયોગ (૩), કથાનુયોગ (૪). આ ચાર અનુયોગમાંથી કથાનુયોગ સિવાય ત્રણેય અનુયોગ વિષયક પદાર્થોની વિચારણા કરવામાં આવેલ છે. તેથી આ 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' દરેક સંપ્રદાયને સર્વમાન્ય છે.આ સર્વમાન્યતા જ આ સૂત્રનું મહત્ત્વ અને ગાંભીર્યતા જણાવે છે. આ સૂત્રના પ્રથમ અધ્યાયમાં મોક્ષમાર્ગનું નિરૂપણ કરતા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું વિસ્તૃત નિરૂપણ કરેલ છે. દ્વિતીય અધ્યાયમાં જીવતત્ત્વનું વિસ્તૃત નિરૂપણ કરવામાં આવેલ છે અને પ્રસ્તૃત તૃતીય અધ્યાય **'લોકપ્રજ્ઞપ્તિ'**માં અધોલોકનું અને તેમાં રહેલ નારકો અને તિર્ચ્છાલોકનું અને તેમાં રહેલ મનુષ્ય અને તિર્યંચોનું નિરૂપણ પોતાની આગવી શૈલીથી કરેલ છે.

સાતેય પૃથ્વીના નામ સાથે ત્યાંના નરકાવાસોનું વર્ણન, નરકના જીવોની લેશ્યાઓ, પરસ્પર વેદના-ક્ષેત્રવેદના-પરમાધામીકૃત વેદના, ઉત્કૃષ્ટ આયુષ્ય, ક્યો જીવ કઈ નરકમાં ઉત્પન્ન થાય અને કઈ નરકમાંથી આવેલો જીવ સમ્યગ્દર્શનાદિ યાવત્ મોક્ષ પામી શકે તેનું નિરૂપણ તથા મનુષ્ય, સ્ત્રી, તિર્યંચ વિ. કઈ નરક સુધી જઈ શકે. આ પ્રમાણે નરકનું વિસ્તૃત વર્ણન તત્ત્વાર્થસૂત્ર ઉપરથી આ ગંધહસ્તી ટીકામાં પોતાની આગવી શૈલી અને પ્રૌઢતાપૂર્વક નિરૂપણ કરેલ છે.

આ જ પ્રમાણે તિર્ચ્છાલોકમાં દ્વીપ-સમુદ્રો, સમુદ્રના પાણીનો સ્વાદ, દ્વીપ-સમુદ્રની પહોળાઈ વિ.નું

વિસ્તૃત વર્ણન અને એમાં પણ ખાસ જંબૂદ્વીપનું વર્ણન, તેમાં રહેલી જગતી, મેરૂપર્વત તથા જંબૂદ્વીપના જ સાતક્ષેત્ર અને છ પર્વતોનું વિસ્તાર, ઊંચાઈ, પહોળાઈનું સચોટ રીતે વર્ણન કરવામાં આવેલ છે.

મનુષ્યોમાં પણ આર્ય અને અનાર્યના ભેદો, કર્મભૂમિ અને અકર્મભૂમિની સંખ્યા તથા મનુષ્ય અને તિર્યંચોનું આયુષ્ય, કાયસ્થિતિ વિ.નું રોચક વર્ણન છે.

આ પ્રસ્તુત તત્ત્વાર્થાધિગમ સૂત્રના ત્રીજા અધ્યાયનો સંશોધન + સંપાદન + અનુવાદ પ.પૂ. યોગનિષ્ઠ આચાયશ્રી વિજય **કેસરસૂરીશ્વરજી** મ.સા.ના સમુદાયના ગચ્છાધિપતિ ભોપાલતીર્થોદ્ધારક આ. શ્રીમદ્ વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મ.સા.ના આદ્યપટ્ટધર પટ્ટપ્રભાવક વિદ્યાવ્યસની આ. શ્રીમદ્ વિજય **ઉદયપ્રભસૂરીશ્વર** મ.સા.એ કરેલ છે. ખરેખર ! આ ગંધહસ્તી ટીકાને સૌપ્રથમ વાંચવી એ જ સામાન્ય સાધુ/સાધ્વીનું કામ નથી અને તેમાં પણ ટીકા વાંચી અને તેનો રહસ્યાર્થ પામી હસ્તલિખિત પ્રતોના આધારે સંશોધન કરી પોતાની અજોડ વિવેચનશક્તિથી બાલજીવોને પ્રભુના શાસનના મૌલિક પદાર્થોનું જ્ઞાન થાય તે માટે તેમનો પ્રયાસ ખૂબ જ અનુમોદનીય છે. આ પૂર્વે પણ તેઓશ્રીએ પ્રથમ અને દ્વિતીય અધ્યાયનો અનુવાદ કરેલ છે. જે સાધુ-સાધ્વીજી ભગવંતોને વાંચન માટે ખૂબ જ ઉપયોગી બનેલ છે. તે જ રીતે આ ત્રીજા અધ્યાયનો અનુવાદ પણ સાધુ-સાધ્વીજી ભગવંતોને વાંચનમાં ઉપયોગી બને એ જ અભ્યર્થના.

આ ત્રીજા અધ્યાયનો અનુવાદ નિરીક્ષણ કરવા મને મોકલીને ખરેખર મને સ્વાધ્યાયની તક આપી છે તે અનુમોદનીય છે. વાંચતા વાંચતા મને જે સ્ફુર્યું છે તે ત્યાં ત્યાં લખ્યું છે.

યથાર્થ ભાવાનુવાદ તૈયાર કરવા માટેની (ઉત્સૂત્ર ભાષણ ન થઈ જાય તે રીતે) તેમની સાવધાની અને કાળજી અત્યંત પ્રોત્સાહન-સરાહના પાત્ર છે.

આવા ઉત્તમ ગ્રંથના અધ્યયન આદિ દ્વારા સૌ મોક્ષમાર્ગ સ્વરૂપ સંવર = સંયમ અને નિર્જરા = તપના ભાગી બની શીઘ્રતયા મોક્ષ = સંપૂર્ણ અહિંસાને પામો એવી અંતરની શુભકામના.

તરણ-તારણહાર જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

લિ.

**આચાર્ય વિજય કુલચંદ્રસૂરિ**

ઉમરા-સૂરત.

વૈશાખ-સુદ-૧૧

શાસન સ્થાપના દિન.

## પ. પૂ. યોગનિષ્ઠ આચાર્યશ્રી વિજયકેશરસૂરીશ્વરજી મ.સા.
### દ્વારા રચિત રસભરપૂર સાહિત્ય અને ગ્રંથ રત્નોની સૂચિ

### ❖ ગુજરાતી ભાષાના પ્રકાશન ❖

૧. આત્મવિશુદ્ધિ
૨. આત્મજ્ઞાન પ્રવેશિકા
3. આત્માનો વિકાસ ક્રમ અને મહામોહનો પરાજય
૪. ધ્યાન દિપીકા
૫. યોગ શાસ્ત્ર-ભાષાંતર
૬. સમ્યક્ દર્શન
૭. પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ
૮. આનંદ અને પ્રભુ મહાવીર
૯. મહાવીર તત્ત્વ પ્રકાશ
૧૦. પ્રબોધ ચિંતામણિ
૧૧. ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
૧૨. શાન્તિનો માર્ગ
૧૩. ગૃહસ્થ ધર્મ
૧૪. નીતિમય જીવન
૧૫. નીતિવિચાર રત્નમાલા
૧૬. મહાબલ મલયાસુંદરી ચરિત્ર-ભાષાંતર
૧૭. સુદર્શના ચરિત્ર એટલે સમલીવિહાર-ભાષાંતર
૧૮. દશવૈકાલિક-ભાષાંતર
૧૯. અદ્‌ભુત યોગીની અમરકથા
૨૦. હસ્તરેખા-સંજીવની
૨૧. શ્રી તપાગચ્છ વંશાવલી
૨૨. માર્ગદર્શક ગુરુદેવ અને આદર્શ ગચ્છાધિરાજ
૨૩. આદર્શ ગચ્છાધિરાજ
૨૪. પ.પૂ.આચાર્યશ્રી વિજયકમલસૂરીશ્વરજી મ.સા.નું જીવનચરિત્ર
૨૫. ધર્મરત્નના અજવાળા એટલે ધર્મરત્ન-ભાષાંતર
૨૬. ધર્મરત્નપ્રકરણ (મૂલ તથા અર્થ સહિત)
૨૭. અધ્યાત્મ કલ્પદ્રુમ અર્થ સહિત
૨૮. મુક્તિ માર્ગનો સાથી
૨૯. નિત્ય આરાધના
30. દિપાવલી આરાધના વિધિ

### ❖ ગુજરાતી ભાષામાં પ્રતાકારે ❖

૩૧. જ્ઞાનવિમલસૂરિકૃત કલ્પસૂત્રના ઢાળીયા
૩૨. મહાબલ મલયા સુંદરી ચરિત્ર-ભાષાંતર
૩૩. સુદર્શના ચરિત્ર એટલે સમલી વિહાર-ભાષાંતર
૩૪. શ્રી પંચ સૂત્ર-ભાષાંતર
૩૫. ધર્મરત્નના અજવાળા એટલે ધર્મરત્નપ્રકરણ-ભાષાંતર

### ❖ हिन्दी भाषा में पुस्तकाकार में ❖

३६. आत्मज्ञान प्रवेशिका
३७. आत्मविशुद्धि
३८. प्रभु के मार्ग में ज्ञान का प्रकाश
३९. शान्ति का मार्ग
४०. गृहस्थ धर्म
४१. नीतिमय जीवन
४२. धर्मोपदेश तत्त्वज्ञान
४३. ध्यान दीपिका
४४. मलयासुन्दरी चरित्र
४५. पथ प्रदर्शक गुरुदेव

### ❖ अंग्रेजी भाषा में पुस्तकाकार में ❖

४६. Knowledge of Soul

### ❖ मराठी भाषा में पुस्तक ❖

४७. आत्मज्ञान प्रवेशिका

|| અર્હં નમઃ ||

# ભૂમિકા

વાચકપ્રવરશ્રી ઉમાસ્વાતિ રચિત તત્ત્વાર્થસૂત્ર + ભાષ્ય આધારિત **ગંધહસ્તીટીકા** નામે પ્રચલિત આકર ગ્રંથ જે શ્રી **સિદ્ધસેનગણિ** મહારાજે વિદ્વદ્‌ભોગ્ય વિશિષ્ટ શૈલીમાં રચેલ છે, તેનો ગુર્જરાનુવાદ કરવાનું સૌભાગ્ય અમોને સાંપડ્યું. આજથી પ્રાયે ૧૨ વર્ષ પૂર્વે આનો પ્રથમ અધ્યાય અને ત્રણ વર્ષ પૂર્વે આનો બીજો અધ્યાય અનુવાદિત થઈ પ્રકાશિત થયેલ.

દાર્શનિક ચર્ચાઓ, આગમિક પદાર્થો, નયગર્ભિત વિચારણાઓથી ભરચક આ જટિલ ટીકા-ગ્રંથ પર કલમ ચલાવવા માટે ઘણી આટીઘુંટી વચ્ચેથી પસાર થવું પડેલ, તે આ સર્વ હકીકતોનો ઉલ્લેખ બીજા અધ્યાયના પ્રકાશન વખતે લખાયેલ 'ભૂમિકા' હેઠળ કરેલ છે.

ઘણા સાધુ-સાધ્વી ભગવંતોને આ પ્રકાશન અધ્યયન માટે તેમજ પંડિતવર્યોને પઠન-પાઠન માટે ઉપયોગી નીવડ્યું છે. અધ્યયન-અધ્યાપન પ્રેમી કેટલાક સાધ્વી ભગવંત/પંડિતો દ્વારા આ ગ્રંથના ત્રીજા અધ્યાયના અનુવાદના પ્રકાશન માટે સૂચન પણ આવ્યા, જે અમારૂ સૌભાગ્ય હતું. ઘણા અધ્યયન રસિક વાચકોની માંગને ધ્યાનમાં લઈ આ ત્રીજા અધ્યાયનો અનુવાદ બહાર પડી રહ્યો છે. વિ.સં.૨૦૭૨માં તત્ત્વાર્થનો બીજો અધ્યાય બીજા ભાગમાં બહાર પડેલ છે. તેમજ વિ.સં. ૨૦૭૩માં પ્રથમ અધ્યાયરૂપ પ્રથમ ભાગની બીજી આવૃત્તિ બહાર પડેલ છે. હાલ ૪થા અધ્યાયનું છેલ્લુ પ્રૂફ સંશોધન કાર્ય ચાલુ છે. પાંચમા અધ્યાયનું અનુવાદ કાર્ય પણ ચાલી રહ્યું છે. વાંચના, વ્યાખ્યાનાદિ અંગેની વધતી જવાબદારીઓને લઈ પ્રસ્તુત કાર્યમાં જોઈએ તેવી ગતિ થતી નથી.

**'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું મહત્ત્વ'** વગેરે વિષયોની વિસ્તૃત વિચારણા પ્રથમ ભાગની ભૂમિકામાં કરી દીધી છે. તેમજ **'તત્ત્વાર્થ તીર્થની તારક યાત્રા'** વગેરે વાતોને બીજા ભાગની ભૂમિકામાં જણાવી દીધી છે. તેથી આ ભાગમાં માત્ર સહકારી અને ઉપકારીઓનું સ્મરણ કરી ભૂમિકાને પૂર્ણ કરૂં છું.

*** હે ઉપકારી ! એ ઉપકાર તમારો કદીય ન વિસરૂં ***

પૂજ્યપાદ શાસન પ્રભાવક, વિદ્યાદાતા આચાર્યદેવશ્રી **કુલચંદ્રસૂરીશ્વરજી** મ.સા. તેઓશ્રી દ્વારા શાસનના અનેક કાર્યોમાં તેમજ પોતાના ચાલતા શ્રુત સંશોધન આદિ કાર્યોમાં વ્યસ્ત હોવાથી સંપૂર્ણ ભાષાંતર તપાસી આપવું શક્ય નહોતું. તેમ છતાં જેઓશ્રીએ શ્રુત પ્રત્યેની ભક્તિ અને મારા પ્રત્યેની લાગણીથી તે તે ક્લિષ્ટ પદાર્થોમાં ખૂબજ સુંદર, સ્પષ્ટ, શાસ્ત્રાનુસારી સમાધાનો દર્શાવ્યા. શાસ્ત્રીય દૃષ્ટિએ સંદિગ્ધ સ્થાનો તપાસી આપવાનું ભગીરથ કાર્ય કરી આપી ખૂબ જ ઉપકાર કર્યો છે. એ રીતે અનુવાદની ઉપાદેયતામાં જબરદસ્ત વધારો કર્યો છે. શાસ્ત્રીય પદાર્થો ઉપરનું તેઓશ્રીનું અપ્રતિમ પ્રભુત્વ જોઈ હૈયામાં હર્ષ ઉછળવા લાગ્યો.

* परोपकाराय सतां विभूतयः *

પૂજ્યપાદ **સિદ્ધિસૂરિ બાપજી** મ.સા.ના પ્રાચીન સાહિત્ય સંશોધક **આચાર્યદેવ શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ની આજ્ઞા-સૂચના અનુસાર એમના સમુદાયના વૈયાવચ્ચી, વિદૂષી, નિઃસ્પૃહી **સાધ્વી ભગવંતે** (ક્યાંય પોતાનું નામ નહીં આપવાની શરત સાથે) આખુંય સટીક ભાષાંતર સૂક્ષ્મતાથી તપાસી, મૂલ્યવાન સૂચના, સુધારા-વધારા કરી આપી જે સહાયક ભાવ દર્શાવ્યો તે કદી ભૂલાય તેમ નથી.

* संहति कार्यसाधिका *

મારા નિમ્નલિખિત સહવર્તી, અંતેવાસી, વિદ્યાશિષ્ય એવા સાધુઓએ મહાન કાર્યને પોતાના સ્વાધ્યાયનો જ એક અંગ બનાવી આ આખુંય ભાષાંતર, સંપાદન, સંશોધન કાર્યમાં મહત્ત્વનો સિંહફાળો આપ્યો છે. તેમજ સમુદાયવર્તી સાધ્વીજી ભગવંતોનો સહયોગ આ કાર્યનું ચાલક બળ છે.

આટલી વિશાળ ઉંડી ટીકાનું ભાષાંતર કરવામાં છદ્મસ્થતા આદિ દોષોના કારણે ભૂલો થવાની શક્યતા રહે જ. એ જો કોઈ સારી રીતે અક્ષરશઃ તપાસીને ન આપે તો એ છપાવવું શક્ય ન બને. પણ આ સાધુ-સાધ્વીજી ભગવંતોએ ધીરજતાપૂર્વક સૂક્ષ્મદષ્ટિથી તપાસી, ખૂબ સહયોગ આપી ઉપકાર કર્યો છે. એમણે પણ ભાષાંતરમાં જ્યાં જ્યાં ક્ષતિઓ જણાઈ તે મને જણાવી, એ ક્ષતિઓ દૂર કરવામાં મદદ કરી છે.

* संघे शक्ति कलौ युगे *

સંશોધન-સંપાદન કાર્યમાં સહયોગી મહાત્માઓના શુભ નામો : પંન્યાસ શ્રી **યુગપ્રભવિજયજી** મ.સા., ગણિવર્યશ્રી **અભ્યુદયપ્રભવિજયજી** મ.સા, મુનિરાજશ્રી **અર્પણપ્રભવિજયજી** મ.સા., મુનિરાજશ્રી **સમર્પણપ્રભવિજયજી** મ.સા.

અમારા યોગનિષ્ઠ **આ.પૂ.શ્રી કેશરસૂરીશ્વરજી** મ.સા.ના સમુદાયના સા.શ્રી **વજ્રસેનાશ્રીજી** મ.સા.ના શિષ્યા સા.શ્રી **વિરતિધરાશ્રીજી** મ.સા., સા.શ્રી **ગુપ્તિધરાશ્રીજી** મ.સા., સા.શ્રી **હર્ષગુણાશ્રીજી** મ.સા.ના શિષ્યા સા.શ્રી **જયરત્નાશ્રીજી** મ.સા., સા.શ્રી **કાવ્યરત્નાશ્રીજી** મ.સા., સા.શ્રી **જિતરત્નાશ્રીજી** મ.સા., સા.શ્રી **યશપ્રભાશ્રીજી** મ.સા.ના શિષ્યા **સા.વિરતિપ્રભાશ્રીજી** મ.સા., સા.શ્રી **દર્શનપ્રભાશ્રીજી** મ.સા., સા.શ્રી **કીર્તનપ્રભાશ્રીજી** મ.સા., પૂ.શ્રી **રામસૂરીશ્વરજી ડહેલાવાળા**ના સમુદાયના વિદુષી સા.શ્રી **આગમરત્નાશ્રીજી** મ.સા., સા.શ્રી **અક્ષતરત્નાશ્રીજી** મ.સા. તથા પૂ.શ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ના સમુદાયના વિદુષી સા. **દિવ્યપ્રજ્ઞાશ્રીજી** મ.સા. આદિ સાધ્વી ભગવંતોએ જે નિઃસ્વાર્થ સહયોગ આપ્યો છે તે પણ ખરેખર સરાહનીય છે.

પ્રસ્તુત પ્રકાશનને ટાઈપસેટીંગ આદિ કરવા દ્વારા સર્વાંગ સુંદર બનાવી સમયસર પ્રકાશિત, મુદ્રિત કરવામાં **અમદાવાદ**ના શ્રી પાર્શ્વ પ્રિન્ટર્સવાળા **શ્રી વિમલભાઈ પટેલે** જે કાર્ય કુશળતા દાખવી છે તે ધન્યવાદને પાત્ર છે.

*** साहसात् सिद्धिः ***

અતિ ગૂઢ પદાર્થોથી ભરપૂર એક મહાન ગ્રંથનું સટીક ભાષાંતર એ એક સાહસ તો છે જ, છતાં એ સાહસ ખેડ્યું છે. કેમકે વાચકશ્રીએ પોતે જ ૨૯, ૩૦, ૩૧મી સંબંધ કારિકામાં કહ્યું છે કે -

**ब्रुवतोऽनुग्रहबुद्ध्या, वक्तुस्त्वेकान्ततो भवति ।।२९।।**

**श्रममविचिन्त्यात्मगतं, तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।**

**आत्मानं च परं च हि, हितोपदेष्टानुगृह्णाति ।।३०।।**

**नर्ते च मोक्षमार्गाद्धितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन् ।**

**तस्मात् परमिममेवेति मोक्षमार्गं प्रवक्ष्यामि ।।३१।।**

ઉપકાર બુદ્ધિથી સંભળાવનાર વક્તાને તો એકાન્તે ધર્મ થાય જ ।।૨૯।।

માટે પોતાના પરિશ્રમનો જરાય વિચાર કર્યા વિના શ્રેયઃકારી ઉપદેશ હંમેશા આપવો જોઈએ. કારણકે હિતોપદેશ કરનારો સ્વ અને પરનો અનુગ્રહ કરનાર થાય જ છે. ।।૩૦।।

આ સમસ્ત જગતમાં મોક્ષમાર્ગના ઉપદેશથી અન્ય કોઈ હિતોપદેશ નથી. તેથી શ્રેષ્ઠ એવા મોક્ષમાર્ગને હું કહીશ. ।।૩૧।।

વાચકશ્રીના આ ટંકશાળી વચનોના બળે સ્વશક્તિનો વધુ વિચાર કર્યા વિના આ શ્રુત કાર્યને અવિરત ચાલુ જ રાખ્યું, સાહસને દુઃસાહસ ન થવા દીધું. ધીરજપૂર્વકની મહેનતના ફળ હંમેશા મીઠા જ હોય છે. **'કરત કરત અભ્યાસ કે જડમતિ હોત સુજાન'** ખરેખર આ ટીકાના અનુવાદ માટે હું જડમતિ જ હતો.

મારી પાસે એવો કોઈ વિશેષ બોધ નહોતો, છતાં પણ **यथाशक्तिः शुभे यतनीयम्** એ ન્યાયે આ શ્રુત કાર્યના મૂલ પ્રેરણાસ્રોત **વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ વિદ્યાગુરુવર પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોવિજયસૂરીશ્વરજી મ.સા.**ની પ્રેરણાથી હું આ શુભ કાર્યમાં ઉત્સાહિત થયો હતો. આ ભાષાંતર લખવામાં અને એમાં ક્ષતિઓ ન રહે એ માટે બનતી મહેનત કરી છે. એ બધાની પાછળ એક માત્ર ભાવ સ્વહિતનો અને મોક્ષમાર્ગદર્શક તત્ત્વાર્થની આ દુર્ગમ ટીકાના ઉંડા પદાર્થોને જાણવાની જિજ્ઞાસાવાળા સંયમીઓના હિતનો જ છે. એટલે આમાં ભૂલો દેખાય તો અવશ્ય ગીતાર્થ મહાપુરુષો એ તરફ ધ્યાન દોરે.

વાચકપ્રવર પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજે પ્રશમરતિમાં...

**यच्चासमञ्जसमिह छन्दःसमयार्थतोभिहितम् ।**

**पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् ।।**

આ જે કહ્યું છે તે જ ક્ષમાયાચનાના સૂરમાં મારો સૂર મિલાવીને કહું છું કે 'આ અનુવાદમાં જે કાંઈ અસમંજસ લખાયું હોય, જિનવચન કે ગ્રંથકારના અભિપ્રાયથી વિપરીત લખાયું હોય તે એક પુત્રના અપરાધની જેમ, હે સુજ્ઞપુરુષો ! મને ક્ષમા કરજો.'

### * गच्छतः स्खलनं क्वापि *

જે કાંઈ સુધારા વધારા સૂચવશો, તે જ્યારે દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરવાનો સુઅવસર પ્રાપ્ત થશે ત્યારે તેમાં સુયોગ્ય સુધારા વધારા અવશ્ય કરીશ અને આપ મહાશયોનો આભાર માનીશ.

### * મોટાનો જે આસરો રે જેથી લહિયે લીલવિલાસ *

**વિદ્યાગુરુવર સંઘ કૌશલ્યાધાર આચાર્યદેવ શ્રી જયસુંદરસૂરીશ્વરજી મ.સા.**ની પ્રભાવક નિશ્રામાં પ્રથમ અધ્યાય **નવરંગપુરા અમદાવાદ**માં પ્રકાશિત થયો અને તેઓશ્રી દ્વારા પ્રેરણા-સૂચના આવી કે 'પૂજ્યપાદ સ્વ.**આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**ની એક પ્રશસ્ત ભાવના હતી કે તત્ત્વાર્થ સૂત્ર ઉપરની શ્વેતાંબર-દિગમ્બર વિરચિત ઉપલબ્ધ તમામ વ્યાખ્યાઓનું ઉંડાણથી અધ્યયન-અવગાહન કરી તે બધાનો સંગ્રહ કરી ૩ પ્રકારની વિશિષ્ટ વ્યાખ્યાઓ તૈયાર કરવી. ૧) **'તત્ત્વાર્થ ઉષા'** બાલ જીવો સહેલાઈથી સૂત્રનો સામાન્ય અર્થ સાર પામી શકે. ૨) **'તત્ત્વાર્થ પ્રકાશ'** જેનાથી મધ્યમ બુદ્ધિ જીવો દાખલા-દલીલ-યુક્તિ ગર્ભિત સાર પામી શકે. ૩) **'તત્ત્વાર્થાલોક રહસ્ય'** જેનાથી તીવ્ર મેધાવી અધ્યેતાઓ તુલનાત્મક રીતે ઉંડાણથી એક એક સૂત્રના રહસ્યમય તાત્પર્યો અવધારી શકે. આ યોજનાના મંગલાચરણ રૂપે **'તત્ત્વાર્થ ઉષા'**નું કાર્ય થઈ ગયું. બાકીનું કાર્ય તેઓ અનેકવિધ સંઘ શાસનની જવાબદારીમાં સતત અપ્રમત્તપણે વ્યસ્ત રહેવાના કારણે ન કરી શક્યા. આશા છે કે તેમની આ ભાવના તમે લોકો પૂર્ણ કરશો. પૂ. આચાર્ય ભગવંતની આ પ્રેરણા-ભાવનાને ધ્યાનમાં લઈને જ અનેક ગ્રંથોના રેફરન્સો દ્વારા વધુ તુલનાત્મક તથા રહસ્યોદ્ઘાટક ટીપ્પણીઓ તૈયાર કરી છે. જેનાથી મેધાવી અધ્યેતાઓ તુલનાત્મક રીતે, ઉંડાણથી તે તે પંક્તિઓના રહસ્યમય તાત્પર્યો અવધારી શકે.'

### * લડથડતું પણ ગજ બચ્ચું ગાજે ગયવર સાથે રે *

પૂજ્યપાદ પ્રખર આગમવાદી અને દિગ્ગજ તાર્કિક પૂ. **શ્રી સિદ્ધસેનગણિજી** મહારાજે વાચક પ્રવર પૂ. **શ્રી ઉમાસ્વાતિજી મહારાજ** વિરચિત સ્વોપજ્ઞ ભાષ્યયુત **તત્ત્વાર્થાધિગમ સૂત્ર**નાં ઉંડા રહસ્યોને પ્રગટ કરતી વિશાળ-ગંભીર ટીકા રચી દીધી છે. એમની એ ટીકા ઉપર ભાવાનુવાદ + તુલનાત્મક અને રહસ્યોદ્ઘાટક ટીપ્પણીઓ જે તૈયાર કરી છે, એમાં મારું કાંઈ નથી. જ્યારે તીર્થંકરો એમ કહેતા હોય કે જે અનંતા તીર્થંકરો કહી ગયા, તે જ હું કહું છું, જ્યારે ગણધર ભગવંતો એમ કહેતા હોય કે 'મેં પ્રભુની શુશ્રુષા કરતાં જે શ્રવણ કર્યું, તે જ હું તમને કહું છું, ત્યારે મારા જેવો અલ્પમતિ એવો દાવો કેવી રીતે કરી શકે કે, આ મારું મૌલિક સર્જન છે. હું એટલું કહી શકું કે આમા જે કાંઈ સુંદર છે તે તીર્થંકર, ગણધરો, ગ્રંથકાર, ટીકાકાર અને વિવેચનકાર પૂર્વ મહાપુરુષોએ કરેલી જે તત્ત્વ મિમાંસા છે તે છે. એને જ ઉઠાવી મેં ગુજરાતી શબ્દોમાં કરેલી રજુઆત તે આ અનુવાદ છે, જે મારો છે. આમાં જે સ્ખલના કે પ્રમાદ રૂપ છે તે અંગે મારું હાર્દિક 'મિચ્છામિ દુક્કડમ્.'

**અગત્યની સૂચના** : જે જે ટીપ્પણીઓ લખી છે તે ટીપ્પણીઓને **તત્ત્વાર્થાધિગમ સૂત્ર ભાગ-૩**ની પૂર્તિ રૂપે સ્વતંત્ર પ્રકાશિત કરવામાં આવશે. તેઓને તેમાંથી જ જોવાની ભલામણ છે.

**તત્ત્વાર્થાધિગમ સૂત્ર ભાગ-૨,૩**ની તુલનાત્મક રહસ્યોદ્‌ઘાટક ટિપ્પણીઓ અને અનુવાદ બંનેને સાથે પ્રકાશિત કરવાની ગણત્રી હોવાથી અનુવાદ એમને એમ પડી રહ્યો અને અત્યાર સુધીમાં પ્રકાશિત કરવામાં વિલંબ થયો છે પણ ઘણાં ગુરુ ભગવંતો અને વિદ્યાર્થીઓની માંગ હોવાથી ટીપ્પણીઓ વગર પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે.

*** गुरुकृपा हि केवलं शिष्यस्य परं मंगलं ***

આરંભે શૂરા બની પ્રસ્તુત કાર્યમાં મારો ઉત્સાહ ન ખૂટી પડે અને હું અધવચ્ચે જ ન અટકી જાઉં એ માટે મને સતત ને સતત પ્રેરણા પત્રો દ્વારા પઠાણી ઉઘરાણી કરનાર મારા ભવોદધિતારક ગુરુદેવ પૂજ્યપાદ ગચ્છાધિપતિ ભોપાલ તીર્થોદ્ધારક **આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**ના આશીષના પ્રતાપે આ ત્રીજા અધ્યાયનું કાર્ય શક્ય બન્યું છે. અરિહંત-સિદ્ધોના અનુગ્રહથી અને જેમનું નામ જ મંત્ર સમાન છે, એવી સુવિહિત ગુરુપરંપરાના આશીર્વાદથી સર્જાયેલ આ **'હેમગિરા'** ભાવાનુવાદ ભવ્ય જીવોના આંખનું આનંદદાયક આંજન, કર્ણયુગનું કુંડલ અને હૃદયભાગે રત્નહાર સમો બની રહે એવી પ્રભુને પ્રાર્થના...

લિ.

**આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજાના

શિષ્યાણુ **ઉદયપ્રભ સૂરિ**

માગસર (કારતક) વદ-૧૦
વીર દીક્ષા કલ્યાણક
વિ.સં.૨૦૭૫
ભાયખલા-મુંબઈ.

**ઉપયુક્ત સહાયકગ્રંથ**

(૧) અર્હત્ દર્શન દીપિકા
(૨) જૈન સાહિત્યનો બૃહદ્ ઈતિહાસ
(૩) તત્ત્વાર્થાધિગમસૂત્રની હારિભદ્રીય ટીકા
(૪) દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ
(૫) નરકેન્દ્ર-દેવેન્દ્ર પ્રકરણ
(૬) પદાર્થપ્રકાશ
(૭) બૃહત્ક્ષેત્રસમાસ
(૮) બૃહત્સંગ્રહણી
(૯) ક્ષેત્રલોકપ્રકાશ આદિ

આ બધા ગ્રંથોના કર્તા-સંપાદક-અનુવાદક-પ્રકાશકોના પણ અમે ઋણી છીએ...

# ❀ તત્વાર્થાધિગમ સૂત્રની પ્રસાદી ❀

## ❀ ગંધહસ્તીની સુરભિ ❀

❀ **अधोलोकादि विभागतश्चेह लोकोऽपदिश्यते साकल्येन सर्वज्ञज्ञानविषयत्वात् सर्वं हि ज्ञेयं ज्ञातव्यं सर्वज्ञेनोपदेष्टव्यं च चारित्रोपयोगि श्रद्धानलक्षणसम्यग्दर्शनविषयतया च निरवशेषं मुक्तिमार्गाङ्गतया,...(३/७ सूत्र टीका)**

અધોલોક આદિના વિભાગ થકી અહીં લોક કહેવાયો છે. સર્વજ્ઞ પ્રભુને તો સાકલ્યેન સમગ્ર લોકનું જ્ઞાન એક સાથે જ થાય છે અને કેવળજ્ઞાનથી જોઈને આ બધા જ જ્ઞેય પદાર્થો સર્વજ્ઞોએ ઉપદેશેલા છે. કેમકે બધા જ્ઞેય પદાર્થો શ્રદ્ધા સ્વરૂપ સમ્યગ્દર્શનના વિષય હોઈ મોક્ષમાર્ગના અંગ સ્વરૂપ બનવાના કારણે ચારિત્રમાં ઉપયોગી છે.

❀ **पूर्वापराविरोधि प्रत्यक्षफलं च सङ्ख्यानम्, अतः सर्वज्ञज्ञानविषयाभ्यन्तरत्वाज्ज्ञानातिशयत्वाच्च महातडागोदरसंस्थितजलद्रव्यपलपरिमाणपरिज्ञानोपायोपदेशवत् तीर्थकरैः सर्वमिदमनवद्यमादर्शितं सर्वज्ञतालाञ्छनमिति...(३/१३ सूत्र टीका)**

પૂર્વાપર અવિરોધિ અને પ્રત્યક્ષ ફળવાળું આ સંખ્યાન = ગણિત = જંબૂદ્વીપની પરિધિ વગેરે લાવવાના ફોર્મ્યુલા છે. આથી તીર્થંકરોએ કહેલું આ ક્ષેત્ર (દ્વીપ-સમુદ્ર-નરક) આદિના માપ વગેરે બધું જ સર્વજ્ઞતાની છાપવાળું નિર્દોષ છે.

જેમ વિશાળ તળાવમાં રહેલુ જલ-દ્રવ્ય કેટલા પળ (= એક માપ વિશેષ) પ્રમાણ છે તેનું ગણિત સર્વજ્ઞો ચોક્કસ જણાવી શકે છે. તેમ આ ક્ષેત્રાદિના ગણિત પણ સર્વજ્ઞ જ જણાવી શકે. કેમ કે આ માપોના ગણિત સર્વજ્ઞના જ્ઞાનના જ વિષય છે અને સર્વજ્ઞોનું જ જ્ઞાન અતિશય રૂપ = કેવલજ્ઞાનરૂપ હોવાથી આ બધું જ જાણી શકે છે.

❀ **संसारदुर्गान्तगमकस्य सम्यग्दर्शन-ज्ञान-चारित्रात्मकस्य मोक्षमार्गस्य ज्ञातारः कर्तार उपदेष्टारश्च भगवन्तः परमर्षयस्तीर्थकरा अत्रोत्पद्यन्ते । अत्रैव जाताः सिद्ध्यन्ति नान्यत्र, अतो निर्वाणाय कर्मणः सिद्धिभूमयः कर्मभूमय इति । (३/१६ सूत्र भाष्य)**

સંસારરૂપી કિલ્લાને પાર કરાવનારા એવા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગના જ્ઞાતા, કર્તા અને ઉપદેશક એવા પરમર્ષિ-તીર્થંકર ભગવંતો અહીં (કર્મભૂમિમાં) ઉત્પન્ન થાય છે. તેમજ અહીં જ જન્મેલા (એવા તેઓ) અહીં જ (કર્મભૂમિમાંજ) સિદ્ધ થાય છે, બીજે નહીં. આથી કર્મોને નષ્ટ કરવા માટે અને સિદ્ધિગતિની પ્રાપ્તિ માટેની ભૂમિઓ એ કર્મભૂમિઓ કહેવાય છે.

## ❀ ત્રીજા અધ્યાયની વિષયમાર્ગદર્શિકા ❀


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **સૂત્ર-૧** | |
| નારકના અધિકારના સ્થાનો | ૨ |
| નરકમાં નારક | ૪ |
| સંસ્થાન વિચય ધર્મધ્યાન | ૪ |
| સમ્યગ્દર્શની અને સમ્યગ્દૃષ્ટિની સ્પર્શના | ૫ |
| નરક પૃથ્વીઓના આધાર | ૬ |
| ઘન શબ્દનું ફળ | ૭ |
| ખર પૃથ્વી આદિના માપો | ૭ |
| પ્રતિષ્ઠાનમાં લોકસ્થિતિની કારણતા | ૯ |
| નરકપૃથ્વીની લંબાઈ-પહોળાઈ | ૧૦ |
| આઠ પ્રકારની લોકસ્થિતિ | ૧૧ |
| સાત જ પૃથ્વીઓ કઈ અપેક્ષાએ ? | ૧૨ |
| અસંખ્ય પૃથ્વીપ્રતર મતનું નિરાકરણ | ૧૩ |
| છત્રાતિછત્ર આકારે અધોલોક | ૧૪ |
| નરક પૃથ્વીના નામ અને ગોત્ર | ૧૫ |
| પૃથ્વીઓની જાડાઈ | ૧૫ |
| ઘનોદધિની જાડાઈ | ૧૬ |
| ઘનવાતની જાડાઈ | ૧૭ |
| તનવાતની જાડાઈ | ૧૭ |
| અલોકની દૂરાઈનું પ્રતિપાદન | ૧૭ |
| નામ અને ગોત્રની ભેદરેખા | ૧૮ |
| **સૂત્ર-૨** | |
| નરકોનું સરનામું | ૧૯ |
| નરકોના આકાર અને પ્રકાર | ૨૦ |
| આવલિકાપ્રવિષ્ટ નરકોની સંખ્યા | ૨૧ |
| નરકના નામોની ભયંકરતા | ૨૧ |
| નરકમાં પ્રતરોની સંખ્યા | ૨૨ |
| નરકમાં નરકાવાસોની સંખ્યા | ૨૩ |
| નરકાવાસોનુ નિરૂપણ | ૨૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **સૂત્ર-૩** | |
| નરક અને નારકોનું સ્વરૂપ | ૨૫ |
| પ્રથમ અશુભ, મધ્યમ અશુભતર, અંતિમ અશુભતમ | ૨૫ |
| નિત્ય = નિરંતર અશુભ લેશ્યાદિ | ૨૬ |
| નારકોની લેશ્યા | ૨૮ |
| નારકોના પુદ્ગલ પરિણામ | ૨૯ |
| નારકોના શરીરો | ૩૧ |
| પ્રતરભેદ સ્થિતિભેદની જેમ અવગાહનાભેદ | ૩૩ |
| નારકોની વેદના | ૩૩ |
| નારકોની વિક્રિયા | ૩૫ |
| **સૂત્ર-૪** | |
| નારકના દુઃખો | ૩૬ |
| ક્ષેત્રસ્વભાવજન્ય દુઃખો | ૩૭ |
| પરસ્પર ઉદીરણાજન્ય દુઃખો | ૩૮ |
| **સૂત્ર-૫** | |
| સંક્લિષ્ટ અસુરો જન્ય દુઃખો | ૪૧ |
| ૧૫ પરમાધાર્મિક અસુર | ૪૨ |
| **સૂત્ર-૬** | |
| ત્રણમાં ત્રણ પ્રકારના અને ચારમાં બે પ્રકારના દુઃખો | ૪૪ |
| નરકોની ઉત્કૃષ્ટ સ્થિતિ | ૪૫ |
| નરકોની જઘન્ય સ્થિતિ | ૪૬ |
| નરકોમાં સંભવિત પદાર્થો | ૪૮ |
| લોકાનુભાવથી જન્ય પદાર્થો | ૪૯ |
| પંચાસ્તિકાયના સમુદાયાત્મક લોક | ૫૦ |
| ત્રણ પ્રકારનો લોક | ૫૨ |
| લોકનું સંસ્થાન | ૫૨ |
| લોક પુરૂષ | ૫૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|


અધોલોકનું સંસ્થાન........................... ૫૪
તિર્યગ્લોકનું સંસ્થાન........................... ૫૪
ઉર્ધ્વલોકનું સંસ્થાન........................... ૫૪

**સૂત્ર-૭**

તિર્યગ્લોકની પ્રસ્તાવના........................ ૫૫
દ્વીપ-સમુદ્રોની વ્યવસ્થા........................ ૫૫
દ્વીપ-સમુદ્રોના નામો.......................... ૫૬
લવણોદ = લવણોદક ....................... ૫૮
સર્વજ્ઞ પ્રણીત સર્વ પદાર્થ મોક્ષમાર્ગના અંગ.. ૫૮

**સૂત્ર-૮**

દ્વીપ-સમુદ્રોના સંસ્થાન ....................... ૬૦
જંબૂદ્વીપના માપથી બધાના માપોનું જ્ઞાન..... ૬૧

**સૂત્ર-૯**

જંબૂદ્વીપનું સ્વરૂપ ............................ ૬૨
સમાનાધિકરણ બહુવ્રીહિની અગ્રિમતા ......... ૬૩
એકના જ્ઞાને સર્વનું જ્ઞાન...................... ૬૪
મેરુનું- સ્વરૂપ .................................. ૬૪
મેરુના ત્રણ કાંડ................................ ૬૫
પ્રદેશની પરિહાનિનું પ્રતિપાદન ................ ૬૭
ત્રૈરાશિક ભંગીની પ્રક્રિયા ..................... ૬૯

**સૂત્ર-૧૦**

ભરતાદિ ક્ષેત્રોનું સ્વરૂપ........................ ૭૧
ક્ષેત્ર = વંશ = વર્ષ ......................... ૭૨
વ્યવહારિક દિશાથી સર્વત્ર વ્યવહાર........... ૭૩
નૈશ્ચયિક દિશાની અપેક્ષાએ વ્યવસ્થા.......... ૭૪

**સૂત્ર-૧૧**

હિમવંત આદિ વર્ષધર પર્વતોનું સ્વરૂપ ....... ૭૬
હિમવંત આદિના ઈષુનું માપ ................ ૭૭
હિમવંત આદિ પર્વતોની ઉંડાઈ અને ઉંચાઈ.. ૭૯
ભરતની જીવા અને ધનુઃકાષ્ઠનું માપ......... ૭૯
વૈતાઢ્ય પર્વતનું પ્રતિપાદન...................... ૮૦
દેવકુરુ-ઉત્તરકુરુનો પરિચય ...................... ૮૧
મહાવિદેહ ક્ષેત્રનું દિગ્દર્શન ..................... ૮૨
નાના મેરૂ પર્વતોની ઓળખ...................... ૮૩
વૃત્ત ક્ષેત્રની પરિધિ ............................. ૮૫
વૃત્ત ક્ષેત્રનું ક્ષેત્રફળ ............................. ૮૭
વૃત્તક્ષેત્રની જીવા ................................. ૮૮
વૃત્તક્ષેત્રનું ઈષુ.................................... ૯૧
વૃત્તક્ષેત્રનું ધનુઃકાષ્ઠ ............................. ૯૨
વૃત્તક્ષેત્રનો વિષ્કંભ.............................. ૯૨
વૃત્તક્ષેત્રનો બાહુ.................................. ૯૩
સંગ્રહ ગ્રંથમાં સંક્ષેપ ઉચિત,
વિસ્તાર અનુચિત........................ ૯૪

**સૂત્ર-૧૨**

ધાતકીખંડમાં ક્ષેત્રાદિની ભલામણ ............. ૯૬
ઈષુકાર પર્વતનુ વર્ણન........................... ૯૬

**સૂત્ર-૧૩**

પુષ્કરાર્ધ દ્વીપનું કથન............................ ૯૮
માનુષોત્તર નામનું કારણ ....................... ૯૯
અસંહરણીય સાત વ્યક્તિઓ ................ ૧૦૦
માનુષોત્તર પર્વતની પ્રરૂપણા.................. ૧૦૧
મનુષ્ય લોકમાં દ્વીપ-સમુદ્ર આદિની સંખ્યા ૧૦૨
પ્રમાણ અંગુલથી દ્વીપાદિની લંબાઈ
આદિનું પરિમાણ ....................... ૧૦૩
ગણિતશાસ્ત્ર-સર્વજ્ઞ કથિત સાચુ ............ ૧૦૪

**સૂત્ર-૧૪**

મનુષ્યોના સ્થાન............................... ૧૦૬
મનુષ્યના ભેદો................................. ૧૦૬

**સૂત્ર-૧૫**

ક્ષેત્રાર્ય-જાત્યાર્ય-કુલાર્ય-કર્માર્ય................ ૧૦૭

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શિલ્પાર્ય-ભાષાર્ય | ૧૦૯ |
| મ્લેચ્છ માનવોની ઓળખ | ૧૦૯ |
| અંતર્દ્વીપોના માનવો | ૧૧૦ |
| અંતર્દ્વીપોના નામો | ૧૧૧ |
| અંતર્દ્વીપ ૫૬ છે, ૯૬ નહીં | ૧૧૨ |
| **સૂત્ર–૧૬** | |
| ૧૫ કર્મભૂમિઓ | ૧૧૩ |
| કર્મભૂમિનું સ્વરૂપ | ૧૧૪ |
| સકલ કર્મક્ષયની ભૂમિ તે કર્મભૂમિ | ૧૧૫ |
| **સૂત્ર–૧૭** | |
| મનુષ્યાયુષ્ય પરિમાણ | ૧૧૬ |
| **સૂત્ર–૧૮** | |
| તિર્યંચાયુષ્યનું પરિમાણ | ૧૧૭ |
| ભવની સ્થિતિ અને કાયમાં સ્થિતિ | ૧૧૯ |
| એકેન્દ્રિયાદિ તિર્યંચોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ | ૧૨૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **પરિશિષ્ટ ૧ થી ૧૨** | |
| ૧. तत्त्वार्थसूत्रनो સ્વાધ્યાય | ૧૨૨ |
| ૨. ગંધહસ્તીની અનુપ્રેક્ષા | ૧૨૩ |
| ૩. सूत्रानुक्रम | ૧૨૪ |
| ૪. अकारादिक्रमेण सूत्रानुक्रम | ૧૨૫ |
| ૫. श्वेतांबर-दिगंबर पाठभेद + स्पष्टीकरण | ૧૨૬ |
| ૬. श्री चिरंतनाचार्यकृतटीप्पणकम् | ૧૨૮ |
| ૭. तत्त्वार्थाधिगमसूत्राणां बीजभूत 'आगम सूत्राणि' | ૧૩૫ |
| ૮. टीकागतानामुद्धरणानामकारादिक्रमः | ૧૩૯ |
| ૯. टीकागतपरिभाषा-न्यायानामकारादिक्रमः | ૧૪૦ |
| ૧૦. टीकागतग्रन्थानामकारादिक्रमः | ૧૪૦ |
| ૧૧. टीकागतव्यक्तिविशेषनामानि | ૧૪૦ |
| ૧૨. કેટલાક ઉપયોગી ચિત્રો/કોષ્ટક | ૧૪૧ |

|| श्री अजाहरा पार्श्वनाथाय नमः || || श्री आदिनाथाय नमः || || श्री शङ्खेश्वर पार्श्वनाथाय नमः ||
|| श्री गौतमगणधराय नमः || || चरमतीर्थपतिश्रीवर्धमानस्वामिने नमः || || श्री वाचकमुख्याय नमः ||
|| श्री मणि-बुद्धि-मुक्ति-कमल-केशर-चन्द्र-प्रभवचन्द्र-हेमप्रभसूरीश्वरेभ्यो नमः ||

पञ्चशतप्रकरणप्रणेतृश्री**उमास्वातिवाचक**गुम्फितं **स्वोपज्ञभाष्य**समेतम्
गन्धहस्तिश्री**सिद्धसेनगणि**प्रणीतगन्धहस्ति**वृत्ति**विभूषितम्

# तत्त्वार्थाधिगमसूत्रम्

[ अथ तस्य '**लोकप्रज्ञप्ति**' नाम तृतीयोऽध्यायः प्रारभ्यते ]

• भाष्यम् •

**अत्राह– उक्तं भवता नारका इति गतिं प्रतीत्य जीवस्यौदयिको भावः। तथा जन्मसु** 'नारक-देवानामुपपातः' **(अ.२, सू.३५)। वक्ष्यति च स्थितौ** 'नारकाणां च द्वितीयादिषु' **(अ.४, सू.४३), आस्रवेषु** 'बह्वारम्भ-परिग्रहत्वं च नारकस्यायुषः' **(अ.६, सू. १६) इति।**

• गन्धहस्ती (संस्कृत टीका) •

**अत्राह– उक्तं भवते**त्यादिः सम्बन्धग्रन्थः, स चाध्याय-प्रकरण-सूत्रकृतः, तत्राध्यायकृतस्तावद् द्वितीये जीवा लक्षण-विधानाभ्यामभिहिताः, तत्र लक्षणमेकरूपत्वान्न पुनरभिधीयते, विधानं तु बहुरूप-

• ભાષ્યાર્થ •

**પ્રશ્ન :- આપશ્રીએ (૨/૬ સૂત્રના ભાષ્યમાં) 'નારકો' એ પ્રમાણે ગતિને આશ્રયીને.. જીવને ઔદયિક ભાવ કહ્યો છે તેમજ જન્મોને વિશે (૨/૩૫ સૂત્રમાં) ''નારક અને દેવોને ઉપપાત જન્મ હોય છે'' એ પ્રમાણે કહ્યું છે. તથા (૪/૪૩ સૂત્રમાં) ''સ્થિતિ વિશે દ્વિતીય વગેરે નરકોમાં નારકોના**

• હેમગિરા (ગુર્જર ભાવાનુવાદ) •

૫૦૦ ગ્રંથના રચયિતા **વાચકપ્રવર પૂ.શ્રી ઉમાસ્વાતિજી** મહારાજે રચેલ શ્રી **તત્ત્વાર્થાધિગમ** સૂત્ર, **સ્વોપજ્ઞભાષ્ય** અને તે બન્ને ઉપર **ગંધહસ્તી પૂજ્યશ્રી સિદ્ધસેન ગણિવરે** રચેલ **ગંધહસ્તી વૃત્તિ**નો ગુર્જર શબ્દાનુવાદ/ભાવાનુવાદ પ્રસ્તુત થાય છે.

**જે દ્વાદશાંગીના સારગ્રાહક જ્ઞાનયોગી પૂર્વધર, તત્ત્વાર્થબોધની સિદ્ધિકાજે વંદુ તેહને હર્ષધર;**
**ગુરુ હેમ-જય-યશસૂરીશને વંદન કરુ હું સ્નેહધર, વાગેશ્વરી પ્રસાદથી અનુવાદ હો કલ્યાણકર.**

**૩/૧ સૂત્રની અવતરણિકા →** अत्राह उक्तं भवता... ઈત્યાદિ ભાષ્ય સંબંધ દર્શક છે જે પ્રસ્તુત વિષયનો પૂર્વ વિષય સાથે સંબંધ દર્શાવે છે. અને તે સંબંધ – અધ્યાયકૃત, પ્રકરણકૃત અને સૂત્રકૃત એમ ત્રણ પ્રકારે છે. ત્યાં પ્રથમ અધ્યાયકૃત સંબંધ આ પ્રમાણે છે કે – બીજા અધ્યાયમાં જીવો લક્ષણ અને વિધાનથી કહેવાયા હતા. તેમાં જીવનું લક્ષણ તો એક જ પ્રકારનું હોવાથી ફરી અહીં કહેતાં નથી. પરંતુ

• भाष्यम् •

**तत्र के[1] नारका नाम क्व[2] वेति ?।**

• गन्धहस्ती •

त्वात् पुनः पुनरभिधापयति, अतोऽत्रापि तृतीयेऽध्याये प्रतिविशिष्टस्थाननिरूपणाद्वारेण [3]जीवविधानमेव विवक्षितमिति। प्रकरण-सूत्रकृतौ तु सम्बन्धौ भाष्यकारेणोपात्तौ स्वयमेव, तयोः प्राकाश्यमापाद्यते।

**अत्र**— अध्यायपरिसमाप्तिप्रस्तावे शिष्य **आह**— अभिहितं **भवता** द्वितीयेऽध्याये भावप्रकरणे **नारका** इति **गतिं प्रतीत्य जीवस्यौदयिको भाव** इति। **गति-कषाय-लिङ्गसूत्रं** (अ.२, सू.६) अनेन भाष्येण सूचयति। तथा तस्मिन्नेव द्वितीये जन्मप्रकरणप्रस्तावे— **नारक-देवानामुपपातः** (अ.२, सू.३५) इत्युक्तम्, तथा चतुर्थेऽध्याये स्थितावायुषः प्रस्तुतायां वक्ष्यति भवान्— **नारकाणां च द्वितीयादिषु, दश वर्षसहस्राणि प्रथमायाम्** (अ.४, सू.४३, ४४) इति, तथा षष्ठेऽध्याये कर्मास्रवविचारणायां— **बह्वारम्भ-परिग्रहत्वं च नारकस्यायुषः** (अ.६, सू.१६) इति प्रतिपादयिष्यते। तत्रैवमनेकस्मिन् स्थाने नारकशब्द-

• ભાષ્યાર્થ •

**આયુષ્યની જઘન્ય સ્થિતિ'' તેમજ (૬/૧૬ સૂત્રમાં) આશ્રવોને વિશે ''ઘણો આરંભ અને ઘણો પરિગ્રહ એ નરકાયુષ્યનું કારણ છે'' એમ કહેવાશે (કહ્યું છે), ત્યાં (= બધા સૂત્રોમાં) કહેવાતા નારકીઓ કોણ છે ? અથવા નારકીઓ ક્યાં છે ?**

• હેમગિરા •

વિધાન તો ઘણા પ્રકારનું હોવાથી ફરી કહેવાય છે. આથી અહીં ત્રીજા અધ્યાયમાં પણ અમુક વિશિષ્ટ સ્થાનોનું નિરૂપણ કરવા દ્વારા જીવનું વિધાન જ કહેવું ઈષ્ટ છે. આ અધ્યાયકૃત સંબંધ થયો. બીજા બે પ્રકરણકૃત અને સૂત્રકૃત સંબંધ તો ભાષ્યકારે સ્વયં જ અહીં દર્શાવ્યા છે. તે બેની સ્પષ્ટતા અહીં કરાય છે.

**❖ નારકના અધિકારના સ્થાનો ❖**

તે આ મુજબ → અહીં બીજા અધ્યાયની પરિસમાપ્તિના અવસરમાં શિષ્ય પ્રશ્ન કરે છે કે - આપશ્રીએ બીજા અધ્યાયમાં ભાવ કથનના પ્રસંગે **ગતિને આશ્રયીને 'નારકના' જીવને ઔદયિક ભાવ હોય છે**, એમ કહ્યું હતું. { આ ભાષ્ય પદો દ્વારા **''गति-कषाय-लिङ्ग २/६** સૂત્રને સૂચિત કરે છે. } તથા તે જ બીજા અધ્યાયમાં જન્મ પ્રકરણના પ્રસ્તાવમાં **'નારક અને દેવોને ઉપપાત જન્મ હોય છે.'** એ પ્રમાણે (૨/૩૫) સૂત્રમાં કહ્યું છે. તેમજ ચોથા અધ્યાયમાં (૪૩, ૪૪ સૂત્રમાં) સ્થિતિમાં = આયુષ્યની પ્રસ્તુતિમાં 'બીજી આદિ નરકોમાં પૂર્વ પૂર્વ = પ્રથમ નરક આદિના નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ એજ પછી પછી = બીજી આદિના નારકીઓની જઘન્ય સ્થિતિ છે' અર્થાત્ **'પ્રથમ નરકના નારકીઓની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષની છે'** એમ કહ્યું છે તથા છટ્ઠા અધ્યાયમાં કર્મના આશ્રવોની વિચારણામાં **'બહુ આરંભ અને ઘણો પરિગ્રહ એ નરકાયુષ્યનું કારણ છે'** એમ (૬/૧૬ સૂત્રમાં) આપે પ્રતિપાદન કર્યું છે.

ત્યાં આ પ્રમાણે અનેક સ્થાનોમાં નારક શબ્દના શ્રવણથી ઉત્પન્ન થયેલા સંશયવાળો શિષ્ય પ્રશ્ન

१. के नाम ग. टी. पाठ। २. चेति घ. पाठ। ३. जीवविशिष्टमेव रा. २।

सूत्रम्

**रत्न-शर्करा-वालुका-पङ्क-धूम-तमो-महातमःप्रभा भूमयो घनाम्बु-वाताकाशप्रतिष्ठाः सप्ताधोऽधः पृथुतराः॥ ३/१ ॥**

भाष्यम्

**अत्रोच्यते– नरकेषु भवा नारकाः। तत्र नरकप्रसिद्ध्यर्थमिदमुच्यते–**

गन्धहस्ती

श्रवणादाहितसंशयः पृच्छति– **के नारका नामे**ति जीवत्वसामान्यमवधृतं विशेषो निवासादिरनवधृत इत्यतः प्रश्नयति– **क्व** पुनस्ते नारका इति।

**अत्रोच्यते**– नरकेषु भवा नारकाः, वक्ष्यन्त उपरिष्टादुष्ट्रिका-पिष्टपचनी-लोहीकरकाद्याकृतयः [१]सीमन्तकादयो नरका विशिष्टाकृतयोऽपुण्यसंभारजनितगौरवाणां सत्त्वानामुत्पत्तिस्थानविशेषाः, ते च किलाशुभकर्मभाजो नरान् कायन्ति = आह्वयन्तीति नरकाः, "**रूढिषु हि क्रिया व्युत्पत्तिकर्मार्था**

સૂત્રાર્થ

**રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા, એ સાતે ભૂમિઓ ઘનપાણી, ઘનવાયુ, પાતળોવાયુ તથા આકાશને આધારે રહેલી છે. તે સાતે એકની નીચે એક એમ ક્રમશઃ અધિક વિસ્તારવાળી છે. ||૩/૧||**

ભાષ્યાર્થ

**જવાબ :- નરકોમાં જન્મે તે નારકો. ત્યાં નરકની પ્રસિદ્ધિ (જ્ઞાન) કરાવવા માટે આ (૩/૧) સૂત્ર કહેવાય છે -**

હેમગિરા

કરે છે કે તે નારકો કોણ છે ? આ પ્રમાણે પ્રશ્ન પૂછનારને નારકો એ જીવ છે એમ જીવત્વ સામાન્યનો નિશ્ચય થયેલ છે (પરંતુ નારકના સ્વરૂપને જાણવા માટે આ પ્રશ્ન છે.) વળી વિશેષ = નારકજીવના નિવાસ વગેરે અનિર્ણીત હોવાથી બીજો પ્રશ્ન કરે છે કે - વળી તે નારકો ક્યાં છે ?

**જવાબ :** નરકોમાં ઉત્પન્ન થાય તે નારકો કહેવાય. સુરાહી = ઊંટના આકારની માટીની દારૂની સુરાહી જગ = JUG જેવી, કડાઈ, લોઢી, લોઢાની કોઠી આદિ વિચિત્ર કદરૂપી આકૃતિવાળા સીમન્તકાદિ નરકો આગળ કહેવાશે. (આ વિચિત્ર આકૃતિવાળા નરકો) પાપના સમૂહથી ઉત્પન્ન થયેલા ભારે કર્મી જીવોનું ઉત્પત્તિ સ્થાન છે અને તે અશુભકર્મવાળા **નરોને બોલાવે છે તેથી 'નરકો'** એ પ્રમાણે કહેવાય છે. ❖***"રૂઢીશબ્દો વિશે થતી ક્રિયા (= શબ્દ બનાવવાની પ્રક્રિયા) માત્ર વ્યુત્પત્તિ માટે હોય છે પણ અર્થક્રિયારૂપ અર્થવાળી હોતી નથી"*** આ વચન મુજબ (કથિત વ્યુત્પત્તિ પ્રમાણે) તે નરકો કોઈ જીવને

---

१. सीमन्तादयो मु.खं.२। ❖ 'गच्छतीति गो' અહી ગાય શબ્દની માત્ર વ્યુત્પત્તિ છે. એનો અર્થ એમ ન કરવો કે 'ચાલે છે તે ગાય.' કારણ કે ચાલવાનું કામ તો બીજા અનેક પ્રાણી કરે છે, છતાં તેમને ગાય કહેવાતા નથી. વળી ગાય બેસવાનું, ઉભા રહેવાનું, દોડવાનું કાર્ય પણ કરે છે. છતાં ત્યારે પણ તેને 'ગાય' એ પ્રમાણે જ કહેવાય છે. એ જ પ્રમાણે નરોને બોલાવે તે નરક એ માત્ર 'નરક' શબ્દની રૂઢ એવી શબ્દ-વ્યુત્પત્તિ છે. પણ નરકનો અર્થ એવો ન કરવો.

• भाष्यम् •

**रत्नप्रभा शर्कराप्रभा वालुकाप्रभा पङ्कप्रभा धूमप्रभा तमःप्रभा महातमःप्रभा इत्येता भूमयो घनाम्बु-वाताकाशप्रतिष्ठा भवन्त्येकैकशः सप्ताधोऽधः॥**

• गन्धहस्ती •

**नार्थक्रियार्थां**'' इतिवचनान्न ते [1]कश्चिदाह्वयन्ति नापि [2]नरानिति, तिरश्चामपि तत्र गमनाद्, अतो व्युत्पत्तिमात्रमेव केवलम्, तेषु नरकेषूष्ट्रिकाद्याकृतिषु भवा नारकाः, सत्त्वविशेषा इत्यर्थः। **तत्र नरकप्रसिद्ध्यर्थमिदमुच्यते**, तत्र = तेषु [3]नारकेषु विवक्षितेषु तन्मूलत्वात् तत्प्रतिष्ठत्वा[4]न्नरकप्रतिपत्त्यर्थमेव तावदिदमभिधीयते नान्तरीयकत्वादिति॥

सूत्रकृतोप्येष एव[5] सम्बन्धोऽतः पृथग् नोक्तः, अथवा वक्ष्यते नवमे— **आज्ञापाय-विपाक-संस्थान-विचयाय धर्म्ममप्रमत्तसंयतस्य (अ.९, सू.३७)** इति, तत्र संस्थानविचयः— ''**लोकस्याधस्तिर्यग्, विचिन्त-येदूर्ध्वमपि च बाहल्यम्। सर्वत्र जन्म-मरणे, रूपिद्रव्योपयोगांश्च॥'' (प्रशम० श्लो० १६०)** इति, तत्र प्राक्

• ભાષ્યાર્થ •

**રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા આ સાત ભૂમિઓ છે. તે પ્રત્યેક ઘનોદધિ, ઘટ્ટવાયુ, પાતળોવાયુ અને આકાશને આધારે રહેલી છે અને એકની નીચે એક છે.**

• હેમગિરા •

બોલાવતી નથી અને માત્ર નરોને પણ બોલાવતી નથી. કેમકે ત્યાં નરકમાં તિર્યંચોનું પણ ગમન હોય છે. આથી અહીં 'નરક' શબ્દનો બતાવેલો અર્થ તે વ્યુત્પત્તિ પૂરતો જ છે.

### ❖ નરકમાં નારક ❖

તે ઉષ્ટ્રિકા (= એક પ્રકારનું ભાજન) આદિ આકૃતિવાળા નરકોમાં ઉત્પન્ન થનારા નારકો કહેવાય છે. એટલે કે આ નારકો વિશેષ પ્રકારના જીવો છે. **तत्र नरक...** ત્યાં તે વિવક્ષિત નારકોને વિશે (= तत्र) તેમના સ્થાનરૂપ નરકનો બોધ કરવા માટે જ આ ૩/૧ સૂત્ર કહેવાય છે. કેમકે તે નરકો તેઓ (નારકો) નું મૂળ છે, આધાર છે, તે (નરક) માં નારકો રહ્યા છે. એટલે કે નરક વિના નારકો ન હોય.

### ❖ સંસ્થાન વિચય ધર્મધ્યાન ❖

સૂત્રકૃત સંબંધ પણ આ (ઉપર કહેવાયેલ) જ છે. આથી અલગ જણાવ્યો નથી. અથવા બીજી રીતે (સૂત્રકૃત સંબંધ પણ અહીં સમજી શકાય છે.) તે આ મુજબ કે - નવમા અધ્યાયમાં ૩૭મા સૂત્રમાં ''આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય આ ચાર પ્રકારના ધર્મધ્યાન અપ્રમત્ત સંયમીને હોય છે'' એમ કહ્યું છે. ત્યાં સંસ્થાનવિચય ધર્મધ્યાનનું સ્વરૂપ પ્રશમરતિમાં (૧૬૦માં શ્લોકમાં) કહેલું છે. તે આ પ્રમાણે → ''(આ ધ્યાનમાં અપ્રમત્ત યતિએ) લોકના અધોભાગના વિસ્તારને, મધ્યભાગના વિસ્તારને અને ઉર્ધ્વભાગના પણ વિસ્તારને તથા જીવે સર્વત્ર (લોકમાં સર્વ ઠેકાણે) કરેલા જન્મમરણને

१. किश्चिदा। २. नरानेव, भां.। ३. नर० मू. पा अशुद्धा। ४. ०न्नारक० मू. (अशुद्ध)। ५. बन्धो न पृथगुक्तः रा.।

तावदधोलोकस्वरूपमेव पृथिवीभेदेनोच्यते। **रत्न-शर्करेत्यादि** सूत्रम्। ततस्तिर्यग्लोकस्वरूपं जम्बूद्वीप-लवणादिप्रक्रमेण, पश्चाच्चतुर्थ ऊर्ध्वलोकस्वरूपमिति, एवमयं त्रिविभागः पञ्चास्तिकायसमुदयवृत्तिर्जीवा-जीवाधारक्षेत्रलक्षणो वैशाखस्थानस्थित-कटिस्थकरयुग्मपुरुषाकृतिर्लोकः, तस्याधस्तनभागस्वरूपावगम-नायेदमुच्यते। अथवा सम्यग्दर्शनभाग्भिर्जीवैर्लोकस्यासङ्ख्येयभागः स्पृष्ट इत्युक्तं प्रथमाध्याये (सू.८) – **सम्यग्दृष्टिना तु सर्वलोकः**, तदुच्यतां निर्देशतः को लोक इत्यतोऽधोविभागादिः स आख्यायते॥

**रत्न-शर्करे**त्यादि (३/१) सूत्रम्, रत्नादि = वज्रादीनि तत्प्रधाना रत्नप्रभा, शर्करादयोऽपि प्रतीतास्तत्प्रधानाः सर्वा वक्तव्याः, प्रभाशब्दो रूप-स्वभाववाची, रत्नप्रभा रत्नस्वभावा रत्नमयी रत्नबहुलेति, एवं शर्कराप्रभादयोऽपि वाच्याः, एष च प्रभाशब्दः प्रत्येकमभिसम्बध्यत इति दर्शयति–**रत्नप्रभे**त्यादिना भाष्येण।



તેમજ રૂપી દ્રવ્યના ઉપયોગોને વિચારવું.''

ત્યાં (લોકસ્વરૂપ વિશે) સર્વ પ્રથમ અધોલોકનું સ્વરૂપ જ પૃથ્વીના ભેદ દ્વારા કહેવાયુ છે. તેનું પ્રતિપાદક **રત્નશર્કરા** ઈત્યાદિ સૂત્ર છે. ત્યારબાદ તિર્ચ્છાલોકનું સ્વરૂપ જંબૂદ્વીપ, લવણસમુદ્ર આદિના ક્રમ વડે (૭ મા સૂત્રથી) કહેવાય છે. ત્યારબાદ ચોથા અધ્યયનમાં ઉર્ધ્વલોકનું સ્વરૂપ કહેવાયુ છે.

આ પ્રમાણે ઉર્ધ્વ-અધો-તિર્યગ્ ત્રણ વિભાગમાં રહેલ લોક એ જીવાદિ પંચાસ્તિકાયના સમુદાયની વૃત્તિ (= ઉપસ્થિતિ) વાળો, જીવ અજીવના આધારભૂત ક્ષેત્રસ્વરૂપ તથા વૈશાખસંસ્થાન (આસન વિશેષ) માં ઉભેલ અને કેડે બે હાથ રાખેલ પુરુષની આકૃતિવાળો છે. તે લોકના અધોવર્તી (નરકાદિ) ભાગના સ્વરૂપને જાણવા માટે આ પ્રથમ સૂત્ર કહેવાય છે.

### ❖ સમ્યગ્દર્શની અને સમ્યગ્દષ્ટિની સ્પર્શના ❖

અથવા (તો બીજી રીતે પણ આ સૂત્રરચનાનું પ્રયોજન કહી શકાય. તે આ મુજબ-) પ્રથમ અધ્યાયમાં (સૂત્ર ૮)મા એમ કહ્યું હતું કે સમ્યગ્દર્શની જીવો વડે લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શાયેલ છે, પરંતુ ❖**સમ્યગ્દષ્ટિ જીવ વડે તો સર્વલોક સ્પર્શાયેલ છે**. તેથી હવે નિર્દેશ થકી (સ્વરૂપ થકી) કહો કે લોક શું છે ? આ પ્રમાણે (વિશેષથી) પ્રશ્ન ઉપસ્થિત થયો હોવાથી એના જવાબમાં અધોવિભાગ વગેરેવાળો તે લોક કહેવાય છે.

**रत्न-शर्करा**... રત્નો એટલે વજ્ર વગેરે, તે રત્નની પ્રધાનતાવાળી પૃથ્વી તે રત્નપ્રભા. શર્કરા, વાલુકા વગેરે પણ પ્રસિદ્ધ છે. તે તે (કાંકરા = શર્કરા આદિ) ની પ્રધાનતાવાળી સર્વ પૃથ્વી કહેવી. 'પ્રભા' શબ્દ રૂપ અને સ્વભાવ અર્થને કહેનાર છે, (અહી સ્વભાવ અર્થ લેવો આથી) રત્નપ્રભા એટલે રત્નના સ્વભાવવાળી = રત્નમય અર્થાત્ રત્નબહુલા. આ પ્રમાણે શર્કરાપ્રભાદિને પણ કહેવી, વળી આ પ્રભા શબ્દ દરેક નરકો સાથે જોડાયેલો છે એવું ભાષ્યકારશ્રી ''**રત્નપ્રભા**'' ઈત્યાદિ ભાષ્યથી દર્શાવે છે.

❖ સમ્યગ્દર્શની એટલે ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનવાળા અને સમ્યગ્દષ્ટિ એટલે ક્ષાયિક સમ્યક્ત્વવાળા છદ્મસ્થ, કેવળી અને સિદ્ધભગવંત.

• भाष्यम् •

**रत्नप्रभाया अधः शर्कराप्रभा, शर्कराप्रभाया अधो वालुकाप्रभा इत्येवं शेषाः।**

• गन्धहस्ती •

**इत्येता भूमयो घनाम्बु-वाताकाशप्रतिष्ठा भवन्त्येकैकशः सप्ताधोऽधः** = एवमेता रत्नप्रभाद्याः पृथिव्यो घनाम्बुनि वायौ वियति च प्रतिष्ठिताः; नेश्वराद्याधारा इत्याचष्टे। घनाम्बु च वाता[त?]श्चाकाशं च घनाम्बु-वाताकाशानि तेषु प्रतिष्ठा = स्थितिर्वर्तनं यासां ता घनाम्बु-वाताकाशप्रतिष्ठा **भवन्ति,** एकैका **एकैकशोः** घनाम्बु-वाताकाशक्रमेण प्रतिष्ठिताः, न पुनः सप्तानामप्यध एव घनाम्बु-वाताकाशानि प्रत्येकमन्तरालेषु न सम्भवन्तीति, सङ्ख्ययाऽवधार्यन्ते सप्तैवान्यूनाधिका इति। [1]**अधोऽध** इति प्रति-विशिष्टक्रमाख्यानं तिर्यगूर्ध्वदिशो व्युदासः, एतदेव स्पष्टयति–

**रत्नप्रभाया अधो**ऽसङ्ख्येया योजनकोटीनां कोटीरवगाह्य **शर्कराप्रभा** भवति, **शर्करा-प्रभायास्त्वधो**ऽसङ्ख्येया एव योज[2]नकोटीनां कोटीरतिक्रम्य **वालुकाप्रभा** भवति, **एवं शेषाः** पङ्कप्रभाद्या असङ्ख्येययोजनकोटीकोट्यवकाशान्तरा वक्तव्या अधोऽध इति॥

• ભાષ્યાર્થ •

**રત્નપ્રભાની નીચે શર્કરાપ્રભા, શર્કરાપ્રભાની નીચે વાલુકાપ્રભા છે. આ જ પ્રમાણે શેષ પૃથ્વીઓ**

• હેમગિરા •

### ❖ નરક પૃથ્વીઓના આધાર ❖

**इत्येता भूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठा**... 'આ પ્રમાણે આ રત્નપ્રભાદિ પૃથ્વીઓ ઘનોદધિ, વાયુ અને આકાશમાં પ્રતિષ્ઠિત છે; પણ ઈશ્વરાદિના આધારવાળી નથી,' એમ (ભાષ્યકારશ્રી) કહે છે. घनाम्बुवाताकाशप्रतिष्ठा આ પદમાં દ્વન્દ્વ સમાસ કરી બહુવ્રીહી સમાસ કરેલ છે. **'ઘનામ્બુ, વાયુ અને આકાશ'** આ બધાનો દ્વન્દ્વ સમાસ કરી घनाम्बुवाताकाशानि પદ બનાવ્યુ છે. ત્યાર બાદ 'તેઓને (= घनाम्बुवाताकाश ને) વિષે પ્રતિષ્ઠા અર્થાત્ સ્થિતિ છે જેઓની તે' એમ બહુવ્રીહિ સમાસ કરી घनाम्बु-वाताकाशप्रतिष्ठा❖ પદ બનાવ્યુ છે. અર્થાત્ એક-એક પૃથ્વીની નીચે ઘન પાણી, વાયુ અને આકાશ ક્રમથી રહેલ છે (પણ સાતમી પૃથ્વીની નીચે જ ઘનપાણી, વાયુ, આકાશ રહ્યા છે એવું નથી) તેમજ દરેક (પૃથ્વીઓ) ના અંતરાલમાં તે નથી રહેતા તેવું ય નથી. 'સાત' સંખ્યાથી આ નિર્ધાર કરાય છે કે પૃથ્વી સાત જ છે, વધારે કે ઓછી નથી. **'अधोऽध'** આ પદ વડે ચોક્કસ ક્રમનું કથન કર્યુ છે, તેમજ તિર્છી અને ઉર્ધ્વ દિશાની બાદબાકી કરી છે. આ વાતને જ ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે →

રત્નપ્રભાની નીચે અસંખ્ય કોટાકોટી યોજન ગયા પછી શર્કરાપ્રભા આવે છે. શર્કરાપ્રભાની નીચે અસંખ્ય જ કોટાકોટી યોજન ગયા પછી વાલુકાપ્રભા પૃથ્વી આવે છે. આ પ્રમાણે અસંખ્ય કોટાકોટી

१. अधः इति रा. २. ०नकोटीरति० पा.। ❖ પ્રશ્ન : જેમ આ ભૂમિથી માંડી તનવાયુ આકાશને વિશે પ્રતિષ્ઠિત છે તો આકાશ ક્યાં સ્થિત છે ? સમાધાન :- ઉક્ત ભૂમિ આદિ આકાશમાં સ્થિત છે પણ આકાશ સ્વમાં જ સ્થિત છે. એને અવગાહ આપનાર કોઈ બીજો પદાર્થ નથી. એક આકાશના આધાર માટે બીજા આકાશરૂપ આધારની કલ્પના કરીએ તો અનવસ્થા દોષ આવશે.

• भाष्यम् •

**अम्बु-वाताकाशप्रतिष्ठा इति सिद्धे घनग्रहणं क्रियते [१]तेनायमर्थः प्रतीयेत घनमेवाम्बु अधः [२]पृथिव्याः, वातास्तु घनास्तनवश्चेति॥**

**तदेवं खरपृथिवी पङ्कप्रतिष्ठा, पङ्को घनोदधिवलयप्रतिष्ठः, घनोदधिवलयं घनवात-**

• गन्धहस्ती •

**अथ** घनग्रहणं किमर्थं क्रियते **अम्बु-वाताकाशप्रतिष्ठा** इत्येतावतैवाभिलषितार्थप्रसिद्धेरिति ?

**सूरिराह**– सत्यमेवं सिद्ध्यति, **सिद्धे** सति यत् तथापि **घनग्रहणं क्रियते तेनायमर्थो** ज्ञाप्यते **घनमेवाम्बु अधः पृथिव्याः** प्रत्येकं यथा स्यात्, मा भूद् द्रवमिति। **वातास्तू**भयथा **घनास्तनवश्चेति**। यथैव पृथिवीनामधोऽधो व्यवस्थानमशेषाणामेवमेकस्यां पृथिव्यां स्वभेदानामधोऽधो व्यवस्थानं दर्शयितुमाह–

**तदेवं खरपृथिवी पङ्कप्रतिष्ठा**। आदावत्र रत्नप्रभायाः खरपृथिवीकाण्डं रत्नबहुलं योजनसहस्र-

• ભાષ્યાર્થ •

**સમજી લેવી. તે (પૃથ્વીઓ) પાણી, વાયુ, આકાશમાં પ્રતિષ્ઠિત છે આટલું કહેવાથી પણ અર્થબોધ થઈ જાય છે. છતાં ઘન વિશેષણ મૂકાયું છે તેના વડે આ વિશેષ અર્થ જણાય/જણાવાય છે કે ઘટ્ટ એવું જ પાણી પૃથ્વીની નીચે છે. પરંતુ વાયુ તો ઘટ્ટ અને તનુ (પાતળો) બન્ને છે.**

**તે આ પ્રમાણે ખર (શુષ્ક) પૃથ્વીકાંડ પંક પૃથ્વીકાંડ પર રહેલો છે. પંક-પૃથ્વીકાંડ ઘનોદધિવલયમાં**

• હેમગિરા •

યોજન પ્રમાણ ક્ષેત્રના આંતરાવાળી પંકપ્રભા આદિ શેષ પૃથ્વીઓ નીચે નીચે કહેવી.

### ❖ ઘન શબ્દનું ફળ ❖

**પ્રશ્ન :-** 'ઘન' પદનું ગ્રહણ શા માટે કરાય છે ? કેમકે 'ઘન' પદ વિના પણ अम्बु-वाताकाशप्रतिष्ठा આ પ્રમાણે એટલા જ પદ વડે ઈચ્છિત અર્થ સિદ્ધ થઈ જાય છે.

**જવાબ :-** વાત સાચી છે, આ રીતે પણ અર્થ સિદ્ધ થાય છે. સિદ્ધ થવા છતાં પણ 'ઘન' પદનું ગ્રહણ કર્યું છે, તેનાથી આ અર્થ જણાવે છે કે ઘટ્ટ જ પાણી દરેક પૃથ્વીની નીચે હોય છે પરંતુ પ્રવાહી પાણી હોતું નથી. દ્રવ-પાણીનું ગ્રહણ ન થાઓ એ હેતુથી 'ઘન' પદનું ગ્રહણ કર્યું છે. વાયુ તો ઘાટ્ટો અને પાતળો બન્ને પ્રકારનો હોય છે. જે રીતે (આ) સર્વ પૃથ્વીઓનું અવસ્થાન એક બીજાની નીચે નીચે છે, એ પ્રમાણે જ એક એક પૃથ્વીમાં (પણ) તેના પોતાના (ખર પૃથ્વી કાંડ આદિ) ભેદ = વિભાગોનું અવસ્થાન નીચે નીચે છે. એજ હકીકતને જણાવવા માટે ભાષ્યકારશ્રી કહે છે –

### ❖ ખર પૃથ્વી આદિના માપો ❖

**तदेवं खरपृथिवी पङ्कप्रतिष्ठा...** શરૂઆતમાં અહીં (સાત પૃથ્વી વિશે) રત્નપ્રભા પૃથ્વીમાં રત્નોની

✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૧ १. **येन प्रती०** पा.। २. **पृथिव्यां** पा.।

• भाष्यम् •

**वलयप्रतिष्ठम्, घनवातवलयं तनुवातवलयप्रतिष्ठम्, ततो महातमोभूतमाकाशम्। सर्वं**

• गन्धहस्ती •

षोडशकबाहल्यम्, तत् पङ्कपृथिवीकाण्डे पङ्कबहुले चतुरशीतियोजनसहस्रबहुले प्रतिष्ठितम्, तदपि पङ्कपृथिवीकाण्डमप्पृथिवीकाण्डे जलबहुलेऽशीतियोजनसहस्रघने प्रतिष्ठितम्।

अत्र चाचार्येणाब्बहुलं काण्डं नोपात्तं पृथग्, घनोदधिवलयग्रहणेनैव लब्धत्वाद्, घनोदधिश्च घनोदधिवलयं चेत्येकदेशनिर्देशात्, तत् पुनर्जलबहुलं काण्डं विंशतियोजनसहस्रबहुले घनाम्बुवलये प्रतिष्ठितम्, घनोदधिवलयमप्यसङ्ख्येययोजनसहस्रघने घनवातवलये प्रतिष्ठितम्, घनवातवलयमपि ह्यसङ्ख्येययोजनसहस्रबाहल्ये तनुवातवलये प्रतिष्ठितम्, ततस्तनुवातवलयात् परं **महातमोभूतमाकाशम**-सङ्ख्येययोजनकोटीकोटीप्रमाणम्, तदन्तरालवर्ति वियत् तनुवातवलयद्वितीयपृथिव्योः सूचिभेद्येन सन्तमसेन समन्ततो विजृम्भमाणेनातिघनतां गतेन व्याप्तम्, अतो महातम इव तत् प्रतिभातीति महातमोभूतमुच्यते, तच्चास्याः खरकाण्डादिभेदायास्तनुवातवलयपर्यन्ताया रत्नप्रभापृथिव्याः प्रपन्नमाधारताम[1]धिगन्तव्यमि-

• ભાષ્યાર્થ •

**રહેલો છે. ઘનોદધિવલય ઘનવાતવલયમાં રહ્યો છે. ઘનવાતવલય પાતળાવાયુના આધારે રહ્યો છે, ત્યાર પછી મહા અંધકારમય આકાશ રહ્યું છે. વળી આ ખર પૃથ્વીથી માંડી તનુવાતવલય**

• હેમગિરા •

બહુલતાવાળો ૧૬ હજાર યોજનની જાડાઈવાળો ખર પૃથ્વીકાંડ છે. તે (ખર પૃથ્વીકાંડ) કાદવની બહુલતાવાળા ૮૪ હજાર યોજનની જાડાઈવાળા પંક પૃથ્વીકાંડમાં રહ્યો છે, તે પંકપૃથ્વીકાંડ પણ જળની બહુલતાવાળા ૮૦ હજાર યોજનની જાડાઈવાળા એવા જળ પૃથ્વીકાંડમાં રહેલો છે.

વળી અહીં ભાષ્યમાં વાચકઆચાર્યશ્રી વડે જળની બહુલતાવાળા કાંડનો નિર્દેશ અલગ નથી કરાયો એનું કારણ એ છે કે "**घनोदधिवलय**" એ પદ કહેવા દ્વારા જ ઘનોદધિ (જળબહુલકાંડ)નું ગ્રહણ થઈ ગયું છે કેમ કે "**घनोदधिवलय**" પદમાં घनोदधिश्च घनोदधिवलयश्च इति घनोदधिवलये એ પ્રમાણે એકશેષ દ્વન્દ્વ સમાસ કરેલ છે.

વળી આ જળબહુલ એવો જળકાંડ વીસ હજાર યોજનની ❐જાડાઈવાળા ઘનાંબુવલયમાં રહેલો છે. ઘનોદધિવલય પણ અસંખ્યહજાર યોજનની જાડાઈવાળા ઘનવાતવલયમાં રહ્યો છે. ઘનવાતવલય પણ અસંખ્યહજાર યોજનની જાડાઈવાળા તનુવાતવલયમાં રહ્યો છે. તનુવાતવલય પછી અસંખ્ય કોટાકોટિ યોજન પ્રમાણ મહાઅંધકાર સ્વરૂપ આકાશ છે. તનુવાત અને બીજી પૃથ્વીના અંતરાલમાં રહેલ તે આકાશ ♦સૂચિભેદ્ય એવા ચારેબાજુ ફેલાયેલા ઘોર અંધકાર વડે વ્યાપ્ત છે. તેથી (તે આકાશ) મહા અંધકાર સ્વરૂપ કહેવાય

१. ०मवगन्त० भां.। ❐. અહીં કહેલી ઘનોદધિ આદિની જાડાઈ મધ્યભાગની જાણવી.

♦. આ 'સૂચિભેદ્ય' વિશેષણ પરથી અંધકારમય આકાશની ગાઢતા-ઘનતાનો ખ્યાલ આવે છે અર્થાત્ તે ઘટ્ટ અંધકારમય આકાશ છે. સોયથી ભેદી શકાય તેવો ગાઢ અંધકાર છે.

भाष्यम्

चैतत् पृथिव्यादि तनुवातवलयान्तमाकाशप्रतिष्ठम्, आकाशं [1]चात्मप्रतिष्ठम्। उक्तमवगाहनमाकाशस्येति॥

गन्धहस्ती

त्यादर्शयति **सर्वं चैतत् पृथिव्यादीत्यादिना।**

न चैतदश्रद्धेयं प्रत्यक्षप्रमाणसमधिगम्यानि चन्द्रादित्यादिविमानानि निरालम्बे विहायसि परिप्लवन्ते, न चाधः पतन्ति लोकानुभावादेवमेवैताः पृथिव्योऽपीति, **आकाशं पुनरात्मन्येव** प्रतिष्ठितम्, नाधारान्तरसमासादितप्रतिष्ठमिति, यस्मादुक्तम्— **अवगाहन[2]माकाशस्येति**, पञ्चमेऽध्याये सूत्रतः उक्तम्— '**आकाशस्यावगाहः**' (अ.५, सू.१८) उपकारः, अवगाहदानेन व्याप्रियत आकाशं सर्वद्रव्याणामवगाहवतां [3]न पुनर्निरवगाहदानव्यापारपरं सदवगाहिष्यते तदन्यत्र तदनुरूपाधाराभावादतः स्वप्रतिष्ठं प्रतिपत्तव्यम्॥

ભાષ્યાર્થ

**સુધીનું બધુ આકાશમાં રહ્યું છે અને આ આકાશ આત્મપ્રતિષ્ઠિત છે એટલે કોઈના આધારે રહ્યુ નથી. કહેવાય પણ છે કે અવગાહના (= જગ્યા આપવી) એ આકાશનો ઉપકાર (= કાર્ય) છે.**

હેમગિરા

છે... વળી, તે આકાશ [✥]ખરકાંડ આદિના ભેદવાળી અને તનુવાતવલયના અંતવાળી એવી રત્નપ્રભા પૃથ્વી માટે આધારભૂત જાણવો અર્થાત્ તનુવાતવલયની નીચે આકાશ રહેલો છે. આ વાત '**सर्वं चैतत् पृथिव्यादि**' ઈત્યાદિ ભાષ્યથી દર્શાવે છે.

### ❖ પ્રતિષ્ઠાનમાં લોકસ્થિતિની કારણતા ❖

આ બાબતમાં કોઈએ અશ્રદ્ધા કરવાની જરૂર નથી. જેમ પ્રત્યક્ષ પ્રમાણથી જાણી શકાય એવા ચંદ્ર-સૂર્યાદિના વિમાનો લોકના સ્વભાવ થકી આલમ્બન રહિત (= જેમાં કોઈ આધાર નથી) એવા આકાશમાં રહે છે પણ નીચે પડી જતા નથી, આ પ્રમાણે નરક પૃથ્વીઓ પણ આકાશને આશ્રયી રહી છે એમ જાણવું.

વળી આકાશ તો પોતાનામાં જ પ્રતિષ્ઠિત છે અર્થાત્ તેનો બીજા કોઈ આધાર નથી. કેમકે આકાશના અવગાહ ગુણ વિશે પાંચમા અધ્યાયના ૧૮ સૂત્રમાં કહ્યું છે કે :- અવગાહના (જગ્યા) આપવી તે આકાશનો ઉપકાર = વ્યાપાર કાર્ય છે. તે બધાયને અવગાહના આપવામાં તત્પર રહ્યો છતાં આ આકાશ (ઘટાદિ) આધેય દ્રવ્યમાં પ્રવેશી જાય છે = અવગાહન કરે છે, પણ અવગાહના આપવાનું કાર્ય કર્યા વિના (ઘટાદિ)માં અવગાહન કરે છે એવુ નથી. કારણકે આકાશથી અન્ય કોઈપણ પદાર્થમાં આકાશને અનુરૂપ આધારનો અભાવ છે. એથી જ આકાશ આકાશમાં રહેલો છે એમ કહેવાય છે.

---

१. त्वात्म० पा. । २. ०हनामा० भां.रा. । ३. न निरव० मु. (भां.रा.) । ✥. સાધિક ૧ લાખ ૮૦ હજાર યોજન જાડાઈ પ્રમાણ રત્નપ્રભા પૃથ્વીના ત્રણ કાંડ છે તેમાં પ્રથમ કાંડ ૧૬ હજાર યોજન પ્રમાણ 'ખર' નામનો છે.

• भाष्यम् •

**तदनेन क्रमेण लोकानुभावसन्निविष्टा असङ्ख्येययोजनकोटीकोट्यो विस्तृताः सप्त भूमयो रत्नप्रभाद्याः। सप्तग्रहणं नियमार्थम्। रत्नप्रभाद्या मा भूवन्नेकशः ह्यनियतसङ्ख्या**[✤] **इति। किञ्चान्यत्। अधः सप्तैवेत्यवधार्यते, ऊर्ध्वं त्वेकैवेति वक्ष्यते॥**

• गन्धहस्ती •

**तदनेन क्रमेणे**त्यादि भाष्यम्, तस्मादनेन क्रमेण घनाम्बु-घनवात-तनुवातवलयाकाशप्रतिष्ठानाः सप्तापि भूमयो **लोकानुभावादेव सन्निविष्टाः**, लोकानुभावो हि लोकस्थितिरनाद्या न केनचिदीश्वरादिना कृता व्योमवदकृत्रिमा, **असङ्ख्येययोजनकोटीकोट्यो विस्तृता** इति तिर्यक्प्रमाणमाचष्टे, नाधः प्राच्याद् रत्नप्रभापृथिवीपर्यन्तात् [१]प्रतीच्य तत्पर्यन्त एतावदन्तरालमतीत्य भवतीत्येवं शेषाणामपि बहुतरा बहुतमाश्च कोट्यो भवन्ति, वृत्तत्वाच्च सर्वासां तुल्यविष्कम्भा[२]यामताऽध्यवसेया॥

• ભાષ્યાર્થ •

**તેથી પૂર્વોક્ત ક્રમથી અસંખ્ય કોટાકોટિ યોજન વિસ્તારવાળી રત્નપ્રભા આદિ સાતેય ભૂમિઓ લોક સ્વભાવથી રહેલી છે. 'સપ્ત' શબ્દનું ગ્રહણ નિયમ માટે છે. અર્થાત્ પૃથ્વી સાત જ છે તે નિયત કર્યું. રત્નપ્રભાદિ એક-એક પૃથ્વીઓ અનિયત સંખ્યાવાળી ન થાઓ તે માટે 'સપ્ત' સંખ્યાનું ગ્રહણ કર્યું છે વળી બીજું એ કે અધોલોકમાં સાત જ પૃથ્વીઓ છે એમ અવધારણ કરાય છે. ઉર્ધ્વલોકમાં તો એક જ પૃથ્વી છે. એ વાત આગળ કહેવાશે.**

• હેમગિરા •

**तदनेनक्रमेण**... તેથી પૂર્વોક્ત ક્રમથી ઘનામ્બુવલય, ઘનવાતવલય, તનુવાતવલય અને આકાશમાં રહેલી સાતે પણ ભૂમિઓ લોકસ્વભાવથી જ છે. લોક સ્વભાવ એ જ ખરેખર લોકસ્થિતિ (= લોકની રચના) છે જે અનાદિકાળથી છે પણ કોઈ ઈશ્વરાદિ વડે કરાયેલ નથી. અર્થાત્ આકાશની જેમ સ્વાભાવિક છે.

## ❖ નરકપૃથ્વીની લંબાઈ-પહોળાઈ ❖

'અસંખ્ય કોટાકોટિ યોજન વિસ્તારવાળી સાત ભૂમિઓ છે' એવું કહેવા દ્વારા (તે ભૂમિઓની) પહોળાઈને કહે છે, નહીં કે અધો પરિમાણ(= ઊંચાઈ)ને, કારણ કે રત્નપ્રભા પૃથ્વીના પૂર્વદિશા સંબંધી છેડાથી તેનો પશ્ચિમદિશા સંબંધી છેડો આટલા (અસંખ્યેય કોટાકોટિ યોજન) આંતરાને ઓળંગ્યા પછી આવે છે, તેથી આ ઊંચાઈનું માપ નથી. આ પ્રમાણે શેષ પૃથ્વીઓની પણ પહોળાઈ અધિકતર અને અધિકતમ અસંખ્ય કોટાકોટિ યોજન છે. વળી દરેક પૃથ્વીઓ ગોળ હોવાના કારણે (એઓની પોતાની) પહોળાઈ અને લંબાઈ તુલ્ય જાણવી.

✤ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૨ २. प्रतीच्यं मु. (भां.)। ३. ०यामैवेत्यध्य० रा.।

प्रवचनं चेदम्*– "**कतिविहाणं भंते ! लोकट्ठिती पण्णत्ता ? गोयमा ! अट्ठविहा लोगट्ठिई पण्णत्ता, तंजहा– आगासपतिट्ठितेवाते १ वातपतिट्ठिते उदही २ उदधीपइट्ठिया पुढवी ३ पुढवीपतिट्ठिया तस-थावरा पाणा ४ अजीवा जीवपतिट्ठिया ५ जीवा कम्मपइट्ठिया ६ अजीवा जीवसंगहिता ७ जीवा कम्मसंगहिता ८॥ से केणट्ठेणं भंते ! एवं वुच्चति अट्ठविहा लोगट्ठिती ? गोयमा ! से जहा नामए केति पुरिसे वत्थिमाडोवेति, वत्थिमाडोवेत्ता उप्पिंसि तं बंधति, बंधित्ता मज्झे गंठिं देति, मज्झे गंठिं दलइत्ता उवरिल्लं गंठिं मुइत्ता उवरिल्लं देसं वामेति, वामेत्ता आउकायस्स पूरेति, पूरित्ता उप्पिंसि तं बंधति, बंधित्ता मज्झिल्लं गंठिं मुयति, तेणं गोयमा ! से आउक्काए तस्स वाउक्कायस्स उवरितले चिट्ठति, से तेणं अट्ठेणं गोयमा ! एवं वुच्चति-अट्ठविहा लोकट्ठिती पण्णत्ता। से जहा वा केइ पुरिसे वत्थिमाडोवेति, आडोवेत्ता कडीए**



પૂર્વોક્ત લોકાનુભાવ (= લોકસ્થિતિ) ને કહેનાર આગમપાઠ આ છે :-

**❖ આઠ પ્રકારની લોકસ્થિતિ ❖**

*પ્રશ્ન :- "હે ભંતે ! લોક સ્થિતિ કેટલા પ્રકારે કહેવાઈ છે ?*

*જવાબ :- હે ગૌતમ ! લોકસ્થિતિ આઠ પ્રકારે કહેવાઈ છે. તે આ મુજબ → (૧) વાયુ આકાશમાં પ્રતિષ્ઠિત છે. (૨) ઉદધિ (પાણી) વાયુમાં પ્રતિષ્ઠિત છે. (૩) પૃથ્વી ઉદધિમાં પ્રતિષ્ઠિત છે. (૪) ત્રસ અને સ્થાવર પ્રાણીઓ પૃથ્વીમાં પ્રતિષ્ઠિત છે. (૫) અજીવો જીવમાં પ્રતિષ્ઠિત છે. (૬) જીવો કર્મમાં પ્રતિષ્ઠિત છે. (૭) અજીવો જીવથી સંગૃહિત છે. (૮) જીવો કર્મથી સંગૃહિત છે.*

*પ્રશ્ન : હે ભંતે ! એવું શા માટે કહેવાય છે કે તે લોકસ્થિતિ આઠ પ્રકારે છે ? અર્થાત્ આ કઈ રીતે સંભવે તે સમજાવો ?*

*જવાબ :- હે ગૌતમ ! જેમ તે કોઈ પુરૂષ બસ્તિ (ચામડાની કોથળી) ને ફુલાવે, ફુલાવીને તે બસ્તિને ઉપરથી બાંધે, બાંધીને વચ્ચે ગાંઠ આપે, વચ્ચે ગાંઠ આપીને ઉપરની ગાંઠ છોડી ને ઉપરના ભાગને ખાલી કરે, ખાલી કરી પાણી વડે ભરે, ભરીને ઉપરથી તેને બાંધે, બાંધીને વચ્ચેની ગાંઠ છોડી દે, ત્યારે હે ગૌતમ ! તે પાણી તે વાયુકાયની ઉપર રહે છે. તેથી આ કારણસર હે ગૌતમ ! આ પ્રમાણે કહેવાય છે કે તે આઠ પ્રકારે લોકસ્થિતિ છે, અથવા તો (બીજી પદ્ધતિએ પણ આ હકીકત સમજી શકાય છે -) જેમકે કોઈ પુરૂષ બસ્તિને ફૂલાવે, ફૂલાવીને કેડમાં બસ્તિને બાંધી દે, બાંધીને ગંભીર (= ઉંડા), ન*

*. कतिविधा भदन्त ! लोकस्थितिः प्रज्ञप्ता ? गौतम ! अष्टविधा लोकस्थितिः प्रज्ञप्ता, तद्यथा– आकाशप्रतिष्ठितो वातः, वातप्रतिष्ठित उदधिः, उदधिप्रतिष्ठिता पृथ्वी, पृथ्वीप्रतिष्ठिता त्रसस्थावराः प्राणाः, अजीवा जीवप्रतिष्ठिताः, जीवाः कर्मप्रतिष्ठिताः, अजीवा जीवसंगृहीताः, जीवाः कर्मसंगृहीताः । अथ केनार्थेन भदन्त ! एवमुच्यते– अष्टविधा लोकस्थितिः ? गौतम ! तत् यथानामकः कश्चित् पुरुषः बस्तिमापूरयति, बस्तिमापूर्य उपरिष्टात् तां बध्नाति, बद्ध्वामध्ये ग्रन्थिं ददाति, मध्ये ग्रन्थिं दत्त्वा उपरितनं ग्रन्थिं मुक्त्वा उपरितनं देशं वमयति (रिक्तीकरोति) वमयित्वा अप्कायं पूरयति, पूरयित्वा उपरिष्टात् तां बध्नाति, बद्ध्वा मध्यमं ग्रन्थिं मुञ्चति, तेन गौतम ! सः अप्कायः तस्यवायुकायस्य उपरितले तिष्ठति, तदेतेनार्थेन गौतम ! एवमुच्यते–अष्टविधा लोकस्थितिः प्रज्ञप्ता । अथ यथा वा कश्चित् पुरुषः बस्तिमापूरयति आपूर्य कट्यां बध्नाति, बद्ध्वा

**बंधति, बंधित्ता अत्थाहमतारमपोरिसियंसि उदगंसि ओगाहेज्जा, णूणं गोयमा ! से पुरिसे तस्स आउक्कायस्स उप्पिं उवरितले चिट्ठति ? हंता चिट्ठति, एवमेव अट्ठविहा लोकट्ठिती पण्णत्ता'' (भग. श.१, उ.६, सू.५४)**

रत्नप्रभायाश्च प्रथमं काण्डं रत्न-वज्र[1]-वैडूर्य-लोहिताक्ष्य[2]-मसारगल्ल-हंसगर्भ-पुलक-सौगन्धिक-ज्योतीरसाञ्जनाञ्जनपुलक-रजत-जातरूपाङ्क-स्फटिकारिष्ठभेदात् षोडशधा, इतरे त्वेकाकारे पङ्क-जलबहुले काण्डे, शेषाश्च भूमयः शर्करा[3]प्रभाद्या एकाकारा एवावसातव्याः।

**सप्तग्रहणं नियमार्थमि**त्यादि, विशिष्टसङ्ख्याशब्दोपादानान्नियमः क्रियते सप्तैवाधः पृथिव्यः, **का** पुनराशङ्का नियमाभिप्रायानुवर्तिनः सूरेरिति ?

**उच्यते– रत्नप्रभाद्या मा भूवन्नेकशो ह्यनियतसङ्ख्या** इति। रत्नप्रभायाः प्रथमं काण्डं षोडशधा, तथा पङ्कबहुलं काण्डं जलबहुलं काण्डमित्येकैकस्य भेदस्य पृथिवीत्वाद् बहुत्वं पृथिवीनामधः

• હેમગિરા •

*તરી શકાય એવા, અપૌરૂષેય (= પુરૂષથી વધારે પ્રમાણવાળા) પાણીમાં ડુબકી લગાવે, છતાં હે ગૌતમ ! નિશ્ચયથી તે પુરૂષ તે પાણીની ઉપર, ઉપરિતળીયે રહે છે ને ? હાં, રહે છે. એ પ્રમાણે જ આઠ પ્રકારે લોકસ્થિતિ કહેલી છે.'' (ભગ૦ શત૦ ૧, ઉ૦ ૬, સૂ૦ ૫૪)*

રત્નપ્રભાનું પ્રથમ કાંડ તે રત્ન, વજ્ર, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંજન, અંજનપુલક, રજત, શ્રેષ્ઠરૂપુ, અંક, સ્ફટિક અને અરિષ્ટના ભેદથી ૧૬ પ્રકારે છે. કાદવ અને પાણીની બહુલતાવાળા બીજા બે કાંડ તો એક જ પ્રકારવાળા છે, અને શેષ શર્કરાપ્રભાદિ ભૂમિઓ પણ એક પ્રકારવાળી જ જાણવી.

**सप्तग्रहणं नियमार्थम्**.... ઈત્યાદિમાં 'सप्त' આ વિશિષ્ટ સંખ્યાવાચી શબ્દનું ગ્રહણ કરવા દ્વારા આ નિયમન કરાય છે કે નીચે પૃથ્વીઓ સાત જ છે.

## ❖ સાત જ પૃથ્વીઓ કઈ અપેક્ષાએ ? ❖

**પ્રશ્ન :-** આ નિયમ સંબંધી અભિપ્રાયને અનુસરનારા આચાર્ય (વાચકપ્રવરશ્રી) ને કઈ શંકા છે ? કે જેને દૂર કરવા (રત્નપ્રભા વિગેરે નામો લખ્યા ઉપરાંત) સાતનું નિયમન કરવું પડ્યુ ?

**જવાબ :-** રત્નપ્રભાદિ દરેક પૃથ્વીઓની અનિયત સંખ્યા (થવાની શંકા છે, તે) ન થાઓ માટે 'સપ્ત' સંખ્યાનું ગ્રહણ કર્યુ છે. કહેવાનું તાત્પર્ય આ છે કે - રત્નપ્રભાનું પ્રથમકાંડ ૧૬ પેટા ભેદવાળું છે, તથા બીજું પંકબહુલકાંડ અને ત્રીજું જલબહુલકાંડ છે. આ પ્રમાણે આ દરેક ભેદો પૃથ્વી સ્વરૂપ

---

अस्ताघमतार्यमपौरुषेयं उदकमवगाहेत, नूनं गौतम ! स पुरुषः तस्य अप्कायस्य उपरि उपरितले तिष्ठति ? हन्त तिष्ठति, एवमेव अष्टविधा लोकस्थितिः प्रज्ञप्ता ।

१. ०वैर-वै० खं. भां. । २. ०ताख्य०-मु. (भां)। ३. ०राद्या मु.पा. (भां.)।

• भाष्यम् •

**अपिच– तन्त्रान्तरीया असङ्ख्येयेषु लोकधातुष्वसङ्ख्येयाः पृथिवीप्रस्तारा इत्यध्यवसिताः, तत्प्रतिषेधार्थं च सप्तग्रहणमिति॥**

• गन्धहस्ती •

स्यात्, अत एवमेकैका ह्यनियतसंङ्ख्या मा भूदिति सप्तग्रहणमुपात्तम्, इतरा अपि च प्रतरादिभेदेन भिद्यमाना बहुत्वमनुयान्ति स्वस्थान एवेति तस्मान्नियमा[१]पादनम्।

**किञ्चान्यत्**– अन्यदपि हि सप्तग्रहणस्य प्रयोजनमस्त्येव किञ्चित्, **अधः सप्तैवेत्यवधार्यते** विशिष्टसङ्ख्यानियमोऽधः प्रदर्श्यते, न पुनः पृथिव्य एतावत्य एव त्रैलोक्य इत्यवधार्यते, यत **ऊर्ध्वंत्वेकैवेति वक्ष्यति,** उपरिष्टात् पुनः सर्वकल्पविमानान्यतीत्यार्धतृतीयद्वीपविष्कम्भायामोत्तानकच्छत्राकृतिरीषत्प्राग्भारा नाम पृथिवी दशमेऽध्याये (१९ तम)कारिकाभाष्येण व्याख्यास्यते **'तन्वी मनोज्ञा सुरभिः, पुण्या परमं[२]भासुरा'** इत्यादिनेति। तथाऽन्यदपि सप्तग्रहणस्य प्रयोजनमाख्यायते–

**तन्त्रान्तरीया** इत्यादि भाष्यम्। अन्तरे भवाः अन्तरीयास्तन्त्रप्रधाना अन्तरीयास्तन्त्रान्तरीयाः-

• ભાષ્યાર્થ •

**વળી તન્ત્રાન્તરીયો (= અન્યદર્શનકારો = બૌદ્ધો) અસંખ્ય લોકધાતુઓમાં અસંખ્ય પૃથ્વી પ્રસ્તારો છે એ પ્રમાણે સ્વીકારે છે અને તેનો નિષેધ કરવા 'સપ્ત' પદનું ગ્રહણ કર્યું છે.**

• હેમગિરા •

હોવાથી અધોલોકમાં પૃથ્વીઓ ઘણી બધી થઈ જાય. આ પ્રમાણે પ્રત્યેક રત્નપ્રભાદિ પૃથ્વીઓની અનિયત સંખ્યા-ન થાઓ માટે 'सप्त' સંખ્યાનું ગ્રહણ કર્યુ છે. વળી બીજી (શર્કરાપ્રભાદિ) પણ પ્રતર આદિ ભેદવડે ભેદાતી સ્વસ્થાનમાં જ અનેક ભેદને પામે છે તેથી નિયમ કર્યો છે.

**किञ्चान्यत्...** 'सप्त' સંખ્યાના ગ્રહણનું બીજું પણ કાંઈક પ્રયોજન છે. તે આ મુજબ કે - અધોલોકમાં સાત જ પૃથ્વી છે એમ અવધારણ કરાય છે. અર્થાત્ પૃથ્વીઓની વિશિષ્ટ સંખ્યાનો નિયમ અધોલોકમાં દેખાડાય છે, નહીં કે ત્રણ લોકમાં આટલી જ પૃથ્વી છે. કારણ કે ઊર્ધ્વલોકમાં એકજ પૃથ્વી છે એમ કહેવાશે અર્થાત્ ઊર્ધ્વલોકમાં ઉપરના સર્વ કલ્પ = દેવલોકના વિમાનોને ઓળંગીને રહેનારી અઢીદ્વીપ જેટલી લંબાઈ-પહોળાઈવાળી, ઊંધા છત્રની આકૃતિવાળી **ઈષત્પ્રાગ્ભારા** નામક પૃથ્વીને ''પાતળી, મનોહર, સુગંધી, પવિત્ર, અત્યંત તેજસ્વી'' ઈત્યાદિ પદો વડે દશમા અધ્યાયમાં ૧૯ મી કારિકાનાં ભાષ્યમાં કહેવાશે. તથા ''સપ્ત'' પદ લખવા પાછળનું એક હજુ પ્રયોજન કહેવાય છે :-

### ❖ અસંખ્ય પૃથ્વીપ્રતર મતનું નિરાકરણ ❖

**तन्त्रान्तरीया...** વચ્ચે થયેલા (= જૈનશાસનના કાળમાં થનારા અન્ય) તે અન્તરીય, તન્ત્ર (= દર્શનશાસ્ત્ર) પ્રધાન અન્તરીય તે તન્ત્રાન્તરીય અર્થાત્ જૈન પ્રવચનથી બાહ્ય અને પ્રસ્તાવથી = ચાલતા પ્રસંગથી પ્રાયઃ માયાસૂનુ = બૌદ્ધોનું જ ગ્રહણ કરાય છે. દુર્બુદ્ધિવાળા એવા તેઓ આ મુજબ માને છે

१. ०यमादापा० रा.। २. ०भास्वरा भां.।

• भाष्यम् •

**सर्वाश्चैता अधोऽधः पृथुतराश्छत्रातिच्छत्रसंस्थिताः। घर्मा, वंशा, शैला, अञ्जना, रिष्टा माघव्या माघवीति चासां नामधेयानि यथासङ्ख्यमेवं भवन्ति। रत्नप्रभा**

• गन्धहस्ती •

जिनप्रवचनबाह्यास्ते च प्रायः प्रस्तावान्**मायासूनवीया** एव गृह्यन्ते, सर्वतः किलासङ्ख्येया एव लोकधातवस्तेषु **चासङ्ख्येया एव पृथिवीप्रस्तारा इत्यध्यवसिता** दुर्मेधसः॥

तदागमश्चायम्– "**यथा हि वर्षति देवे प्रततधारं नास्ति वीचिका वा अन्तरिका वा एवमेव** [1]**पूर्वायां दिशि लोकधातवो नैरन्तर्येण व्यवस्थितास्तथाऽन्यास्वपि दिक्ष्विति**" **तत्प्रतिषेधार्थं च सप्तग्रहणं** क्रियते, सप्तैवैताः सर्वतः परिमाणपरिच्छिन्ना लोकान्तर्वर्तिन्यः, लोकश्च परिमाणवान् सर्वतो जीवाजीवात्मकत्वाच्छरीरादिवदिति, मूर्तिमद्द्रव्यात्मकत्वाद् वा घटादिवत्।

**सर्वाश्चैता** इत्यादि भाष्यम्। रत्नप्रभाद्या महातमःप्रभापर्यवसाना **अधोऽधः पृथुतराः** एकरज्जुप्रमाणा विष्कम्भायामाभ्यां रत्नप्रभा, शर्कराप्रभाऽर्धतृतीयरज्जुप्रमाणा, [2]वालुकाप्रभा चतूरज्जुप्रमाणा, पङ्कप्रभा

• ભાષ્યાર્થ •

**અને આ બધી (સાતે) પૃથ્વીઓ (એક બીજાની) નીચે રહેલી અધિક અધિક પહોળાઈવાળી (છે.) (આથી) છત્રાતિછત્રના આકારવાળી છે. તેઓના નામો યથાક્રમે આ પ્રમાણે છે → ઘમ્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી. આ સાત પૃથ્વીઓમાં રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ**

• હેમગિરા •

કે બધી બાજુએ અસંખ્ય જ લોકધાતુઓ છે અને તે લોકધાતુઓમાં અસંખ્યાત જ પૃથ્વીના પ્રસ્તારો છે.

તેઓનો આગમ પાઠ આ છે - "*જે રીતે દેવ = મેઘરાજ મોટી ધારપૂર્વક (= ધોધમાર) વરસતે છતે વીચિકા = આકાશ અથવા અંતરિકા (=અવકાશ=વિવર) હોતા નથી, તે પ્રમાણે જ પૂર્વ દિશામાં લોકધાતુઓ નિરંતરપણે = અંતરાલ વિના રહી છે અને અન્ય દિશામાં પણ એવી જ રીતે છે.*" આવી તેઓની માન્યતાનો નિષેધ કરવા 'સપ્ત' પદનું ગ્રહણ કરાય છે.

બધી બાજુએ લોકની અંદર રહેનારી (અને) ચોક્કસ પરિમાણથી યુક્ત આ સાત જ પૃથ્વીઓ છે અને લોક સ્વયં પણ ચારે બાજુથી અમુક ચોક્કસ પરિમાણવાળો છે. કારણ કે આ લોક જીવ-અજીવાત્મક છે, શરીરાદિની જેમ. અથવા લોક એ મૂર્ત દ્રવ્યાત્મક હોવાથી પરિમાણવાળો છે, ઘટાદિની જેમ. (જે જે મૂર્ત દ્રવ્યાત્મક હોય છે તે તે પરિમાણ = અમુક ચોક્કસ આકારવાળા હોય છે.)

### ❖ છત્રાતિછત્ર આકારે અધોલોક ❖

**सर्वाश्चैता...** રત્નપ્રભાથી માંડી મહાતમઃપ્રભા સુધીની પૃથ્વીઓ એક બીજાની નીચે રહેલી છે, અને અધિક અધિક પહોળી છે. તેમાં રત્નપ્રભા લંબાઈ-પહોળાઈ વડે ૧ રજ્જુ-પ્રમાણ, શર્કરાપ્રભા ૨ ૧/૨ રજ્જુ પ્રમાણ, વાલુકાપ્રભા ૪ રજ્જુ પ્રમાણ, પંકપ્રભા ૫ રજ્જુ પ્રમાણ, ધૂમપ્રભા ૬ રજ્જુ પ્રમાણ,

१. पूर्वस्यां भां.। २. वालिका० भां.।

• भाष्यम् •

**घनभावेनाशीतं योजनशतसहस्रम् (अशीतिसहस्रोत्तरयोजनलक्ष प्रमाणा ?), शेषा द्वात्रिंशदष्टाविंशति-विंशत्यष्टादश-षोडशाष्टाधिकमिति।**

• गन्धहस्ती •

पञ्चरज्जुप्रमाणा, धूमप्रभा रज्जुषट्कप्रमाणा, तमःप्रभाऽर्धसप्तरज्जुप्रमाणा, महातमःप्रभा सप्तरज्जुप्रमाणेति। अत एव **छत्रातिच्छत्रसंस्थिता** भवन्त्येताः, छत्रातिच्छत्रे ह्युपरितनं छत्रमायाम-विष्कम्भाभ्यां लघु भवति, तदधोवर्ति विस्तीर्णतरम्, तस्याप्यधो विशालतममित्यतः छत्रातिच्छत्रवत् स्थिताः, सर्वत्र घनभावेन समा झल्लर्याकृतयः।

तासां चोत्कीर्तनमुभयथा नामतो गोत्रतश्च, तत्र प्रथमा **घर्मा** नाम्ना रत्नप्रभा गोत्रेण, द्वितीया **वंशा** नाम्ना शर्कराप्रभा गोत्रेण, तृतीया **शैला** नाम्ना वालुकाप्रभा गोत्रेण, चतुर्थ्य**ञ्जना** नाम्ना पङ्कप्रभा गोत्रेण, पञ्चमी **रिष्ठा** नाम्ना धूमप्रभा गोत्रेण, षष्ठी **माघव्या** नाम्ना तमःप्रभा गोत्रेण, सप्तमी **माघवी** नाम्ना महातमःप्रभा गोत्रेणेति, एवमेतानि **नामधेयानि** = नामान्येवासां यथाक्रममुभयथा-ऽवगन्तव्यानीति॥

तत्र **रत्नप्रभा** पूर्वापरादिविभागव्यवच्छिन्ना सर्वत्र **घनभावेन** बहलतया अशीतिसहस्रोत्तरयोजन-

• ભાષ્યાર્થ •

**એક લાખ ૮૦ હજાર યોજન પ્રમાણ છે. શેષ પૃથ્વીઓ (અનુક્રમે) એક લાખ અને ૩૨ હજાર, ૨૮ હજાર, ૨૦ હજાર, ૧૮ હજાર, ૧૬ હજાર અને ૮ હજાર (યોજન) અધિક પ્રમાણની રહેલી છે,**

• હેમગિરા •

તમઃપ્રભા ૬ ૧/૨ રજ્જુ પ્રમાણ, મહાતમઃપ્રભા ૭ રજ્જુ પ્રમાણ છે. આથી જ એઓ છત્રાતિછત્રના આકારે રહેલી છે. આ છત્રાતિછત્રઆકારમાં ઉપરનું છત્ર લંબાઈ પહોળાઈ વડે નાનુ હોય છે અને તેની નીચે રહેલું છત્ર તેનાથી વધુ મોટું હોય છે, તેની પણ નીચે રહેલુ છત્ર સહુથી વિશાળ હોય છે. આ પૃથ્વીઓ પણ આ પ્રમાણે હોવાથી છત્રાતિછત્રની જેમ રહેલી કહેવાય છે. ઘનતા = જાડાઈની અપેક્ષાએ તો ઝલ્લરીના આકારવાળી (આ પૃથ્વીઓ) સર્વત્ર સમાન છે.

### ❖ નરક પૃથ્વીના નામ અને ગોત્ર ❖

વળી તે પૃથ્વીઓનું ઉત્કીર્તન (= ઉચ્ચાર) નામથી અને ગોત્રથી બન્ને રીતે થાય છે. ત્યાં (પૃથ્વીઓમાં) પ્રથમ પૃથ્વી નામથી ઘર્મા અને ગોત્રથી રત્નપ્રભા, બીજી નામથી વંશા અને ગોત્રથી શર્કરાપ્રભા, ત્રીજી નામથી શૈલા અને ગોત્રથી વાલુકાપ્રભા, ચોથી નામથી અંજના અને ગોત્રથી પંકપ્રભા, પાંચમી નામથી રિષ્ટા અને ગોત્રથી ધૂમપ્રભા, છટ્ઠી નામથી માઘવ્યા (મઘા) અને ગોત્રથી તમઃપ્રભા, સાતમી નામથી માઘવી અને ગોત્રથી મહાતમઃપ્રભા છે. આ પ્રમાણે આ પૃથ્વીઓના યથાક્રમે આ જ નામો (નામ અને ગોત્ર) બે રીતે જાણવા યોગ્ય છે.

### ❖ પૃથ્વીઓની જાડાઈ ❖

ત્યાં (પૃથ્વીઓમાં) પ્રથમ રત્નપ્રભા પૃથ્વી પૂર્વ, પશ્ચિમ વગેરે દિશાના વિભાગથી વહેંચાયેલી ઘનતાથી

भाष्यम्

**सर्वे घनोदधयो विंशतियोजनसहस्राणि, घनवात[1]-तनुवातास्त्वसङ्ख्येयानि, अधोऽधस्तु धनतरा ✤विशेषेणेति॥ ३/१॥**

गन्धहस्ती

लक्षप्रमाणेति, द्वितीया द्वात्रिंशत्सहस्रोत्तरलक्षप्रमाणा, तृतीयाऽष्टाविंशतिसहस्रोत्तरलक्षप्रमाणा, चतुर्थी विंशतिसहस्रोत्तरलक्षप्रमाणा, पञ्चम्यष्टादशसहस्रोत्तरलक्षप्रमाणा, षष्ठी षोडशसहस्रोत्तरलक्षप्रमाणा, सप्तमी सहस्राष्टकोत्तरलक्षप्रमाणेति॥

अधुना सर्ववसुधाऽधोवर्तिनी घनोदधीन् मध्यप्रदेशे बहलतया निर्दिशति–

**सर्वे घनोदधयो विंशतियोजनसहस्राणि** घनाः सर्वपृथिवीनामधोभागवर्तिनां मध्यप्रदेशेषु, प्रदेशहान्या तु हीयमानाः पार्थिवाः पृथिवीपर्यन्तप्रदेशेषु वलयाकृतिव्यवस्थानास्तनुतरा भवन्ति, तद्यथा → प्रथमायां घनोदधिवलयबहलता सर्वत्र षड् योजनानि, द्वितीयस्यां घनोदधिवलयं सत्रिभाग-षड्योजनबहलम्, तृतीयस्यां त्रिभागोनसप्तयोजनबहलम्, चतुर्थ्याः सप्तयोजनबहलम्, पञ्चम्याः सत्रि-भागसप्तयोजनबहलम्, षष्ठ्यास्त्रिभागोनयोजनाष्टकबहलम्, सप्तम्यां योजनाष्टकबहलमिति। तथा सर्वे

ભાષ્યાર્થ

**સર્વે ઘનોદધિઓ ૨૦ હજાર યોજન પ્રમાણ છે. ઘનવાત અને તનુવાત તો અસંખ્ય યોજન પ્રમાણ છે, વળી નીચે નીચે વિશેષથી ઘનતર હોય છે.**

હેમગિરા

= જાડાઈ થકી સર્વત્ર ૧ લાખ ૮૦ હજાર યોજન પ્રમાણ છે. બીજી પૃથ્વી ૧ લાખ બત્રીશ હજાર યોજન પ્રમાણ, ત્રીજી ૧ લાખ ૨૮ હજાર યોજન પ્રમાણ, ચોથી ૧ લાખ ૨૦ હજાર યોજન પ્રમાણ, પાંચમી ૧ લાખ ૧૮ હજાર યોજન પ્રમાણ, છઠ્ઠી ૧ લાખ ૧૬ હજાર યોજન પ્રમાણ, અને સાતમી ૧ લાખ ૮ હજાર યોજન પ્રમાણ છે. હવે સર્વ પૃથ્વીઓની નીચે રહેલ ઘનોદધિના મધ્યમાં રહેલી જાડાઈનો નિર્દેશ કરે છે.

### ❖ ઘનોદધિની જાડાઈ ❖

સર્વે (= દરેક) પૃથ્વી નીચે રહેલ ઘનોદધિની મધ્યભાગમાં ૨૦ હજાર યોજન જાડાઈ છે. (મધ્યભાગ) પછી પ્રદેશોની હાનિ વડે ઓછા થતા (पार्थिवाः =) પૃથ્વી સંબંધી ઘનોદધિ પાતળા થતા જાય છે, યાવત્ પૃથ્વીના અંતિમ પ્રદેશોમાં (= અંતિમ વિભાગોમાં) વલયાકારમાં રહેલા તે અત્યંત પાતળા હોય છે. તે આ મુજબ - પ્રથમ પૃથ્વીમાં ઘનોદધિ વલયની જાડાઈ સર્વત્ર ૬ યોજન જાણવી, બીજી પૃથ્વીમાં ઘનોદધિવલય ૬ પૂર્ણાંક એક તૃતીયાંશ (૬ ૧/૩) યોજન જાડું છે, ત્રીજી પૃથ્વીમાં ૬ પૂર્ણાંક ૨ તૃતીયાંશ (૬ ૨/૩) યોજન જાડું છે, ચોથીનું વલય સાત યોજન જાડું છે, પાંચમીનું ૭ પૂર્ણાંક એક તૃતીયાંશ (૭ ૧/૩) યોજન જાડું છે. છઠ્ઠીનું ૭ પૂર્ણાંક બે તૃતીયાંશ (૭ ૨/૩) યોજન જાડું છે, સાતમીમાં ૮ યોજન જાડું છે. (આ

१. घनवातास्त्व० रा.। ✤ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૩

घनवाता असङ्ख्येयानि योजनसहस्राणि मध्येषु, पर्यन्तेषु तनुकाः, रत्नप्रभायास्तावदर्धपञ्चमयोजनबहलं घनवातवलयम्, द्वितीयस्याः क्रोशोनपञ्चयोजनबहलम्, तृतीयस्याः पञ्चयोजनबहलम्, चतुर्थ्याः सक्रोशपञ्चयोजनबहलम्, पञ्चम्यास्त्वर्धषष्ठयोजनबहलम्, षष्ठ्याः क्रोशोनयोजनषट्कबहलम्, सप्तम्याः षड्योजनबहलमिति।

तनुवातवलयमपि मध्ये सर्वासामसङ्ख्येयानि योजनसहस्राणि घनम्, पर्यन्तेषु प्रदेशहान्या तनुकम्, रत्नप्रभायास्तावत् तनुवातवलयं षट्क्रोशघनम्, द्वितीयस्याः सत्रिभागषट्क्रोशघनम्, तृतीयस्यास्त्रिभागोन-सप्तकोशघनम्, चतुर्थ्याः सप्तक्रोशघनम्, पञ्चम्याः सत्रिभागसप्तक्रोशघनम्, षष्ठ्यास्त्रिभागोनाष्टक्रोशघनम्, सप्तम्याः क्रोशाष्टकघनमिति। एते च **घनवात-तनुवाता**: घना **घनतरा** घनतमा**श्चाधोऽधो विशेषेणाना**दिपरिणामवशादेव द्रष्टव्याः॥

एतासां च पृथिवीनां सप्तानामपि परतस्तिर्यग् न समनन्तरमेवालोको भवति, नापि सप्तम्याः समनन्तरोऽधः, किन्तु रत्नप्रभायास्तावद् द्वादश योजनानि गत्वा परतश्चतसृष्वपि दिक्षु विदिक्षु सर्वासु



માપ વલયના અંતિમ ભાગનું સમજવું).

### ❖ ઘનવાતની જાડાઈ ❖

તેમજ સર્વ ઘનવાતો મધ્ય વિભાગોમાં અસંખ્ય હજાર યોજન છે અને પર્યન્ત (= છેલ્લા) વિભાગોમાં પાતળા હોય છે. તે આ પ્રમાણે - રત્નપ્રભાનું ઘનવાતવલય સાડાચાર યોજન જાડું છે, બીજીનું એક કોશ ન્યૂન પાંચ યોજન જાડું, ત્રીજીનું પાંચ યોજન જાડું, ચોથીનું એક કોશ અધિક પાંચ યોજન જાડું, વળી પાંચમીનું સાડા પાંચ યોજન જાડું, છઠ્ઠીનું એક કોશ ન્યૂન ૬ યોજન જાડું, સાતમીનું ૬ યોજન જાડું (ઘનવાત વલય) છે.

### ❖ તનવાતની જાડાઈ ❖

(એજ રીતે) સર્વે પૃથ્વીઓનું તનુવાત વલય પણ મધ્યસ્થાનમાં અસંખ્ય હજાર યોજન જાડું છે અને છેલ્લા વિભાગોમાં પ્રદેશોની હાની વડે પાતળું છે. તે આ પ્રમાણે - પ્રથમ રત્નપ્રભાનું તનુવાતવલય ૬ કોશ ઘન (= જાડું) છે. બીજીનું ૬ પૂર્ણાંક એક તૃતીયાંશ (૬ ૧/૩) કોશ ઘન, ત્રીજીનું ૬ પૂર્ણાંક બે તૃતીયાંશ (૬ ૨/૩) કોશ ઘન, ચોથીનું ૭ કોશ ઘન, પાંચમીનું સાત પૂર્ણાંક એક તૃતીયાંશ (૭ ૧/૩) કોશ ઘન, છઠ્ઠીનું ૭ પૂર્ણાંક બે તૃતીયાંશ (૭ ૨/૩) કોશ ઘન, સાતમીનું ૮ કોશ ઘન છે. વળી નીચે નીચે રહેલ આ ઘનવાતો, તનુવાતો અનાદિ પરિણામના વશ થકી જ વિશેષથી ઘન, ઘનતર અને ઘનતમ જાણવા.

### ❖ અલોકની દૂરાઈનું પ્રતિપાદન ❖

વળી આ સાતે પણ પૃથ્વીઓની પછી તરતનો જ તિર્ચ્છો વિભાગ અલોક નથી, તેમજ સાતમી પૃથ્વીની પછીનો તરતનો જ નીચલો વિભાગ પણ અલોક નથી. કિંતુ પ્રથમ રત્નપ્રભા પૃથ્વીથી ચારે દિશા અને સર્વ વિદિશાઓમાં ૧૨ યોજન ગયા પછી અલોક હોય છે. બીજી પૃથ્વી પછી ૧૨ પૂર્ણાંક બે તૃતીયાંશ

पश्चादलोको भवति, द्वितीयस्यास्त्रिभागोनानि त्रयोदश योजनानि गत्वा भवत्यलोकः, तृतीयस्याः सत्रिभागानि त्रयोदश योजनानि यात्वाऽलोकः, चतुर्थ्याश्चतुर्दश योजनान्यवगाह्यालोकः, पञ्चम्यास्त्रिभागोनानि पञ्चदश योजनानि प्रविश्यालोकः, षष्ठ्याः सत्रिभागानि पञ्चदश योजनान्यतीत्यालोकः, सप्तम्याः षोडश योजनानि तिर्यगधश्च गत्वा भवत्यलोक इति॥

सर्वाश्चैता अनादिपारिणामिकभावव्यवस्थानाः, नामान्यपि रत्नाद्याकारसम्बन्धाद्गोत्रकृतानि रत्नप्रभादीनि तत्स्वभावत्वादनाद्यानि, घर्मादीन्यपि यादृच्छिकान्यनादिकालप्रसिद्धानीति, एवमयमधोलोकश्चतुर्थपृथिव्यवकाशान्तरसमधिकार्धव्यतीतम[1]धोऽधोमु[2]खशरावाकृतिर्नव योजनशतान्यवगाह्य समतलाद् भूभागादधोरत्नप्रभाव्यवस्थितोपरितनोऽधस्तनक्षुल्लकप्रतरारब्धः, सप्तमपृथिवीपरतो यावत् षोडश योजनानीति॥३/१॥

• હેમગિરા •

(૧૨ ²/₃) યોજન ગયા પછી અલોક છે, ત્રીજી પૃથ્વી પછી ૧૩ પૂર્ણાંક એક તૃતીયાંશ (૧૩ ¹/₃) યોજન ગયા પછી અલોક છે, ચોથી પૃથ્વી પછી ૧૪ યોજન ગયા પછી અલોક છે, પાંચમી પૃથ્વી પછી ૧૪ પૂર્ણાંક બે તૃતીયાંશ (૧૪ ²/₃) યોજન ગયા પછી અલોક છે, છટ્ઠીથી ૧૫ પૂર્ણાંક એક તૃતીયાંશ (૧૫ ¹/₃) યોજન ઓળંગ્યા પછી અલોક છે, સાતમી પૃથ્વીથી તિર્ચ્છી અને અધો દિશામાં ૧૬ યોજન ગયા પછી અલોક હોય છે એમ જાણવું.

### ❖ નામ અને ગોત્રની ભેદરેખા ❖

આ બધી પૃથ્વીઓ અનાદિ પારિણામિક ભાવ વડે રહેલી છે. રત્ન આદિના આકારના સંબંધથી (= રત્નાદિના ગુણધર્મવાળી હોવાથી) ગોત્રથી કરાએલ 'રત્નપ્રભા' વગેરે સંજ્ઞા આ ૭ પૃથ્વીને અપાઈ છે. આ નામો પણ સ્વભાવતઃ અનાદિ છે. યાદચ્છિક (વ્યુત્પત્તિ શૂન્ય) એવા 'ઘર્મા' વગેરે નામો પણ અનાદિકાળથી પ્રસિદ્ધ છે એમ જાણવું. આ પ્રમાણે આ અધોલોકના ચોથી પૃથ્વીના આકાશનો કાંઈક અધિક અર્ધભાગ વ્યતીત થયા પછી તે (અધોલોકનો મધ્યભાગ) આવે છે, અને તે ઉંધા રહેલ શરાવના આકારવાળો છે. તે અધોલોક ક્યાથી શરૂ થાય છે તે જણાવતા કહે છે કે - સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન નીચે ગયા બાદ રત્નપ્રભા પૃથ્વીમાં રહેલ ઉપર અને નીચેના ક્ષુલ્લક (નાના) પ્રસ્તરથી♦ = પ્રતરથી પ્રારંભીને તે સાતમી પૃથ્વીની પછી યાવત્ ૧૬ યોજન સુધી અધોલોક છે એમ જાણવું. સાતમી નરક પછી તનવાત + ઘનવાત + ઘનોદધિ આ ત્રણેનું વધુમાં વધુ અંતર ૧૬ યોજન છે. **॥૩/૧॥**

---

१. ०**मध्योऽधो**० मु. (भां)। पृथिव्योस्तुर्य-पंचम्योर्मध्ये यद्वियदन्तरम् तदर्थेऽधस्तने न्यूनेऽधोलोकमध्यमीरितम्॥ - (क्षे.लो.प्र.सर्ग-१२ गाथा.९८) २. अधोमुखन्यस्तकुंडाकाराः कारागृहोपमाः॥ (क्षे.लो.प्र.सर्ग-१४ गाथा.२५)

♦ રત્નપ્રભા નરકોના ઉપરના બે ક્ષુલ્લક પ્રતરમાં મેરૂની અંદરના કંદના ઉર્ધ્વભાગનો ૮ પ્રદેશવાળો 'રૂચક' આવેલો છે. આ પ્રદેશો ગોસ્તન આકારની જેમ = ઉપરના પ્રતરમાં ૪ પ્રદેશો અને નીચેના પ્રતરમાં ૪ પ્રદેશો રહેલા છે. આ રીતે નીચે/ઉપર રહેલા એ આઠ આકાશ પ્રદેશોને જ્ઞાની પુરૂષો 'ચોરસરૂચક' એવા નામથી ઓળખે છે.

રત્નપ્રભા (ઘર્મા) પૃથ્વીના સૌથી નાના બે પ્રતર છે. એ પ્રત્યેક એક આકાશ પ્રદેશ પ્રમાણે માળના આકારે રહ્યા છે આ જ આકાશ પ્રદેશની સમશ્રેણીએ રૂચક આકાશ પ્રદેશોની બે ચોકડી રહી છે, એને જ બે ક્ષુલ્લક પ્રતર સમજવા.

सूत्रम्

## सूत्रम्- तासु नरकाः ॥३/२॥

भाष्यम्

**तासु रत्नप्रभाद्यासु [१]भूमिषु ऊर्ध्वमधश्चैकैकशो योजनसहस्रमेकैकं वर्जयित्वा मध्ये नरका भवन्ति।**

गन्धहस्ती

अधुना नारकजीवविवक्षायामन्तरतमतदाधारमिदमेव प्रक्रियते भूमिषु–

[ **तासु नरकाः** इति (३/२) सूत्रम् ]

उक्ता भूमयो नामतो गोत्रतः संस्थानतः सङ्ख्यातश्च, प्रस्तुतत्वात् ताः सर्वनाम्ना परामृश्यन्ते, **तासू**क्तलक्षणासु **रत्नप्रभाद्यासु भूमिषूर्ध्वमेकैकस्याः** पृथिव्याः स्वावगाहाद् **योजनसहस्र**मपहायो-पर्यधश्चै**कं** परित्यज्य[२] शेषे स्वावगाहे [३]**नरका भवन्ति** आषष्ठ्याः, रत्नप्रभायास्तावदष्टसप्ततिसहस्राधि-कलक्षायाम्, द्वितीयस्यास्त्रिंशत्सहस्राधिकलक्षायाम्, तृतीयस्याः षड्विंशतिसहस्राधिकलक्षायाम्, चतुर्थ्यास्त्वष्टादशसहस्राधिकलक्षायाम्, पञ्चम्याः षोडशसहस्राधिकलक्षायाम्, षष्ठ्याश्चतुर्दशसहस्राधि-कलक्षायाम्, सप्तम्[४]यास्त्ववगाह्याधः पञ्चाशत्सहस्राणि पञ्चविंशतिशताधिकान्यधश्च तावन्त्येव विहाय

સૂત્રાર્થ

**તે(પૃથ્વીઓ)માં નરકાવાસ છે. ॥૩/૨॥**

ભાષ્યાર્થ

**તે-રત્નપ્રભાદિ ભૂમિઓમાં પ્રત્યેક પૃથ્વીની ઉપર અને નીચે એક એક હજાર યોજન છોડીને વચ્ચે નરકો હોય છે.**

હેમગિરા

**૩/૨ સૂત્રની અવતરણીકા :** હવે નારકીઓની વિવક્ષા પ્રસંગે આ સાતે પૃથ્વીમાં અંદરના કેટલા વિભાગો નારકજીવોના માટે આધારભૂત બને છે, તે માપદંડની પ્રક્રિયાને કહે છે.

નામથી, ગોત્રથી, સંસ્થાનથી અને સંખ્યાથી ભૂમિઓ કહેવાઈ ગઈ, પ્રસ્તુતમાં ભૂમિઓનો પ્રસ્તાવ ચાલતો હોવાથી ભાષ્યમાં તે ભૂમિઓને 'तासु' સર્વનામ દ્વારા કહેલા છે. કહેલા લક્ષણવાળી તે રત્નપ્રભાદિ ભૂમિઓમાં એક એક પૃથ્વીની પોતાની જગ્યામાંથી ઉપર એક હજાર યોજન છોડીને અને નીચે એક હજાર યોજન છોડીને શેષ જગ્યામાં નરક હોય છે. આ વ્યવસ્થા છઠ્ઠી પૃથ્વી સુધી જાણવી.

### ❖ નરકોનું સરનામું ❖

ત્યાં પ્રથમ રત્નપ્રભાની ૧ લાખ ૭૮ હજાર યોજન જગ્યામાં નરકો છે, બીજી પૃથ્વીના ૧ લાખ ૩૦ હજાર યોજનમાં, ત્રીજી પૃથ્વીના ૧ લાખ ૨૬ હજાર યોજનમાં, ચોથી પૃથ્વીના ૧ લાખ ૧૮ હજાર યોજનમાં, પાંચમીના ૧ લાખ ૧૬ હજાર યોજનમાં, છઠ્ઠીના ૧ લાખ ૧૪ હજાર યોજનમાં નરકો છે. સાતમી પૃથ્વીમાં તો (ઉપરના ભાગથી) નીચે ૫૨,૫૦૦ યોજન ગયા પછી અને નીચેના ભાગથી ઉપર

१. भूषूर्ध्व० पा. । २. ०ज्यावशेषे रा. । ३. नारका रा. । ४. ०म्यास्तु विगाह्य भां. ।

• भाष्यम् •

**तद्यथा– उष्ट्रिका-पिष्टपचनी-लोही-करकेन्द्रजानुका[1]-जन्तोकायस्कुम्भायः-कोष्ठादि-संस्थाना ❖वज्रतलाः सीमन्तकोपक्रान्ता रौरवोऽच्युतो रौद्रो हाहारवो घातनस्तापनः शोचनः**

• गन्धहस्ती •

मध्ये त्रिषु सहस्रेषु नरका भवन्ति, एष च सप्तमपृथिवीगतविशेषो नोपात्तः साक्षाद् भाष्यकारेण, तत्रायमभिप्रायः– यत् किल बाहुल्याद् वर्तते [2]तदुपात्तमितरदेकपृथिवीवर्तियुतकमेवाऽतो नाख्यातमिति॥

तानिदानीं प्रसिद्धैरिहत्यनिदर्शनैर्भयानकसंस्थानैर्नरकान् प्रतिपादयितुमाह–

**तद्यथा– उष्ट्रिके**त्यादि। उष्ट्रिकादयो भाण्डकविशेषा लोकप्रसिद्धत्वात् सुज्ञाना एव, एवंविधाकृतयो हि नरका अविद्यमानसुखाः क्षुरप्राकृति**वज्रतलाः** प्रबलध्वान्तपटलपूरिताश्च सर्प-मार्जारादिमृतकगन्धयः करपत्र-शक्ति-कुन्त-तोमराग्रसदृशस्पर्शाः आवलिकातो बहिर्वर्तमाना नानासंस्थाना उष्ट्रिकाद्याकृतयः

• ભાષ્યાર્થ •

**તે આ પ્રમાણે :- સુરાહી, હાંડલી, લોઢી = કટાહ નામનું લોખંડનું બનેલું એક વાસણ વિશેષ, પિષ્ટપચની = પીસેલા લોટ વગેરેને જેમાં પકાવાય તેવું ભાજન વિશેષ, કરક = જલપાત્ર = નાનો કલશ, ઈન્દ્રજાનુકા, જન્તોક. (= આ બન્ને એક ભાજન વિશેષ લાગે છે.) અયસ્કુંભ (= લોહમય કોઠી) આદિ સંસ્થાનવાળી, વજના તળિયાવાળી, [3]સીમન્તક નામના ઈન્દ્રક (પ્રકાર)ની નરકથી પ્રારંભાયેલી આ નરકોમાં રૌરવ, અચ્યુત, રૌદ્ર, હાહારવ, ઘાતન, તાપન, શોચન, ક્રન્દન,**

• હેમગિરા •

તેટલાજ (= ૫૨૫૦૦ યોજન) છોડીને મધ્ય ભાગમાં ૩૦૦૦ યોજનમાં નરકો હોય છે. (પ્રસ્તુત ભાષ્યમાં ૬ પૃથ્વીઓથી અલગ કક્ષાનો) સાતમી પૃથ્વીમાં રહેલ વિશેષ (= ફરક) ભાષ્યકારશ્રીએ દર્શાવ્યો નથી. તેમાં ભાષ્યકારશ્રીનો આ અભિપ્રાય છે કે જે મોટા-ભાગે સામાન્યથી છએ પૃથ્વી સંબંધી માપ છે તે જણાવ્યું છે. શેષ એક પૃથ્વી સંબંધી જ વિશેષ માપ હોવાથી અલગથી કહેવાયું નથી એમ જાણવું.

હવે આ દુનિયામાં પ્રત્યક્ષતયા ભયાનક આકારવાળા પ્રસિદ્ધ એવા દૃષ્ટાંતોના માધ્યમે તે નરકોનું પ્રતિપાદન કરવા માટે **तद्यथा उष्ट्रिका**... ઈત્યાદિ ભાષ્યને કહે છે :-

### ❖ નરકોના આકાર અને પ્રકાર ❖

ઉષ્ટ્રિકાદિ રસોઈના વિશિષ્ટ વાસણો જે લોકમાં પ્રસિદ્ધ હોવાથી જાણવા સુગમ જ છે. આવા પ્રકારની આકૃતિવાળી નરકો સુખ વિનાની છે. બરછી (= ખુરપા)ની આકૃતિવાળા એવા વજના તળિયાવાળી છે અને અત્યંત ઘન અંધકારના સમૂહથી પૂરાયેલી છે. સાપ-બિલાડા આદિના મડદાના ગંધવાળી છે, તલવાર, શક્તિ, ભાલો અને બાણના અગ્રભાગ જેવા (તીક્ષ્ણ) સ્પર્શવાળી છે તથા પંક્તિમાં રહેલી નરકથી બહાર રહેનારી, વિવિધ સંસ્થાનવાળી અર્થાત્ ઉષ્ટ્રિકાદિની આકૃતિવાળી છૂટી-છવાઈ = પ્રકીર્ણ, નરકો હોય છે.

---

१. ०काजन्त्राका० रा.। २. तदुपपात्त० रा.। ૩. રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ પ્રતરના મધ્યભાગમાં સીમંતક નામનો 'ઇંદ્રક' નરકાવાસ છે. સાતમી પૃથ્વીના મધ્યભાગે 'અપ્રતિષ્ઠાન' નામનો 'ઇંદ્રક' નરકાવાસ છે. ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૪

• भाष्यम् •

**क्रन्दनो विलेपनश्छेदनो भेदनः खटापटः कलापिञ्जर इत्येवमाद्या अशुभनामानः, काल-महाकाल-रौरव-महारौरवाऽप्रतिष्ठानपर्यन्ताः ॥**

• गन्धहस्ती •

प्रकीर्णनरका भवन्ति, आवलिकान्तः पातिनस्तु त्रिविधसंस्थाना वृत्त-त्र्यस्र-चतुरस्राकृतयः, ते च **सीमन्तकोपक्रान्ताः**, सर्वेऽपि हि ते रत्नप्रभापृथिवीप्रथमप्रतरमध्यवर्तिसीमन्तकाभिधाननरकेन्द्रकमवधि-मवस्थाप्योपक्रम्यन्ते, तत्रावलिकाप्रविष्टा दिक्षु रत्नप्रभायां त्रयोदशसु प्रस्तरेषु विदिक्षु च प्रथम-प्रतरदिगावलिकाप्रमाणेनैकोनपञ्चाशन्नरकाः, अष्टचत्वारिंशच्च नरका विदिक्ष्वावलिका, इदमावलिका-द्वयमप्येकैकेन नरकावासेन हीयमानं हीयमानमशेषप्रतरवर्ति तावन्नेतव्यं यावत् सप्तमवसुन्धरायामेकैकः शेषो दिक्षु नरकः सञ्जातो विदिक्षु नास्त्येव मध्ये चैक इन्द्रकः शेष इति॥

अत्र कांश्चिन्नामग्राहमाख्याति– **रौरवोऽच्युत** इत्यादिना। एषां मध्ये केचिदिन्द्रकाः केचिदावलिका-

• ભાષ્યાર્થ •

**વિલેપન, છેદન, ભેદન, ખટાપટ, કલાપિંજર ઈત્યાદિ (પ્રથમ નરકના આ તેર પ્રતરો)થી માંડી આવા પ્રકારના અશુભ નામવાળા કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન ઈત્યાદિ નરકાવાસ સાતમી ભૂમિના હોય છે.**

• હેમગિરા •

વળી આવલિકાની અંદર રહેલી નરકો તો ત્રણ પ્રકારના સંસ્થાનવાળી અર્થાત્ ગોળ, ત્રિકોણ, ચોરસ આકારવાળી હોય છે અને તે નરકો સીમન્તકનરકેન્દ્રકથી ગણવામાં આવે છે. સર્વે પણ તે (નરકો) રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ પ્રતરની મધ્યમાં રહેલ સીમન્તક નામના ઈન્દ્રક (પ્રકારના) નરકને અવધિરૂપે (= કેન્દ્રમાં) રાખીને આરંભ કરાય છે. (= ગણત્રી કરાય છે.)

### ❖ આવલિકાપ્રવિષ્ટ નરકોની સંખ્યા ❖

ત્યાં (= નરકોમાં) આવલિકાપ્રવિષ્ટ નરકો, રત્નપ્રભામાં ૧૩ પ્રતરોને વિષે દિશાઓ અને વિદિશાઓમાં રહેલી છે. તેમાં પ્રથમ પ્રતર સંબંધી (ચારે ય) દિશામાં (દરેકમાં) આવલિકાગત નરકોની સંખ્યા ૪૯ છે અને (ચારે ય) વિદિશામાં (દરેકમાં) આવલિકાગત નરકો ૪૮ છે. એ બન્ને (દિશા અને વિદિશાની) આવલિકા (ગત નરકાવાસ) દરેક પ્રતરે એક-એક નરકાવાસથી ઘટતી ઘટતી સમગ્ર (૪૯) પ્રતરોમાં રહેલી ત્યાં સુધી કહેવી કે જ્યાં સુધી સાતમી પૃથ્વીમાં ચારે દિશાઓમાં એક એક (પંક્તિગત) નરકાવાસ બાકી રહે અને વિદિશાઓમાં એક પણ ન જ રહે અને મધ્યમાં શેષ એક ઈન્દ્રક (એક પ્રકારનો નરકાવાસ) રહે. (સાતે નરકોના મળીને કુલ પ્રતરોની સંખ્યા ૪૯ છે અને નરકાવાસો પણ પહેલા પ્રતરમાં દિશામાં ૪૯ અને વિદિશામાં ૪૮ છે. એ ક્રમસર પ્રતરે પ્રતરે એક એક નરકાવાસ ઘટવાથી ૪૯માં પ્રતરે માત્ર દિશામાં ૧ નરકાવાસ રહે છે.)

### ❖ નરકના નામોની ભયંકરતા ❖

અહીં કેટલીક નરકોને નામ ગ્રહણ-પૂર્વક **रौरवोऽच्युत**... ઈત્યાદિ ભાષ્યથી કહે છે. એઓની (=

भाष्यम्

**रत्नप्रभायां नरकाणां प्रस्तरास्त्रयोदश। द्विद्व्यूनाः शेषासु॥ रत्नप्रभायां नरकावासानां त्रिंशच्छतसहस्राणि। शेषासु पञ्चविंशतिः पञ्चदश दश त्रीणि एकं पञ्चोनं नरकशत-**

गन्धहस्ती

प्रविष्टाः केचित् प्रकीर्णकाः सूरिणोपात्ताः सत्त्वानां संवेग[1]प्राप्त्यर्थम्, एषां हि नामान्यप्यादधति भयमतुल-माकर्ण्यमानानि, किमुत [2]तत्रत्य जन्मभोग इति भीताः सन्तो न सहसा पापस्थानेषु वर्तिष्यन्त इत्यभिप्रायः॥

**एवमाद्या** = एवंप्रकाराः, **अशुभनामानो** यावन्तः किल लोके व्याधयः शपथाश्चानिष्टनामानि च तन्नामानो नरकाः सर्वे भवन्ति॥

अधुना सप्तमपृथिवीवर्तिनः पञ्च नरकान्नामादेशं कथयति– **कालेत्यादि**। अप्रतिष्ठाननरकेन्द्रकात् पूर्वतः **कालः**, अपरतो **महाकालः, रौरवो** दक्षिणतः, उत्तरतो **महारौरवः**, मध्ये **चाप्रतिष्ठान**नरकेन्द्रकः, स च सकलनरकेन्द्रकपर्यन्तवर्ती, न ततः [3]परमन्यो नरकसत्त्वावासः समस्ति।

**तत्र– रत्नप्रभापृथिव्यां नरकप्रस्तरास्त्रयोदश** वेश्मभूमिकाकल्पाः। **द्विद्व्यूनाः शेषासु** = शर्करा-प्रभादिषु महातमःप्रभापर्यवसानासु, त्रयोदश द्व्यूना द्वितीयस्यामेकादश प्रस्तराः, एकादश द्व्यूनास्तृतीयस्यां

ભાષ્યાર્થ

**રત્નપ્રભામાં નરકોના તેર પ્રતરો છે. શેષ પૃથ્વીઓમાં બે, બે ઓછા પ્રતરો છે. રત્નપ્રભામાં ૩૦ લાખ નરકાવાસો છે. શેષ પૃથ્વીઓમાં ક્રમશઃ ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ,**

હેમગિરા

નરકોની) મધ્યમાં કેટલીક ઈન્દ્રક (= બરોબર મધ્યમાં આવેલી), કેટલીક આવલિકા પ્રવિષ્ટ (= પંક્તિગત) કેટલીક પ્રકીર્ણક (= પુષ્પની જેમ છૂટી-છવાયી) નરકોનું જે વિધાન છે તે જીવોને સંવેગની પ્રાપ્તિ માટે સૂરિ (= વાચકશ્રી) એ કર્યુ છે. આ નરકોના નામો પણ સાંભળતા અતુલભયને ઉપજાવે છે તો ત્યાંના જન્મ અને ભોગ (દુઃખ ભોગવવા)માં તો શું કહેવું ? એમ ભય પામેલા છતાં પ્રાણીઓ જલ્દીથી પાપના સ્થાનકોમાં પ્રવર્તશે નહીં, આવો અભિપ્રાય આ નામો લખવા પાછળનો છે.

આવા પ્રકારના અશુભ નામો કેવા સ્વરૂપવાળા છે તે બતાવતા કહે છે કે લોકમાં જેટલી વ્યાધિઓ છે, આક્રોશ વચનો (= ગાળો) છે અને અનિષ્ટ નામો છે તે બધા નામવાળી નરકો હોય છે.

હવે સાતમી પૃથ્વીમાં રહેનારી પાંચ નરકોને નામપૂર્વક કહે છે. **काल...** અપ્રતિષ્ઠાન નરકેન્દ્રકથી પૂર્વ દિશામાં કાળ નામની નરક છે. પશ્ચિમ દિશામાં મહાકાળ, દક્ષિણ દિશામાં રૌરવ, ઉત્તરદિશામાં મહારૌરવ નરક છે અને મધ્યમાં અપ્રતિષ્ઠાન નામની 'ઈન્દ્રક' નરક છે અને તે અપ્રતિષ્ઠાન ઈન્દ્રક નરક સર્વ ઈન્દ્રક નરકોના અંતમાં રહેનારી છે. તેના પછી નારક જીવોનું આવાસ સ્થાન નથી.

**❖ નરકમાં પ્રતરોની સંખ્યા ❖**

ત્યાં રત્નપ્રભાપૃથ્વીમાં માળીયા સરખા ૧૩ નરક પ્રતરો છે. (માળવાળા મકાનના ઉપરના ભાગમાં આવેલ છજા જેવા આ પ્રતરોમાં નરકાવાસ આવેલા છે.) (જુઓ પરિશિષ્ટ-૧૨, ચિત્ર નં.૧) શર્કરાપ્રભાથી

१. ०गसमापत्त्यर्थं रा.। २. तत्र जन्म० मु. (भां.)। ३. परमान्यो भां.।

भाष्यम्

**सहस्रमित्याषष्ठ्याः, सप्तम्यां तु पञ्चैव महानरका इति॥३/२॥**

गन्धहस्ती

नवप्रस्तराः, नव द्व्यूनास्तुर्यवसुधायां सप्त, सप्त द्व्यूनाः पञ्चम्यां पञ्च, पञ्च द्व्यूनाः षष्ठयां त्रयः, त्रयो द्व्यूनाः सप्तम्यामेक इति॥

कियन्तः पुनरेकैकस्यां भूमौ नरका इति तत्प्रसिद्ध्यर्थमाह– **रत्नप्रभायामित्यादि**। रत्नप्रभायामावलिकाप्रविष्टनरकाणां चत्वारि सहस्राणि त्रयस्त्रिंशदुत्तरचतुःशताधिकानि, प्रकीर्णकानामेकोनत्रिंशल्लक्षाः पञ्चनवतिसहस्राणि पञ्च शतानि सप्तषष्ट्यधिकानि, उभयेऽप्येकीकृतास्त्रिंशल्लक्षा भवन्ति प्रथमायाम्।

**शेषासु पञ्चविंशतिरित्यादि**। शर्कराप्रभादिषु सप्तम्यन्तासु यथाक्रममेतत्परिमाणमावेदयति नरकाणाम्, द्वितीयस्यामावलिकाप्रविष्टानां षड्विंशतिशतानि पञ्चनवत्यधिकानि, प्रकीर्णकानां चतुर्विंशतिर्लक्षाः सप्तनवतिसहस्राणि शतत्रयं पञ्चोत्तरम्, एकत्र पञ्चविंशतिर्लक्षाः। तृतीयस्यामावलिकाप्रविष्टानां चतुर्दश शतानि पञ्चाशीत्यधिकानि, प्रकीर्णकानां चतुर्दश लक्षाः सहस्राण्यष्टानवतिः पञ्च शतानि पञ्चदशोत्तराणि, एकत्र पञ्चदश लक्षाः। चतुर्थ्यामावलिकाप्रविष्टानां सप्त शतानि सप्तोत्तराणि, प्रकीर्णकानां नव लक्षाः सहस्राणि नवनवतिः द्वे शते त्रिनवत्यधिके, एकत्र दश लक्षाः। पञ्चम्यामावलिकाप्रविष्टानां द्वे शते

ભાષ્યાર્થ

**૯૯૯૫ નરકાવાસો છે. એમ છટ્ઠી પૃથ્વી સુધી જાણવું. સાતમી પૃથ્વીમાં તો પાંચ જ મહાનરકાવાસ છે. ॥૩/૨॥**

હેમગિરા

માંડી મહાતમઃપ્રભા સુધીની શેષ પૃથ્વીમાં બે-બે ઓછા નરક પ્રતરો છે. અર્થાત્ ૧૩ માંથી બે ઓછા કરતા બીજી પૃથ્વીમાં ૧૧ નરક પ્રતરો, ૧૧ માંથી બે ઓછા કરતા ત્રીજી પૃથ્વીમાં ૯ પ્રતરો, ૯ માંથી બે ઓછા કરતા ચોથી પૃથ્વીમાં ૭ પ્રતરો, ૭ માંથી બે ઘટતા પાંચમી પૃથ્વીમાં પાંચ પ્રતરો, પાંચમાંથી બે ઓછા થતા છટ્ઠી પૃથ્વીમાં ૩ પ્રતરો, ૩ માંથી ૨ ઓછા થતા સાતમી પૃથ્વીમાં એક પ્રતર છે.

### ❖ નરકમાં નરકાવાસોની સંખ્યા ❖

વળી એક-એક ભૂમિમાં કેટલી નરકો છે ? એવો કોઈને પ્રશ્ન થાય તો તેના ઉત્તરમાં **रत्नप्रभायां...** વગેરે ભાષ્યને કહે છે. રત્નપ્રભામાં આવલિકાપ્રવિષ્ટ નરકો (ની સંખ્યા) ૪,૪૩૩ છે, પ્રકીર્ણક નરકો (ની સંખ્યા) ૨૯ લાખ ૯૫ હજાર ૫૬૭ છે. આ બન્ને મળી કુલ નરકાવાસ ૩૦ લાખ થાય છે.

**शेषासु पञ्चविंशतिः...** ઈત્યાદિ ભાષ્યપંક્તિ શર્કરાપ્રભાથી માંડી સાતમી ભૂમિ સુધીની પૃથ્વીમાં નરકોની યથાક્રમ સંખ્યાને જણાવે છે. તે આ પ્રમાણે :- બીજી ભૂમિમાં ૨૬૯૫ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસોની સંખ્યા છે. ૨૪,૯૭,૩૦૫ પ્રકીર્ણક નરકો છે. કુલ મળી ૨૫ લાખ નરકો છે. ત્રીજીમાં આવલિકા પ્રવિષ્ટ નરકો ૧૪૮૫ છે. પ્રકીર્ણક નરકો ૧૪,૯૮,૫૧૫ છે. કુલ મળી ૧૫ લાખ નરકો છે. ચોથીમાં આવલિકા પ્રવિષ્ટ નરકો ૭૦૭ છે. પ્રકીર્ણક નરકો ૯,૯૯,૨૯૩ છે. કુલ ૧૦ લાખ નરકો છે. પાંચમીમાં આવલિકા પ્રવિષ્ટ નરકો ૨૬૫ છે. પ્રકીર્ણક નરકો ૨,૯૯,૭૩૫ છે. કુલ ૩ લાખ નરકો છે. છટ્ઠીમાં આવલિકા

पञ्चषष्ट्यधिके, प्रकीर्णकानां द्वे लक्षे नवनवतिसहस्राणि सप्त च शतानि पञ्चत्रिंशदधिकानि, एकत्र तिस्रो लक्षाः। षष्ठ्यामावलिकाप्रविष्टानां त्रिषष्टिः, प्रकीर्णकानां नवनवतिसहस्राणि नव शतानि द्वात्रिंशदधिकानि, एकत्र नरकपञ्चकोनैकलक्षाः।

**सप्तम्यां तु पञ्चैव नरकाः**, प्रकीर्णका न सन्त्येवेति। अत्र च रत्नप्रभात आरभ्य आषष्ठ्याः केचिन्नरकाः सङ्ख्येयानि योजनसहस्राणि आयाम-विष्कम्भ-परिधिभिः, केचिदसङ्ख्येयानीति, सप्तम्यामप्रतिष्ठाननरकेन्द्रको विष्कम्भायाम-परिधिभिर्जम्बूद्वीपतुल्यः, कालादयस्तु चत्वारोऽसङ्ख्येयानि योजनसहस्राणि विष्कम्भायाम-परिधिभिः, [१]सर्वे चैते नरका बुध्नप्रदेशे योजनसहस्रबहलाः, मध्येऽपि योजनसहस्रप्रमाणशुषिरभाजः, उपर्यपि सङ्कुचिता योजनसहस्रमेवमेते नरकास्तासु रत्नप्रभादिभूमिषु महातमःप्रभापर्यवसानासु व्यवस्थिताः पृथिव्यादिवदनादिकालसन्निवेशिनः पृथुपापविपाकभाजां सत्त्वानामाश्रया वज्र[२]कुड्यमया नित्यान्धतमसाश्च वेदितव्याः। विशेषार्थिना चावलिकाप्रविष्टवृत्त-त्र्यस्र-चतुरस्रेयत्तापरिज्ञानाय **देवेन्द्र-नरकेन्द्रकप्रकरणम**पेक्षणीयमिति॥३/२॥ किञ्चान्यत्।



પ્રવિષ્ટ નરકો ૬૩ છે. પ્રકીર્ણક નરકો ૯૯,૯૩૨ છે. કુલ મળી ૯૯,૯૯૫ નરકો છે.

સાતમીમાં તો પાંચ જ નરકો છે. પ્રકીર્ણક તો છે જ નહીં, **इति** શબ્દ સમાપ્તિના અર્થમાં છે. અર્થાત્ નરકોની સંખ્યા કહેવાઈ ગઈ. વળી અહી (નરક વિશે) રત્નપ્રભાથી માંડી છઠ્ઠી પૃથ્વી તમઃપ્રભા સુધી લંબાઈ, પહોળાઈ અને પરિધિ વડે કેટલીક નરકો સંખ્યાત હજાર યોજન પ્રમાણ છે. કેટલીક અસંખ્યાત હજાર યોજન પ્રમાણ છે અને સાતમી પૃથ્વીનો અપ્રતિષ્ઠાન નામક નરકેન્દ્રક લંબાઈ, પહોળાઈ અને પરિધિ વડે જંબૂદ્વીપ તુલ્ય છે.

કાળ વગેરે (સાતમી પૃથ્વીની શેષ) ૪ નરકો તો લંબાઈ, પહોળાઈ અને પરિધિ વડે અસંખ્ય હજાર યોજન પ્રમાણ છે.

### ❖ નરકાવાસોનુ નિરૂપણ ❖

(સાતે નરકોના) સર્વે નરકાવાસો બુધ્નપ્રદેશ = તળિયાના ભાગમાં હજાર યોજન જાડાઈવાળા છે. મધ્યભાગમાં એક હજાર યોજન પ્રમાણ પોલાણવાળા છે. ઉપર(અગ્ર)ના ભાગમાં પણ સંકોચાયેલા હજાર યોજન પ્રમાણ છે. (એમ કુલ ત્રણ હજાર યોજન ઉંચા છે.) આ પ્રમાણે આ નરકો તે રત્નપ્રભાથી માંડી મહાતમઃપ્રભા સુધીની ભૂમિઓમાં રહેલી છે, જે પૃથ્વી આદિ પદાર્થોની જેમ અનાદિકાળથી રહેનારી, ઘોર પાપના વિપાકવાળા જીવોના આશ્રયરૂપ, વજની દિવાલમય અને નિત્ય ઘોર અંધકારવાળી જાણવી. વિશેષાર્થી વડે આવલિકાપ્રવિષ્ટ વૃત્ત, ત્રિકોણ અને ચોરસ નરકોની સંખ્યા જાણવા માટે **દેવેન્દ્ર-નરકેન્દ્રક પ્રકરણ** જોવા યોગ્ય છે. **॥૩/૨॥** વળી બીજું...

१. योजनानां सहस्रं च पीठे बाहल्यमीरितम् सहस्रमेकं शुषिरं स्तुपिकैकसहस्रिकाः ॥ (क्षे.लो.प्र.सर्ग-४, गाथा-२५)
२. ०कुम्भम० रा.।

सूत्रम्

**(तेषु नारका?) नित्याशुभतरलेश्या-परिणाम-देह-वेदना-विक्रियाः ॥३/३॥**

भाष्यम्

**ते नरका भूमिक्रमेणाधोऽधो निर्माणतोऽशुभतराः। अशुभा रत्नप्रभायाम्, ततो-**

गन्धहस्ती

**तेषु** = व्यावर्णितलक्षणेषु [1]नरकेषु भवा **नारकाः नित्याशुभतरलेश्या-परिणाम-देह-वेदना-विक्रियाः**, अथवोभयमाक्षिप्यतेऽनेन नरका नारकाश्च, **तेषु (नारकाः) नित्याशुभे**त्यादि (३/३) सूत्रम्, इह सूत्रे नरका नारकाश्च उभये परिगृह्यन्ते, प्रस्तावान्नरका लेश्या-देह-वेदना-विक्रिया[2]-सम्भवान्नारकाः, नित्यशब्दोऽभीक्ष्णवचनो नित्यप्रहसितादिवत्, नित्याशुभतरलेश्यादयो येषु येषां वा ते नित्याशुभतरलेश्या-परिणाम-देह-वेदना-विक्रियाः॥

**ते नरका** इत्यादि भाष्यम्। प्राक्तनसूत्रनिरूपिताः सर्वनामशब्देनात्र गृह्यन्ते नरकाः सीमन्त-

सूत्रार्थ

**(તે પૂર્વે કહેલા નરકાવાસમાં રહેલા નારકો) હંમેશા અશુભતર એવી લેશ્યા, પરિણામ, દેહ, વેદના અને વિક્રિયાવાળા હોય છે. (૩/૩)**

ભાષ્યાર્થ

**તે નરક ભૂમિઓ નિર્માણને આશ્રયીને ક્રમશઃ નીચે નીચે વધુને વધુ અશુભ હોય છે. અર્થાત્ રત્નપ્રભામાં નરકો અશુભ છે. શર્કરાપ્રભામાં એના કરતાંય વધુ અશુભ નરકો છે. ત્યારબાદ**

હેમગિરા

### ❖ નરક અને નારકોનું સ્વરૂપ ❖

હમણાં વર્ણન કરાયેલ સ્વરૂપવાળી તે નરકોમાં થનારા નારકો હંમેશા અશુભતર એવી લેશ્યા, પરિણામ, દેહ, વેદના અને વિક્રિયાવાળા હોય છે. અથવા આ સૂત્રવડે (માત્ર નારકો જ નહીં) પણ નરકો અને નારકો બંને ગ્રહણ કરાય છે. **तेषु (नारकाः) नित्याशुभ...** ઈત્યાદિ સૂત્ર છે અહીં સૂત્રમાં ('**तेषु** પદ દ્વારા) નરક અને નારકો બંને ગ્રહણ કરાય છે. તે આ રીતે → નરકનો પ્રસ્તાવ ચાલતો હોવાથી નરકોનું ગ્રહણ કરાય છે અને લેશ્યા, દેહ, વેદના, વિક્રિયાનો સંભવ (ઉત્પત્તિ) નારકી જીવોમાં હોવાથી નારકોનું ગ્રહણ કરાય છે.

સૂત્રમાં રહેલો 'नित्य' શબ્દ વારંવારના અર્થમાં છે જેમ '**नित्यप्रहसित**' આદિ સામાસિક પદ વારંવાર હસવું એવા અર્થમાં છે. **नित्याशुभतर लेश्या...** ઈત્યાદિ પદો "વારંવાર અશુભતર લેશ્યા...., એવા અર્થમાં છે. નિત્ય અશુભતર લેશ્યા વગેરે જેઓ(નરકો)ને વિશે અથવા જેઓ(નારકી જીવો)ની છે તેઓ નિત્ય અશુભતર લેશ્યા, પરિણામ, દેહ, વેદના અને વિક્રિયાવાળા કહેવાય.

### ❖ પ્રથમ અશુભ, મધ્યમ અશુભતર, અંતિમ અશુભતમ ❖

**ते नरका...** તે સર્વનામ શબ્દથી અહીં પૂર્વ સૂત્રમાં નિરૂપણ કરેલ સીમંતકાદિથી માંડી અપ્રતિષ્ઠાન

१. नरकेषु नारकाः भां. रा.। २. ०यासम्बन्धान्ना० भां.।

• भाष्यम् •

**ऽशुभतराः शर्कराप्रभायाम्, ततोऽप्यशुभतरा वालुकाप्रभायाम्, इत्येवमासप्तम्याः[1]॥**

**नित्यग्रहणं गति-जाति-शरीराङ्गोपाङ्गकर्मनियमादेते लेश्यादयो भावा नरकगतौ**

• गन्धहस्ती •

कादयोऽप्रतिष्ठानपर्यन्ताः, रत्नप्रभादिभूक्रमेणाधोऽधोनिर्माणतः संस्थाननिवृत्तेः, **अशुभतरा** भयानकाः, **अशुभा रत्नप्रभायामधस्तनीष्वशुभतरा** अशुभतमाश्चेत्यासप्तम्याः। एतद् भाष्यकारेण सामान्यतो युक्तमेव व्याख्यातम्, न पुनरशुभग्रहणमस्ति सूत्रे, यच्चाशुभतरग्रहणं तल्लेश्यादिभिः सम्बद्धम्, अतःसामान्य-व्याख्यानमिदं प्रतिपत्तव्यम्, [2]एकशेषनिर्देशाद् वा सिद्धम्॥

सम्प्रति नित्यार्थमाचष्टे–

**नित्यग्रहणं गति-जाति० नियमादेते लेश्यादय** इत्यादि। नित्यशब्दोपादानमत्र नरकगति-नरकपञ्चेन्द्रियजात्योर्नियमादशुभतरलेश्यादिभिः सम्बन्धप्रतिपादनार्थम्, एतदेव विवृणोति– एते सूत्रोपात्ता

• ભાષ્યાર્થ •

**વાલુકાપ્રભામાં તેનાથી પણ વધુ અશુભ છે. આ પ્રમાણે સાતે પૃથ્વી સુધી સમજી લેવું.**

**નિત્યનું ગ્રહણ ગતિનામકર્મ, જાતિનામકર્મ, શરીરનામકર્મ, અંગોપાંગનામકર્મના નિયમના**

• હેમગિરા •

સુધીની નરકો ગ્રહણ કરાય છે. રત્નપ્રભાદિ ભૂમિના ક્રમથી નીચે નીચે નિર્માણ પામવા દ્વારા આ નરકના સંસ્થાનો ગોઠવાયેલા છે, જે ભયાનક છે. તે આ રીતે કે રત્નપ્રભામાં ભયાનક અશુભ નરકો છે. (એની) નીચેની પૃથ્વીઓમાં વધારે ભયાનક અશુભતર નરકો છે અને છેલ્લે સહુથી વધારે, અત્યંત ભયાનક અશુભતમ સાતમી નરક છે.

ભાષ્યમાં अशुभा रत्नप्रभायाम् કહીને જે અશુભનું ગ્રહણ ભાષ્યકારશ્રીએ કર્યું છે તે સામાન્યનિર્દેશ છે અને યુક્તિપૂર્વક કહેવાયેલો છે, કારણ કે 'અશુભ' પદનો ઉલ્લેખ સૂત્રમાં છે નહિ તેમ છતાં ભાષ્યમાં ઉલ્લેખ કર્યો છે તેનુ કારણ (યુક્તિ) એ છે કે નારકો સામાન્યથી અશુભ જ છે.

**શંકા** :- સૂત્રમાં अशुभतर... પદ લખ્યુ જ છે ને ?

**સમાધાન** :- વાત બરોબર છે પણ આ જે अशुभतर પદ છે તે નરક સાથે સીધું સંકલિત નથી પણ નારકીઓની લેશ્યાદિ સાથે સંબંધ ધરાવે છે. તેથી ભાષ્યગત अशुभ પદ સામાન્ય વ્યાખ્યારૂપ માનવું રહ્યું. છતાં 'અશુભ'નો ઉલ્લેખ ગર્ભિત રીતે સૂત્રમાં રહ્યો છે તેવું માનવું હોય તો તે માટે एकशेष સમાસ કરવો તે જણાવતા કહે છે કે - અથવા તો એકશેષ સમાસના નિર્દેશ કરવા થકી સૂત્રમાં 'अशुभ' પદ સિદ્ધ છે → (अशुभाश्च अशुभतराश्च = अशुभतराः (एकशेष समास), अशुभतराः लेश्या-परिणाम-देह-वेदना-विक्रियाः येषु ते = अशुभतर-लेश्या-परिणाम-देह-वेदना-विक्रियाः)

### ❖ નિત્ય = નિરંતર અશુભ લેશ્યાદિ ❖

હવે સૂત્રગત 'નિત્ય' પદના અર્થને કહે છે → **नित्यग्रहणं गति-जाति...** નરકગતિ અને નરક સંબંધી

१. ०सप्तम्यां (पा.)। २. एकदेशानिर्दे० पा. / ०देशनि० रा.।

• भाष्यम् •

**नरकजातौ च नैरन्तर्येणाभवक्षयोद्वर्तनाद् भवन्ति, न च कदाचिदक्षिनिमेषमात्रमपि, न भवन्ति शुभा वा भवन्तीत्यतो नित्या उच्यन्ते।**

• गन्धहस्ती •

**लेश्यादयो भावा नैरन्तर्येणा**विच्छेदेन पौनःपुन्येना**भवक्षया**दुद्वर्तनकालावधिका **भवन्ति**, भवक्षये हि सति त उद्वर्तन्ते, अन्तराले नास्ति जीवितक्षय इत्यावेदयति। नैरन्तर्यार्थं पुनः स्पष्टयति– न कदाचिदक्षिनिमेषमात्रमपि न भवन्ति, अर्थात् लोचननिमेषप्रमितमपि कालमशुभेन नास्ति तेषां वियोगः, किमुत बहुतरकमिति दर्शयति। अथवैतावन्तमेव कालमशुभास्ते लेश्यादयः स्युरिदमपि **नास्तीत्यतो नित्यास्त उच्यन्ते**।

**नन्वे**वंविधे नित्यशब्दार्थेऽनुपपन्नमाभीक्ष्ण्यं स्यात्, तिरोधानपूर्वकः प्रादुर्भावः पुनः पुनराभीक्ष्ण्य-शब्दार्थः, इह तु नैरन्तर्येण व्याख्यातमाभवक्षयादिति, **उच्यते**– तावेव हि तिरोधानाविर्भावौ विशेष्येते नैरन्तर्येण, तौ हि निर्व्यवधानौ भवतः सर्वकालमेव तेषाम्, अथ 'तद्भावाव्ययं' (अ. ५, सू. ३०),

• ભાષ્યાર્થ •

**કારણે છે. આ લેશ્યાદિ (અશુભ) ભાવો નરકગતિમાં કે નરકજાતિમાં નિરંતર ભવના ક્ષયે થતી ઉદ્વર્તના સુધી હોય છે. આંખના પલકારા જેટલો સમય પણ એવો નથી કે જ્યારે આ અશુભ લેશ્યાદિ ન હોય અથવા તો શુભ લેશ્યાદિ ભાવો પ્રવર્તતા હોય એવું પણ ક્યારેય હોતું નથી. આ પ્રમાણે હોવાથી (આ લેશ્યાદિ અશુભભાવો) નિત્ય કહેવાય છે.**

• હેમગિરા •

પંચેન્દ્રિય જાતિનું અશુભતર લેશ્યાદિ સાથે નિયમા સંબંધ છે તેવું દર્શાવવા માટે અહીં નિત્ય શબ્દનું ગ્રહણ કર્યું છે. આનું જ વિવરણ કરતા કહે છે → આ સૂત્રમાં જણાવેલ લેશ્યાદિ ભાવો નિરંતરપણે અર્થાત્ વિચ્છેદ પામ્યા વિના સતત ભવના ક્ષય સુધી હોય છે અર્થાત્ (ભવના ક્ષયે થનારી ઉદ્વર્તના કાળ સુધી હોય છે કેમકે) ભવનો ક્ષય થયે છતે જ તેઓ ઉદ્વર્તના પામે છે, એટલે વચ્ચે આયુષ્યનો ક્ષય થતો નથી એમ કહેવાનું તાત્પર્ય છે. ભાષ્યના 'नैरन्तर्य' પદના અર્થને પુનઃ સ્પષ્ટ કરતા કહે છે કે આંખના પલકારા માત્ર જેટલો કાળ પણ તે અશુભ લેશ્યાદિ હોતા નથી, એવું નથી. અર્થાત્ આંખના પલકારા જેટલા કાળ માટે પણ આ અશુભ (લેશ્યાદિ) સાથે તેઓને (= નારકીઓને) વિયોગ હોતો નથી તો પછી ઘણા કાળની તો વાત જ શી કરવી ? એ કહેવાનો સાર છે. અથવા તો આટલો (= અમુક) જ કાળ તે અશુભ લેશ્યાદિ હોય, પછી ન હોય, પછી ફરી શરૂ થાય, એવું ય નથી, કિંતુ નિરંતર હોય છે. આ પ્રમાણે હોવાથી લેશ્યાદિને 'નિત્ય' કહેવાય છે.

**શંકા** :- આવા પ્રકારના 'નિત્ય' શબ્દના અર્થમાં આભીક્ષ્ણ્ય = પુનઃ પુનઃ અર્થ તો સંગત નહી થાય, કેમકે તિરોધાન (= અદૃશ્ય = નાશ) થવા પૂર્વક ફરી ફરી પ્રાદુર્ભાવ (= ઉત્પન્ન થવું) એ આભીક્ષ્ણ્ય શબ્દનો અર્થ છે. જ્યારે અહીં (ભાષ્યમાં) તો ભવના ક્ષય સુધી તેઓને (લેશ્યાદિ અશુભ ભાવો) નિરંતર

• भाष्यम् •

**अतोऽशुभतरलेश्याः। कापोतलेश्या रत्नप्रभायाम् ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कापोता शर्कराप्रभायाम्। ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कापोतनीला वालुकाप्रभायाम्। ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना नीला पङ्कप्रभायाम्। ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना**

• गन्धहस्ती •

नित्यलक्षणमपि सम्बद्धुं शक्यते, न कश्चिदपराध इति।

**अतोऽशुभतरलेश्या** इत्यादि। आद्यास्तिस्रोऽशुभलेश्यास्ताः सप्तस्वपि पृथिवीषु प्रकृष्टतया विभज्यन्ते क्रमवैपरीत्येन, तेषां हि मानसपरिणामो लेश्या, स तीव्रस्तीव्रतरस्तीव्रतम इत्यशुभाभिभूतत्वाद् भवति, तत्र प्रथमायां कापोता तीव्रा, शर्कराप्रभायां सैव तीव्रतरा, तीव्रतमा च कापोता तीव्रा च नीला

• ભાષ્યાર્થ •

**આથી નારકીના જીવોને અશુભતર લેશ્યા છે. તે આ પ્રમાણે રત્નપ્રભામાં કાપોત લેશ્યા હોય છે. તેના કરતા તીવ્રતર સંક્લેશના અધ્યવસાયવાળી કાપોત લેશ્યા શર્કરાપ્રભામાં હોય છે. તેના કરતા તીવ્રતર સંક્લેશના અધ્યવસાયવાળી કાપોત અને નીલ લેશ્યા વાલુકાપ્રભામાં હોય, તેના કરતા તીવ્રતર સંક્લેશના અધ્યવસાયવાળી નીલ લેશ્યા પંકપ્રભામાં હોય. તેના કરતા તીવ્રતર**

• હેમગિરા •

પણે હોય છે એમ વ્યાખ્યા કરી છે. વળી સૂત્ર ૫/30માં ય તે-તે ભાવોનું સતતપણે રહેવું નિત્યનું લક્ષણ કહ્યુ છે.

**જવાબ :-** ખરેખર તો આ બંને (= તિરોભાવ અને પ્રાદુર્ભાવ)♦ ને જ ''નૈરન્તર્ય'' વિશેષણથી કહ્યા છે. કેમકે તે બંને અંતર વિના હંમેશા જ નારકીને હોય છે અર્થાત્ પૂર્વ ક્ષણીય અશુભ લેશ્યાદિનો તિરોભાવ અને વર્તમાન ક્ષણીય અશુભ લેશ્યાદિનો પ્રાદુર્ભાવ નિરંતર ચાલે છે. તેથી '**તદ્ભાવાવ્યયં**' (= એવું પાંચમાં અધ્યાયના ત્રીસમાં) સૂત્રમાં કહેવાયેલ 'નિત્ય'નું લક્ષણ પણ અત્રે ઘટાવી શકાય છે. એમાં કોઈ અપરાધ/દોષ નથી એમ જાણવું.

### ❖ નારકોની લેશ્યા ❖

**અતોऽशुभतरलेश्या...** ૬ લેશ્યામાંથી પ્રારંભની જે ત્રણ અશુભ લેશ્યાઓ છે તેઓ સાતેય પૃથ્વીઓમાં ઉંધા ક્રમથી તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ રૂપે વિભાજિત કરાય છે. નારકીઓના✡ મનના પરિણામને અહી લેશ્યા તરીકે જાણવી. તે લેશ્યા અનુક્રમે વધુ ને વધુ અશુભ ભાવોથી યુક્ત હોવાથી તીવ્ર તીવ્રતર તીવ્રતમ હોય છે. આ સાતેય નરકોમાંથી પ્રથમ નરકમાં તીવ્ર કાપોત લેશ્યા હોય છે. એ જ કાપોતલેશ્યા શર્કરાપ્રભામાં

---

⌖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૫-૬ ♦. અહી નરકની વેદનામાં 'તિરોભાવ'નો કાળ તીર્થંકરના કલ્યાણકના અવસરે અતિ અલ્પ હોવાથી વેદના નિરંતર હોય છે એમ કહેવામાં કોઈ દોષ નથી. ✡. નરકમાં રહેલા જે લેશ્યા દ્રવ્યના સાંનિધ્યથી અર્થાત્ દ્રવ્યલેશ્યાથી ઉત્પન્ન થયેલ ભાવલેશ્યારૂપ મનનો પરિણામ તે અહી લેશ્યા તરીકે સમજી શકાય. અર્થાત્ ભાવલેશ્યા લેશ્યા તરીકે કહેવાઈ રહી છે. અથવા ભાવલેશ્યાના કારણભૂત દ્રવ્યલેશ્યાનો, કાર્ય રૂપ ભાવલેશ્યામાં ઉપચાર કરી ઘૃતમાયુઃની જેમ દ્રવ્યલેશ્યાને પણ ભાવલેશ્યા તરીકે, મનના પરિણામ રૂપે સમજી શકાય.

• भाष्यम् •

**नीलकृष्णा धूमप्रभायाम्। ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कृष्णा तमःप्रभायाम्। ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कृष्णैव महातमःप्रभायामिति॥**

**अशुभतरपरिणामाः। बन्धन-गति-संस्थान-भेद-वर्ण-गन्ध-रस-स्पर्शागुरुलघु-शब्दाख्यो दशविधोऽशुभः पुद्गलपरिणामो नरकेषु [1]अशुभतरश्चाधोऽधः तिर्यगुर्ध्वमधश्च**

• गन्धहस्ती •

वालुकाप्रभायाम्, पङ्कप्रभायां नीला तीव्रतरा, धूमप्रभायां नीला तीव्रतमा कृष्णा च तीव्रा, तमःप्रभायां कृष्णा तीव्रतरा, महातमःप्रभायां कृष्णैव तीव्रतमा। अपरे मन्यन्ते– नारकाणां षडपि लेश्याः सम्भवन्ति, सम्यक्त्वप्रतिपत्तेरिति॥

**अशुभतरपरिणाम** इत्यादि। स्पर्श-रस-गन्ध-वर्ण-शब्द-संस्थान-भेद-गति-बन्धागुरुलघुपरिणामो दशधा। **स्पर्श**स्तावद् वृश्चिकदंश-कपिकच्छू-मुर्मुराङ्गारसदृशः, **रसो**ऽपि तत्रत्यपुद्गलानां पिचुमन्द[2]-कोशातकीनिर्याससमः, **गन्धो**ऽपि श्व-मार्जार-श्रृगाल-हस्त्यश्व-कुथितमृतकगन्धातिरिक्ततराशुभपरिणामः,

• ભાષ્યાર્થ •

**સંક્લેશના અધ્યવસાયવાળી નીલ અને કૃષ્ણ લેશ્યા ધૂમપ્રભામાં હોય, તેના કરતા તીવ્રતર સંક્લેશના અધ્યવસાયવાળી કૃષ્ણ લેશ્યા તમઃપ્રભામાં હોય. તેના કરતા તીવ્રતર સંક્લેશના અધ્યવસાયવાળી (તીવ્રતમ) કૃષ્ણ જ લેશ્યા મહાતમઃપ્રભામાં હોય - એ પ્રમાણે જાણવું.**

**નારકોને અત્યંત ખરાબ પરિણામો હોય છે. તે આ પ્રમાણે :- બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ,-ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દ એમ દશપ્રકારના અશુભ પુદ્ગલના પરિણામ છે**

• હેમગિરા •

તીવ્રતર હોય છે. વાલુકાપ્રભામાં એજ કાપોત લેશ્યા તીવ્રતમ અને નીલલેશ્યા તીવ્ર હોય છે. પંકપ્રભામાં નીલલેશ્યા તીવ્રતર હોય છે. ધૂમપ્રભામાં નીલલેશ્યા તીવ્રતમ અને કૃષ્ણલેશ્યા તીવ્ર હોય છે. તમઃપ્રભામાં તીવ્રતર કૃષ્ણલેશ્યા હોય છે. એ જ કૃષ્ણલેશ્યા મહાતમઃપ્રભામાં તીવ્રતમ હોય છે. બીજા કેટલાક એવું માને છે કે નારકોને ય સમ્યક્ત્વ પ્રાપ્તિની સંભાવના હોવાથી તેઓને છએ પણ લેશ્યા સંભવે છે. એટલે કે આ સમક્તિની અપેક્ષાએ સમજવું.

### ❖ નારકોના પુદ્ગલ પરિણામ ❖

**अशुभतरपरिणाम....** સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, સંસ્થાન, ભેદ, ગતિ, બંધ અને અગુરૂલઘુ પરિણામ નામના દશ પ્રકારે અશુભતર પરિણામ (નરકમાં) હોય છે. તેમાં (૧) **સ્પર્શ** વીંછીના ડંખ, કપિકચ્છુ (= વાંદરાની ખંજવાળ), તણખા અને અંગારા જેવો જાણવો. (૨) ત્યાં રહેલા પુદ્ગલોનો **રસ** પિચુમન્દ = લીંબડાના રસના જેવો અને કોશાતકી = પટોલનો વેલો અથવા અઘાડો નામની વનસ્પતિના જેવો કડવો હોય છે. (૩) **ગંધ** પણ કૂતરા, બીલાડા, શિયાળ, હાથી, ઘોડાના કોહવાઈ ગયેલા (=

---

१. ०**तरश्च अधोऽधः** पा.। २. ...रसो निम्बघोषातक्यादितः- कटुः॥ (क्षे.लो.प्र.सर्ग-१४ गाथा-४७)

भाष्यम्

**सर्वतोऽनन्तेन भयानकेन नित्योत्तमकेन तमसा नित्यान्धकाराः, श्लेष्म-मूत्र-पुरीष-स्रोतो-मल-रुधिर-वसां-मेद-पूयानुले-पनतलाः। श्मशानमिव पूति-मांस-केशास्थि-चर्म-दन्त-नखास्तीर्णभूमयः। श्व-शृगाल-मार्जार-नकुल-सर्प-मूषिक-हस्त्यश्व-गो-मानुष-शव-**

गन्धहस्ती

**वर्णो**ऽपि गम्भीरलोमहर्षणस्त्रासकारी परमकृष्णः, **शब्दो**ऽपि खर-परुष-निष्ठुरपरिणामः, **संस्थानं** नरकाकृतिर्नारिकाकृतिश्च, उभयमप्यालोक्यमानमेवोद्वेगमुपजनयति महाश्वभ्रवत् पिशाचाकृतिवद् वा, **भेद**-परिणामोऽपि पुद्गलानामशुभःशरीरनरककुड्यादिभ्यो विभिद्यमानाः पुद्गला वर्ण-स्पर्शादिभिरशुभपरिणामा जायन्ते, ततश्च दुःखहेतवो भवन्ति, **गति**र्नारकाणामप्रशस्तविहायोगतिनामकर्मोदयादशुभा भवन्त्युष्ट्र-पतङ्गादिवद्, **बन्धो**ऽपि पुद्गलानां शरीरादिषु संश्लिष्यतामत्यन्ताशुभतरपरिणामो भवति, वर्णादिभिर-**गुरुलघु**परिणामोऽप्यशुभः, सर्वेषां हि जीवानां शरीराण्यात्मनो न गुरूणि नापि लघूनीत्यगुरुलघुपरिणामः,

ભાષ્યાર્થ

**અને (આ પુદ્ગલ પરિણામ) નીચે નીચેની નરકોમાં અશુભતર હોય છે. આ નરકો તિર્છી, ઉપર અને નીચે ચારે બાજુથી અનંત, ભયાનક, ચારેબાજુ (= સતત વ્યાપતા ઘોર) તિમિરવડે અંધકારમય હોય છે. શ્લેષ્મ(બળખા), મૂત્ર, વિષ્ટા, સ્રોત (પરસેવો), મળ, રુધિર, ચરબી, મેદ અને પરુ થી લેપાયેલા તળીયાવાળી હોય છે. સ્મશાનની જેમ દુર્ગંધવાળા માંસ☆, વાળ, હાડકા, ચામડા, દાંત, નખોથી ખડકાયેલી ભૂમિવાળી હોય છે. કૂતરા, શિયાળ, બીલાડા, નોળીયા, સર્પો, ઉંદરડા, હાથીઓ, ઘોડાઓ, ગાયો અને મનુષ્યોના (કોહવાઈ ગયેલા) કલેવરોની ભયંકર ગંધવાળી હોય છે. ઓય મા !**

હેમગિરા

સડેલા) મડદાની ગંધને પણ ઓળંગી જનાર ખરાબ પરિણામવાળી હોય છે. અર્થાત્ એના કરતાંય વધુ ખરાબ હોય છે.

(૪) **વર્ણ** પણ રોમ રાજીમાં ઉંડાણ સુધી ઝણઝણાટી પેદા કરનાર અર્થાત્ જોતાંની સાથે કમકમાટી ઉપજાવે તેવો ત્રાસ કરનારો અત્યંત કાળો હોય છે. (૫) **શબ્દ** પણ કર્કશ, કઠણ અને નિષ્ઠુર પરિણામવાળો હોય છે. (૬) **સંસ્થાન** એટલે નરકની આકૃતિ અને નારકની આકૃતિ બંને ય જોતા જ મહાશ્વભ્ર (અત્યંત દરિદ્ર)ની જેમ અથવા પિશાચની આકૃતિની જેમ ઉદ્વેગને ઊભો કરે છે. (૭) **ભેદ** = છૂટા પડતા પુદ્ગલોનો પરિણામ પણ ખરાબ હોય છે. (કેમકે) નારકના શરીર અને નરકની દીવાલ આદિથી છૂટા પડતા પુદ્ગલો વર્ણ, સ્પર્શ આદિ વડે ખરાબ પરિણામવાળા થાય છે અને તેથી દુઃખના કારણભૂત બને છે. (૮) નારકોની **ગતિ** (ચાલ) અપ્રશસ્ત વિહાયોગતિ નામકર્મના ઉદયથી ઉંટ, પતંગિયા આદિ જેવી અશુભ હોય છે.

(૯) **બંધ** એટલે શરીરાદિને વિશે ચોંટતા પુદ્ગલોનો બંધ પણ અત્યંત ખરાબ પરિણામવાળો હોય છે. (૧૦) **અગુરૂલઘુ** પરિણામ પણ (અશુભ એવા) વર્ણ આદિના કારણે ખરાબ હોય છે. સર્વે જીવોને પોતાના શરીરો ગુરૂ (= ભારે) પણ નથી, લઘુ (= હલકા) પણ નથી, અને તેથી અગુરૂલઘુ પરિણામવાળા

✤ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૭ ☆. નરકમાં માંસ વગેરે હોતું નથી, પણ માંસ વગેરે જેવા પૃથ્વીના પરિણામ હોય છે.

• भाष्यम् •

**कोष्ठाशुभतरगन्धाः। हा मातः ! धिगहो कष्टं बत मुञ्चत धावत प्रसीद भर्तः ! मा वधीः कृपणकमित्यनुबद्धरुदितैस्तीव्रकरुणैर्दीनविक्लवैर्विलापैरार्तस्वनैर्निनादैर्दीनकृपण-करुणैर्याचितैर्बाष्पसन्निरुद्धैर्निस्तनितैर्गाढवेदनैः कूजितैः सन्तापोच्छ्वास-निश्वासैरनुपरतभयस्वनाः।**

**अशुभतरदेहाः। देहाः शरीराणि। अशुभनामप्रत्ययादशुभान्यङ्गोपाङ्ग-निर्माण-संस्थान-स्पर्श-रस-गन्ध-वर्ण-स्वराणि हुण्डानि निर्लूनाण्डजशरीराकृतीनि। क्रूर-करुण-बीभत्स-**

• गन्धहस्ती •

स चानिष्टोऽनेकविधदुःखाश्रयत्वात्। अत्र च भाष्यकारेण स्पर्शादिदशविधपरिणामे किञ्चिद् दर्शितं किञ्चिन्न।

**तिर्यगूर्ध्वमधश्च**ेत्यादिना वर्णपरिणामः प्रतिपादितः, **श्व-शृगाल-मार्जारा**दीत्यादिना गन्धः, **हा मातः ! धिगहो कष्टमि**त्यादिना शब्दपरिणामः। शेषास्तु ग्रन्थगौरवभीत्या न प्रतिपदमुक्ताः, एतत्सम्बन्धित्वात् तु वक्तव्या इति॥

**अशुभतरदेहा** इत्यादि। **अशुभनाम**कर्मोदय**प्रत्ययात्** सर्वाण्यङ्गोपाङ्गादीनि तद्देहेष्वशुभानि द्रष्टव्यानि,

• ભાષ્યાર્થ •

**ધિક્કાર થાઓ આ કષ્ટને, મને તમે છોડી દો સ્વામી ! આપ ભાગી જાઓ ! વળી હે સ્વામી ! પ્રસન્ન થાઓ, બિચારા એવા મને મારો નહીં, એમ સતત તીવ્ર કરુણાભર્યા રોદણાઓ, લાચાર પોકારો, બેબાકળા થયેલ ભયંકર વિલાપો, પીડાસભર અવાજો, દીન, રાંક, કરૂણ એવી યાચનાઓ, આંસુઓ રૂંધાઈ ગયા છે જેમાં એવી ચીસો, ગાઢ વેદનાયુક્ત, ઊંહકારા, સન્તાપયુક્ત નિઃસાસાઓથી સતત ભયના શબ્દોવાળી હોય છે.**

**નારકોના શરીરો અત્યંત ખરાબ હોય છે. તે નરકોને વિશે નારકોના શરીરો અશુભનામકર્મના ઉદયથી થતા ખરાબ એવા અંગોપાંગ, નિર્માણ, સંસ્થાન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને સ્વરવાળા,**

• હેમગિરા •

હોય છે. અને તે અગુરૂલઘુ પરિણામ નારકોને અનેકવિધ દુઃખના આશ્રયરૂપ હોવાથી અનિષ્ટરૂપ છે. અહીં ભાષ્યકારશ્રીએ સ્પર્શાદિ દશવિધ પરિણામને વિષે કાંઈક દર્શાવ્યુ છે, કાંઈક નથી પણ દર્શાવ્યુ.

**तिर्यगूर्ध्वमध...** ભાષ્ય દ્વારા વર્ણનું સ્વરૂપ કહ્યું છે. **श्व-शृगाल-मार्जार...** ભાષ્યદ્વારા ગંધ-સ્વરૂપ દર્શાવ્યો છે. **हा मातः ! धिगहो कष्टम्....** ભાષ્યવડે શબ્દનું સ્વરૂપ કહેવાયુ છે. શેષ સ્પર્શાદિ અશુભતર પુદ્ગલનુ સ્વરૂપ ગ્રંથ ગૌરવના ભયથી ભાષ્યમાં વ્યક્તિગત રીતે કહેવાયું નથી, પરંતુ આ સ્પર્શાદિ અત્યંત ખરાબ પુદ્ગલના પરિણામો નરક સંબંધી હોવાથી કહેવા યોગ્ય છે. (તેથી ટીકામાં એક એક કહ્યા છે.)

### ❖ નારકોના શરીરો ❖

**अशुभतरदेहा...** અશુભનામકર્મના ઉદયને લીધે નારકીઓના દેહમાં સર્વે અંગોપાંગ આદિ વિલક્ષણ જાણવા, કેમકે તેમના સર્વ શારીરિક અવયવો સ્વપ્રમાણોપેત નથી હોતા, કેમકે તેઓના શરીરો નિયમા

• भाष्यम् •

**प्रतिभयदर्शनानि दुःखभाज्यशुचीनि च तेषु शरीराणि भवन्ति। अतोऽशुभतराणि चाधोऽधः। सप्त धनूंषि त्रयो हस्ताः षडङ्गुलमिति शरीरोच्छ्रायो नारकाणां रत्नप्रभायाम्। द्विर्द्विः शेषासु स्थितिवच्चोत्कृष्ट-जघन्यतो वेदितव्यः[1]॥**

• गन्धहस्ती •

सर्वाङ्गावयवानां स्वप्रमाणेष्वव्यवस्थानात्, तेषां हि नियतमेव **हुण्डानि** शरीराणि, उत्खातशेष-पिच्छपक्षिशरीरवद् बीभत्सानि। तानि च तेषां द्विविधानि **शरीराणि भवन्ति**– भवधारकाण्युत्तरवैक्रियाणि च, तत्र भवधारकं जघन्येनाङ्गुलासङ्ख्येयभागप्रमाणं प्रथमायामन्यासु च पृथिवीषु, उत्कर्षेण सप्त धनूंषि त्रयो हस्ताः षट् चाङ्गुलानीत्युत्सेधाङ्गुलमङ्गीकृत्योच्यते। परमाण्वादिक्रमेणाष्टौ यवमध्यान्य-ङ्गुलमेकम्, चतुर्विंशत्यङ्गुलो हस्तः, चतुर्हस्तं धनुरिति।

**अथ** [1]शेषासु कथं भूमिष्वित्यत **आह– द्विर्द्विः शेषासु**। रत्नप्रभानारक[2]शरीरप्रमाणं द्विगुणं द्वितीयस्यां नारकशरीरप्रमाणम्। तदपि द्विगुणं तृतीयस्याम्। एवं यावत् सप्तम्यां पञ्च धनुःशतानि पूर्णानि।

• ભાષ્યાર્થ •

**હુણ્ડક સંસ્થાનવાળા, કાપી નાંખેલા પાંખવાળા પક્ષીઓના શરીરોના જેવી (= વિરૂપ) આકૃતિવાળા, ક્રૂર, કરુણ, બિભત્સ અને દરેકને ભય ઉપજાવે તેવા દર્શનવાળા (= રૂપવાળા), દુઃખના ભાગી અને અશુચિવાળા હોય છે. નીચે નીચેની બીજી વિગેરે નારકીઓના (શરીરો) આના કરતાં વધુ ખરાબ હોય છે. રત્નપ્રભા વિશે નારકીઓના શરીરની ઊંચાઈ ૭ ધનુષ ૩ હાથ અને ૬ આંગળ હોય છે. શેષ પૃથ્વીઓમાં બમણી (= ડબલ - ડબલ) ઉંચાઈ જાણવી. (જેમ આયુષ્યની સ્થિતિ પ્રથમ પ્રતરાદિના ભેદે જઘન્ય/ઉત્કૃષ્ટ વડે ભેદાય તેમ આ શરીરના માપમાંય સમજવું.)**

• હેમગિરા •

જ હુંડક સંસ્થાનવાળા હોય છે. તમામ પીંછા ઉખાડી નાંખ્યા હોય એવા પક્ષીના શરીર જેવા બિભત્સ = જુગુપ્સાપાત્ર તેમના શરીરો હોય છે. અર્થાત્ તેમનું શરીર વૈક્રિય હોવા છતાં દેવોના જેવું શુભ = પવિત્ર નથી હોતું, કિંતુ મલમૂત્ર આદિ અશુભ પદાર્થોથી ભરેલું હોય છે. શરીરનો વર્ણ અતિશયકૃષ્ણ અને ભય ઉત્પન્ન કરનાર હોય છે. તેઓના તે શરીર બે પ્રકારે હોય છે (૧) ભવધારક, (૨) ઉત્તરવૈક્રિય. તેમાં ભવધારક વૈક્રિય શરીર પ્રથમ અને અન્ય સર્વ (નરક) પૃથ્વીઓમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. ઉત્કૃષ્ટથી ૭ ધનુષ્ય ૩ હાથ ૬ અંગુલ પ્રમાણ પ્રથમ નરકમાં હોય છે. આ માપ ઉત્સેધાંગુલની અપેક્ષાએ કહેવાય છે. પરમાણુ વગેરેના ક્રમથી ૮ યવમધ્ય = ૧ અંગુલ, ૨૪ અંગુલ = ૧ હાથ, ૪ હાથ = એક ધનુષ્ય જાણવું.

હવે શેષ પૃથ્વીઓમાં કઈ રીતનું માપ છે ? એનો જવાબ આપવા માટે **द्विर्द्विः शेषासु...** ભાષ્યને કહે છે - રત્નપ્રભા નારકોના શરીરના પ્રમાણ કરતા બીજી પૃથ્વીમાં રહેલા નારકીના શરીરનું પ્રમાણ

१. ०तव्याः भां०। २. शेषासु भू० रा.। ३. शरीराणां द्वि० रा.।

● भाष्यम् ●

**अशुभतराश्च वेदना भवन्ति नरकेष्वधोऽधः। तद्यथा– प्रथमायां उष्णवेदनास्तीव्रा,**

● गन्धहस्ती ●

उत्तरवैक्रियं तु प्रथमायां जघन्येनाङ्गुलसङ्ख्येयभागप्रमितम्, अन्यासु च, उत्कर्षेण पञ्चदश धनूंषि अर्धतृतीयाश्च रत्नयः प्रथमायाम्, एतदेव द्विगुणं द्वितीयस्याम्, एवं तावत् ज्ञेयं यावत् सप्तम्यां धनुःसहस्रमिति। [1]एतच्च प्रमाणं रत्नप्रभादिषु पर्यन्तवर्तिप्रतरनारकाणामुत्कृष्टं द्रष्टव्यम्, जघन्यमुत्कृष्टं वा प्रथमप्रतरादिभेदेन सर्वत्र वक्तव्यम्, **स्थितिवत्**।

यथाऽऽयुषः स्थितिः प्रथमप्रतरादिभेदेन भिद्यमाना दश-नवतिसहस्रादिना रत्नप्रभायां पर्यन्तप्रतरे सागरोपमप्रमाणा भवत्येवमेव शरीरप्रमाणमपि प्रथमप्रतरादिभेदेन जघन्योत्कृष्टाभ्यां भेत्तव्यमित्यावेदयति। उक्तमिदमतिदेशतो भाष्यकारेणास्ति चैतत्, न तु मया क्वचिदागमे दृष्टं प्रतरादिभेदेन नारकाणां शरीरावगाहनमिति॥

**अशुभतराश्च वेदना** इत्यादि भाष्यम्। **प्रथमायां** तीव्रोष्णवेदना, द्वितीयस्यां सैव तीव्रतरा,

● ભાષ્યાર્થ ●

**વળી નરકોમાં નીચે નીચે અત્યંત અનિષ્ટ વેદનાઓ હોય છે. તે આ મુજબ :- પ્રથમ નરકમાં**

● હેમગિરા ●

બમણું હોય. તે (પ્રમાણ) કરતા બમણું ત્રીજી પૃથ્વીમાં છે. આ રીતે યાવત્ સાતમીમાં સંપૂર્ણ પાંચસો ધનુષ પ્રમાણ શરીર હોય છે.

ઉત્તરવૈક્રિયશરીર તો પ્રથમ પૃથ્વીમાં તથા અન્ય પૃથ્વીઓમાં જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. ઉત્કૃષ્ટથી વિચારતા પ્રથમ પૃથ્વીમાં ૧૫ ધનુષ ૨ $^{1}/_{2}$ હાથ પ્રમાણ હોય છે. આનુ જ બમણું બીજીમાં હોય, આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે જ્યાં સુધી સાતમીમાં ૧૦૦૦ ધનુષ પ્રમાણ શરીર ઉત્કૃષ્ટથી હોય છે. આ (૧૫ ધનુષ ૨ $^{1}/_{2}$ હાથ વગેરે ઉપરોક્ત પ્રમાણો રત્નપ્રભાદિ(૭ નરકો)માં છેલ્લા (તેરમા આદિ) પ્રતરના નારકોનું ઉત્કૃષ્ટ જાણવું.

### ❖ પ્રતરભેદે સ્થિતિભેદની જેમ અવગાહના ભેદ ❖

સ્થિતિની જેમ જઘન્ય કે ઉત્કૃષ્ટ શરીરનું પ્રમાણ સર્વત્ર (નરકોમાં) પ્રથમ પ્રતર આદિના ભેદની અપેક્ષાએ જાણવું. જેમ નારકોની આયુષ્યની સ્થિતિ પ્રથમ પ્રતર આદિના ભેદ વડે ૧૦ હજાર, ૯૦ હજાર આદિથી ભેદાતી રત્નપ્રભામાં અંતિમ પ્રતરમાં એક સાગરોપમ પ્રમાણ થાય છે. એ રીતે જ શરીરનું પ્રમાણ પણ પ્રથમ આદિના ભેદથી જઘન્ય, ઉત્કૃષ્ટ વડે ભેદવા યોગ્ય છે એમ અહી જણાવે છે. એ વાત ભાષ્યકારશ્રીએ અતિદેશથી (= સ્થિતિની જેમ જાણવું એમ ભલામણ કરવા દ્વારા) કહી છે અને આ હકીકત છે. પરંતુ મેં (ટીકાકાર) આગમમાં ક્યાંય પ્રતરાદિના ભેદને આશ્રયી નારકોની શરીર અવગાહના જોઈ નથી.♦

### ❖ નારકોની વેદના ❖

**અશુભતરાશ્ચવેદના**... પ્રથમ નરકમાં તીવ્ર ઉષ્ણ વેદના હોય છે. બીજીમાં એજ વેદના તીવ્રતર હોય

१. एतच्चाधः प्रमाणं मु। ♦. આગમાનુસારી બૃહત્ સંગ્રહણી આદિ ગ્રંથોમાં પ્રતરભેદે જુદા જુદા આયુષ્ય કહેલાં મળે છે. વર્તમાન ઉપલબ્ધ મૂલ આગમોમાં તે સૂત્રતઃ કહેલા મળતા નથી.

भाष्यम्

**द्वितीयायामुष्णवेदनाश्च तीव्रतराः, तीव्रतमाश्च तृतीयायाम्, ♦उष्ण-शीते चतुर्थ्याम्, ♦शीतोष्णे पञ्चम्याम्, परयोःशीततराः शीततमाश्चेति, तद्यथा– ♦प्रथमशरत्काले चरमनिदाघे वा पित्तप्रकोपाभिभूतशरीरस्य सर्वतो दीप्ताग्निराशिपरिवृतस्य व्यभ्रे नभसि मध्याह्ने निवातेऽतिरस्कृतातपस्य यादृगुष्णजं दुःखं भवति ततोऽनन्तगुणं प्रकृष्टं कष्टमुष्णवेदनेषु नरकेषु भवति।**

गन्धहस्ती

तृतीयस्यां तीव्रतमा, चतुर्थ्यामुष्णवेदनाका बहवो नारकाः, शीतवेदनाकास्त्वल्पाः, तेनोभय्यपि वेदना तस्याम्, पञ्चम्यां शीतवेदनाका बहवः स्तोकास्तूष्णवेदनाकाः, तत्राप्युभय्येव वेदना, षष्ठ्यामतिशीता, सप्तम्यां शीततमेति॥

अधुना वेदनाद्वयस्यापि किञ्चित् साधर्म्यमङ्गीकृत्य दृष्टान्तद्वयमुपन्यस्यति असद्भावप्रज्ञापनया, न पुनर्नारकः केनचिदुत्क्षेप्तुमानेतुं चेह शक्यते, प्रकृष्टाशुभकर्मानुभावादेवेति, न च तत्राग्निरस्ति पृथिवीपरिणाम एवासौ क्षेत्रस्वभावादनादिपरिणामलक्षणः प्रकृष्टोष्णतानुगतः सन्तमसरूपः[1] सत्त्वानां दुःखहेतुरिति॥

ભાષ્યાર્થ

**(તીવ્ર) ઉષ્ણવેદના, બીજીમાં તીવ્રતર ઉષ્ણવેદના, ત્રીજીમાં તીવ્રતમ ઉષ્ણ વેદના, ચોથીમાં ઉષ્ણ અને શીત, પાંચમીમાં શીત અને ઉષ્ણ અને પછીની બે (છટ્ઠી અને સાતમી નરક)માં (ક્રમશઃ) તીવ્રતર અને તીવ્રતમ શીત વેદના હોય છે એમ જાણવું. તે આ મુજબ સમજી શકાય કે - શરદઋતુની શરૂઆતમાં અથવા જેઠ માસના ભારે ઉનાળામાં પિત્તના પ્રકોપથી ગ્રસિત શરીરવાળો હોય, ચારે બાજુથી સળગેલી આગના સમૂહથી વીંટળાયેલો હોય, વાદળા વગરના ખુલ્લા આકાશમાં મધ્યાહ્નના સમયમાં પવનના અભાવમાં ભર તડકામાં રહેલો હોય તેવા માણસને ગરમીથી ઉત્પન્ન થયેલું જેવું દુઃખ હોય તેના કરતા અનંતગણુ પ્રકૃષ્ટ કક્ષાનું દુઃખ ઉષ્ણ વેદનાવાળી નરકોમાં હોય છે.**

હેમગિરા

છે. ત્રીજીમાં અત્યંત વધારે તીવ્ર હોય છે. ચોથીમાં ઉષ્ણવેદનાવાળા વધુ નારકો હોય છે, શીતવેદનાવાળા ઓછા હોય છે તેથી તે (નરક)માં બન્ને ય વેદના કહી છે. પાંચમીમાં શીતવેદનાવાળા ઘણા જીવો હોય છે, ઉષ્ણ વેદનાવાળા ઓછા હોય છે, તેથી ત્યાં પણ ઉભય જ વેદના છે. તેના કરતા છટ્ઠીમાં તીવ્રતર શીત હોય છે. તેનાથી સાતમીમાં તીવ્રતમ શીત વેદના હોય છે.

હવે અસત્કલ્પના વડે આ બન્ને વેદનાઓનું કાંઈક સાધર્મ્ય સ્વીકારીને બે દૃષ્ટાંતોનો ભાષ્યમાં ઉપન્યાસ કરે છે. હકીકતમાં તો પ્રકૃષ્ટ અશુભકર્મના પ્રભાવ (ઉદય)ના લીધે નારકનો જીવ કોઈના વડે પણ ઉપાડવો અને અહીં લાવવો શક્ય નથી, (છતા નરકની ભયંકરતાને સમજાવવા દૃષ્ટાંત આપી રહ્યા છે.) વળી ત્યાં અગ્નિ નથી, પણ ક્ષેત્ર સ્વભાવથી અનાદિ પરિણામ સ્વરૂપ એ પૃથ્વીનો પરિણામ જ પ્રબળ ઉષ્ણતાથી યુક્ત હોય છે. વળી ભયંકર અંધકારમય પૃથ્વી છે માટે જીવોના દુઃખનો હેતુ છે. આ દૃષ્ટાંતને સમજાવતા

♦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૮,૯,૧૦. १. सस्वरूपः रा.पा.।

• भाष्यम् •

पौष-माघयोश्च मासयोस्तु[१]षारलिप्तगात्रस्य रात्रौ हृदय-कर-चरणाधरोष्ठदशनायासिनि प्रतिसमयप्रवृद्धे शीतमारुते निरग्न्याश्रयप्रावरणस्य यादृक् शीतसमुद्भवं दुःखमशुभं भवति ततोऽनन्तगुणं प्रकृष्टं कष्टं शीतवेदनेषु नरकेषु भवति। यदि किलोष्णवेदनान्नरकादुत्क्षिप्य नारकः सुमहत्यङ्गारराशावुद्दीप्ते प्रक्षिप्येत स किल सुशीतां मृदुमारुतां शीतलच्छायामिव प्राप्तः सुखमनुपमं विन्द्यात्, निद्रां चोपलभेत, एवं कष्टतरं नारकोष्णं[२]दुःखमाचक्षते। तथा किल यदि शीतवेदनान्नरकादुत्क्षिप्य नारकः कश्चिदाकाशे माघमासे निशि प्रवाते महति तुषारराशौ प्रक्षिप्येत सदन्तशब्दोत्तमप्रकम्पायासकरेऽपि तत्सुखं विन्द्यादनुपमां निद्रां चोपलभेत, एवं कष्टतरं नारकशीतदुःखमाचक्षत इति।।

अशुभतरविक्रियाः = अशुभतराश्च विक्रिया नरकेषु नारकाणां भवन्ति, शुभं करिष्याम

• गन्धहस्ती •

**तद्यथा प्रथमशरत्काल** इत्यादि भाष्यमेव सुज्ञानम्।।

**अशुभतरविक्रिया** इत्यादि भाष्यम्, उत्तरवैक्रियं हि ते शरीरमाकलितप्रयत्ना अपि रचयन्तो

• ભાષ્યાર્થ •

પોષ અને મહા મહિનામાં રાત્રિમાં છાતી, હાથ, પગ, હોઠ, દાંતને ધ્રુજાવનારા, સમયે સમયે વધતા એવા ઠંડા પવનમાં કોઈ વ્યક્તિ બરફથી લેપાયેલા ગાત્રવાળો હોય, અગ્નિ, આશ્રય (= ઘર વગેરે) અને વસ્ત્ર વિનાનો હોય, તેવી વ્યક્તિને જેવા પ્રકારનું ઠંડીથી ઉદ્ભવતું દુઃખ હોય છે તેના કરતા ય અનંતગણુ વધુ કષ્ટ શીતવેદનાવાળી નરકોને વિશે હોય છે.

જો કદાચ ઉષ્ણવેદનાવાળી નરકમાંથી ઉપાડીને નારકીને (નરકના જીવને) અત્યંત મોટી ધગધગતી અંગારાની રાશી (= ભઠ્ઠી) માં નંખાય તો તે ખરેખર ! અત્યંતશીત અને મંદ એવા પવનવાળા શીતળ છાંયડાને પ્રાપ્ત થએલાની જેમ અનુપમ સુખને પામે અને મીઠી નિદ્રાને મેળવે. આ પ્રમાણે અત્યંત કષ્ટરૂપ ગરમીનું દુઃખ નારકને કહેલું છે. તેમજ જો કદાચ શીત વેદનાવાળી નરકમાંથી ઉપાડીને નારકજીવને કોઈક આકાશમાં (જ્યાં) મહા માસની રાત્રિમાં ઠંડો પવન ફૂંકાતો હોય (ત્યાં) દાંતના અવાજથી અત્યંત ધ્રૂજાવનારા એવા પણ મોટા બરફના ઢગલામાં જો મુકાય તો પણ સુખને મેળવે અને અત્યંત નિદ્રાને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે અત્યંત કષ્ટરૂપ ઠંડીનું દુઃખ નારકને કહેલું છે.

નરકમાં નારકો અશુભતર વિક્રિયાવાળા હોય છે. હું શુભ (સુંદર વિકુર્વણા = વિક્રિયા)ને

• હેમગિરા •

તદ્ યથા... ઈત્યાદિ ભાષ્ય સુગમ છે.

### ❖ નારકોની વિક્રિયા ❖

અશુભતરવિક્રિયા... (શુભને કરીશ, એમ વિચારતા પણ, અશુભને જ કરે છે.) નટબાજની જેમ

१. ०तुषारभिन्नगात्र० पा.। ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૧૧,૧૨. २. ०मुष्णमा० मु.(खं.)।

• सूत्रम् •

**परस्परोदीरितदुःखाः ॥३/४॥**

• भाष्यम् •

**इत्यशुभतरमेव विकुर्वते। दुःखाभिहतमनसश्च दुःखप्रतीकारं चिकीर्षवो गरीयस एव ते दुःखहेतून् विकुर्वत इति॥३/३॥**

**परस्परोदीरितानि च दुःखानि नरकेषु नारकाणां भवन्ति। क्षेत्रस्वभावजनिताच्च, अशुभात् पुद्गलपरिणामादित्यर्थः॥**

• गन्धहस्ती •

रूपवत्तेच्छया क्षेत्र-कर्मानुभावाद् विरूपतरमाविष्कुर्वते विदूषकवदिति॥३/३॥

[**परस्परोदी**त्यादि(३/४) सूत्रम्]

ते च नारकास्तासु भूमिषु नरकेषु वा। **परस्परोदीरितानी**ति भाष्यम् मिथ्यादृष्टयो भवप्रत्ययविभङ्गानुगतत्वादालोक्य परस्परमेवाभिघातादिभिर्दुःखान्युत्पादयन्ति, सम्यग्दृष्टयस्तु संज्ञित्वादेवात्मानमनुशोचन्तो-

• सूत्रार्थ •

**નરકમાં નારકીઓ એકબીજાને દુઃખ દેનારા હોય છે, પરસ્પર ઉદીરણા કરેલા દુઃખવાળા હોય છે. ॥૩/૪॥**

• ભાષ્યાર્થ •

**કરીશ, એ પ્રમાણે વિચારતા પણ નારકીઓ વિરૂપને જ કરે છે. વળી દુઃખથી હણાયેલા મનવાળા, દુઃખના પ્રતીકાર કરવાની ઈચ્છાવાળા તેઓ (= નારકીઓ) મોટા દુઃખના કારણભૂત વસ્તુઓને જ વિકુર્વે છે ॥૩/૩॥**

**નરકમાં નારકીઓને એક બીજાથી ઉદીરણા કરેલા દુઃખો હોય છે તેમજ ક્ષેત્રના સ્વભાવથી ઉત્પન્ન થયેલા એટલે કે અશુભ પુદ્ગલ પરિણામના લીધે દુઃખો હોય છે.**

• હેમગિરા •

સુંદરરૂપવાળા બનવાની ઈચ્છાથી ઉત્તરવૈક્રિય શરીરને રચતા એવા તેઓ પ્રયત્નવાળા છતાંય ક્ષેત્ર અને કર્મ (દુષ્કર્મ)ના સ્વભાવથી વિરુપતર શરીરને વિકુર્વે છે. ॥૩/૩॥

**❖ નારકના દુઃખો ❖**

**परस्परोदीरित**.... વળી તે નારકો તે ભૂમિઓમાં અથવા નરકોમાં – મિથ્યાદૃષ્ટિઓ હોય તો, ભવપ્રત્યય વિભંગજ્ઞાનથી યુક્ત હોવાથી (એક બીજાને) જોઈને પરસ્પર જ (પૂર્વના વૈરાદિને યાદ કરીને) મારપીટ વગેરે કરવા વડે દુઃખો ઉત્પન્ન કરે છે.[૧] જ્યારે સમ્યગ્દૃષ્ટિઓ તો સંજ્ઞિ (દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાવાળા)

૧. પૂર્વભવના વૈરી બે જીવ એક સ્થાને ઉત્પન્ન થયા હોય તો ક્ષેત્રાનુભાવજનિત શસ્ત્રોથી પરસ્પર યુદ્ધ કરે છે. અરે ! વૈરી ન હોય છતાં 'આ મારો પૂર્વ ભવનો વૈરી છે' એમ અસત્કલ્પના કરીને એક શેરીનો કૂતરો બીજી શેરીના કૂતરા પાછળ પડે તેમ તેની પાછળ પડે અને શસ્ત્રોથી યુદ્ધ જમાવે છે. પરસ્પરયુદ્ધ મિથ્યાદૃષ્ટિ નારકો જ કરે, સમ્યગ્દૃષ્ટિ નહિ. સમ્યગ્દૃષ્ટિ તો સમતા ભાવે સહન કરે છે.

भाष्यम्

**तत्र क्षेत्रस्वभावजनितः पुद्गलपरिणामः शीतोष्ण-क्षुत्पिपासादिः। शीतोष्णे व्याख्याते। क्षुत्पिपासे वक्ष्यामः। अनुपरतशुष्केन्धनोपादानेनैवाग्निना तीक्ष्णेन [1]प्रततेन क्षुदग्निना दन्दह्यमानशरीरा अनुसमयमाहारयन्ति ते सर्वपुद्गलानप्यद्युस्तीव्रया च नित्यानुषक्तया पिपासया शुष्ककण्ठौष्ठ-तालु-जिह्वाः सर्वोदधीनपि पिबेयुः, न च तृप्तिं समाप्नुयुस्ते वर्धेयातामेव**

गन्धहस्ती

ऽतीतजन्मानाचारकारिणं क्षेत्रस्वभावजनितानि दुःखानि सहमानाः परैरुदीरितवेदनाः स्वायुषः क्षयमुदीक्षन्तेऽतिदुःखिता न पुनरन्यनारकाणां ते समुदीरयन्ति वेदनाः, तेषां चावधिज्ञानं न विभङ्ग इति।

न केवलं परस्परोदीरणनिर्वृत्तानि तेषां **दुःखानि** किन्तु सहजान्यपि सन्तीत्यत आह– **क्षेत्रस्वभावे**त्यादि। नरकक्षेत्रस्यायमेव स्वभावो यद् दुःखात्मकता। नहि तत्र काचित् सुखमात्रा समस्ति। यदपि ह्युपपातादिहेतुकं सुखमाचक्षते तदपि बहुतरदुःखपरिलीढत्वादल्पकालस्थायित्वाच्च दुःखमेव, अत एवंविधक्षेत्रानुभावनिर्वर्तित**पुद्गलपरिणामाच्च** ते दुःखमनुभव**न्तीत्यर्थः**। एतदेव वचनं

ભાષ્યાર્થ

**ત્યાં નરકમાં શીત, ઉષ્ણ, ક્ષુધા, તરસ આદિ વેદનાઓ ક્ષેત્રના સ્વભાવથી ઉત્પન્ન થયેલી પુદ્ગલના પરિણામરૂપ છે. આનાથી શીતોષ્ણ વેદનાની વ્યાખ્યા થઈ છે. ક્ષુધા, પિપાસાને કહીએ છીએ. અટક્યા વિના સતત સૂકાં લાકડાઓ જેમાં નંખાતા હોય તેવા તીક્ષ્ણ અગ્નિની જેમ વધતા ભૂખ રૂપી અગ્નિવડે અત્યંત બળતા શરીરવાળા એવા તે નારકો દરેક સમયે જો આહાર કરે તો તમામે તમામ પુદ્ગલોને પણ ખાઈ જાય તેમજ હંમેશા લાગેલી એવી અત્યંત તરસ વડે સુકાઈ ગયેલા કંઠ,**

હેમગિરા

હોવાથી જ અતીત જન્મમાં અનાચારને કરનારા એવા પોતાને વિશે જ નિંદતા, ક્ષેત્ર સ્વભાવથી ઉત્પન્ન થયેલા દુઃખોને, પરથી ઉત્પન્ન થયેલી વેદનાઓને સહન કરતા અતિદુઃખી થયેલા તે સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાના નરકાયુના ક્ષયને જુએ છે[1] પણ અન્ય નારકોને વેદનાઓ [2]ઉપજાવતા નથી. અને તેઓને (= સમ્યગ્દૃષ્ટિ નારકોને) અવધિજ્ઞાન હોય છે પણ વિભંગ હોતુ નથી.

### ❖ ક્ષેત્રસ્વભાવજન્ય દુઃખો ❖

તે નારકીઓને ફક્ત પરસ્પર ઉદીરણાથી ઉત્પન્ન થયેલી વેદના જ નથી હોતી પણ સાહજિક વેદના પણ હોય છે, તે જણાવવા માટે **क्षेत्रस्वभावा...** ભાષ્યને કહે છે - "નરકક્ષેત્રનો આ સ્વભાવ જ છે કે જેથી ત્યાં સદા દુઃખની સ્થિતિ હોય. ત્યાં સુખનો કોઈ અંશ પણ નથી હોતો. જે વળી♦ કોઈ ત્યાં

१. प्रततनक्षु० मु (भां.)। ૧. નરકાયુના ક્ષયને જુએ છે એટલે આ સહન કરાતી વેદના નરકના દુઃખની જાલીમ પરંપરાનો અંત કરનારી છે એમ વિચારી આર્તધ્યાન-રૌદ્રધ્યાનથી દૂર રહે છે. ૨. સમ્યગ્દૃષ્ટિ નારકીઓ હળુકર્મી, અમાયી અને બીજાને દુઃખ નહીં દેવાના કારણે મિથ્યાદૃષ્ટિઓ કરતા ઓછુ દુઃખ ભોગવે છે અને નવા કર્મો પણ અલ્પ બાંધે છે.
♦ ઠાણાંગાદિ ગ્રન્થોમાં નારકી માટે જન્મ સમયે સુખની વિવક્ષા કરી છે (ઉપપાત હોવાથી). ગર્ભજ, સંમૂર્ચ્છિમમાં જન્મની પીડા પુષ્કળ હોય છે. જે ઉપપાત જન્મમાં નથી હોતી.

• भाष्यम् •

चैषां क्षुत्तृष्णे इत्येवमादीनि क्षेत्रप्रत्ययानि॥

परस्परोदीरितानि च। अपि चोक्तम्– 'भवप्रत्ययोऽवधिर्नारक-देवानाम्' (अ.१, सू.२२) इति। तन्नारकेष्ववधिज्ञानम् अशुभभवहेतुकं मिथ्यादर्शनयोगाच्च विभङ्गज्ञानं भवति। भावदोषोपघातात् तु तेषां दुःखकारणमेव भवति। तेन हि ते सर्वतस्तिर्यगूर्ध्वमधश्च दूरत एवाजस्रं दुःखहेतून् पश्यन्ति। यथा च काकोलूकमहिनकुलं चोत्पत्त्यैव बद्धवैरं तथा

• गन्धहस्ती •

व्याख्यानयति सूत्रमपहाय–

तत्र क्षेत्रस्वभावजनितेत्यादि [२]सुगमम्। पुनः सूत्रं परामृश्य सूत्रार्थाख्यानं करोति॥

परस्परोदीरितानि चेत्यादि। परस्परोदीरणायां कारणं दर्शयति– अपि चोक्तं– भवप्रत्ययोऽवधि-

• ભાષ્યાર્થ •

હોઠ, તાળવા અને જીભવાળા તેઓ સર્વે સમુદ્રોના પાણીને પણ પી જાય તો પણ તેઓ તૃપ્તિને પામે નહિ બલ્કે તે ભૂખ અને તરસ તેઓની વધે જ છે ઈત્યાદિ પ્રકારની ક્ષેત્રસંબંધી વેદનાઓ હોય છે. (નરકક્ષેત્ર જ એવું છે કે ત્યાં આવી પરિસ્થિતિ સર્જાય છે.)

''પરસ્પર કરાયેલા દુઃખો નરકમાં છે'', (આમાં કારણ જણાવતા) કહ્યું પણ છે → ''ભવ પ્રત્યય અવધિજ્ઞાન નારક અને દેવોને હોય છે.'' (૧/૨૨ સૂત્ર) તે અવધિજ્ઞાન નારકો વિશે અશુભ ભવના હેતુવાળુ, તેમજ મિથ્યાદર્શનથી જોડાયેલુ હોવાથી વિભંગજ્ઞાનરૂપ હોય છે. નારકોને ભાવરૂપ દોષોના લીધે થતા ઉપઘાત(પીડા)ના કારણે વિભંગજ્ઞાન દુઃખનું કારણ જ થાય છે. કેમકે આ જ્ઞાનથી તેઓ ચારે બાજુ તીર્છું, ઉપર અને નીચે દૂરથી જ નિરંતર દુઃખના હેતુઓને જ જુએ છે. વળી જે રીતે કાગડો અને ઘુવડ તેમજ સર્પ અને નોળીયા જન્મતાંની સાથે જ પરસ્પર બંધાયેલા (જાતીય) વેરવાળા હોય છે, તે રીતે નારકીઓને એક બીજા પ્રત્યે વેર હોય

• હેમગિરા •

ઉપપાતાદિ હેતુક (જન્મસંબંધી) સુખને કહે છે, તે પણ ઘણા બધા દુઃખોથી વ્યાપ્ત હોવાથી અને અલ્પકાલીન હોવાથી દુઃખરૂપ જ છે. એથી આવા પ્રકારના ક્ષેત્ર સ્વભાવથી નિર્માણ પામેલ પુદ્ગલ પરિણામથી તેઓ (= નારકીઓ) દુઃખને જ અનુભવે છે. અત્ર પ્રસંગોપાત પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યાને બાજુમાં રાખી આ (ક્ષેત્ર.... ઈત્યાદિ) વાતને જ પ્રથમ ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે.

ક્ષેત્રસ્વભાવ.... ઈત્યાદિ ભાષ્ય સ્પષ્ટ છે. હવે ફરી ભાષ્યમાં વાચકશ્રી સૂત્રનું અનુસંધાન કરી સૂત્રના અર્થની વ્યાખ્યા કરે છે.

### ❖ પરસ્પર ઉદીરણાજન્ય દુઃખો ❖

परस्परोदीरितानि... પરસ્પર દુઃખની ઉદીરણામાં કારણને દર્શાવતા સૂત્ર ૧/૨૨નો ઉલ્લેખ કરતા કહે છે → 'ભવપ્રત્યય અવધિજ્ઞાન નારક અને દેવોને હોય છે' તેમાં મિથ્યાદૃષ્ટિ દેવ કે નારકોને (અજ્ઞાનના લીધે)

१. सुज्ञानम् भा.खं. । ✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૧૩

● भाष्यम् ●

परस्परं प्रति नारकाः। यथा वाऽपूर्वान् शुनो दृष्ट्वा श्वानो निर्दयं क्रुध्यन्त्यन्योऽन्यं प्रहरन्ति च, तथा तेषां नारकाणामवधिविषयेण दूरत एवान्योऽन्यमालोक्य ♱क्रोधस्तीव्रानुशयो जायते दुरन्तो भवहेतुकः। ततः प्रागेव दुःखसमुद्घातार्ताः क्रोधाग्न्यादीपितमनसोऽतर्किता इव श्वानः समुद्धता वैक्रियं भयानकं रूपमास्थाय तत्रैव ♱पृथिवीपरिणामजानि क्षेत्रानुभावजनितानि चायःशूल-शिला-मुशल-मुद्गर-कुन्त-तोमरासि-पट्टिश-[1]शक्त्ययोघन-खड्ग-यष्टि-परशु-भिण्डिमालादीन्यायुधान्यादाय कर-चरण-दशनैश्चान्योऽन्यमभिघ्नन्ति। ततः परस्पराभिहता विकृताङ्गा निस्तनन्तो गाढवेदनाः ♱सूनाघातनप्रविष्टा इव महिष-शूकरोरभ्राः स्फुरन्तो रुधिरकर्दमेऽपि चेष्टन्ते। इत्येवमादीनि परस्परोदीरितानि नरकेषु नारकाणां दुःखानि भवन्तीति।।३/४।।

● गन्धहस्ती ●

र्नारकदेवानामिति मिथ्यादृशां विभङ्गज्ञानमितरेषामवधिज्ञानमेव, शेषं सुज्ञानमत्र भाष्यमिति ॥३/४॥

● ભાષ્યાર્થ ●

છે. અથવા તો જેમ કૂતરાઓ અન્ય નવા કૂતરાઓને જોઈ નિર્દયપણે ક્રોધ કરે છે અને એક બીજા ઉપર પ્રહાર કરે છે, તે રીતે તે નારકોને અવધિજ્ઞાન વડે દૂરથી જ એક બીજાને જોઈને તીવ્ર વેરવાળો, દુઃખેથી અંત છે જેનો, તેવો ભવપ્રત્યયિક ક્રોધ ઉત્પન્ન થાય છે.

તેથી પ્રથમ જ ઘણી વેદનાથી પીડિત થયેલા, ક્રોધાગ્નિથી દીપ્ત મનવાળા, (તે નારકો) વિના વિચારે કૂતરાની જેમ ઉદ્ધત થયેલા ભયાનક એવા વૈક્રિયરૂપને બનાવીને ત્યાં (નરકમાં) જ પૃથ્વીના પરિણામથી બનેલા અને ક્ષેત્ર પ્રભાવથી ઉત્પન્ન થયેલા એવા લોખંડના ત્રિશૂલ, શિલા, સાંબેલા, ગદા, ભાલા, બાણ, તલવારો, પટ્ટિશ (=હંટર ?) શક્તિ (= ભાલા જેવું શસ્ત્ર વિશેષ), અયોઘન=લોખંડના ઘણ, ખડ્ગ, લાકડી, કુહાડા, ભિંડીમાલ (= મુસુંઢિ = હથોડી) આદિ શસ્ત્રોને ગ્રહણ કરી તેમજ હાથ, પગ અને દાંતો વડે એક બીજાને મારે છે. ત્યાર પછી એક બીજાથી હણાયેલા, વિકૃત અંગવાળા, બૂમ પાડતા, ગાઢ વેદનાવાળા જાણે કે કતલખાનામાં પ્રવેશેલા પાડા, ડુક્કર અને ઘેંટાની જેમ ધ્રુજતા / ઉછળતા લોહીના કાદવમાં આળોટતા હોય છે. આ રીતે આવા પ્રકારના અને બીજા પણ પરસ્પર ઉભા કરાયેલા દુઃખો નરકોમાં નારકોને હોય છે.।।૩/૪।।

● હેમગિરા ●

વિભંગજ્ઞાન જ હોય, ઈતર = સમ્યક્ત્વી દેવ કે નારકોને અવધિજ્ઞાન જ હોય છે. આ મિથ્યાત્વયુક્ત અવધિજ્ઞાન = વિભંગજ્ઞાન જ એક બીજાના દુઃખ-ઉદીરણાનું કારણ બને છે. શેષ ભાષ્ય સુગમ છે.।।૩/૪।।

१. शक्ति-योο - रा। ♱ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૧૪,૧૫,૧૬

• सूत्रम् •

## सङ्क्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥३/५॥

• भाष्यम् •

**सङ्क्लिष्टासुरोदीरितदुःखाश्च नारका भवन्तीति। तिसृषु भूमिषु प्राक् चतुर्थ्याः। तद्यथा– अम्बाम्बरीष-श्याम-शबल-रुद्रोपरुद्र-काल-महाकालास्यसिपत्रवन-कुम्भी-वालुका-वैतरणी-खरस्वर-महाघोषाः पञ्चदश परमाधार्मिका मिथ्यादृष्टयः पूर्व-जन्मसु सङ्क्लिष्टकर्माणः पापाभिरतय आसुरीं गतिमनुप्राप्ताः कर्म-क्लेशजा एते ताच्छील्यान्नारकाणां वेदनाः समुदीरयन्ति विचित्राभिरुपपत्तिभिः।**

• गन्धहस्ती •

एवं ते परस्परेणोदीरयन्ति दुःखम्, विशेषेण तु–

[ **सङ्क्लिष्टासुरोदी**त्यादि(३/५) सूत्रम् ]

**च**शब्दः परस्परोदीरणं क्षेत्रस्वभावं चाभिमुखीकरोति। **प्राक् चतुर्थ्या** इति मर्यादा नाभिविधिरिति। सङ्क्लिष्टचित्तास्त्वशुभानुबन्धिबालतपोऽकामनिर्जरोपार्जितदेवजन्मानः स्वल्पविभवलाभाध्माता

• सूत्रार्थ •

**સંક્લિષ્ટ એવા અસુરોથી ઉભા કરેલા દુઃખવાળા નારકો ચોથી નરકની પૂર્વે (= ત્રણ નરક સુધી) હોય છે. ||૩/૫||**

• ભાષ્યાર્થ •

**ચોથી નરકભૂમિથી પહેલાની ત્રણ નરક ભૂમિઓમાં સંક્લિષ્ટ અસુરો વડે ઉદીરણા કરાયેલ દુઃખવાળા નારકો હોય છે.**

**તે આ પ્રમાણે :- ૧ અંબ, ૨ અંબરીષ ૩ શ્યામ, ૪ શબળ, ૫ રુદ્ર ૬ ઉપરુદ્ર ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અસિ ૧૦ અસિપત્રવન ૧૧ કુંભી ૧૨ વાલુકા ૧૩ વૈતરણી ૧૪ ખર-સ્વર ૧૫ મહાઘોષ. આ ૧૫ પરમાધાર્મિકો = પરમઅધર્મિ, મિથ્યાદર્શનવાળા, પૂર્વ જન્મમાં અત્યંત ક્લિષ્ટ કર્મવાળા, પાપમાં ખૂબ રતિવાળા, કોઈ પાપાનુબંધી પુણ્યના ઉદયથી આસુરી ગતિ (અસુર દેવની તુચ્છકોટિ) ને પ્રાપ્ત થયેલા, કર્મ (= અશુભ પાપકર્મ)થી અને ક્લેશ (રાગ-દ્વેષ)થી ઉત્પન્ન થયેલા એવા આ પરમાધાર્મિક દેવો સ્વાભાવિક રીતે જ નારકીઓને વિચિત્ર યુક્તિઓથી વેદનાઓ ઉપજાવે છે.**

• હેમગિરા •

**૩/૪ સૂત્રની અવતરણિકા** :- 'તેઓ (નારકો) એકબીજા = પરસ્પર દુઃખની ઉદીરણા કરે છે' - એ પ્રમાણે (૩/૪ સૂત્રમાં સામાન્યથી) કહ્યું તેને જ વિશેષથી ૩/૫ સૂત્રના **च** થી કહે છે કે -

**च** શબ્દ પરસ્પર ઉદીરણા કરાયેલ દુઃખને અને ક્ષેત્ર સ્વભાવથી ઉત્પન્ન થયેલ દુઃખને આગળ (= સમુચ્ચય) કરે છે. **प्राक् चतुर्थ्याः** માં રહેલ प्राक् શબ્દ મર્યાદાના અર્થમાં છે અભિવિધિના અર્થમાં નહીં, એમ જાણવું. (એથી 'ચારની પહેલા' એટલે 'ત્રણ સુધી એમ અર્થ કરવો).

✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૧૭,૧૮,૧૯,૨૦

• भाष्यम् •

तद्यथा– तप्तायोरसपायन-निष्टप्तायःस्तम्भालिङ्गन-कूटशाल्मल्य-ग्रारोपणावतार-णायोघनाभिघात-वासी-क्षुरतक्षण-क्षारतप्ततैलाभिषेचनायस्कुम्भपाकाम्बरीषभर्जन-यन्त्र-पीडनायःशूल-शलाकाभेदन-क्रकचपाटनाङ्गारदहन-वाहन-सूचीशाड्वलापकर्षणैस्तथा सिंह-व्याघ्र-द्वीपि-श्व-शृगाल-वृक-कोक-मार्जार-नकुल-सर्प-वायस-गृध्र-काकोलूक-श्येनादिखादनैस्तथा तप्तवालुकाऽवतरणासिपत्रवनप्रवेशन-वैतरण्यवतारण-परस्परयोध-नादिभिरिति॥

• गन्धहस्ती •

जन्मान्तरानालोकिन एतावत्त्रैलोक्ये सुखमित्यध्यवसिताः। ते च भवनवासिनां प्रथम एवासुरनाम्नि

• ભાષ્યાર્થ •

તે આ પ્રમાણે - (૧) તપેલા લોખંડના રસનું પાન કરાવવા દ્વારા (૨) અત્યંત તપાવીને લાલચોળ કરેલા લોખંડના થાંભલાને આલિંગન દેવડાવવા દ્વારા, (૩) કૂટશાલ્મલી (= કાંટામય) વૃક્ષના અગ્ર (= તીક્ષ્ણ) ભાગ ઉપર ચઢાવવા, ઉતારવા દ્વારા, (૪) શસ્ત્રો (લોખંડના ઘણ) નો માર મારવા દ્વારા, (૫) વાંસલા = નાની કુહાડી, બરછી (= ખુરપા) વડે (ચામડી) છોલી નાંખવા દ્વારા, (૬) છોલાયેલા હાથ વગેરેના ઉપર ખારવાળા ધગધગતા તેલને ચોપડવા/છાંટવા દ્વારા, (૭) લોખંડની કુંભીમાં પકાવવા દ્વારા, (૮) અમ્બરીષમાં (ભઠ્ઠીમાં) ભુંજવા દ્વારા (૯) ઘાણીમાં (= યંત્રમાં) પીલવા દ્વારા (૧૦) લોઢાના શૂલ = અણિદાર ભાલા કે શલાકા = સોયાથી ભેદવા = પરોવવા દ્વારા, (૧૧) કરવત વડે કાપવા દ્વારા (૧૨) અંગારામાં બાળવા દ્વારા, (૧૩) વાહનો બનાવવા કે ખેંચાવવા (ભાર ઉચકાવવા) દ્વારા (૧૪) સોય જેવા તીક્ષ્ણ ઘાસમાં ખેંચવા દ્વારા, (૧૫) તેમજ સિંહ, વાઘ, દીપડા, હાથી, શ્વાન, શિયાળ, વરૂ, રીંછ, બિલાડા, નોળીયા, સાપ, કાગડો, ગીધ, ઘુવડ, બાજ/શકરા આદિ (પશુ, પક્ષી) વડે ભક્ષણ કરાવવા દ્વારા તેમજ, (૧૬) તપેલી ધગધગતી સુકી રેતીમાં ઉતારવા/ચલાવવા, દોડાવવા દ્વારા (૧૭) તલવાર જેવી ધારવાળા પાંદડાવાળા ગહન વનમાં પ્રવેશ કરાવવા, રખડાવવા દ્વારા, (૧૮) લોહી, પરુ, મડદાં વગેરેથી ભરેલી વૈતરણી નદીમાં ડૂબાડવા/તરાવવા દ્વારા અને (૧૯) પરસ્પર (કુકડાની) જેમ યુદ્ધ કરાવવા વગેરે દ્વારા તેઓ નારકીઓને પીડા ઉપજાવે છે.

• હેમગિરા •

## ❖ સંક્લિષ્ટ અસુરો જન્ય દુઃખો ❖

પરમાધામીઓ સંક્લિષ્ટ ચિત્તવાળા એટલે – અશુભ કર્મનો અનુબંધ કરાવનારા એવા (પંચાગ્નિ આદિ) બાલતપ દ્વારા અકામનિર્જરાથી ઉપાર્જન કરેલ દેવ જન્મવાળા, અત્યંત અલ્પ વૈભવના લાભથી ફૂલાએલા = અહંકારવાળા, જન્માંતર (= પરલોક) ને નહીં જોનારા, ત્રણ લોકમાં આટલું જ સુખ છે, એવું વિચારનારા હોય છે. (આવા દેવો સંક્લિષ્ટ ચિત્તવાળા કહેવાય.) વળી તેઓ ભવનવાસી દેવોના અસુર નામના પ્રથમ

१. ०तरासि० रा.पा.। ✤ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૨૧,૨૨

• भाष्यम् •

**स्यादेतत् किमर्थमेवं ते कुर्वन्तीति ?। अत्रोच्यते– पापकर्माभिरतय इत्युक्तम्। तद्यथा– गो-वृषभ-महिष-वराह-मेष-कुक्कुट-वार्तक-लावकान्मुष्टिमल्लांश्च युध्यमानान् परस्परं चाभिघ्नतः पश्यतां राग-द्वेषाभिभूतानामकुशलानुबन्धिपुण्यानां नराणां परा प्रीतिरुत्पद्यते तथा(यथा?), तेषामसुराणां नारकाँस्तथा तानि कारयतामन्योन्यं घ्नतश्च पश्यतां परा प्रीतिरुत्पद्यते। ते हि दुष्ट-कन्दर्पास्तथाभूतान् दृष्ट्वाऽट्टहासं मुञ्चन्ति, चेलोत्क्षेपाक्ष्वेडितास्फोटितावल्गित-तलतालनिपातांश्च कुर्वन्ति, महतश्च सिंहनादान् नदन्ति।**

• गन्धहस्ती •

निकाये भवन्ति, नान्येषु, तेषु नामोत्कीर्तनेनापि रौद्रतया भयमादधति किमुत दर्शनेनेत्यावेदयति–

**अम्बाम्बरीषेत्यादि** भाष्यम्। अम्बाः, अम्बरीषाः, श्यामाः, शबलाः, रुद्राः, उपरुद्राः, कालाः, महाकालाः, असयः, असिपत्रवनाभिधानाः, कुम्भीनामानः, वालुकाभिधानाः, वैतरणीसंज्ञाः, खरस्वराः,

• ભાષ્યાર્થ •

**પ્રશ્ન :- ભલે નારકોને સ્વકૃત ક્લિષ્ટકર્મોથી આ બધી વેદનાઓ થાય, પરંતુ તે પરમાધામીઓ શા માટે આવું વર્તન કરે છે ?**

**જવાબ :- એ વાત તો અમે હમણાં જ જણાવી છે કે - તેઓ પાપકર્મમાં ખૂબ આનંદ માનનારા હોય છે. તે આ મુજબ કે આમરણાંત યુદ્ધ કરતા અને પરસ્પર એક બીજાને હણતા એવા ગાયોને, બળદોને, પાડાઓને, ડુક્કરોને, ઘેંટાઓને, કુકડાઓને, ચકલો, તેતર અથવા બટેરપક્ષીને = લાવકોને (લાવા જાતના પક્ષી) અને મુષ્ટિમલ્લોને જોનારા, રાગદ્વેષથી જીતાયેલા એવા (અકુશલાનુબંધિ પુણ્ય) = પાપાનુબંધી પુણ્યવાળા માનવોને, જેમ પરમ આનંદ ઉત્પન્ન થાય છે, તેમ તે નારકોને તે યુદ્ધો વગેરે કરાવતા અને પરસ્પર એક બીજાને મારતા જોતા એવા તે અસુરોને ઘણો આનંદ ઉત્પન્ન થાય છે.**

**અશુભ અને હલકા પ્રકારના આનંદના પ્રેમી એવા તેઓ (પરમાધામીઓ) તેવા પ્રકારની પીડા પામતા એવા નારકોને જોઈ ખડખડાટ હસે છે, કપડા ઉછાળે, ચપટીઓ વગાડે, કુદકા, ભૂસકા લગાડવા તેમજ તાળીઓ વગાડવાનું કરે, અને મોટા સિંહનાદો કરે છે.**

• હેમગિરા •

જ નિકાયમાં હોય છે, અન્ય નિકાયોમાં નહીં. રૌદ્ર = ભયાનક હોવાના કારણે (તેઓના) નામ લેવા માત્રથી પણ તેઓથી ભય પેદા થાય છે તો તેઓના દર્શનથી તો શું કહેવું ? એથી (એ સંદર્ભમાં) તેઓના નામ જણાવે છે.

### ❖ ૧૫ પરમાધાર્મિક અસુર ❖

**अम्बाम्बरीष...** (૧) અંબ, (૨) અંબરીષ, (૩) શ્યામ, (૪) શબલ, (૫) રુદ્ર, (૬) ઉપરુદ્ર, (૭) કાલ, (૮) મહાકાલ, (૯) અસિ, (૧૦) અસિપત્રવન નામવાળા, (૧૧) કુંભી નામવાળા, (૧૨)

भाष्यम्

**तच्च तेषां सत्यपि देवत्वे सत्सु च कामिकेष्वन्येषु प्रीतिकारणेषु माया-निदान-मिथ्यादर्शन-शल्य-तीव्रकषायोपहतस्यानालोचितभावदोषस्याप्रत्यवकर्षस्याकुशलानुबन्धिपुण्यकर्मणो बालतपसश्च भावदोषानुकर्षिणः फलं, यत्सत्स्वप्यन्येषु प्रीतिहेतुष्वशुभभावा एव प्रीतिहेतवः समुत्पद्यन्ते। इत्येवमप्रीतिकरं निरन्तरं सुतीव्रं दुःखमनुभवतां मरणमपि काङ्क्षतां तेषां न विपत्तिरकाले विद्यते, कर्मनिर्धारितायुषाम्।**

**उक्तं हि– 'औपपातिक-चरमदेहोत्तमपुरुषासंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः' (अ.२, सू.५३) इति। नैव तत्र शरणं विद्यते, नाप्यपक्रमणम्। ततः कर्मवशादेव दग्ध-पाटित-भिन्नच्छिन्न-**

गन्धहस्ती

महाघोषाश्चेति एते पञ्चदशासुरनिकाया[1]न्तःपातिनो देवविशेषा एव **परमाधार्मिका** उच्यन्ते। अधर्मचारिणोऽधार्मिकाः। प्रकर्षपर्यन्तवर्तिनोऽधार्मिकाः परमाधार्मिका इति। एते च भिन्नहेतुकदुःखोत्पादनादेवावाप्ततादृग्विधसंज्ञाः समवगन्तव्याः, शेषं भाष्यं सुज्ञानमेव प्रायः, **एवमेतानि त्रिविधानि दुःखानि**

ભાષ્યાર્થ

**વળી તેઓના પાસે દેવપણું હોવા છતાં તેમજ સુંદર એવા અન્ય પ્રીતિના કારણો હોવા છતાં માયાશલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાદર્શનશલ્ય તેમજ તીવ્ર કષાયથી હણાયેલા, ભાવદોષની આલોચના કર્યા વિનાના, અપ્રત્યવકર્ષ = દોષથી પાછા નહી ફરેલા એવા અકુશલાનુબંધી (પાપાનુબંધી) પુણ્યકર્મ અને ભાવદોષને વધારનારા એવા બાલ તપનું તે ફળ છે કે જેનાથી અન્ય (નાટક વગેરે) પ્રીતિના કારણો ઉપસ્થિત હોવા છતાં તેમને અશુભ ભાવો જ પ્રીતિના હેતુ રૂપે બને છે. અર્થાત્ તેઓને જેવો આનંદ પીડાતા જીવોને જોવામાં આવે છે. તેવો આનંદ નાટક વગેરે જોવાથી પણ આવતો નથી, આ તેમનું અજ્ઞાન તપનું ફળ છે.**

**આ પ્રમાણે નિરંતર અપ્રીતિકર, અતિતીવ્ર દુઃખને અનુભવતા, મરણને પણ ઈચ્છતા, કર્મથી નક્કી થયેલ (અનપવર્તનીય) આયુષ્યવાળા હોવાથી તે નારકોનું મરણ ઈચ્છવા છતાં અકાળે મરણ થતું નથી. (૨/૫૩ સૂત્રમાં) કહ્યું પણ છે કે - "ઔપપાતિક જન્મવાળા, ચરમ દેહી, ઉત્તમ પુરૂષ અને અસંખ્યવર્ષના આયુવાળાને અનપવર્ત્ય આયુષ્ય હોય" એટલે નારકો ઔપપાતિક જન્મવાળા હોવાથી અનપવર્ત્ય (ઘટાડો ન કરી શકાય એવા) આયુષ્યવાળા છે. નારકોને ત્યાં**

હેમગિરા

વાલુકા નામવાળા, (૧૩) વૈતરણી નામવાળા, (૧૪) ખરસ્વર તેમજ (૧૫) મહાઘોષ એ પ્રમાણે આ ૧૫ અસુર નિકાયમાં રહેનારા વિશિષ્ટ દેવો જ પરમાધાર્મિક કહેવાય છે. અધર્મનું આચરણ કરનારા તે અધાર્મિકો કહેવાય. અતિ અધમ કક્ષાને પામેલા એવા અધાર્મિકો તે પરમાધાર્મિક કહેવાય અને આ દેવો

१. ०कायानामुपपाति० रा.पा.।

• सूत्रम् •

**तेष्वेक-त्रि-सप्त-दश-सप्तदश-द्वाविंशति-त्रयस्त्रिंशत्सागरोपमाः सत्त्वानां परा स्थितिः॥३/६॥**

• भाष्यम् •

**क्षतानि च तेषां सद्य एव संरोहन्ति शरीराणि दण्डराजिरिवाम्भसि। एवमेतानि त्रिविधानि दुःखानि नरकेषु नारकाणां भवन्तीति॥३/५॥**

**तेषु नरकेषु नारकाणां पराः स्थितयो भवन्ति। तद्यथा– रत्नप्रभायामेकं सागरोपमम्।**

• गन्धहस्ती •

**नरकेषु नारकाणां भवन्ति,** परस्परोदीरणजनितानि क्षेत्रस्वभावोत्पन्नानि सङ्क्लिष्टासुरोदीरितानि वाऽऽचतुर्थ्याः, चतुर्थ्यादिषु परस्परोदीरितानि क्षेत्रानुभावजनितानि चेति द्विविधान्येवेति॥३/५॥

नारकाश्चानपवर्त्यायुष्ट्वादनुबद्धातिविषमदुःखानुमूलालीढमूर्तयो नाकाले मर्तुमिच्छन्तोऽपि हि म्रियन्ते,

• સૂત્રાર્થ •

**તે નરકોમાં જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨ અને ૩૩ સાગરોપમ અનુક્રમે હોય છે. ||૩/૬||**

• ભાષ્યાર્થ •

**કોઈ શરણ નથી જ (અને) ત્યાંથી છૂટકારો પણ નથી. તેથી બળેલા, કપાયેલા, ભેદાયેલા, છેદાયેલા, ઘાયલ થયેલા તે નારકોના શરીરો, પાણીમાં દંડવડે કરાતી રેખાની જેમ કર્મના વશથી જ જલ્દીથી રુઝાઈ જાય (કે સંધાઈ જાય) છે. (જેમ પાણીમાં દંડવડે કરાયેલી રેખાઓ ટકતી નથી તેમ નારકીના શરીરને થતા છેદન ટકતા નથી પણ તરત સંધાઈ જાય છે. જેમ પારાના કણીયા કણીયા છૂટા દેખાતા હોય, પણ ભેગા કરતા તે એકદમ એક થઈ જાય છે, તેમ નારક જીવોના શરીરો ટુકડા કરી નાખવામાં આવ્યા છતાં, પાછા તેવાં ને તેવાં થઈ જાય છે.) આ રીતે આ ત્રણ પ્રકારે દુઃખો નરકોને વિશે નારકોને હોય છે. ||૩/૫||**

**તે નરકોને વિષે નારકોની (જે) ઉત્કૃષ્ટ સ્થિતિઓ હોય છે તે આ મુજબ છે → રત્નપ્રભામાં**

• હેમગિરા •

જુદા હેતુવાળા દુઃખોને ઉત્પન્ન કરવા થકી જ તેવા પ્રકારના નામને પ્રાપ્ત થયેલા છે એમ જાણવા.

**❖ ત્રણમાં ત્રણ પ્રકારના અને ચારમાં બે પ્રકારના દુઃખો ❖**

શેષ ભાષ્ય પ્રાયઃ સુગમ જ છે. આ પ્રમાણે આ ત્રણે પ્રકારના દુઃખો નરકમાં નારકોને હોય છે → (૧) પરસ્પર ઉદીરણા કરાયેલા દુઃખો, (૨) ક્ષેત્ર સ્વભાવથી ઉત્પન્ન થયેલા દુઃખો, (૩) સંક્લિષ્ટ દેવ વડે ઉત્પન્ન કરાયેલા દુઃખો ચોથી પૃથ્વીની પહેલા અર્થાત્ ત્રણ પૃથ્વીમાં હોય છે અને ચોથી વગેરે (સાતમી સુધીની) પૃથ્વીઓમાં (૧) પરસ્પર ઉદીરણા કરાયેલા દુઃખો અને (૨) ક્ષેત્ર સ્વભાવથી ઉત્પન્ન થયેલા દુઃખો એમ બે પ્રકારના જ દુઃખો હોય છે. **||૩/૫||**

**૩/૬ સૂત્રની અવતરણિકા :** સતત અતિવિષમ દુઃખોના અનુમૂળ (= ગહનતા)થી વ્યાપ્ત શરીરવાળા

• भाष्यम् •

**एवं त्रिसागरोपमा, सप्तसागरोपमा, दशसागरोपमा, सप्तदशसागरोपमा, द्वाविंशतिसागरोपमा, त्रयस्त्रिंशत्सागरोपमा इति। जघन्या तु पुरस्ताद् वक्ष्यते।** 'नारकाणां च

• गन्धहस्ती •

पूर्णे स्वायुषि पश्चादुद्वर्तिष्यन्ते, तत् पुनः स्वायुस्तेषां किमित्यत आह–

[ **तेष्वेके**त्यादि(३/६) सूत्रम् ]

**'तासु नरका'** इत्येतान् नरकान् सूत्रत्रयान्तरितान् भाष्यकृदभिसम्बन्धयति॥

तेषु = उक्तलक्षणेषु **नरकेषु** ये सत्त्वाः। सत्त्वशब्दः प्रेक्षापूर्वकारितयोपात्तोऽनुकम्पाप्रदर्शनार्थम्। सत्त्वा वराका इति, क्लेशभुजो जनाः सत्त्वा इति लोकेऽनुकम्पाशब्देनोच्यन्ते। एताश्चोत्कृष्टाः **स्थितयो भवन्ति, रत्नप्रभायामेकं सागरोपमं** प्रकृष्टा स्थितिः सत्त्वानाम्, **एवं त्रिसागरोपमा** स्थितिर्द्वितीयस्यामित्यादि सुज्ञानम्। उपमानं = उपमा = सादृश्यं सागरेणोपमाः सागरोपमाः, बहुत्वप्रतिपादनार्थं

• ભાષ્યાર્થ •

**એક સાગરોપમ, એ જ પ્રમાણે (આગળની બીજીથી સાતમી સુધીની નરકોમાં ક્રમશઃ) ત્રણ સાગરોપમ, સાત સાગરોપમ, દશ સાગરોપમ, સત્તર સાગરોપમ, બાવીસ સાગરોપમ, તેત્રીશ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે એમ જાણવું, વળી જઘન્ય સ્થિતિ તો "બીજી આદિ**

• હેમગિરા •

નારકો અનપવર્ત્યઆયુષ્યવાળા હોવાથી મરણને ઈચ્છવા છતાં અકાળે મરી શકતા નથી. પોતાનું આયુષ્ય પૂર્ણ થયા બાદ જ ત્યાંથી બહાર નીકળી શકશે.

**પ્રશ્ન** :- તો પછી તેઓનું સ્વ આયુષ્ય (શું) કેટલું છે ?

**જવાબ** :- તે જણાવવા માટે ૩/૬ સૂત્રને કહે છે. ત્રણ (૩/૩-૪-૫) સૂત્રની પહેલાં **तासु नरका** ૩/૨ સૂત્રમાં કહેવાયેલી એ નરકોને ભાષ્યકારશ્રી આ સૂત્ર સાથે સંબંધ જોડે છે.

### ❖ નરકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ❖

તે કહેવાયેલા સ્વરૂપવાળી નરકોમાં જે જીવો (= નારકીઓ) છે તેઓ હવે કહેવાતી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા હોય છે. નરકગત જીવો પર અનુકંપા દર્શાવવા માટે અહીં ૩/૬ સૂત્રમાં 'સત્ત્વ' શબ્દ ચતુરાઈ પૂર્વક મુકાયો છે. સત્ત્વ એટલે 'બિચારા, ક્લેશના ભાગી જનો' એ પ્રમાણે લોકમાં અનુકંપા અર્થમાં વપરાય છે. રત્નપ્રભામાં સત્ત્વોની = જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમ પ્રમાણ હોય છે. બીજી પૃથ્વીમાં ત્રણ સાગરોપમની (ઉત્કૃષ્ટ) સ્થિતિ હોય છે, ઈત્યાદિ ભાષ્ય સુગમ છે.

ઉપમાન એટલે ઉપમા અર્થાત્ સરખાપણું. સાગરની સરખામણીવાળુ તે સાગરોપમ કહેવાય, ♦બહુત્વનું પ્રતિપાદન કરવા માટે 'સાગર' શબ્દનું ગ્રહણ કર્યું છે. જે સ્થિતિનું પ્રમાણ એક સાગરની ઉપમાવાળુ છે તે એક સાગરોપમવાળી સ્થિતિ કહેવાય. એ જ રીતે બીજે ઠેકાણે (બે સાગરોપમ આદિમાં) પણ જાણવું.

♦ જે સંખ્યાને 'અસંખ્ય' વડે પણ ન કહી શકાય એવી બહુ-અતિ સંખ્યા જણાવવા માટે 'સાગર' શબ્દ છે.

• भाष्यम् •

**द्वितीयादिषु', 'दश वर्षसहस्राणि प्रथमायाम्' (अ.४, सू.४३,४४) इति॥**

• गन्धहस्ती •

सागरग्रहणम्, एका(कं) सागरोपमा(मं) प्रमाणं यस्याः स्थितेः सैकसागरोपमा स्थितिरित्येवमन्यत्रापि योज्यम्।

जघन्या स्थितिः पुरो वक्ष्यते लाघवमुपजीवताऽऽचार्येण चतुर्थेऽध्याये– **'नारकाणां च द्वितीयादिषु' 'दश वर्षसहस्राणि प्रथमायाम्'** (४/४३-४४) इति। रत्नप्रभायामवरतो दश वर्षसहस्राण्यायुषः स्थिति, द्वितीयादिषु षट्स्वेक-त्रि-सप्त-दश-सप्तदश-द्वाविंशतिसागरोपमा जघन्या स्थितिर्भवति। इयं च– स्थितिर्जघन्या उत्कृष्टा वा सामान्येनैकस्यां पृथिव्यामुक्ता न प्रथमप्रतरादिभेदेन, प्रतिप्रतरं स्थितिपरिज्ञानाय विशेषार्थिना **नरकेन्द्रकाः** समालोकनीया इति।

अथैतासु सप्तसु पृथिवीषु किमविशेषेण सर्वे प्राणिनो नरकास्रववर्तिनः सर्वासूत्पद्यन्त उत केचित् कस्याञ्चिदिति, तथा के वा कुतो भूमेरुद्वृत्ताः सन्तो भवन्ति, किं वा लभन्ते सम्यग्दर्शनादीनाम् ? इत्यत आह–

• ભાષ્યાર્થ •

**(સાતમી સુધીની) નરકોમાં પૂર્વ પૂર્વના નરકોની જે ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તે જ પછી પછીના નરકોની જઘન્ય સ્થિતિ હોય છે. પ્રથમ નરકમાં ૧૦ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ હોય છે'' એમ (૪/૪૩-૪૪ સૂત્રમાં) આગળ કહેવાશે.**

• હેમગિરા •

*લાઘવનો આશ્રય કરનારા આચાર્યશ્રી ઉમાસ્વાતિજીએ આગળ ચોથા અધ્યાયમાં **''બીજી આદિ (થી સાતમી સુધીની) નરકોમાં પૂર્વ પૂર્વ નરકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ હોય, તે જ પછી પછીના નરકોની જઘન્ય સ્થિતિ હોય છે, પ્રથમ નરકમાં ૧૦ હજાર વર્ષની જઘન્યસ્થિતિ છે,''**...ઈત્યાદિ (૪/૪૩-૪૪ સૂત્રમાં) જઘન્ય સ્થિતિ કહી છે.

### ❖ નારકોની જઘન્ય સ્થિતિ ❖

રત્નપ્રભામાં આયુષ્યની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. બીજી વિગેરે ૬ નરકોમાં ૧, ૩, ૭, ૧૦, ૧૭ અને ૨૨ સાગરોપમની જઘન્ય સ્થિતિ હોય છે. વળી આ જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્થિતિ સામાન્યથી એક-એક પૃથ્વીમાં કહેવાઈ છે, પણ પ્રથમ પ્રતરાદિ ભેદથી કહી નથી, દરેક પ્રતર દીઠ સ્થિતિના પરિજ્ઞાન માટે જિજ્ઞાસુએ **નરકેન્દ્રક પ્રકરણ** જોઈ લેવું. (ક્ષેત્રલોકપ્રકાશ વગેરે પણ જોઈ શકાય.)

આ સાતે પૃથ્વીઓમાં શું અવિશેષ = સામાન્યથી નરક (ગતિ) ના કારણરૂપ આશ્રવમાં વર્તનારા બધા જ પ્રાણીઓ બધી પૃથ્વીઓમાં ઉત્પન્ન થાય છે ? કે કોઈક જ જીવો કોઈક પૃથ્વીઓમાં ઉત્પન્ન થાય છે ? તેમજ કયા જીવો કઈ ભૂમિમાંથી નીકળેલા હોય છે ? અથવા તો શું (આ નારકીઓ)

* આગળ ૪થા અધ્યાયમાં 'જઘન્યસ્થિતિ'નું પ્રકરણ આવવાનું હોવાથી સૂત્રોની લાઘવતા માટે નારકોની જઘન્ય સ્થિતિ ત્યાં જ દર્શાવી દીધી છે.

भाष्यम्

**तत्रास्रवैः यथोक्तैर्नारकसंवर्तनीयैः कर्मभिरसंज्ञिनः प्रथमायामुत्पद्यन्ते। सरीसृपा द्वयोरादितः प्रथम-द्वितीययोः। एवं पक्षिणस्तिसृषु। सिंहाश्चतसृषु। उरगाः पञ्चसु। स्त्रियः षट्सु। मत्स्यमनुष्याः सप्तस्विति। न तु देवा नारका वा नरकेषूपपत्तिमाप्नुवन्ति। न हि तेषां बह्वारम्भ-परिग्रहादयो नरकगतिनिर्वर्तका हेतवः सन्ति (अ.६, सू.१६)। नाप्युद्वर्त्य नारका देवेषूत्पद्यन्ते। न ह्येषां सरागसंयमादयो देवगतिनिर्वर्तका हेतवः सन्ति (अ.६, सू.२०)। [1]उद्वृत्तास्तु तिर्यग्योनौ मनुष्येषु वोत्पद्यन्ते। मनुष्यत्वं च प्राप्य केचित् तीर्थकरत्वमपि प्राप्नुयुरादितस्तिसृभ्यः, निर्वाणं चतसृभ्यः, संयमं पञ्चभ्यः, संयमासंयमं षड्भ्यः, सम्यग्दर्शनं सप्तभ्योऽपीति।**

गन्धहस्ती

**तत्रा[2]स्रवैः यथोक्तैर्नारकसंवर्तनीयैरित्यादि** भाष्यं सुज्ञानम्।। अधस्तनीषु षट्स्वपि भूमिषु रत्नप्रभादिवत् किं द्वीपादिविनिवेशाः सन्ति ? न सन्तीत्यत आह–

ભાષ્યાર્થ

**ત્યાં આશ્રવોમાં (૭મા અધ્યાયમાં) કહેલા નરક પ્રાયોગ્ય બાંધેલ કર્મ વડે અસંજ્ઞી પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય જીવો પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે. સરીસૃપ (= ગર્ભજ ભુજપરિસર્પ એવા નોળિયા, ગોધા વગેરે) શરૂઆતની પ્રથમ અને દ્વિતીય એમ બે નરકોમાં ઉત્પન્ન થાય છે. એ રીતે પક્ષિઓ ત્રણ પૃથ્વીઓમાં (૧-૨-૩ સુધી), સિંહો ચારમાં (૧-૨-૩-૪ સુધી), સર્પો પાંચમાં (= ૧-૨-૩-૪-૫ સુધી), સ્ત્રીઓ છ પૃથ્વીઓમાં (= ૧-૨-૩-૪-૫-૬ સુધી), મત્સ્યો અને મનુષ્યો સાત પૃથ્વીઓમાં (૧-૨-૩-૪-૫-૬-૭ સુધી) ઉત્પન્ન થાય છે. પરંતુ દેવો કે નારકો નરકોમાં ઉત્પન્ન થતા નથી, કારણ કે તેઓને (૬/૧૬ સૂત્રમાં જણાવેલ) ઘણા આરંભ પરિગ્રહ આદિ નરકગતિ પ્રાયોગ્ય કારણો હોતા નથી.**

**વળી નારકો નરકમાંથી નીકળીને દેવો વિશે પણ ઉત્પન્ન થતા નથી. કારણ કે આ નારકીઓને (૬/૨૦ સૂત્રમાં દર્શાવેલ) દેવગતિ પ્રાયોગ્ય સરાગ સંયમાદિ કારણો હોતા નથી. પરંતુ અહીં નરકથી નીકળેલા તિર્યંચયોનિ અથવા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. વળી શરૂઆતની ત્રણ નરકમાંથી નીકળેલા કેટલાક જીવો મનુષ્યત્વને પામીને તીર્થંકરપણાને પણ પામી શકે. શરૂઆતની ચાર નરકમાંથી નીકળેલા જીવો (મનુષ્યત્વ પામી) મોક્ષને પામી શકે. શરૂઆતની પાંચ નરકમાંથી નીકળેલા જીવો સંયમ (સર્વવિરતિ) ને પામી શકે. શરૂઆતની ૬ નરકમાંથી નીકળેલા સંયમાસંયમ**

હેમગિરા

સમ્યગ્દર્શનાદિ મેળવે છે ? આ બધા પ્રશ્નોનાં જવાબમાં **તત્રાસ્રવૈઃ યથોક્તૈર્નારકસંવર્તનીયૈઃ...** ઈત્યાદિ ભાષ્ય છે, જે સુગમ છે. નીચેની છ પૃથ્વીઓમાં રત્નપ્રભા નામની પ્રથમ પૃથ્વીની જેમ શું દ્વીપ વગેરે સ્થાનો

✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૨૩ १. उद्वर्तिता० पा.। २. ०स्रवेषु भां०।

• भाष्यम् •

**द्वीप-समुद्र-पर्वत-नदी-ह्रद-तडाग-सरांसि वा ग्राम-नगर-पत्तनादयो विनिवेशा बादरो वनस्पतिकायो वृक्ष-तृण-गुल्मादि द्वीन्द्रियादयस्तिर्यग्योनिजा मनुष्या देवाश्चतुर्निकाया अपि न सन्ति। अन्यत्र समुद्घातोपपात-विक्रिया-साङ्गतिक-नरकपालेभ्यः। उपपाततस्तु देवा रत्नप्रभायामेव सन्ति नान्यासु, गतिस्तृतीयां यावत्।**

• गन्धहस्ती •

**द्वीप-समुद्रे**त्यादि भाष्यं सुज्ञानं प्रायः। नैते द्वीपादयः सन्ति सन्निवेशा रत्नप्रभामपहायान्यत्रेति, एतस्य विधेरपवादः **अन्यत्र समुद्घात** इत्यादि। समुद्घातगताः केवलिनः, औपपातिका नारका एव, तथा वैक्रियलब्धिसम्पन्नाः, साङ्गतिकाः पूर्वजन्ममित्रादयः, नरकपालाः परमाधार्मिकाः, एते सर्वेऽपि द्वितीयादिषु भूमिषु कदाचित् केचित् क्वचित् संभवेयुरपीति, उपपातमङ्गीकृत्य रत्नप्रभायामेव देवाः सन्ति न शेषासु, गमनमङ्गीकृत्य यावत् तृतीयां ततः परं न गच्छन्त्येव, शक्तौ सत्यामपि लोकानुभावादेवेति। तथाऽन्यमपि लोकानुभावमादर्शयति प्रसङ्गात्–

• ભાષ્યાર્થ •

**(દેશવિરતિ) ને પામી શકે અને સાતે પણ નરકમાંથી નીકળેલા સમ્યક્ત્વને પામી શકે.**

**દ્વીપ, સમુદ્ર, પર્વત, નદી, દ્રહ, તળાવ, સરોવર અથવા ગામ, નગર, પત્તન આદિ વિનિવેશો (= રહેવાના સ્થળો) વૃક્ષ, ઘાસ, ગુલ્મ (પૌધો = છોડવો) વગેરે બાદર વનસ્પતિઓ, બેઈન્દ્રિયાદિ (થી પંચેન્દ્રિય સુધીના) તિર્યગ્યોનિવાળા જીવો, મનુષ્યો અને ચારનિકાયના દેવો (આ સર્વે નરકભૂમિઓમાં) હોતા નથી. પરંતુ સમુદ્‌ઘાતને પામેલા, ઉપપાત જન્મવાળા, વૈક્રિય લબ્ધિધારી, સાંગતિકો = મિત્રદેવ, તથા નરકપાલો (= પરમાધાર્મિક) નરકમાં હોય છે. વળી ઉપપાત (જન્મ)ને આશ્રયીને દેવો પ્રથમ રત્નપ્રભામાં જ હોય છે, (વ્યંતર, ભવનપતિ દેવો રત્નપ્રભા પૃથ્વી ઉપર જન્મ લે છે,) અન્ય ભૂમિઓમાં નહીં. ગમન વધુમાં વધુ ત્રીજી પૃથ્વી સુધી હોય છે.♦**

• હેમગિરા •

છે કે નહીં ? એ પ્રશ્નનો જવાબ **द्वीप समुद्र...** ઈત્યાદિ ભાષ્યમાં કહે છે, જે સુગમપ્રાય છે.

### ❖ નરકોમાં સંભવિત પદાર્થો ❖

**अन्यत्र समुद्घात** ઈત્યાદિ ભાષ્ય "આ દ્વીપાદિ રહેઠાણો રત્નપ્રભા પૃથ્વી સિવાય, બીજી કોઈ નરકમાં નથી" એવા નિયમના (= વિધાનના) અપવાદ રૂપ છે. અર્થાત્ નરકોમાં ભાષ્યકથિત દ્વીપાદિ, બેઈન્દ્રિય આદિ, મનુષ્ય, દેવો સામાન્યથી નથી પણ તેમાં જે કોઈ અપવાદ છે તે સમુદ્‌ઘાતમાં રહેલાં કેવળીઓ (કેવળી સમુદ્‌ઘાતમાં કેવળી જીવના આત્મ પ્રદેશો સંપૂર્ણલોકવ્યાપી બનતા હોવાથી સાતે નરકમાં હોય છે), ઔપપાતિક નારકો જ તેમજ વૈક્રિયલબ્ધિ સંપન્ન જીવો, સાંગતિકો = પૂર્વભવના મિત્રાદિ (દેવો), નરકપાલકો = પરમાધાર્મિકો આ બધા ય નરક પૃથ્વીઓમાં ક્યારેક કો'ક ક્યાંક સંભવે પણ ખરા. પણ ઉપપાતજન્મને આશ્રયીને તો ભવનપતિ અને વ્યંતર દેવો રત્નપ્રભાને વિશે જ હોય, શેષ પૃથ્વીઓમાં

♦ ક્વચિત્ ૪થી નારકી સુધી (સીતેન્દ્રદેવ લક્ષ્મણજીને મળવા) જવાનો ઉલ્લેખ મળે છે.

• भाष्यम् •

**यच्च वायव आपो धारयन्ति न च विष्वग् गच्छन्ति आपश्च पृथिवीं धारयन्ति न च प्रस्पन्दन्ते, पृथिव्यश्चाप्सु विलयं न गच्छन्ति, तत्तस्यानादिपारिणामिकस्य नित्यसन्ततेर्लोकविनिवेशस्य लोकस्थितिरेव हेतुर्भवति।**

• गन्धहस्ती •

**यच्च वायव** इत्यादि। तनुवातवलयमाकाशप्रतिष्ठमनालम्बनं घनवातवलयं बिभर्ति, घनमारुत-वलयमप्यापो धत्ते, **न च** ता आपो **विष्वग् गच्छन्ति** = विशीर्यन्ते = स्रवन्तीत्यर्थः **आपश्च** कठिनीभूताः [१]सत्यः **पृथीवीर्धारयन्ति न स्पन्दन्ते**, ताश्च पृथिव्यो न तास्वप्सु विलीयन्ते, स एष सर्वोऽप्यनादिपारिणामिकः क्रमसन्निवेशो नित्यसन्ततिर्द्रव्यास्तिकनयावलम्बनात्।

तथा चागमः– [ॐ]"**इमा णं भंते ! रयणप्पभा पुढवी किं सासता असासता ? गोयमा ! सिय सासया सिय असासया, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! दव्वट्ठयाए सासया, वण्णपज्जवेहिं गन्धपज्जवेहिं**

• ભાષ્યાર્થ •

**જે વાયુ પાણી(ઘનોદધિ)ને ધારી રાખે છે તે (વાયુ) ચારેબાજુ ક્યાંય સરકતો નથી. તેમજ પાણી પૃથ્વીને ધારી રાખે છે, પણ તે હલતું નથી, વળી પૃથ્વીઓ પણ પાણીમાં વિલયને પામતી (ડૂબતી) નથી. તે અનાદિ પારિણામિક એવી નિત્ય સંતતિવાળી = પ્રવાહવાળી, લોક રચનાનો હેતુ, એવી લોકસ્થિતિ = લોક સ્વભાવ જ છે.**

• હેમગિરા •

ન હોય,_ગમનને આશ્રયી ત્રીજી પૃથ્વી સુધી જઈ શકે પણ એથી આગળ શક્તિ હોવા છતાં ય લોકસ્વભાવથી જ ન જઈ શકે. પ્રસંગોપાત (નરક વિશે) અન્ય પણ લોકસ્થિતિને દેખાડે છે.

### ❖ લોકાનુભાવથી જન્ય પદાર્થો ❖

**यच्च वायव...** આલંબન વિનાના = નિરાધાર, આકાશમાં રહેલા એવા તનુવાતવલય ઘનવાતવલયને ધારી રાખે છે. ઘનવાતવલય પણ પાણીને ધારણ કરે છે. તે પાણી આજુબાજુ ક્યાંય જતું નથી / પ્રસરતું નથી, અને આ કઠણ પાણી પૃથ્વીને ધારણ કરે છે, પાણી જરાય હલતું નથી, અને તે પૃથ્વીઓ તે પાણીમાં ડૂબી જતી નથી. તે આ બધા પણ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ અનાદિપરિણામવાળા, (તનવાત-ઘનવાત ઈત્યાદિ) ક્રમપૂર્વકની રચનાવાળા, નિત્ય સંતતિ (= શાશ્વત પ્રવાહ) રૂપ છે.

તે પ્રમાણે આગમમાં ય કહ્યું છે, તે આ મુજબ :-

**પ્રશ્ન :- હે ભગવાન ! આ રત્નપ્રભા પૃથ્વી શું શાશ્વત છે કે અશાશ્વત છે ?**

**ઉત્તર :- હે ગૌતમ ! શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે.**

**પ્રશ્ન :- હે પ્રભો ! તે શા માટે એવું કહેવાય છે ?**

---

१. संत्यः पा. । ॐ इयं भदन्त ! रत्नप्रभा पृथ्वी किं शाश्वती अशाश्वती ? गौतम ! स्यात् शाश्वती स्यात् अशाश्वती। तत् केनार्थेन भदन्त ! एवमुच्यते ? गौतम ! द्रव्यार्थतया शाश्वती, वर्णपर्यवैर्गन्धपर्यवैः रसपर्यवैः स्पर्शपर्यवैरशाश्वती, तदेतेनार्थेन गौतम ! एवमुच्यते ।

• भाष्यम् •

**अत्राह– उक्तं भवता– 'लोकाकाशेऽवगाहः' (अ.५, सू.१२), 'तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात्' (अ.१०, सू.५) इति। तत्र लोकः क: कतिविधो वा किंसंस्थितो वेति ?। अत्रोच्यते– पञ्चास्तिकायसमुदायो लोकः।**

• गन्धहस्ती •

**रसपज्जवेहिं फासपज्जवेहिं असासया, से एतेणं अट्ठेणं गोयमा ! एवं वुच्चइ।"** अस्यावस्थानस्य लोकानुभाव एव हेतुः = कारणं भवतीति।

**अत्राह– उक्तं भवते**त्यादिः सूत्रपातनिकाग्रन्थः। सूत्राण्यधिकृत्योच्यते, उक्तं भवता– **'लोकाकाशेऽवगाहः'** पञ्चमेऽध्याये (सू.१२), तथा दशमे (सू.५) **तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तादिति,** एवमनेकस्मिन् सूत्रे लोकशब्द उच्चरितः, **तत्र को लोकः कतिविधो वा किंसंस्थितो वेति ? उच्यते– पञ्चास्तिकायसमुदायो लोकः।** धर्माधर्माकाश-जीव-पुद्गलाः पञ्चास्तिकायास्तत्समुदायो लोकः, आकाशमाधारो भवति, धर्मादयस्त्वाधेयाः, आधाराधेयभावेन यदवस्थानमनाद्येषां स लोकः,

• ભાષ્યાર્થ •

**પ્રશ્ન : આપે (૫/૧૨ સૂત્રમાં) 'લોકાકાશમાં (ધર્માદિ દ્રવ્યોને) અવગાહન હોય છે', તેમજ (૧૦/૫ સૂત્રમાં) 'ત્યારપછી (સંપૂર્ણ કર્મ ક્ષય થયા પછી આત્મા) લોકાન્ત સુધી ઉપર જાય છે' તેમ કહ્યું છે. ત્યાં કહેલો 'લોક' એ શું છે ? અથવા કેટલા પ્રકારે છે ? અથવા તો કયા આકારવાળો છે ? જવાબ : લોક પંચાસ્તિકાયના સમુદાયરૂપ છે.**

• હેમગિરા •

**ઉત્તર :- હે ગૌતમ ! દ્રવ્યાર્થતયા (પૃથ્વી) શાશ્વત છે અને વર્ણ પર્યાયો વડે, ગંધ પર્યાયો વડે, રસ પર્યાયો વડે, અને સ્પર્શ પર્યાયો વડે અશાશ્વત છે. એટલા માટે હે ગૌતમ ! પૃથ્વી શાશ્વત-અશાશ્વત ઉભય કહેવાય છે.**

**આ (નરકાદિ) અવસ્થાનનો = રચનાનો હેતુ લોકસ્થિતિ જ છે.**

**अत्राह...** ઈત્યાદિ ભાષ્ય સૂત્ર પાતનિકાગ્રંથરૂપ (= અવતરણિકા) છે. તેને કહે છે →

**પ્રશ્ન :-** આપે ૫/૧૨ સૂત્રમાં કહ્યું છે કે - લોકાકાશમાં અવગાહના હોય છે. તેમજ દશમા અધ્યાય (= ૧૦/૫ સૂત્ર)માં છે કે "ત્યાર પછી સંપૂર્ણ ક્ષય થયા પછી આત્મા લોકના અંત સુધી ઉપર જાય છે." આ પ્રમાણે ઘણા સૂત્રોમાં 'લોક' શબ્દ ઉચ્ચારાયો છે. તો ત્યાં લોક શું છે ? અથવા કેટલા પ્રકારે છે ? અથવા તો કયા આકારવાળો છે ?

### ❖ પંચાસ્તિકાયના સમુદાયાત્મક લોક ❖

**જવાબ :-** પંચાસ્તિકાયના સમુદાયરૂપ લોક છે અર્થાત્ ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલ રૂપ જે પાંચ અસ્તિકાયો છે તેઓનો સમુદાય આ લોક છે. (એમાં) આકાશ એ આધારરૂપ છે અને ધર્મ વગેરે ચાર આધેય સ્વરૂપ છે. આધાર-આધેય ભાવથી આ પાંચેનું જેમાં અનાદિ અવસ્થાન છે તે લોક છે.

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૨૪

• भाष्यम् •

**ते चास्तिकायाः स्वतत्त्वतो विधानतो लक्षणतश्चोक्ता वक्ष्यन्ते च। स च लोकः क्षेत्रविभागेन त्रिविधः– अधस्तिर्यगूर्ध्वं[1] चेति। धर्माधर्मास्तिकायौ [2]लोकव्यवस्थाहेतू। तयोरवगाहनविशेषाल्लोकानुभावनियमात् सुप्रतिष्ठकवज्राकृतिर्लोकः।**

• गन्धहस्ती •

तथा चागमः– [8]**''किमिदं भंते ! लोगेत्ति पवुच्चति ? गोयमा ! जीवा चेव अजीवा चेव।''**

**ते चास्तिकाया** इत्यादि। अस्ति च ते कायाश्चास्तिकायाः, प्रवाहनित्यतामस्तिशब्दः प्रतिपादयति, न कूटस्थनित्यताम्, कायग्रहणं प्रदेशावयवबहुत्वार्थमिति पञ्चमे वक्ष्यते, **स्वतत्त्वतः** = स्वरूपतः = औपशमिकादिभावतः स्वतत्त्वो जीवः। **विधानतः** = संसारि-मुक्तादिभेदतः, **लक्षणतः** = उपयोगो लक्षणम् (२) इत्येवं जीवास्तिकायोऽभिहितः, शेषाश्च क्वचित् प्रसङ्गेनेत्यत **उक्ताः**, पञ्चमे पुनः प्रतिपदमेव **वक्ष्यन्ते** धर्मास्तिकायादयः स्वतत्त्व-विधान-लक्षणैरिति॥

• ભાષ્યાર્થ •

**તે અસ્તિકાયો સ્વતત્ત્વથી, વિધાનથી અને લક્ષણથી (અત્રે સામાન્યથી) કહ્યા છે અને આગળ (વિશેષથી) કહેવાશે. (અસ્તિકાયમય એવો) તે લોક ક્ષેત્ર વિભાગની દૃષ્ટિએ ત્રણ પ્રકારે છે → અધો, તિર્યગ્ અને ઉર્ધ્વ. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ લોક વ્યવસ્થામાં કારણ છે. આ બે અસ્તિકાયની અવગાહના વિશેષના આધારે તથા લોક અનુભાવના = લોકસ્વભાવના નિયમને લીધે આ લોક સુપ્રતિષ્ઠ વજ્ર = સ્થિરવજ્ર જેવી આકૃતિવાળો છે.**

• હેમગિરા •

તે અંગે આ પ્રમાણે આગમ પાઠ છે – **હે ભગવંત ! 'લોક' થી કોને કહેવાય છે ? હે ગૌતમ ! જીવો અને અજીવો જ ('લોક' થી કહેવાય છે.)**

**તે चास्तिकाया...** અસ્તિ એવા તે કાય તે 'અસ્તિકાય.' 'અસ્તિ' શબ્દ પ્રવાહથી નિત્યતાનું પ્રતિપાદન કરે છે પણ કૂટસ્થ (= એકાન્તે) નિત્યતાનું નહીં. (જૈન દર્શનમાં કોઈ પણ પદાર્થ કૂટસ્થ = એકાંત નિત્ય કે એકાંત અનિત્ય નથી પણ પ્રવાહની દૃષ્ટિએ નિત્ય અને વ્યક્તિની દૃષ્ટિએ અનિત્ય હોય છે.) 'કાય' પદનું ગ્રહણ પ્રદેશોના અવયવોની બહુલતા દર્શાવવા માટે છે. તે વાત પાંચમા અધ્યાયમાં સ્પષ્ટ કરાશે.

આ ધર્માસ્તિકાયાદિનું વર્ણન જે સ્વતત્ત્વ આદિ દ્વારા કરવાના છે તેનો શબ્દાર્થ (દાખલા તરીકે જીવને આશ્રયી) આ પ્રમાણે છે – સ્વતત્ત્વથી એટલે સ્વરૂપથી, અર્થાત્ ઔપશમિક વગેરે ભાવોની અપેક્ષાએ જીવ સ્વતત્ત્વવાળો છે. વિધાનથી જીવ સંસારી અને મુક્તાદિના ભેદવાળો છે અને લક્ષણથી જીવ ઉપયોગ લક્ષણવાળો છે. એમ બીજા અધ્યાયમાં જીવાસ્તિકાય કહેવાયો અને શેષ ધર્માસ્તિકાયાદિ ક્યાંક (અમુક અધ્યાયોમાં) પ્રસંગથી કહેવાયા છે. આથી ભાષ્યમાં **'उक्ता'** (= કહેવાયા) એ પ્રમાણે શબ્દ છે. પાંચમા અધ્યાયમાં તો ફરી ધર્માસ્તિકાય વગેરે વ્યક્તિગત રીતે જ સ્વતત્ત્વ, વિધાન અને લક્ષણ વડે કહેવાશે.

१. ०गूर्ध्वश्चे० रा.। २. **लोकहेतू** रा.पा.। ८. किमयं भदन्त ! लोक इति प्रोच्यते ? गौतम ! जीवाश्चैव अजीवाश्चैव।

• गन्धहस्ती •

**स चैवं**विधलक्षणो **लोकः क्षेत्रविभागेन त्रिविधोऽधस्तिर्यगूर्ध्वं** चेति। क्षेत्रविभागो विशिष्टमर्यादाव्यवच्छिन्नः, तद्यथा– समतलाद् भूभागादधोऽवगाह्य नव योजनशतानि रत्नप्रभाव्यवस्थितो-परितनाधस्तनक्षुल्लकप्रतरारब्धः सप्तमधरायाः परतो यावत् षोडश योजनानि तावदधोलोकः, तिर्यग्लोकस्तु तेभ्य एव क्षुल्लकप्रतरेभ्य आरब्धोऽष्टादशयोजनशतान्यूर्ध्वमारुह्य यावज्ज्योतिर्लोकोपरितनतलस्तावद् भवति, ज्योतिर्लोकोपरितनतलारब्धो यावदूर्ध्वं [1]सिद्धक्षेत्रादुपरि योजनमेकं तावदूर्ध्वलोक इति॥

अधुना लोकसंस्थानव्याख्यानायाह– **धर्माधर्मास्तिकायावि**त्यादि। धर्माधर्मद्रव्ये हि वक्ष्यमाणे समन्ततो लोकसन्निवेशमर्यादाव्यवस्थायाः कारणभूते, यावत्याकाशेऽवगाढे यथावस्थिते तथा तदवगाहनवशाल्लोकसन्निवेशः।

ननु क्वचित् पृथुनी क्वचित् तनुके क्वचित् प्रदेशवृद्धिपरिहाणियायिनी केन सन्निवेशं ग्राहिते इत्याह– **लोकानुभावनियमात्।** लोकानुभावो हि महानुभावश्चित्रानेकशक्तिगर्भोऽनादिपारिणामिकस्वभाव-

• હેમગિરા •

## ❖ ત્રણ પ્રકારનો લોક ❖

આવા પ્રકારના સ્વરૂપવાળો તે લોક ક્ષેત્ર વિભાગની દૃષ્ટિએ અધઃ તિર્યગ્ અને ઉર્ધ્વ એમ ત્રણ પ્રકારે છે. ક્ષેત્રવિભાગ એટલે અમુક વિશિષ્ટ મર્યાદાથી પ્રતિબદ્ધ દેશ. તે આ મુજબ - સમભૂતલા ભૂમિભાગથી ૯૦૦ યોજન નીચે ગયા પછી રત્નપ્રભાપૃથ્વીમાં રહેલા ઉપરના અને એની નીચેના એમ બે ક્ષુલ્લક (નાના) પ્રતરથી આરંભાયેલો સાતમી પૃથ્વી પછીના ૧૬ યોજન સુધીનો લોક અધોલોક કહેવાય છે. વળી તિર્યગ્લોક તો તે જ (ઉપર નીચેના બે) ક્ષુલ્લક પ્રતરોથી આરંભેલો ૧૮૦૦ યોજન ઉપર ગયા પછી છેક જ્યોતિષ લોકના ઉપરિતન તળીયા સુધી હોય છે. (= સમભૂતલાથી નીચે ૯૦૦ યોજન અને ઉપર પણ ૯૦૦ યોજન એમ કુલ ૧૮૦૦ યોજન તિર્ચ્છાલોક જાણવો) જ્યોતિષ લોકના ઉપરિતન તળીયાથી આરંભેલો છેક ઉપર સિદ્ધક્ષેત્રથી = સિદ્ધશિલાથી ઉપર એક યોજન સુધી ઉર્ધ્વલોક હોય છે. (જુઓ પરિશિષ્ટ-૧૨ ચિત્ર નં.૨)

હવે લોકના આકારની વ્યાખ્યા કરવા માટે **धर्माधर्मास्तिकायौ**... ઈત્યાદિ ભાષ્ય કહે છે → આગળ કહેવાતા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય બધી બાજુથી લોક રચનાની મર્યાદાની વ્યવસ્થામાં [2]કારણભૂત છે અર્થાત્ જેટલા આકાશમાં આ બન્ને અવગાહીને જે રીતે રહેલા હોય તે રીતે અવગાહનાના વશથકી લોકનો આકાર = લોક રચના હોય છે.

ક્યાંક જાડા, ક્યાંક પાતળા તો ક્યાંક પ્રદેશની વૃદ્ધિ અને પરિહાનિને પામનારા તે બે દ્રવ્યો કયા કારણે તે રીતે લોકના આકારને પામેલા છે ?

## ❖ લોકનું સંસ્થાન ❖

આ પ્રશ્નનો ભાષ્યકારશ્રી જવાબ કહે છે કે - **લોકસ્વભાવના નિયમથી** લોક આવા આકારે છે.

લોકાનુભાવ = લોકસ્વભાવ જ મહા પ્રભાવવાળો, વિવિધ પ્રકારની અનેક શક્તિઓથી યુક્ત, વિશિષ્ટ અનાદિપારિણામિક સ્વભાવવાળો છે. આ લોક સ્વભાવથી કરાયેલા નિયમને લઈને જ તેવા આકારવાળા

---

૧. सिद्धिक्षेत्र० रा० ॥ ૨. પ્રસ્તુત આ બે દ્રવ્યોને કારણભૂત એટલા માટે કહ્યા છે કે જીવ, પુદ્ગલ પણ લોકમાં અવસ્થિત ગતિ-સ્થિતિ વાળા છે, તે આ બે (ધર્મ, અધર્મ) દ્રવ્યોના લીધે છે. ધર્મ, અધર્મનો અલોકમાં અભાવ હોવાથી જીવ, પુદ્ગલ ત્યાં જઈ શકતા નથી.

● भाष्यम् ●

**अधोलोको गोकन्धरार्धाकृतिः[१]✦ ॥**

● गन्धहस्ती ●

विशेषस्तत्कृतादेव नियमात् तथासंस्थाने ते द्रव्ये नेश्वरादीच्छाविरचिते, इत्येवं धर्माधर्मद्वयव्यवस्थानकृतो लोकसन्निवेशः।

स च सुप्रतिष्ठकवज्राकृतिः सुप्रतिष्ठकवज्रयोरिव संस्थानं = आकृतिर्यस्यासौ **सुप्रतिष्ठकवज्राकृतिर्लोकः**, सुप्रतिष्ठकः = शरयन्त्रकं यत्र व्यवस्थाप्य वासांसि धूप्यन्ते, तत् किल बह्वनुहरति लोकसन्निवेशस्य, वज्रमपि शक्रायुधं तदपि बहुसदृशमाचक्षते प्रवचनविदः, लोकसंस्थानस्य स्फुटतरः सन्निवेशोऽमुनैव सूरिणा प्रकरणान्तरे (प्रशम० गा० २१०-२११) अभिहितस्तद्यथा–

**"जीवाजीवौ द्रव्यमिति षड्विधं भवति लोकपुरुषोऽयम्। वैशाखस्थानस्थः पुरुष इव कटिस्थकरयुग्मः॥**
**तत्राधोमुखमल्लकसंस्थानं वर्णयन्त्यधोलोकम्। स्थालमिव तिर्यग्लोकमूर्ध्वमथ मल्लकसमुद्गम् ॥"- आर्या**

एवं समुदायसन्निवेशमाख्यायाधुना प्रत्येकमधोविभागादिसन्निवेशाभिधित्सया आह– **अधोलोको**

● ભાષ્યાર્થ ●

**અધો લોક [૨]અર્ધ-ગોકન્ધરાની = ગાયની ડોક જેવી આકૃતિવાળો છે.**

● હેમગિરા ●

તે બે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય છે, પણ ઈશ્વર આદિની ઈચ્છાથી રચાએલા નથી. આથી આ પ્રમાણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એ બે દ્રવ્યના વ્યવસ્થાનથી કરાયેલો લોકાકાર = લોકરચના છે. વળી તે લોકનો આકાર સુપ્રતિષ્ઠક (યંત્ર વિશેષ) અને વજની આકૃતિવાળો છે.

(सुप्रतिष्ठकवज्राकृति પદમાં બહુવ્રીહિ સમાસ જાણવો) સુપ્રતિષ્ઠક અને વજના જેવું સંસ્થાન = આકૃતિ છે જેની એ સુપ્રતિષ્ઠક - વજાકૃતિવાળો લોક કહેવાય છે. સુપ્રતિષ્ઠક એ એક પ્રકારનું બાણોનું (ઘાસ વિશેષમાંથી બનેલું) યંત્ર વિશેષ છે જેમાં કપડા મૂકી ધૂપાવવામાં આવે છે. તે યંત્ર (આકારમાં) લોકાકારનું અનુકરણ કરે છે. ઈન્દ્રમહારાજાનું જે શસ્ત્ર = વજ (૧૫માં તીર્થંકર શ્રીધર્મનાથ ભગવાનના લંછન જેવું) છે તે પણ ઘણુખરૂ (લોકના આકારના) સરખું હોય છે એમ પ્રવચનજ્ઞો કહે છે. લોકસંસ્થાનનો અત્યંત સ્પષ્ટ આજ આકાર આચાર્યવાચકશ્રી વડે અન્ય પ્રકરણમાં (= પ્રશમરતિ પ્રકરણમાં ૨૧૦ અને ૨૧૧મી ગાથામાં) કહેવાયો છે. તે આ મુજબ :-

**❖ લોક પુરૂષ ❖**

**જીવ અને અજીવ એ બે દ્રવ્ય છે. એનાથી યુક્ત, વૈશાખ સંસ્થાનમાં (પગ પહોળા કરીને) ઉભેલા કેડે બે હાથ રાખેલા પુરુષના જેવો આ લોક પુરૂષ ૬ પ્રકારનો હોય છે ||૨૧૦||**

**ત્યાં અધો લોકને ઊંધા રાખેલા કોડિયાના આકારવાળો, તિર્યગ્લોકને ગોળ થાળી જેવો અને ઉર્ધ્વલોકને શરાવ સંપુટ = [૩]કોડિયાના સંપુટ જેવો કહ્યો છે ||૨૧૧||** - આ પ્રમાણે આખા લોકનો સામુદાયિક આકાર વર્ણવીને હવે લોકના પ્રત્યેક અધોવિભાગાદિના સંસ્થાનનું વિશેષથી વર્ણન કરવાની ઈચ્છાથી કહે છે :-

१. ०राकृतिः पा.रा.। ✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૨૫ २. योजनानां नवशतान्यतीत्य रुचकादित आलोकान्तमधोलोकस्तप्राकृतिरुदाहृतः (અધોલોક તપ્ર = કુંભ = ઊંધા વાળેલા કુંડાની આકૃતિવાળો છે.) ૩. 'ઉભા મૂકેલા શકોરાની ઉપર ઉંધા મૂકેલા શકોરા' જેવો 'શરાવ સંપુટ'નો આકાર કહેવાય છે.

• भाष्यम् •

**उक्तं ह्येतद्। भूमयः सप्ताधोऽधः पृथुतराश्छत्रातिच्छत्रसंस्थिताः' (अ.३, सू.१) इति ता यथोक्ताः। तिर्यग्लोको झल्लर्याकृतिः। ऊर्ध्वलोको मृदङ्गाकृतिरिति।**

• गन्धहस्ती •

**गोकन्धरार्धाकृतिः**। गोग्रीवायास्त्वधरमर्धमुपरिष्टात् सङ्क्षिप्तमधस्तात् क्रमवृद्ध्या विशालं विशालतरं च भवति तद्वदधोलोकसन्निवेशः, उपरि तनुकोऽधस्तु विशालो, विशालतरश्चेति। एतदर्थसमर्थनायाह-

**उक्तं ह्येतदित्यादिना**। यथोक्तं यथासन्निवेशं यथाप्रमाणं चाधोलोक इति। **झल्लर्याकृतिस्तिर्यग्लोकः**। झल्लरी सर्वत्र समतला तुल्यविष्कम्भायामा वादित्रविशेषस्तद्वत् तिर्यग्लोकसन्निवेशः, स च विष्कम्भायामाभ्यां रज्जुप्रमाणो जम्बूद्वीपमेरुरुचकमध्य इति॥

**मृदङ्गाकृतिरूर्ध्वलोक** इति। मृदङ्गो वादित्रविशेष उपरिष्टादधश्च संक्षिप्तो मध्ये पृथुस्तद्वदूर्ध्वलोकः, उर्ध्वाधः किञ्चिदूनसप्तरज्जुको ब्रह्म-लोकाऽधोव्यवस्थितकृष्णराजिमध्यगलोकान्तिकदेवनिवासरिष्ठविमान-

• ભાષ્યાર્થ •

**કેમકે (૩/૧ સૂત્રના ભાષ્યમાં) અમે આ (અધોલોકનું સંસ્થાન) કહ્યું હતું કે -**

**'સાતે પૃથ્વીઓ (એક બીજાની) નીચે નીચે રહેલી છે અને અધિકતર પહોળાઈવાળી છત્રાતિછત્રના આકારવાળી છે. તે યથાસ્વરૂપે કહેવાઈ ગઈ છે. તિર્યગ્ લોક ઝાલરની (વગાડવાની કાંસાની થાળીની) આકૃતિવાળો છે. ઉર્ધ્વલોક મૃદંગની = ઢોલકની આકૃતિવાળો છે.**

• હેમગિરા •

### ❖ અધોલોકનું સંસ્થાન ❖

અધોલોક અર્ધ ગોકન્ધરાની આકૃતિવાળો છે અર્થાત્ ગાયની ડોકનો નીચેનો અર્ધભાગ જે ઉપરથી સંક્ષિપ્ત હોય છે અને નીચે ક્રમશઃ વૃદ્ધિ પામતો વિશાળ-વિશાળતર હોય છે. તેની જેમ અધોલોકનો આકાર પણ ઉપરમાં પાતળો અને નીચે વિશાળ = વિશાળતર હોય છે. આ જ વાતનું સમર્થન **उक्तं ह्येतद्** ઈત્યાદિ ભાષ્ય વડે કરે છે.

### ❖ તિર્યગ્લોકનું સંસ્થાન ❖

યથોક્ત એટલે ઉપર કહેલ આકાર અને પ્રમાણવાળો અધોલોક છે. તિર્યગ્લોક ઝાલરની આકૃતિવાળો છે અર્થાત્ ઝલ્લરી નામનું વિશિષ્ટ વાજિંત્ર સર્વત્ર સમતલ, સમાન લંબાઈ અને પહોળાઈવાળુ હોય છે. તે (ઝાલર)ના જેવો (આકારવાળો) તિર્યગ્લોકનો આકાર છે. અને તે આ તિર્ચ્છાલોક લંબાઈ અને પહોળાઈ વડે એક રજ્જુ પ્રમાણ છે અને તેના મધ્યભાગમાં જંબૂદ્વીપના મેરૂપર્વતના આઠ રુચક પ્રદેશો રહેલા છે.

### ❖ ઉર્ધ્વલોકનું સંસ્થાન ❖

ઉર્ધ્વલોક મૃદંગની આકૃતિવાળો છે અર્થાત્ મૃદંગ (= ઢોલક = પખવાજ) નામનું એક વિશિષ્ટ વાજિંત્ર કે જે ઉપરથી અને નીચેથી સાંકડુ હોય અને વચ્ચેથી પહોળુ હોય છે તે (મૃદંગ) ના જેવો ઉર્ધ્વલોક છે. જે ઉપરથી નીચે (= લંબાઈમાં) કંઈક ન્યૂન સાત રજ્જુ પ્રમાણ છે. બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકના

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૨૬,૨૭

सूत्रम्

**जम्बूद्वीप-लवणादयः शुभनामानो द्वीप-समुद्राः॥३/७॥**

भाष्यम्

**तत्र तिर्यग्लोकप्रसिद्ध्यर्थमिदमाकृतिमात्रमुच्यते॥३/६॥**

**जम्बूद्वीपादयो द्वीपा लवणादयश्च समुद्राः शुभनामान इति। यावन्ति लोके शुभानि**

गन्धहस्ती

प्रस्तारमध्यस्तिर्यक्पञ्चरज्जुप्रमाणो ब्रह्मलोकप्रदेशेऽन्यत्र [1]प्रदेशहान्या अनियतप्रमाण इति। तत्र च तृतीयोऽधोलोकः प्रागाख्यातः।

अधुना **तिर्यग्लोकप्रसिद्ध्यर्थमिदमाकृतिमात्रमुच्यते**, एवंविधस्तिर्यग्लोक इत्यस्यार्थस्य प्रतीतये सर्वमिदं आ अध्यायपरिसमाप्तेः प्रतायते संस्थानमात्रं, मात्रशब्दः संक्षेपाभिधानार्थः केनचिल्लेशोद्देशेन न पुनर्विस्तरेणेति, विस्तरतस्तु **द्वीप-सागरप्रज्ञप्त्यादि**भ्योऽधिगन्तव्य इत्यावेदयति॥३/६॥

[**जम्बूद्वीपे**त्यादि (३/७) सूत्रम्]

**जम्बूद्वीपादयो द्वीपा** इत्यादि भाष्यम्। जम्बूद्वीप इति संज्ञा-संज्ञिसम्बन्धोऽत्रानादिः, पुरुष-

સૂત્રાર્થ

**જંબૂદ્વીપ અને લવણ વગેરે શુભનામવાળા દ્વીપ અને સમુદ્રો છે. ||૩/૭||**

ભાષ્યાર્થ

**તિર્યગ્‌લોકની પ્રસિદ્ધિ (બોધ) કરાવવા માટે આ આકૃતિ ટૂંકમાં કહેવાય છે. ||૩/૬||**

**જંબૂદ્વીપ વગેરે દ્વીપો અને લવણ વગેરે સમુદ્રો શુભનામવાળા છે એમ જાણવું. એટલે કે**

હેમગિરા

અધોભાગમાં રહેલ કૃષ્ણરાજીઓના મધ્યભાગમાં રહેલ લોકાંતિક દેવના નિવાસને વિશે રિષ્ટ નામના વિમાનના પ્રતરમાં મધ્યભાગવાળો ઉર્ધ્વલોક છે.

આ બ્રહ્મલોક દેવલોકનો પ્રદેશ તીર્છી પહોળાઈમાં પાંચ રજ્જુ પ્રમાણ છે. અન્યત્ર ઉર્ધ્વલોકમાં પ્રદેશોની હાનિ વડે તિર્છી આ પહોળાઈ નિયત પ્રમાણવાળી નથી હોતી, વળી ત્યાં (લોકની બાબતમાં) ત્રણે (અધો, તિર્યગ્, ઉર્ધ્વ) લોકમાંથી ત્રીજો અધોલોક પૂર્વે (આ અધ્યાયમાં) કહેલો છે.

### ❖ તિર્યગ્‌લોકની પ્રસ્તાવના ❖

અત્યારે 'તિર્ચ્છાલોકને જણાવવા માટે આ તેની (ઉપરોક્ત) આકૃતિ માત્રને કહી છે.' બાકી તો આવા પ્રકારના આ તિર્ચ્છાલોકનું સમસ્ત સ્વરૂપ ઠેઠ ત્રીજા અધ્યાયની સમાપ્તિ સુધી કહેવાશે. ભાષ્યનો 'માત્ર' શબ્દ 'સંક્ષેપ' શબ્દના અર્થમાં છે. અર્થાત્ આ તિર્યગ્‌લોકનું લેશ જ કથન અહીં કરવાના છે, વિસ્તારથી નહિ, એમ જાણવું. વિસ્તારથી તો **દ્વીપ-સાગરપ્રજ્ઞપ્તિ** આદિ આગમો દ્વારા જાણવું એવું ('માત્ર' શબ્દ લખવા દ્વારા) જણાવે છે. ||૩/૬||

### ❖ દ્વીપ-સમુદ્રોની વ્યવસ્થા ❖

**जंबूद्वीपादयो...** અહીં 'જંબૂદ્વીપ' એ પ્રમાણેનો સંજ્ઞા-સંજ્ઞી સંબંધ (વાચ્ય-વાચક સંબંધ) અનાદિકાલીન

१. ब्रह्महान्या रा.पा.।

• भाष्यम् •

**नामानि तन्नामान इत्यर्थः। शुभान्येव वा नामान्येषामिति ते शुभनामानः। द्वीपादनन्तरः समुद्रः। समुद्रादनन्तरो द्वीपः॥**

• गन्धहस्ती •

प्रवाहानादित्वात्, जम्बूतरोश्च सर्वदा सत्त्वाल्लोकसन्निवेशस्य च न कदाचिदनीदृशत्वात्, स च शब्दार्थसम्बन्धः पुरुषान्तरव्यवस्थाप्योऽनादिप्रवाहरूपोऽपि व्यवहारक्षमतया सन्नियुज्यत इति। **जम्बूद्वीपादयो द्वीपा लवणादयः समुद्रा** इत्यादिशब्दस्य प्रत्येकमभिसम्बन्धमापादयति।

**शुभनामान** इत्यनेन विशिष्टामेव संज्ञां द्वीप-समुद्राणां प्रतिपादयति, शुभानि च तानि नामानि चेति शुभनामानि = प्रशस्ताभिधानानीत्यर्थः। शुभनामानि येषां ते शुभनामानः, एतदेव स्पष्टयति– **यावन्ति लोके शुभानि नामानि तन्नामान इत्यर्थः**। कियन्ति पुनस्तानि ? असङ्ख्येयानि लोके शुभनामानीति। तच्चासङ्ख्येयकं विशिष्टमेव परिगृह्यते, तद्यथा– असङ्ख्येयखण्डवालाग्रभृतासङ्ख्येय-

• ભાષ્યાર્થ •

**લોકમાં જેટલા શુભનામો છે તેટલા નામવાળા આ દ્વીપ અને સમુદ્રો છે. અથવા શુભ જ નામો છે જેઓના એવા તેઓ શુભનામવાળા કહેવાય છે. દ્વીપને સ્પર્શીને સમુદ્ર હોય છે અને સમુદ્રને સ્પર્શીને દ્વીપ હોય છે.**

• હેમગિરા •

છે. કેમકે પુરૂષનો પ્રવાહ (જંબૂદ્વીપને જંબૂદ્વીપના નામથી કહેનારા વક્તા પુરૂષો પણ પ્રવાહની અપેક્ષાએ) અનાદિકાળથી છે અને જેને આશ્રયી જંબૂદ્વીપ એવું નામ છે તે શાસ્ત્રમાં વર્ણિત જંબૂ નામક વૃક્ષનું અસ્તિત્વ સર્વદા ત્રણે કાળમાં હોય છે, કારણ કે જંબૂદ્વીપ કે સમસ્ત ૧૪ રાજલોકનો આકાર 'એવા પ્રકારનો ન હતો' એવું ક્યારે પણ બન્યું નથી. પુરુષાન્તર (એકથી બીજા વ્યક્તિ)માં અર્થ બોધની વ્યવસ્થા જેનાથી થઈ શકે એવો શબ્દ અને અર્થનો સંબંધ (વાચ્ય-વાચકભાવ) અનાદિ પ્રવાહવાળો હોવાના કારણે (શાબ્દ) વ્યવહારમાં સમર્થ હોવાથી તે તે પદાર્થમાં બોધ માટે વપરાય છે. (જેમ કે અનાદિ એવા જંબૂવૃક્ષને 'જંબૂવૃક્ષ' નામથી કહેવા 'જંબૂવૃક્ષ' એવો શબ્દ પ્રયુક્ત થાય છે ઈત્યાદિ.) જંબૂદ્વીપ આદિ દ્વીપો અને લવણ આદિ સમુદ્રો એમ 'આદિ' શબ્દનો અન્વય પ્રત્યેક(આગળના દ્વીપ સમુદ્રો)ની સાથે છે એવુ ગ્રન્થકાર પ્રતિપાદન કરે છે, અર્થાત્ 'આદિ' શબ્દથી અન્ય પણ દ્વીપ-સમુદ્રો સમજી લેવા.

### ❖ દ્વીપ–સમુદ્રોના નામો ❖

"શુભનામવાળા" એવું કહેવા દ્વારા વાચકશ્રી દ્વીપ અને સમુદ્રોની વિશિષ્ટ પ્રકારની સંજ્ઞાનુ પ્રતિપાદન કરે છે. શુભ એવા તે નામો તે શુભનામો અર્થાત્ પ્રશસ્તનામો. આ શુભનામો છે જેઓના તેઓ શુભનામવાળા કહેવાય.

આ જ વાતને ભાષ્યમાં સ્પષ્ટ કરે છે - લોકમાં જેટલા શુભનામો છે, તે નામવાળા દ્વીપસમુદ્રો છે એ કહેવાનો આશય છે.

**પ્રશ્ન** :- તે નામો કેટલા છે ?

**ઉત્તર** :- લોકમાં શુભનામો અસંખ્ય છે. તે અસંખ્ય વિશિષ્ટ પ્રકારનું જ ગ્રહણ કરાય છે. તે આ

भाष्यम्

**यथासङ्ख्यम्। तद्यथा– जम्बूद्वीपो द्वीपः। लवणोदः समुद्रः। धातकीखण्डो द्वीपः कालोदः समुद्रः। पुष्करवरो द्वीपः पुष्करोदः समुद्रः। वरुणवरो द्वीपो वरुणोदः समुद्रः।**

गन्धहस्ती

वर्षकोट्योद्धारकालसूक्ष्मपल्योपमप्रपञ्चनिष्पन्नार्धतृतीयसागरोपमोद्धारसमयराशिप्रमाणतुल्या द्वीप-समुद्राः।

**शुभान्येव वा नामान्येषामि**ति एतावदविगानेनावधार्यते, शुभानि हि सर्वेषां द्वीप-समुद्राणां नामानि, नाशुभान्यपीति, अस्मिन् पक्षे **सङ्ख्योन्नेया**। **द्वीपादनन्तरः समुद्रः समुद्रादनन्तरो द्वीपः** इत्यनेनैतत् कथयति– नासङ्ख्येयसकलद्वीपपरिसमाप्तौ जातायां पश्चाल्लवणादयः समुद्राः, किन्तु प्राक् तावद् द्वीपः पश्चात् समुद्रोऽनन्तरः पुनर्द्वीपः पुनः समुद्र इत्येवमास्वयम्भूरमणसमुद्रादिति॥

एतदेव विवृणोति यथासङ्ख्यमित्यादिना भाष्येण–

ભાષ્યાર્થ

**યથાસંખ્ય (= ક્રમશઃ તે દ્વીપ સમુદ્રોનો ક્રમ) તે આ મુજબ છે – (૧) જંબૂ દ્વીપ (નામે) દ્વીપ ૧. લવણોદ સમુદ્ર (૨) ધાતકીખંડ દ્વીપ ૨. કાલોદ સમુદ્ર (૩) પુષ્કરવર દ્વીપ ૩. પુષ્કરોદ**

હેમગિરા

પ્રમાણે - [૧]અસંખ્ય ટુકડા કરેલા એવા વાળના અગ્રભાગ (= મસ્તકના અતિ ઝીણા વાળો) વડે ભરેલા, ૧ યોજન ઉંડા લાંબા અને પહોળા ખાડાને ખાલી કરવા વડે, અસંખ્ય ક્રોડ વર્ષ સ્વરૂપ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમના ગણિતથી બનેલ અઢી ઉદ્ધાર સાગરોપમ (= ૨૫ કોડાકોડી ઉદ્ધાર પલ્યોપમ)ના સમયની રાશિના પ્રમાણ જેટલા દ્વીપ અને સમુદ્રો છે.

- અથવા **શુભાન્યેવ**... આ ભાષ્ય કથિત અવધારણ (= **एवकार**)માં કોઈ વિવાદ નથી. કેમકે બધાય દ્વીપસમુદ્રોના નામો શુભ છે, અશુભનામો નથી, આ (શુભનામના) પક્ષમાં સંખ્યા જાણવી.[૨] અર્થાત્ દ્વીપ-સમુદ્રોના શુભનામો **સંખ્યાતા** જ છે. દ્વીપ પછી સમુદ્ર, સમુદ્ર પછી દ્વીપ હોય છે, એવું કહેવા દ્વારા એ કહેવું છે કે - અસંખ્યેય સમગ્ર દ્વીપો પૂરા થયે છતે પછી લવણાદિ સમુદ્રો આવે છે એવું નથી પણ પ્રથમ શરૂઆતમાં દ્વીપ પછી સમુદ્ર ત્યાર પછી ફરી દ્વીપ ફરી સમુદ્ર આ રીતે (અંતિમ) સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું. આ જ હકીકતનું 'યથાસંખ્ય' ઈત્યાદિ ભાષ્યથી વિવરણ કરે છે.

---

✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૨૮,૨૯ ૧. કલ્પનાથી ૭ દિવસના યુગલિક બાળકના વાલાગ્રના કેવલીની દૃષ્ટિએ અસંખ્ય ટૂકડા કરી અને તેનાથી એક યોજન પ્રમાણ લાંબા, પહોળા અને ઉંડા કૂવાને ભરવો, તે એટલો ઠસોઠસ ભરવો કે ચક્રવર્તિનું આખું સૈન્ય તેના પરથી પસાર થઈ જાય તો પણ જરાય ખાડો ન પડે. એક વાળ પણ અંદર ન જાય એવી રીતે ઠસોઠસ ભરાયેલા કુવામાંથી એક એક વાળના ટૂકડાને સમયે સમયે (કલ્પનાથી) કાઢતા જેટલા સમયો વડે તે કૂવો ખાલી થાય, તેટલો કાળ એક પલ્યોપમમાં હોય છે. દસ કોટાકોટી (૧ ક્રોડ X ૧ ક્રોડ = ૧ કોટાકોટી, એવા ૧૦ કોટાકોટી) પલ્યોપમ બરાબર એક ઉદ્ધાર સાગરોપમ થાય. આવા અઢીઉદ્ધાર સાગરોપમમાં જેટલા સમયો હોય છે તેટલા દ્વીપ સમુદ્રો જાણવા.
૨. આ દ્વીપ સમુદ્રો અસંખ્ય હોવાથી નિયત = સંખ્યાતા શુભનામો વડે કહેવા કઈ રીતે શક્ય બને ? અર્થાત્ નહીં બની શકે. **જવાબ** :- તે નામો સંખ્યાતા હોવા છતાં ય તેઓથી અસંખ્ય દ્વીપ-સમુદ્રો કહેવા શક્ય છે કેમકે એક જ નામના બે-બે અને ત્રણ-ત્રણ દ્વીપ સમુદ્રો છે. એટલું જ નહીં પણ, એક જ નામના અસંખ્ય દ્વીપો અને અસંખ્ય સમુદ્રો પણ છે. દા.ત. જંબૂ નામના અસંખ્ય દ્વીપો છે. (क्षे.लो.प्र.सर्ग-१५ गाथा १४-२३)

भाष्यम्

**क्षीरवरो द्वीपः [1]क्षीरोदः समुद्रः। घृतवरो द्वीपो घृतोदः समुद्रः। इक्षुवरो द्वीप इक्षुवरोदः समुद्रः। नन्दीश्वरो द्वीपः नन्दीश्वरोदः समुद्रः। अरुणवरो द्वीपोऽरुणवरोदः समुद्रः। इत्येवमसङ्ख्येया द्वीपसमुद्राः स्वयम्भूरमणपर्यन्ता वेदितव्या इति॥३/७॥**

गन्धहस्ती

लवणोद इति, "**संज्ञायामुत्तरपदस्य**" (परिभाषेन्दुशेखर) इति वचनादुदभावः, शेषं सुज्ञानम्। पर्यन्ते उपसंहरति, न खलु शक्यन्ते नाम[2]ग्रहमाख्यातुमसङ्ख्येयत्वादत एवंप्रकारा द्वीपाः समुद्राश्चा-**सङ्ख्येयाः स्वयम्भूरमणसमुद्रपर्यन्ता वेदितव्याः**। सर्वं चैतज्जम्बूद्वीपादिसमुद्र-द्वीपवलयजालमस्यामेव रत्नप्रभापृथिव्यामवस्थितमवसेयम्, एतावांश्च तिर्यग्लोको न ततः परम्, अधोलोकादिविभागतश्चेह लोकोऽपदिश्यते साकल्येन सर्वज्ञज्ञानविषयत्वात्।

सर्वं हि ज्ञेयं ज्ञातव्यं सर्वज्ञेनोपदेष्टव्यं च चरित्रोपयोगि श्रद्धानलक्षणसम्यग्दर्शनविषयतया च निर-

ભાષ્યાર્થ

**સમુદ્ર (૪) વરુણવરદ્વીપ ૪. વરુણોદ સમુદ્ર (૫) ક્ષીરવરદ્વીપ ૫. ક્ષીરોદ સમુદ્ર (૬) ઘૃતવરદ્વીપ ૬. ઘૃતોદ સમુદ્ર (૭) ઈક્ષુવર દ્વીપ ૭. ઈક્ષુવરોદ સમુદ્ર. (૮) નંદીશ્વરદ્વીપ ૮. નંદીશ્વરોદ સમુદ્ર. (૯) અરૂણવરદ્વીપ ૯. અરૂણવરોદ સમુદ્ર. આ પ્રમાણે અસંખ્ય દ્વીપો અને સમુદ્રો સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવા.[3] ||૩/૭||**

હેમગિરા

### ❖ લવણોદ = લવણોદક ❖

'**લવણોદ**' અહીં '**संज्ञायामुत्तरपदस्य**' અર્થાત્ સંજ્ઞામાં ઉત્તરપદમાં રહેલ 'ઉદક' શબ્દનો 'ઉદ' આદેશ થાય છે. આ વચનથી 'લવણોદ' શબ્દમાં ઉત્તરપદમાં રહેલ ઉદક શબ્દનો ઉદ આદેશ થઈને લવણોદ શબ્દ બન્યો છે. - (લઘુવૃત્તિમાં '**नाम्न्युत्तरपदस्य च**' ૩/૨/૧૦૭ આ સંબંધી સૂત્ર છે.) શેષ ભાષ્ય સુગમ છે. (તે દ્વીપ સમુદ્રો) અસંખ્ય હોવાથી ખરેખર તે બધાને નામપૂર્વક કહેવાં તો શક્ય નથી. આથી "આવા પ્રકારના અસંખ્ય દ્વીપો અને સમુદ્રો સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવા" એમ ભાષ્યમાં અંતે ઉપસંહાર કરે છે. જંબૂદ્વીપની આદિવાળા સમુદ્રો અને દ્વીપોના વલયનો આ સઘળો સમૂહ આ જ રત્નપ્રભા પૃથ્વીમાં રહેલો જાણવો. વળી આટલો જ તિર્ચ્છાલોક છે, તેની પછી નથી. આ રીતે અધોલોકાદિના વિભાગ થકી અહીં લોક કહેવાયો છે. (આ વાત આપણા જેવા છદ્મસ્થ માટે છે)

### ❖ સર્વજ્ઞ પ્રણીત સર્વ પદાર્થ મોક્ષમાર્ગના અંગ ❖

સર્વજ્ઞપ્રભુને તો (સાકલ્યેન) સમગ્ર લોકનું જ્ઞાન એક સાથે જ થાય છે અને કેવળ જ્ઞાનથી આ

१. क्षीरवरोदः रा. पा. । ✥ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૩૦,૩૧,૩૨ २. ०ग्राह० मु (सं)। ૩. લવણોદ = લવણોદક = લવણજલ = લવણ જેવું ખારૂં છે પાણી જેનું તે લવણોદ. આમ યથાયોગ્ય દરેક સમુદ્રમાં અર્થ ઘટના કરી લેવી. લવણ સમુદ્રનું પાણી ખારૂ, કાલોદધિનું અને પુષ્કરવરનું સ્વાભાવિક પાણીના સ્વાદ જેવું, વારૂણીવરનું મદિરા જેવું, ક્ષીરવરનું દૂધ જેવું, ઘૃતવરનું ઘી જેવું, સ્વયંભૂરમણનું સ્વાભાવિક જળ જેવું, શેષ સમુદ્રોનું શેરડીના સ્વાદ જેવું પાણી હોય છે.

सूत्रम्

**द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः॥३/८॥**

भाष्यम्

**सर्वे चैते द्वीपसमुद्रा यथाक्रममादितो द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः**

गन्धहस्ती

वशेषं मुक्तिमार्गाङ्गतया, तथातिशयज्ञानविभूतिलाञ्छितत्वाच्च सर्वातीन्द्रियाणां पदार्थानां सुप्रत्ययित-पुरुषप्रत्यक्षेक्षितजनपदव्यवहारप्रतिपत्तिवत् सर्वं सुश्रद्धानमित्यवेत्य मुक्तसंशयं प्रतिपत्तव्यम्, ज्योतिष-निमित्त-गणितशास्त्राणां सर्वज्ञलाञ्छनत्वाद् ध्यानप्रक्रियायां च लोकसन्निवेशविशेषजीवोत्पादादि-चिन्तनमुपदिष्टमतो यदभिदधते बालिशाः कुतर्कपटप्रसारणपटवो बटवः, क्लेशादिप्रहाणोपायोपदेशबहिर्भूतो द्वीप-समुद्रादिसन्निवेशोपदेशो मुमुक्षोर्[१]नुपदेशोऽयुज्यमानत्वात्, तदपास्तमवसातव्यमिति॥३/७॥

एते चानन्तरसूत्रनिर्दिष्टा द्वीपाः समुद्राश्च सर्वेऽपि–

સૂત્રાર્થ

**બમણા બમણા વિસ્તારવાળા, પૂર્વ પૂર્વને વીંટળાઈને રહેલા, ગોળ બંગડીના આકારે દ્વીપો અને સમુદ્રો છે.॥૩/૮॥**

ભાષ્યાર્થ

**આ બધા દ્વીપ સમુદ્રો ક્રમસર પ્રારંભથી માંડીને બમણી બમણી પહોળાઈવાળા તેમજ પૂર્વ-**

હેમગિરા

બધા જ જ્ઞેય પદાર્થો સર્વજ્ઞોએ ઉપદેશેલા છે. કેમકે બધા જ્ઞેય પદાર્થો શ્રદ્ધા સ્વરૂપ સમ્યગ્દર્શનના વિષય હોઈ મોક્ષમાર્ગના અંગ સ્વરૂપ બનવાના કારણે ચારિત્રમાં ઉપયોગી છે.

તેમજ જેમ અત્યંત વિશ્વાસુ (પ્રતિષ્ઠા પાત્ર) પુરૂષે પ્રત્યક્ષ (= સાક્ષાત્) જોએલ દેશના વ્યવહારો સ્વીકાર કરાય છે તેમ અતિશય જ્ઞાનના (જ્ઞાનાતિશયના) વૈભવથી યુક્ત = મુદ્રિત હોવાના કારણે તે (સર્વજ્ઞ કથિત) બધા અતીન્દ્રિય પદાર્થોની બધી વાત ચોક્કસ સ્વીકાર્ય બને છે એમ જાણીને સંશય વિના બધુ જ સ્વીકારવું જોઈએ. કેમકે જ્યોતિષશાસ્ત્રો, નિમિત્ત શાસ્ત્રો, ગણિતશાસ્ત્રો સર્વજ્ઞથી મુદ્રિત = કથિત છે. વળી ધ્યાન પ્રક્રિયામાં વિશિષ્ટ પ્રકારે લોક રચનાનું અને જીવોના ઉત્પાદ, વ્યય વગેરે ધર્મોનું ચિંતન કરવાનું ઉપદેશાયું છે. (અને તે ચિંતવવા જ લોક સંસ્થાનનું સ્વરૂપ દર્શાવાયું છે.) એથી એવું જે કહે છે કે 'આ દ્વીપ-સમુદ્રાદિના સંસ્થાનનો ઉપદેશ કલેશ, અવિદ્યાદિના નાશનો ઉપાયભૂત ઉપદેશ નથી પણ તેનાથી બહિર્ભૂત છે કેમ કે મુમુક્ષુ માટે તે અનુપયોગી છે' તે આ કુતર્ક રૂપી વસ્ત્રને = ચાદરને પસારવામાં કુશલ તે બાલિશો = મૂર્ખ એવા બ્રાહ્મણોની વાત (પણ ઉપરોક્ત તર્કથી) ખંડિત થયેલી જાણવી. **॥૩/૭॥**

**૩/૮ સૂત્રની અવતરણિકા :** આ અનંતર ૩/૭ સૂત્રમાં દેખાડેલા દ્વીપ અને સમુદ્રો બધા ય (કઈ રીતે રહેલા છે તે દેખાડતા ૩/૮ સૂત્રને કહે છે)

१. ०र्नुपदेश्योऽयुज्यमानत्वात् - भा.।

• भाष्यम् •

**प्रत्येतव्याः। तद्यथा–**

**योजनशतसहस्रं विष्कम्भो जम्बूद्वीपस्य वक्ष्यते (सू.९)। तद्द्विगुणो लवणजलसमुद्रस्य, लवणजलसमुद्रविष्कम्भाद् द्विगुणो धातकीखण्डद्वीपस्य, इत्येवमास्वयम्भूरमणसमुद्रादिति॥ पूर्वपूर्वपरिक्षेपिणः। सर्वे पूर्वपूर्वपरिक्षेपिणः प्रत्येतव्याः। जम्बूद्वीपो**

• गन्धहस्ती •

[ **द्विर्द्विविष्कम्भे**त्यादि (३/८) सूत्रम् ]

**सर्वे चैत** इत्यादि भाष्यम्। जम्बूद्वीपादयो द्वीपाः *स्वयम्भूरमणद्वीपपर्यन्ता लवणादयः समुद्राः* स्वयम्भूरमणसमुद्रपर्यन्ता येन क्रमेण व्यवस्थिता निर्दिष्टा वा तेन क्रमेण, आदितः प्रभृति लवणसमुद्रप्रभृति, द्विगुणद्विगुणविष्कम्भा भवन्ति। विष्कम्भो व्यासो = विस्तारस्तत्क्रमानुसारितयैव **पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयश्च प्रत्येतव्याः**॥

**ननु** चानिर्ज्ञातमेवेदं द्विर्द्विर्विष्कम्भा इति, सति [१]मौलविष्कम्भे निर्ज्ञातस्वरूपे युज्यत एतच्छेषाणां द्विगुण, [२]इत्यत्र तु स एव न निरूपित इत्यत्राशङ्कमान **आह–**

• ભાષ્યાર્થ •

**પૂર્વ (ના દ્વીપ-સમુદ્ર) ને વીંટળાઈને રહેલા ગોળ બંગડીની આકૃતિવાળા જાણવા.. તે આ પ્રમાણે :-**

**જંબૂદ્વીપનો વિસ્તાર એક લાખ યોજનનો (૩/૯ સૂત્રમાં) કહેવાશે. તેના કરતાં બમણો લવણ સમુદ્રનો વિસ્તાર છે. લવણ સમુદ્રના વિસ્તાર કરતા બમણો વિસ્તાર ધાતકીખંડદ્વીપનો છે. આ પ્રમાણે છેક સ્વયંભૂરમણ સમુદ્ર સુધી (બમણો, બમણો વિસ્તાર) છે એમ જાણવું. આ બધા પૂર્વ પૂર્વને વીંટળાયેલા છે અર્થાત્ સર્વે દ્વીપ અને સમુદ્રો પૂર્વ પૂર્વના સમુદ્ર અને દ્વીપને વીંટળાયેલા જાણવા. જેમકે - જંબૂદ્વીપ લવણસમુદ્રથી વીંટળાયેલો છે. લવણ સમુદ્ર ધાતકીખંડદ્વીપથી વીંટળાયેલો**

• હેમગિરા •

### ❖ દ્વીપ-સમુદ્રોના સંસ્થાન ❖

**સર્વે ચૈત....** જંબૂદ્વીપાદિથી સ્વયંભૂરમણદ્વીપ સુધીના દ્વીપો તેમજ લવણાદિ સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના સમુદ્રો જે ક્રમથી રહેલા છે અથવા જે ક્રમથી આગમમાં નિર્દિષ્ટ છે તે ક્રમ મુજબ પ્રથમથી માંડીને અર્થાત્ લવણ સમુદ્રથી માંડીને બમણા-બમણા વિસ્તારવાળા હોય છે. વિષ્કંભ એટલે વ્યાસ = વિસ્તાર (=પહોળાઈ). તે દ્વીપાદિ ક્રમ મુજબ જ પૂર્વ પૂર્વ(ના દ્વીપ-સમુદ્રો) વીંટાળાયેલા અને વલયના આકારવાળા રહેલા જાણવા.

**પ્રશ્ન :** આ બમણો-બમણો વિસ્તાર હજુ અમને જણાયો જ નથી. કેમકે મૂળ (= પ્રથમ જંબૂદ્વીપ)ના વિસ્તારનું સ્વરૂપ જણાય તો શેષ (દ્વીપ-સમુદ્રો) નો બમણો વિસ્તાર જાણવો શક્ય બની શકે. પરંતુ અહીં તો તે મૂળ વિસ્તાર જ કહેવાયો નથી. (આવી શંકા વિશે (સમાધાન આપતા) ભાષ્યકારશ્રી કહે છે) -

*....* एतच्चिह्नितपाठो मु. पुस्तके न दृष्ट। १. मौलि० रा. पा.। २. इत्यत्रा० सं.पा.।

• भाष्यम् •

**लवणसमुद्रेण परिक्षिप्तः। लवणजलसमुद्रो धातकीखण्डद्वीपेन परिक्षिप्तः। धातकीखण्डद्वीपः कालोदसमुद्रेण परिक्षिप्तः। कालोदसमुद्रः पुष्करवरद्वीपार्धेन परिक्षिप्तः। पुष्करवरद्वीपार्धं मानुषोत्तरेण पर्वतेन परिक्षिप्तम्। पुष्करवरद्वीपः पुष्करवरोदेन समुद्रेण परिक्षिप्तः। एवमास्वयम्भूरमणात् समुद्रादिति॥ वलयाकृतयः। सर्वे च ते वलयाकृतयः सह मानुषोत्तरेणेति॥३/८॥**

• गन्धहस्ती •

**योजनशतसहस्रं जम्बूद्वीपविष्कम्भो वक्ष्यते** अनन्तरागामिनि सूत्रे। शेषेषु लवणजलादिषु द्विगुणद्विगुण इति पूर्वं पूर्वं उत्तरेणोत्तरेण **परिक्षिप्तो** = वेष्टितस्तच्छीलेनेति, एतच्चानिष्टविनिवेशव्यावृत्त्यर्थं वचनम्, तिर्यगेवं व्यवस्थिता इत्यर्थः। वलयस्येवाकृतिः = संस्थानं येषां लवणजलादीनां ते **वलयाकृतयः**, चतुरस्रादिनिवृत्त्यर्थं चेदमवगन्तव्यम्, शेषं सुज्ञानमेव भाष्यमित्यतो न विव्रियत इति ॥३/८॥

• ભાષ્યાર્થ •

**છે. ધાતકીખંડદ્વીપ કાલોદસમુદ્રથી વીંટળાયેલો છે. કાલોદસમુદ્ર અર્ધપુષ્કરવરદ્વીપ વડે વીંટળાયેલો છે. અર્ધપુષ્કરવરદ્વીપ માનુષોત્તર પર્વત વડે વીંટળાયેલો છે. પુષ્કરવરદ્વીપ પુષ્કરવરોદ સમુદ્ર વડે વીંટળાયેલો છે. આ પ્રમાણે સ્વયંભૂરમણસમુદ્ર સુધી જાણવું. ''વલયની આકૃતિવાળા'' અર્થાત્ માનુષોત્તર પર્વત સહિત તે બધા (દ્વીપ અને સમુદ્રો) વલયની આકૃતિવાળા (= ગોળ બંગડીના આકારવાળા) છે એમ જાણવું. ॥૩/૮॥**

• હેમગિરા •

### ❖ જંબૂદ્વીપના માપથી બધાના માપોનું જ્ઞાન ❖

**ઉત્તર :** આગામી ૩/૯ સૂત્રમાં એક લાખ યોજનનો જંબૂદ્વીપનો વિષ્કંભ કહેવાના છે. શેષ લવણજળ આદિ સમુદ્રો અને દ્વીપોમાં (તેજ પ્રમાણે ક્રમશઃ) બમણો-બમણો વિષ્કંભ છે. એથી પૂર્વ-પૂર્વના દ્વીપો અને સમુદ્રો ઉત્તર ઉત્તરના તેવા સ્વભાવવાળા સમુદ્ર અને દ્વીપોથી વીંટળાયેલા છે, અર્થાત્ પરિવરેલા છે. पूर्व-पूर्व परिक्षेपिणः (= પૂર્વ-પૂર્વને વીંટળાયેલા) એવું દ્વીપ-સમુદ્રોનુ વિશેષણ અનિષ્ટ (અવિવક્ષિત, આગમમાં અનિર્દિષ્ટ એવા ઉપર ઉપર માળીયા આદિ જેવા) આકારોની બાદબાકી માટે છે. અર્થાત્ (આ બધા દ્વીપ સમુદ્રો ઉપરાઉપર કે નીચે નીચે નથી રહ્યા પણ) આ પ્રમાણે તિર્ચ્છા (= પૂર્વ, પૂર્વને વીંટળાયેલા) રહેલા છે એમ તાત્પર્ય છે.

વલય જેવી આકૃતિ = સંસ્થાન છે જે લવણ આદિ સમુદ્રદ્વીપોનો તે વલયની આકૃતિવાળા કહેવાય. દ્વીપ-સમુદ્રોનું આ વિશેષણ ચોરસ આદિ આકૃતિઓની નિવૃત્તિ માટે જાણવું. શેષ ભાષ્ય સુગમ જ છે એથી (અહીં) વિવરણ કરાતું નથી. ॥૩/૮॥

• सूत्रम् •

**तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः ॥३/९॥**

• भाष्यम् •

**तेषां द्वीप-समुद्राणां मध्ये तन्मध्ये। मेरुनाभिः, मेरुरस्य नाभ्यामिति मेरुर्वाऽस्य**

• गन्धहस्ती •

वलयाकृतयो द्वीपा इत्यनन्तरसूत्रेऽभिहितम्, अतो जम्बूद्वीपस्यापि द्वीपत्वाद् वलयाकृति-प्रसक्तिस्तदपवादायेदमुच्यते–

[ **तन्मध्ये मेरुनाभिरित्यादि** (३/९) सूत्रम् ]

जम्बूतरुप्रधानत्वाज्जम्बूद्वीपः। **तेषामित्यादि** भाष्यम्। अनेन विशिष्टसमासप्रतिपत्तिं दर्शयति। तेषामसङ्ख्येयानामुक्तलक्षणानां **द्वीप-समुद्राणां मध्ये तन्मध्ये** इति, मध्यमत्र नैश्चयिकं, न व्यावहारिकमिति। अन्येऽपि जम्बूद्वीपाः सन्तीत्यतो विशेषणमाह– **मेरुनाभिरिति**। नाभिरिव नाभिः,

• सूत्रार्थ •

**તેઓની મધ્યમાં, મેરુપર્વત છે નાભિ જેની એવો ગોળ, એક લાખ યોજનની પહોળાઈવાળો જંબૂદ્વીપ છે. ॥૩/૯॥**

• ભાષ્યાર્થ •

**'તન્મધ્યે' એટલે તે દ્વીપ સમુદ્રોની મધ્યમાં, 'મેરુનાભિ' અર્થાત્ મેરુ પર્વત આ દ્વીપની**

• હેમગિરા •

**❖ જંબૂદ્વીપનું સ્વરૂપ ❖**

**૩/૯ સૂત્રની અવતરણિકા :** વલયાકૃતિવાળા દ્વીપો છે તેમ અનંતર = પૂર્વના ૩/૮ સૂત્રમાં કહ્યું છે, એથી જંબૂદ્વીપ પણ દ્વીપ હોવાથી વલયના જેવી આકૃતિવાળો માનવાની આપત્તિ આવશે. તેથી "બધા દ્વીપ સમુદ્રો વલયની આકૃતિવાળા છે" એ નિયમના (= ઉત્સર્ગ વાક્યના) અપવાદને દેખાડવા માટે આ ૩/૯ સૂત્ર કહેવાય છે.

(આ દ્વીપમાં) જંબૂવૃક્ષ પ્રધાન હોવાથી (આને) જંબૂદ્વીપ કહેવાય છે.

**तेषां....** ઈત્યાદિ ભાષ્ય દ્વારા સૂત્રગત વિશિષ્ટ સામાસિક એવા **'तन्मध्ये'** પદના વિગ્રહને દેખાડે છે - तन्मध्ये એટલે તે કહેવાયેલા સ્વરૂપવાળા અસંખ્ય દ્વીપ અને સમુદ્રોની મધ્યમાં, અહીં **'मध्य'** નૈશ્ચયિક [૧](એકદમ વચ્ચોવચ્ચ અર્થવાળો) છે, પરંતુ વ્યાવહારિક નહીં. બીજા પણ જંબૂદ્વીપો છે, આથી (તેઓની બાદબાકી કરવા) 'મેરુની નાભિવાળો' એવા વિશેષણને કહે છે. નાભિની જેમ નાભિ અર્થાત્ જેમ જીવોના

૧. 'નૈશ્ચયિક'નો આવો અર્થ સંભવે છે - જંબૂદ્વીપ લવણાદિની એકદમ વચ્ચે છે : તે આ રીતે સમજી શકાય કે લવણ સમુદ્રના પૂર્વથી પશ્ચિમ છેડાનો માપ પાંચ લાખ યોજન થાય છે. તેમાં બે લાખ એક બાજુ અને બીજા બે લાખ બીજી બાજુ, વચ્ચોવચ્ચ એક લાખના વ્યાપમાં જંબૂદ્વીપ રહ્યો છે. વ્યવહારમાં એકદમ વચ્ચોવચ્ચ ન હોય તેના માટે પણ મધ્યમાં રહેલું કહેવાતુ હોય છે જેમકે 'ગામની મધ્યમાં દહેરાસર છે.' આવું જ્યાં કહેવાતુ હોય ત્યાં ઘણી વખત ગામમાં એકદમ વચ્ચોવચ્ચ જ દહેરાસર નથી હોતું. જરાક સાઈડમાં કે ગામના પ્રારંભમાં કે પછવાડે પણ હોય છે. છતાં વ્યવહારમાં તો ગામની મધ્યમાં (અંદર) દહેરાસર છે એમ જ કહેવાતું હોય છે. તે વ્યવહારિક સત્ય કહેવાય.

• भाष्यम् •

**नाभिरिति मेरुनाभिः। मेरुरस्य मध्य इत्यर्थः। सर्वद्वीप-समुद्राभ्यन्तरो वृत्तः कुलालचक्राकृतिर्योजनशतसंहस्रविष्कम्भो जम्बूद्वीपः,**

• गन्धहस्ती •

यथा शरीरमध्ये नाभिरवयवोऽङ्गिनां भवत्येवमसौ मेरुर्जम्बूद्वीपस्य मध्ये व्यवस्थित इति। *मेरुरस्य नाभ्यामिति* मेरुनाभिरुच्यते। कण्ठेकालवद् गमकत्वात् समासः। व्यधिकरणबहुव्रीहिभीत्या वाक्यान्तरेणाह– **मेरुर्वाऽस्य नाभिरिति मेरुनाभिः**, नाभिशब्दो मध्यवचन इति दर्शयति, मेरुरस्य मध्य इत्यर्थः। वृत्त इत्यनेन प्रतरवृत्ताख्यानं करोति, तत्प्रदर्शनार्थं च कुलालचक्राकृतिरित्याह।

• ભાષ્યાર્થ •

**નાભિમાં છે અથવા મેરુ પર્વત આની નાભિ છે. સારાંશ એ કે મેરુપર્વત આ જંબૂદ્વીપની મધ્યમાં છે. સઘળાં ય દ્વીપ-સમુદ્રોની અંદર વચ્ચોવચ્ચ રહેલો, કુંભારના ચાકડાની આકૃતિવાળો ગોળ, એક લાખ યોજનના વિસ્તારવાળો જંબૂદ્વીપ છે. 'વૃત્ત' પદનું ગ્રહણ નિયમ માટે છે. (જંબૂદ્વીપ ગોળાકારે જ છે, ચોરસાદિ આકારે નહીં એમ નિયમ કરાયો.)**

• હેમગિરા •

શરીરના મધ્યમાં નાભિ આવેલી હોય છે એમ આ જંબૂદ્વીપની મધ્યમાં મેરુપર્વત રહેલો છે.

### ❖ સમાનાધિકરણ બહુવ્રીહિની અગ્રિમતા ❖

"મેરુ જંબૂદ્વીપની નાભિમાં છે" એથી (જંબૂદ્વીપ) મેરુની નાભિવાળો કહેવાય છે. કેમકે આ (**मेरुनाभिः**) સમાસ **कण्ठेकाल** (= કંઠમાં છે કાલ = મૃત્યુ જેને તે) ની જેમ બોધ કરાવે છે. (આ વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ છે.) સમાનાધિકરણ બહુવ્રીહિથી કામ થઈ જતુ હોય તો વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ કરવો ઉચિત નથી. આથી વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ કરતા ઔચિત્યનો ભંગ થવાના ભયે વાક્યાંતરથી = સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસના વિગ્રહથી (સમાસ ખોલતા) કહે છે → અથવા "મેરુ આની (જંબૂદ્વીપની) નાભિ છે = मेरुनाभिः અહીં 'નાભિ' શબ્દ એ 'મધ્ય'ના અર્થને જણાવે છે અર્થાત્ મેરુ આ જંબૂદ્વીપની મધ્યમાં છે એમ તાત્પર્યાર્થ જાણવો. 'વૃત્ત = ગોળ' આ વિશેષણદ્વારા પ્રતરવૃત્ત (= થાળી જેવો ચપટા ગોળાકાર) ને કહે છે અને તે બતાવવા માટે કુંભારના ચક્ર જેવી આકૃતિવાળો જંબૂદ્વીપ છે એમ ભાષ્યમાં કહ્યું છે. આશય એ છે કે લવણાદિ વલય જેવા વૃત્તાકારે છે જ્યારે આ જંબૂદ્વીપ કુલાલના ચાકડાની જેમ પ્રતરવૃત્ત = થાળીના જેવો ગોળાકારે છે એવો નિયમ સૂ.૩/૮માં ♦પ્રતિપાદન કર્યો છે.

---

✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૩૩ *....* एतच्चिह्नित पाठो मु. पुस्तके न दृष्टः (भां.रा.)। ♦ કોઈ એમ કહે કે પૃથ્વી ગોળ છે તેમજ ફર્યા કરે છે તથા નક્ષત્રો, સૂર્ય સ્થિર છે તો એ વાત બરોબર નથી. આગમોમાં પૃથ્વીનો આકાર દડા જેવો ગોળ નહિ, પરંતુ થાળી જેવો ગોળ બતાવેલ છે. વળી નક્ષત્ર આદિ અઢીદ્વીપમાં મેરુને પ્રદક્ષિણા આપતા ચર કહ્યા છે. અઢીદ્વીપની બહાર સ્થિર નક્ષત્રો કહ્યા છે. જો પૃથ્વીનું ભ્રમણ માનીએ તો તેને ભમાડનાર તત્વ કોણ છે ? તેમાં જો 'વાયુ ભમાડે છે' તેવું કહીએ તો તે અયુક્ત જ થશે. કારણ કે વાયુની ગતિ અનિયત હોય છે અને પૃથ્વીને અનિયત ભ્રમણવાળી માનતા અનેક અનર્થો આવી પડશે.

• भाष्यम् •

**वृत्तग्रहणं नियमार्थम्। लवणादयो वलयवृत्ता, जम्बूद्वीपस्तु प्रतरवृत्त इति यथा गम्येत, वलयाकृतिभिश्चतुरस्र-त्र्यस्रयोरपि परिक्षेपो विद्यते तथा च मा भूदिति।। मेरुरपि काञ्चनस्थालनाभिरिव वृत्तो योजनसहस्रमधो धरणितलमवगाढो नवनवत्युच्छ्रितो दशाधो**

• गन्धहस्ती •

**लवणादयो वलयवृत्ताः**। अयं **पुनः** कुलालचक्रवत् **प्रतरवृत्त** इति नियम आपाद्यते। योजनेयत्ताभिधानं तच्छेषविष्कम्भप्रसिद्ध्यर्थम्, न च वलयाकृतिना लवणजलधिना परिक्षिप्त इति[1], वृत्तता = प्रतरवृत्तताऽवगम्यते यस्माद् **वलयाकृतिभिश्चतुरस्रत्र्यस्रयोरपि परिक्षेपो विद्यत** इति प्रेक्षापूर्वकारितया च मेरुर्विशेषणतयोपात्तस्तत्स्वरूपमप्याख्यास्यामीत्यत आह– **मेरुरपि काञ्चनस्थालनाभिरिव वृत्तः**, काञ्चनस्थालं = काञ्चनपात्री तन्मध्ये नाभिस्तद्वद् वृत्तः, अधस्ताद् योजनसहस्रं

• ભાષ્યાર્થ •

**લવણાદિ સમુદ્રો અને દ્વીપો વલય જેવા ગોળ છે તેમ કહ્યાથી 'ગોળાકાર' જણાઈ જ આવે છતાં જંબૂદ્વીપ તો પ્રતર જેવો વૃત્ત છે એવું જણાવવા માટે 'વૃત્ત' શબ્દ છે. વળી વલયાકૃતિવાળી વસ્તુઓ વડે ચોરસ ત્રિકોણ આકારવાળી વસ્તુનો પણ પરિક્ષેપ = (વીંટળાવાનું) થાય છે,-તેવી રીતે (અહીં પ્રસ્તુતમાં વલયાકૃતિવાળા લવણાદિ સમુદ્ર દ્વીપોથી વીંટળાયેલ જંબૂદ્વીપ ચોરસ કે ત્રિકોણ છે એવું) જ્ઞાન ન થઈ જાય એટલા માટે પણ 'વૃત્તः' વિશેષણનું ગ્રહણ કર્યું છે. મેરુપર્વત પણ સ્વર્ણ થાળની નાભિ (મધ્યભાગ) જેવો વૃત્ત છે. ૧ હજાર યોજન નીચે પૃથ્વીતળમાં (ઊંડો =) અવગાહીને રહેલો છે. ૯૯ હજાર યોજન ઊંચો છે. વળી વિસ્તારની અપેક્ષાએ નીચે ૧૦ હજાર યોજન પહોળો = વિસ્તારવાળો છે અને ઉપર એક હજાર યોજન પહોળો છે.**

• હેમગિરા •

### ❖ એકના જ્ઞાને સર્વનું જ્ઞાન ❖

સૂત્રમાં યોજનની સંખ્યાનું કથન જંબૂદ્વીપ તેમજ શેષ (= દ્વીપ અને સમુદ્રો)ના વિસ્તારનો બોધ કરાવવા માટે કર્યું છે. (કેમકે જંબૂદ્વીપના વિસ્તારથી બમણો - બમણો વિસ્તાર ક્રમશઃ શેષ સમુદ્ર દ્વીપોનો છે.) જંબૂદ્વીપ વલયાકૃતિવાળા લવણસમુદ્ર વડે વીંટળાયેલો છે એટલું માત્ર કહેવાથી (જંબૂદ્વીપની) વૃત્તતા કે પ્રતરવૃત્તતા જાણી શકાતી નથી, કેમકે વલય આકૃતિવાળી વસ્તુઓથી ચોરસ અને ત્રિકોણ વસ્તુઓનો પણ પરિક્ષેપ = વીંટાળવાનું થાય છે (એ માટે પણ જંબૂદ્વીપનુ વૃત્ત એવું વિશેષણ સૂત્રમાં કહ્યું છે) એમ જાણવું. વળી તેના (મેરુ પર્વતના) સ્વરૂપને પણ હું (ભાષ્યકાર) કહીશ'' એમ વિચારીને 'મેરુ' પદ જંબૂદ્વીપના વિશેષણ તરીકે ભાષ્યકારશ્રીએ ખૂબ ચતુરાઈ પૂર્વક મૂકયું છે. એથી (તે મેરુ સ્વરૂપને) કહે છે - મેરુ પર્વત પણ સોનાના થાળની નાભિ (= મધ્યભાગ) જેવો ગોળ છે.

### ❖ મેરુનું સ્વરૂપ ❖

સ્વર્ણનો થાળ અર્થાત્ સ્વર્ણની પાત્રી (ભાજન વિશેષ), તેની મધ્યમાં રહેલ નાભિ, તેના જેવો

१. इति वृत्तताऽवग० मु. (भां.खं)।

• भाष्यम् •

**विस्तृतः सहस्रमुपरीति। त्रिकाण्डस्त्रिलोकप्रविभक्तमूर्तिश्चतुर्भिर्वनैर्भद्रशाल-नन्दन-सौमनस-पाण्डुकैः परिवृतः। तत्र शुद्धपृथिव्युपल-वज्र-शर्कराबहुलं योजनसहस्रमेकं प्रथमं काण्डम्। द्वितीयं त्रिषष्टिसहस्राणि रजत-जातरूपाङ्क-स्फटिकबहुलम्। तृतीयं षट्त्रिंशत् सहस्राणि जाम्बूनदबहुलम्। वैडूर्यबहुलाऽस्य चूलिका चत्वारिंशद् योजनान्युच्छ्रायेण मूले द्वादश**

• गन्धहस्ती •

प्रविष्टो नवनवतिसहस्राणि दृश्योच्छ्रायः, यददृश्यं सहस्रं भूमौ तत् सर्वत्र विष्कम्भायामाभ्यां दश सहस्राणि, उपरि सहस्रं यत्र चूलिकोद्गमः।

काण्डं विशिष्टप्रमाणानुगतो विच्छेदः। **त्रिकाण्डस्त्रिलोकस्पृक् चतुर्भिर्वनैर्भद्रशालादिभिर्वेष्टितः**। तत्र यद् भूमाववगाढं **पृथिव्यादिविशेषणं योजनसहस्रप्रमाणं तदेकं काण्डम्**, भूपरितलारब्धं **द्वितीयं त्रिषष्टियोजनसहस्राणि** रजतादिविशेषणं, **तृतीयं** तदुपरि षट्त्रिंशत् सहस्राणि **जम्बूनदबहुलं,**

• ભાષ્યાર્થ •

**તે ત્રણ કાંડવાળો, ત્રણ લોકમાં વિભાજિત થયેલી છે મૂર્તિ (= આકૃતિ) જેની એવો અને ભદ્રશાલ, નંદન, સૌમનસ અને પાંડુક આ ચાર વનોથી પરિવરેલો છે. ત્યાં (= મેરુપર્વતમાં) પ્રથમ કાંડ શુદ્ધ પૃથ્વી, પાષાણ, વજ્ર, અને કાંકરાની બહુલતાવાળો, એક હજાર યોજન પ્રમાણ છે.**

**બીજો કાંડ રજત, શ્રેષ્ઠ રૂપુ, અંકરત્ન અને સ્ફટિકની બહુલતાવાળો, ૬૩૦૦૦ યોજન પ્રમાણ છે. ત્રીજો કાંડ જાંબૂનદ (= સહેજ રક્તવર્ણનું સ્વર્ણ)ની બહુલતાવાળો, ૩૬ હજાર યોજન પ્રમાણ છે.**

**આ મેરુપર્વતની ચૂલિકા વૈડૂર્ય રત્નમય, ૪૦ યોજન ઊંચી, પહોળાઈથી મૂળમાં ૧૨ યોજન,**

• હેમગિરા •

મેરુપર્વત વૃત્ત ગોળ છે. તે નીચે જમીનમાં ૧૦૦૦ યોજન પ્રવિષ્ટ છે, ૯૯૦૦૦ યોજન દેખી શકાય એવી ઉંચાઈને ધરાવે છે. ભૂમિમાં અંદર જે ૧૦૦૦ યોજન અદશ્ય ભાગ છે, તે સર્વત્ર ૧૦૦૦૦ યોજન પહોળાઈ અને લંબાઈવાળો છે. ઠેઠ ઉપર જ્યાં ચૂલિકાનું ઉદ્ગમ સ્થાન છે, ત્યાં ૧ હજાર યોજન પહોળાઈ અને લંબાઈ છે. (જુઓ પરિશિષ્ટ-૧૨, ચિત્ર નં.૩)

મેરુમાં રહેલા કાંડોની વાત કરે છે :- કાંડ એટલે વિશિષ્ટ પ્રમાણથી યુક્ત વિભાગ. ત્રણ કાંડવાળો, ઉર્ધ્વ આદિ ત્રણ લોકને સ્પર્શ કરનારો, ભદ્રશાલાદિ ચાર વનો વડે વીંટળાયેલો (આ મેરૂ પર્વત) છે.

### ❖ મેરુના ત્રણ કાંડ ❖

જે ભૂમિમાં નીચે, ખૂંપીને રહેલો પૃથ્વી (= માટી, પાષાણ, વજ્ર) આદિની વિશેષતાવાળો ૧૦૦૦ યોજન પ્રમાણવાળો ભાગ છે તે પહેલો કાંડ છે. ભૂમિના ઉપરી તળીયાથી આરંભેલો બીજો કાંડ ૬૩૦૦૦ યોજન પ્રમાણવાળો, રજત (ચંદ્ર, સ્ફટિક) આદિની વિશેષતાવાળો છે. તેનાથી ઉપર ત્રીજો કાંડ ૩૬૦૦૦ યોજન પ્રમાણવાળો, જંબૂનદ (= જરાક લાલવર્ણના સ્વર્ણ) ની બહુલતાવાળો છે. ત્યાર બાદ તેનાથી

✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૩૪

• भाष्यम् •

**विष्कम्भेण मध्येऽष्टावुपरि चत्वारीति। मूले वलयपरिक्षेपि भद्रशालवनम्। भद्रशालवनात् पञ्च योजनशतान्यारुह्य तावत्प्रतिक्रान्तिविस्तृतं नन्दनम्। ततोऽर्धत्रिषष्टिसहस्राण्यारुह्य पञ्चयोजनशतप्रतिक्रान्तिविस्तृतमेव सौमनसम्। ततोऽपि षट्त्रिंशत् सहस्राण्यारुह्य**

• गन्धहस्ती •

ततस्तदुपरि **वैडूर्यबहुला चूलिकाऽस्य चत्वारिंशद्योजनोच्चा,** उद्गमप्रदेशे विष्कम्भायामाभ्यां **द्वादश** योजनानि, **मध्येऽष्टावुपरि चत्वारि**।

भूमौ व्यवस्थितं **भद्रशालवनं** वलयाकृति, भद्रशालवनभूमेः **पञ्च योजनशतान्यारुह्योपरि** प्रथममेखलायां **तावत्प्रतिक्रान्तिविस्तृतं** तावती चासौ प्रतिक्रान्तिश्च तावत्प्रतिक्रान्तिः, विस्तारः पञ्चयोजनशतप्रमाण एव, तावत्प्रतिक्रान्त्या विस्तृतमेवंप्रकारेण विस्तारेण विस्तीर्णमित्यर्थः। तच्च द्वितीयं वनं **नन्दनं** नाम।

**ततोऽर्धत्रिषष्टी**त्यादि। त्रिषष्टिसहस्रसङ्ख्यापूरणस्य योजनसहस्रस्यार्धेन युक्ता सङ्ख्यार्धत्रिषष्टी-रुच्यते। अत्र पञ्च योजनशतानि द्वितीयकाण्डप्रमाणादाक्षिप्तानि नन्दनवनेनेत्यतोऽर्धत्रिषष्टिसहस्राण्यारुह्योपरि। पञ्चयोजनशतविस्तीर्णमेव द्वितीयमेखलायां **सौमनसं वनं** तृतीयं भवति।

• ભાષ્યાર્થ •

**મધ્યભાગમાં ૮ યોજન અને ઉપર ૪ યોજનની છે. (મેરુપર્વતના) મૂળમાં વલયાકારે વીંટીને રહેલું ભદ્રશાલ વન છે. ભદ્રશાલ વનથી ૫૦૦ યોજન ઉપર જતા તેટલા જ (૫૦૦ યોજન પ્રમાણ) વિસ્તાર વાળુ વિસ્તૃત નંદનવન છે. ત્યાંથી ૬૨,૫૦૦ હજાર યોજન ઉપર ગયા પછી ૫૦૦ યોજનના વિસ્તારવાળુ વિસ્તૃત એવું સૌમનસ વન છે. ત્યાર પછી પણ ૩૬ હજાર યોજન ઉપર ગયા**

• હેમગિરા •

ઉપર વૈડૂર્યરત્નની બહુલતાવાળી આ (મેરૂપર્વત)ની ચૂલિકાની ઉંચાઈ ૪૦ યોજનની છે. આ ચૂલિકા ઉદ્ગમ પ્રદેશમાં પહોળાઈ અને લંબાઈ વડે ૧૨ યોજન છે. મધ્યમાં ૮ યોજન અને ઉપર ચાર યોજન છે.

ભૂમિમાં રહેલું ભદ્રશાલવન વલયની આકૃતિવાળું છે. આ ભદ્રશાલવનની ભૂમિથી ૫૦૦ યોજન ઉપર ગયા પછી પ્રથમ મેખલામાં તેટલા જ (૫૦૦) યોજન પ્રમાણ વિસ્તારવાળુ બીજુ નંદન નામનું વન છે.

'**तावत्प्रतिक्रान्तिविस्तृतं**' પદમાં વિશેષણ પૂર્વપદ કર્મધારય અને તૃતીયતત્પુરૂષસમાસ થયેલ છે. તેનો વિગ્રહ ટીકામાં સ્પષ્ટ જ છે. પ્રતિક્રાંતિ એટલે વિસ્તાર, તેટલી પ્રતિક્રાંતિ વડે વિસ્તીર્ણ. એટલે આવા ૫૦૦ યોજનના વિસ્તાર વડે વિસ્તીર્ણ એમ અર્થ કરવો.

**ततोऽर्धत्रिषष्टी**.... ૬૨ હજાર યોજન પૂરા તથા ૬૩મા હજાર યોજનના અર્ધા અર્થાત્ ૫૦૦ યોજનથી યુક્ત સંખ્યા તે અર્ધત્રિષષ્ટી (= ૬૨,૫૦૦) કહેવાય. આમાં (નંદનવન ભૂમિતલથી ૫૦૦ યોજન ઊંચાઈએ આવેલ હોવાથી) બીજા કાંડના ૬૩ હજાર યોજનમાંથી ૫૦૦ યોજન નંદનવન (સુધી)માં પૂરા થયા. આ પ્રમાણે હોવાથી નંદનવનથી ૬૨૫૦૦ યોજન ઉપર ગયા પછી બીજી મેખલામાં ૫૦૦ યોજનના વિસ્તારવાળું

• भाष्यम् •

**चतुर्नवतिचतुःशतप्रतिक्रान्तिविस्तृतं पाण्डुकवनमिति। नन्दन-सौमनसाभ्यामेकादशैका-दशसहस्राण्यारुह्य प्रदेश♦परिहाणिर्विष्कम्भस्येति॥३/९॥**

• गन्धहस्ती •

**ततोऽप्युपरि षट्त्रिंशत् सहस्राण्यारुह्य** चतुर्नवत्युत्तरैश्चतुर्भिर्योजनशतैर्विस्तीर्णं **पाण्डुकं** नाम वनं मेरोः शिरसि तुर्यमवसेयम्। अयं च मेरुगिरिर्न सर्वत्र समप्रमाणप्रवृद्धः, किन्तु प्रदेशपरिहाण्या परिहीयमानः प्रवृद्ध इति। तद् दर्शयति– **नन्दनसौमनसाभ्यामि**त्यादि। नन्दनादूर्ध्वं सौमनसाच्चाधः किल मध्य **एकादशैकादश योजनसहस्राण्यारुह्य** योजनसहस्रं परिहीयते विष्कम्भस्येति, ऊर्ध्वं सौमनसान्नन्दनवना[१]च्चाधो न सूरिणा परिहाणिरुक्ता। प्रदेशपरिहाणिग्रहणमङ्गुलादिसिद्ध्यर्थमङ्गुलादि-ष्वप्ययमेव परिहाणिविधिरिति। एषा च परिहाणिराचार्योक्ता न मनागपि गणितप्रक्रियया सङ्गच्छते, यतः

• ભાષ્યાર્થ •

**પછી ૪૯૪ યોજનના વિસ્તાર વડે વિસ્તૃત પાંડુકવન છે. નંદન અને સૌમનસ વનથી ૧૧ હજાર - ૧૧ હજાર યોજન ગયા પછી વિષ્કંભના (૧ હજાર યોજન પ્રમાણ) પ્રદેશોની પરિહાનિ થાય છે એમ સમજવું. ||૩/૯||**

• હેમગિરા •

જ સૌમનસ નામનું ત્રીજું વન આવે છે.

ત્યાર પછી પણ ૩૬૦૦૦ યોજન ઉપર ગયા પછી ૪૯૪ યોજન પ્રમાણ વિસ્તારવાળું પાંડુક નામનું ચોથુ વન મેરુપર્વતના મસ્તકે (મથાળે) જાણવું. આ મેરુગિરિ સર્વત્ર (ઉપર-ઉપર) સરખા પ્રમાણથી વધેલો નથી, કિન્તુ પ્રદેશની પરિહાનિ વડે ઘટતો ઘટતો ઉપર-ઉપર વધેલો છે. **नंदनसौमनसा...** ઈત્યાદિ ભાષ્ય તે વાતને દર્શાવે છે. (જુઓ પરિશિષ્ટ-૧૨, ચિત્ર નં.૩)

### ❖ પ્રદેશની પરિહાનિનું પ્રતિપાદન ❖

નંદનવનથી ઉપર અને સૌમનસથી નીચે એટલે આ બેની વચ્ચે ૧૧૦૦૦-૧૧૦૦૦ યોજન ગયા બાદ મેરુના વિસ્તારમાંથી પ્રદેશોની (= ૧૦૦૦ યોજન જેટલા ભાગની) પરિહાનિ ♦થાય છે.

આચાર્યશ્રીએ સૌમનસથી ઉપરની અને નંદનવનથી નીચેની પરિહાનિ જણાવી નથી.

પ્રદેશ-પરિહાનિનું ગ્રહણ અંગુલાદિની પરિહાનિના બોધ માટે પણ છે. અર્થાત્ અંગુલાદિને વિશે પણ આ જ પરિહાનિની વિધિ છે એમ જાણવું. વળી આચાર્યશ્રી વડે કહેવાયેલી આ પરિહાનિ ગણિતની પ્રક્રિયાવડે જરાક પણ બંધબેસતી નથી.

---

♦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૩૫ १. ०च्चाधोधो न रा.पा. । ♦ નંદન અને સૌમનસ વનની મધ્યનો વિષ્કંભ કહેવાથી પ્રાયઃ મેરુ પર્વતના મધ્યભાગનો વિષ્કંભ કહેવાઈ ગયો અને તેથી તુલાન્યાયથી શેષ ઉપર-નીચેનો પણ વિષ્કંભ કહેવાઈ ગયો એમ જાણવું. કેમકે ઉપર નીચેનો વિષ્કંભ કાઢવાની રીત પણ મધ્યનો વિષ્કંભ કાઢવાની જે રીત દેખાડી તે પ્રકારે જ છે. માટે અલગથી કહેવાઈ નથી એવું લાગે છે.

सौमनसवनेऽन्तर्विष्कम्भः सहस्रत्रयं शतद्वयं द्विसप्तत्यधिकमष्टौ चैकादशभागाः, बहिर्विष्कम्भः पुनः सहस्रचतुष्टयं शतद्वयं च द्विसप्तत्यधिकमष्टौ चैकादशभागा योजनस्य। तत्राचार्योक्तपरिहाण्या नैकोऽपि विष्कम्भ आगच्छति, न चैतावती सत्या वागमेऽधीतत्वाच्छृङ्गग्राहिकयेति, गणितशास्त्रविदो हि परिहाणिमन्यथा वर्णयन्त्यार्षानुसारिणः।

• હેમગિરા •

કારણ કે સૌમનસવનનો અંદરનો વિષ્કંભ ૩૨૭૨ પૂર્ણાંક ૮/૧૧ અંશ યોજનનો છે. વળી બાહ્ય વિષ્કંભ ૪૨૭૨ પૂર્ણાંક ૮/૧૧ અંશ યોજનનો છે. ત્યાં (તે, તે વિષ્કંભમાં) આચાર્યશ્રીએ કહેલી પરિહાનિ વડે (બાહ્ય કે અંતર) એક પણ વિષ્કંભ આવતો (સિદ્ધ થતો) નથી.

''અથવા આટલી (આચાર્યશ્રીએ કહેલી) પરિહાનિ જ સાચી છે કેમકે આગમમાં ⧗શ્રૃંગગ્રાહિકાન્યાયથી આ પરિહાનિ વડે એ બધા વિષ્કંભો કહેવાયા છે'' એવું પણ ન કહેવું. આર્ષાનુસારી (આગમાનુસારી) ગણિતનિષ્ણાતો યથોક્ત વિષ્કંભને સિદ્ધ કરવા જુદી જ પરિહાનિને વર્ણવે છે.♦

---

⧗ જેમ આપમેળે નહીં આવતા બળદને શીંગડુ પકડીને લાવાય છે, તેમ આપમેળે નહીં આવતા આ વિષ્કંભોને પરિહાનિ = ગણિતપ્રક્રિયા દ્વારા લવાય છે. ♦. કર્ણગતિ કે કર્ણયુક્તિની અપેક્ષાએ વિચારતાં આચાર્યશ્રી વડે કહેવાયેલી પરિહાનિ ક્ષેત્રલોકપ્રકાશના સર્ગ ૧૮/૪૮-૬૩ ગાથામાં દર્શાવી છે. તે આ પ્રમાણે - મૂળથી જેટલા પ્રદેશ પ્રમાણ, અંગુલ પ્રમાણ ઉંચે ચઢીએ તેનો અગ્યારમો અંશ મૂળની પહોળાઈથી ઓછો થાય. જેમકે મૂળથી ૧૧ પ્રદેશ, ૧૧ અંગુલ કે ૧૧ યોજન ઉપર ચઢીએ ત્યારે ત્યાંની પહોળાઈ, મૂળની પહોળાઈથી ક્રમશઃ ૧ પ્રદેશ, એક અંગુલ કે ૧ યોજન ઘટે છે. એ જ રીતે દર અગ્યાર હજાર પ્રદેશ, અંગુલ કે યોજન ઉંચે ચડતા પહોળાઈમાં ક્રમશઃ હજાર પ્રદેશ, અંગુલ કે યોજન ઘટે. એ ગણત્રીએ ૯૯ હજાર યોજન ઉપર ચઢતા, પહોળાઈમાં નવહજાર યોજન ઓછા થાય એટલે ફક્ત એક હજાર યોજન પહોળો મેરુ પર્વત રહે.

સમભૂતલા પૃથ્વીથી મેરુની ઉપર ૫૦૦ યોજન અને ૬૨૫૦૦ યોજન ઉપર જતા, મેરુની ફરતા અનુક્રમે ૫૦૦ યોજનના વિસ્તારવાળા નંદન અને સૌમનસ વન હોવાથી, બેઉ મેખલા ઉપર એકી સાથે ૧૦૦૦-૧૦૦૦ યોજનનો ઘટાડો થાયછે. કર્ણયુક્તિ કે કર્ણગતિ વડે મૂળથી આરંભીને શિખર પર્યંત તે બંનેને સ્પર્શ કરે તે રીતે એક દોરી સ્થિર હાથે પકડી રાખતા વચમાં ક્યાંય જે કાંઈ પોલાણ રહે તે સર્વ કર્ણગતિ વડે મેરુનું છે એમ જાણવું. આ કર્ણયુક્તિની અપેક્ષાએ ગણિતશાસ્ત્રીઓ પણ નંદન અને સૌમનસ વનમાં થતાં ૧૦૦૦ યોજનના ઘટાડાને = પોલાણને મેરૂરૂપે કલ્પીને સર્વત્ર યથોક્ત અગ્યારમાં ભાગનો ઘટાડો કહે છે. તેથી ભાષ્યોક્ત (અગ્યારમાં ભાગની) પરિહાનિથી એ બે વિષ્કંભ ન પ્રાપ્ત થતા હોવા છતાં ય કોઈ બાધ નથી.

શ્રી જિનભદ્રગણિજીએ પણ 'વિશેષણવતી'માં લવણસમુદ્રનું ઘન ગણિત નિરૂપણ કરતા દ્દષ્ટાંત દ્વારા આ (કર્ણયુક્તિથી જે કાંઈ પોલાણ રહે, એ સર્વ તેનું જ છે એમ ભાવવું - એ) વાત જણાવી જ છે અને એમ હોવાથી જ બેઉ મેખલાને ગણત્રીમાં ન લઈએ તો ત્યાં આગળ સાંકડા અને ત્યાંથી ઉતરતા ઉતરતા તે પહોળા થતા - મૂળ આગળ બહુ પહોળા એવા આ મેરૂ પર્વતને ઉંચા કરેલા ગોપૃચ્છના આકારે રહેલો કહ્યો છે. (क्षे.लो.प्र.सर्ग-१८ गाथा-४८-६३)

**પ્રશ્ન** :- જ્યારે કર્ણયુક્તિની અપેક્ષાએ નહી વિચારીએ ત્યારે તો એ બન્ને વનના બાહ્ય અને અભ્યંતર વિષ્કંભ સ્વીકારવા પડશે જ, તો ત્યારે કઈ પરિહાનિ વડે એ ઘટશે ? કેમકે ભાષ્યોક્ત પરિહાનિ વડે તો એ નહી ઘટે.

**ઉત્તર** :- ત્યારે ટીકામાં દર્શાવિલ ત્રૈરાશિક ભંગની પ્રક્રિયાથી એ વિષ્કંભ પ્રાપ્ત થઈ જશે. તે આ મુજબ :- સૌમનસવનનો બાહ્ય-આભ્યંતર વિષ્કંભ લાવવાની રીત :- જ્યાં સૌમનસવન છે ત્યાં સુધી મેરુ પર્વતની ઊંચાઈ ૬૩,૦૦૦ થાય છે.

मेरोर्योजननान्यूर्ध्वमेका लक्षा, तत्राधो भूमावदृश्यं योजनसहस्रमपचयरहितं, सर्वत्र च वृत्तविष्कम्भो योजनसहस्राणि दश, यद् दृश्यं तत्र परिहाणिः, भद्रशालवनादूर्ध्वं पञ्च योजनशतान्यारुह्य सर्वतश्च पञ्चयोजनशतान्यन्तः प्रविश्य नन्दनवनं भवति। तत्र वने मेरोरन्तर्बहिर्वा कीदृग् विष्कम्भ इति, तत्रेदं कर्म **त्रैराशिकभङ्ग्या**–

यदि योजनमेकमारुह्योपरि वृत्तक्षेत्रेऽपचयः सर्वत्रैकादशभागो योजनस्य ततः पञ्च योजनशतान्यारुह्य कोऽपचयः स्यात् ?। लब्धं पञ्चचत्वारिंशद् योजनानि पञ्च चैकादशभागा योजनस्य, एतदधस्तनवृत्तदश-सहस्रविष्कम्भादपास्य शेषमुपरि विष्कम्भो नन्दनवने बहिर्लभ्यत इति स चायम्– नव सहस्राणि नव शतानि चतुःपञ्चाशदधिकानि षट् चैकादशभागा योजनस्य। अस्माच्च बहिर्विष्कम्भात् सर्वतो नन्दनवन-चक्रवालविष्कम्भं पञ्चशतिकं द्विगुणमपास्यान्तर्विष्कम्भोऽयं नन्दनवन एव भवति– अष्टौ सहस्राणि नव



## ❖ ત્રૈરાશિક ભંગીની પ્રક્રિયા ❖

મેરુની ઉંચાઈ એક લાખ યોજન છે. તેમાં નીચે જમીનમાં ૧ હજાર યોજન અદૃશ્ય (અને) ♦પરિહાનિ વિનાનો છે. વળી (જમીનની અંદર મેરુ પર્વતનો) સર્વત્ર ગોળાકારે ફરતો વિસ્તાર ૧૦,૦૦૦ યોજન છે.

જે દેખાતો ભાગ ભૂમિતળ ઉપર (૯૯ હજાર યોજન પ્રમાણ) છે ત્યાં પરિહાનિ છે. ભદ્રશાલવનથી ૫૦૦ યોજન ઉપર ગયા પછી ચારે બાજુથી ૫૦૦ યોજન વિસ્તરીને રહેલું નંદનવન છે, ત્યાં નંદનવનના પ્રદેશમાં મેરુનો અંતર કે બાહ્ય વિષ્કંભ કેવા પ્રકારનો છે ? (એવો પ્રશ્ન ઉપસ્થિત થાય, એ પ્રશ્નના જવાબમાં ગણિત-વિશારદો) તે વિશે ત્રૈરાશિકભંગીનું કર્મ (= પ્રક્રિયા = ફોર્મ્યુલા) અપનાવે છે. તે આ મુજબ -

**પ્રશ્ન :-** અગર જો એક યોજન ઉપર જઈને વૃત્તક્ષેત્રમાં સર્વત્ર યોજનનો ૧૧ મો ભાગ (૧/૧૧) હીનતા પામે તો ૫૦૦ યોજન ગયા પછી કેટલી હાનિ પ્રાપ્ત થાય ?

**જવાબ :-** ૪૫ પૂર્ણાંક પાંચ અગ્યારંશ (૪૫ ૫/૧૧) યોજનની હાનિ પ્રાપ્ત થાય. આને નીચેના ગોળ ૧૦ હજાર યોજન પ્રમાણ વિષ્કંભમાંથી ઘટાડતા શેષ રહેલ વિષ્કંભ ઉપર નંદનવનનો બાહ્ય વિષ્કંભ સમજવો અને તે ૯૯૫૪ પૂર્ણાંક ૬/૧૧ અંશ યોજન પ્રમાણ છે. વળી આ (નંદનવનના) બાહ્ય વિષ્કંભમાંથી ચારે બાજુથી નંદનવનનો ચક્રવાલવિષ્કંભ (વલયાકાર વસ્તુની બન્ને બાજુની પહોળાઈ) ૫૦૦ X ૨ (= ૧૦૦૦ યોજન) જેટલો ઓછો કરીને શેષ જે આવે = ૮૯૫૪ ૬/૧૧ યોજન પ્રમાણ તે નંદનવનનો અંતર્વિષ્કંભ છે.

---

તેને ૧૧થી ભાગવી. જે સંખ્યા આવે તે પૃથ્વી પર રહેલ મેરુની પહોળાઈના માપ (=૧૦,૦૦૦)માંથી બાદ કરવી. તે કરતા (૧૦,૦૦૦ - ૫૭૨૭ ૩/૧૧ =) ૪૨૭૨ ૮/૧૧ યોજન આવશે. ફોર્મ્યુલા = મૂળથી જેટલા યોજન કે અંગુલ પ્રમાણ ઉંચા ચઢીએ, તેનો ૧૧મો અંશ મૂળની પહોળાઈમાંથી ઓછો થાય. (ક્ષે.લો.પ્ર.સર્ગ-૧૮ ગાથા-૪૮-૬૩)

♦. આ અભિપ્રાય સમવાયાંગ સૂત્રાનુસારી જાણવો. કેમકે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર અને બૃહત્ક્ષેત્રસમાસમાં તો મૂળમાં એનો વિસ્તાર ૧૦ હજાર અને નેવું પૂર્ણાંક અને દશ અગિયારાંશ (૧૦૦૯૦ ૧૦/૧૧) યોજનનો કહેવાયો છે.

शतानि चतुःपञ्चाशदधिकानि षट् चैकादशभागाः।

इदानीं नन्दनवनादुपरि योजनसहस्राण्यर्धत्रिषष्टिरा(मा)रुह्य को मेरुविष्कम्भो बहिर्भवति ? अत्रापि तदेव कर्म, यदि योजनमारुह्य वृत्तविष्कम्भे सर्वतोऽपचयो योजनस्यैकादशभागस्तत आरुह्यार्धत्रिषष्टिः(ष्टिं) योजनसहस्राणि कोऽपचयो भवेदिति ? लब्धं पञ्च सहस्राणि षट् शतान्येकाशीत्यधिकानि नव चैकादशभागा योजनस्य। एतन्नन्दनवनान्तर्विष्कम्भादपास्य शेषमुपरि सौमनसेऽन्तर्विष्कम्भो लभ्यते। स चायम्– त्रीणि सहस्राणि शतद्वयं च द्विसप्तत्यधिकमष्टौ चैकादशभागा योजनस्येति। अस्मिन्नेव सौमनसान्तर्विष्कम्भे सौमनसवनचक्रवालविष्कम्भं पञ्चशतिकं द्विगुणं निधाय बहिर्विष्कम्भो लभ्यते, स चायम्– चत्वारि सहस्राणि द्वे शते द्व्युत्तरसप्तत्यधिके अष्टौ चैकादशभागा इति।

इदानीं सौमनसवनादारुह्योपरि षट्त्रिंशद्योजनसहस्राणि पाण्डुकवनं भवति। तस्य च विष्कम्भो योजनसहस्रम्, सौमनसवनाद् योजनमारुह्य कोऽपचयो भवतीति नाभिहितः। स चायमपचयो गणितधर्मेण भवति– यदि योजनमेकमारुह्य योजनस्य ♦[षण्णवतित्रिशतभागाः पञ्चविंशति](एकादशभागः ?) क्षयः सर्वतस्ततः षट्त्रिंशद् योजनसहस्राण्यारुह्य कोऽपचयो भवेदिति ? लब्धं सहस्रत्रयं शतद्वयं च द्व्युत्तर-



**પ્રશ્ન :-** હવે નંદનવનથી ઉપર ૬૨ ૧/૨ હજાર યોજન ચઢીને મેરુનો બાહ્ય વિષ્કંભ કેટલો હોય છે ? એ જણાવો.

**જવાબ :-** અહીં પણ (આ વિષ્કંભ કાઢવા માટે) તે જ પ્રક્રિયા કરવી. તે આ મુજબ :-

**પ્રશ્ન :-** જો એક યોજન ઉપર જઈને વૃત્ત વિષ્કંભને વિશે સર્વતઃ હાનિ ૧/૧૧ યોજન (= યોજનનો ૧૧મો ભાગ) નો ગણીએ તો ૬૨ ૧/૨ હજાર યોજન ગયા પછી કેટલી હાનિ પ્રાપ્ત થાય ?

**જવાબ :-** ૫૬૮૧ પૂર્ણાંક ૯/૧૧ અંશ યોજનની હાનિ પ્રાપ્ત થાય છે. આ (= ૫૬૮૧ ૯/૧૧ યોજન)ને નંદનવનના અંતર્વિષ્કંભમાંથી (૮૯૫૪ પૂર્ણાંક ૬/૧૧ અંશ યોજનમાંથી) ઓછા કરીને જે શેષ રહે તે ઉપર રહેલા સૌમનસવનના અંતર્વિષ્કંભ તરીકે પ્રાપ્ત થાય છે અને તે આ અંતર્વિષ્કંભ ૩૨૭૨ પૂર્ણાંક ૮/૧૧ અંશ યોજન પ્રમાણ છે. આ જ સૌમનસવનના અંતર્વિષ્કંભમાં સૌમનસવનના ચક્રવાલ વિષ્કંભ ૫૦૦ને બે ગણા કરીને એટલે (૫૦૦ + ૫૦૦ =) ૧૦૦૦ યોજનનો ઉમેરો કરીને સૌમનસવનનો બહિર્વિષ્કંભ મળે અને તે ૪૨૭૨ પૂર્ણાંક ૮/૧૧ અંશ યોજન પ્રમાણ છે.

હવે સૌમનસવનથી ઉપર ૩૬૦૦૦ યોજન જઈને પાંડુકવન આવેલુ છે. તેનો વિષ્કંભ ૧૦૦૦ યોજન છે. પણ સૌમનસવનથી ઉપર એક યોજન ગયા પછી કેટલી હાનિ થાય છે એ વાત ભાષ્યમાં કહેવાઈ નથી. તેથી તે હાનિ ગણિતની રીતથી આ મુજબ છે.

**પ્રશ્ન :-** જો એક યોજન ચઢ્યા પછી ચારે બાજુથી ઘટાડો ૧/૧૧ = યોજનના અગ્યારમાં ભાગનો હોય તો ૩૬૦૦૦ યોજન ગયા પછી કેટલી હાનિ થાય ?

♦. [ ] આવા કૌંશની અંદરનો ભાગ અસંબદ્ધ લાગે છે.

सूत्रम्

**तत्र भरत-हैमवत-हरि-विदेह-रम्यक्-हैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ॥३/१०॥**

भाष्यम्

**तत्र जम्बूद्वीपे [१]भरतं हैमवतं हरयो विदेहा रम्यकं हैरण्यवतमैरावतमिति वंशाः =**

गन्धहस्ती

सप्तत्यधिकं योजनैकादशभागाश्चाष्टौ। एतत् सौमनसवनाभ्यन्तर(बाह्य ?) विष्कम्भादपास्यं स्यात्, शेषमुपरि **पाण्डकवनस्य** वृत्तविष्कम्भो योजनसहस्रमिति॥३/९॥

स एवंविधो जम्बूद्वीपः सप्तक्षेत्रात्मको बोद्धव्यः। तानि चामूनि–

[ **तत्र भरते**त्यादि (३/१०) सूत्रम् ]

**तत्र जम्बूद्वीप** इत्यादि भाष्यम्। तत्रोक्तलक्षणे, जम्बूद्वीप इत्यनेनैतद् दर्शयति न द्वीपान्तराण्येतानि भरतादीनि, किन्तु जम्बूद्वीपस्यैवैकस्य विशिष्टावधिका विभागा इति, जगतः स्थितेरनादित्वात् संज्ञामात्रम् भरतदेवनिवाससम्बन्धाद् वा भरतं भारतं वा, हिमवतोऽदूरभवत्वाद् हैमवतम्, हरयो विदेहाश्च पश्चा-

સૂત્રાર્થ

**જંબૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત આ વર્ષો = ક્ષેત્રો છે. ॥૩/૧૦॥**

ભાષ્યાર્થ

**ત્યાં જંબૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત, ઐરાવત આ પ્રમાણે વંશો**

હેમગિરા

**જવાબ** :- ૩૨૭૨ પૂર્ણાંક ૮/૧૧ અંશ યોજનની હાનિ પ્રાપ્ત થાય. આને સૌમનસવનના બાહ્ય વિષ્કંભમાંથી (= ૪૨૭૨ ૮/૧૧ યોજનમાંથી) બાદ કરીને શેષ રહેલા ૧૦૦૦ યોજન હોય તે ઉપર રહેલ પાંડુકવનનો વૃત્તવિષ્કંભ જાણવો. **॥૩/૯॥**

**૩/૧૦ સૂત્રની અવતરણિકા :** તે આવા પ્રકારનો જંબૂદ્વીપ સાતક્ષેત્રમય સમજવો, અને તે આ ક્ષેત્રો કયા છે ? તે હવેના ૩/૧૦ સૂત્રમાં કહેવાય છે.

**❖ ભરતાદિ ક્ષેત્રોનું સ્વરૂપ ❖**

**તત્ર જંબૂદ્વીપ**... "ત્યાં પૂર્વે કહેવાયેલા સ્વરૂપવાળા જંબૂદ્વીપમાં" એમ ભાષ્યમાં કહેવા દ્વારા એ જણાવે છે કે ભરતાદિ એ બીજા કોઈ દ્વીપો નથી કિન્તુ એક જંબૂદ્વીપના જ વિશિષ્ટ મર્યાદાવાળા વિભાગો છે, જગતની સ્થિતિ અનાદિ કાલથી હોવાથી 'ભરત' ♦આદિ નામો સંજ્ઞા (= નામ) માત્ર રૂપ છે. (કોઈએ સાન્વાર્થિક પાડેલા નથી પણ શાશ્વત છે) અથવા તો 'ભરત'દેવના નિવાસના સંબંધ થકી ક્ષેત્રને ભરત

---

१. **भरत-हैमवत-हरयो** मु.पा.(खं.)। ♦. ભરત ક્ષેત્રનો એક પલ્યોપમની સ્થિતિવાળો અધિષ્ઠાયક દેવ છે, જેનુ એના સામાનિક આદિ દેવોએ 'ભરત' એવું નામ આપેલું છે. એ વાત કલ્પ સ્થિતિના પુસ્તકોમાં કહી છે. (क्षे.लो.प्र.सर्ग-१६ गाथा-३,४) (A) અનાદિકાલથી હોવાથી આ નામ શાશ્વત છે. (B) તે તે નામના અધિષ્ઠાયક દેવનો ત્યાં નિવાસ છે. આ બે હેતુ દરેક ક્ષેત્રોના નામ અંગે જાણવા. એ સિવાયના કેટલાક ક્ષેત્રોના નામો સંબંધી બીજા કેટલાક હેતુઓ લઘુ ક્ષેત્રસમાસ, ક્ષે.લો.પ્રકાશ આદિ ગ્રંથોમાં મળે છે.

• भाष्यम् •

**क्षेत्राणि भवन्ति। भरतस्योत्तरतो हैमवतम्। हैमवतस्योत्तरतो हरयः इत्येवं शेषाः। वंशा वर्षा वास्या इति चेषां गुणतः पर्यायनामानि भवन्ति।**

• गन्धहस्ती •

लतुल्याः, रम्यकमिति संज्ञायां कन्, हैरण्यवतम् हैरण्यवतदेवनिवाससम्बन्धात्, तथैरावतमपीति। एवमेते **सप्त वंशा वर्षाः क्षेत्राणी**त्यनर्थान्तरत्वं दर्शयति॥

अधुना विशिष्टक्रमसन्निवेशप्रदर्शनाभिधित्सया आह– **भरतस्योत्तरतो हैमवतमि**त्यादि गतार्थं प्रायः। वंशादीनि गुणतः **पर्यायनामानि भवन्तीति**। **वंशाः** किल पर्ववन्तो भवन्ति तद्वत् पर्वभागविभजनाद् वंशा इवामी भरतादयः, वर्षसन्निधानाच्च **वर्षाः**, मनुजादिनिवासाच्च **वास्याः**।

• ભાષ્યાર્થ •

**= ક્ષેત્રો હોય છે. ભરતની ઉત્તર બાજુ હૈમવત ક્ષેત્ર છે, હૈમવતની ઉત્તરમાં હરિ ક્ષેત્ર છે. આ પ્રમાણે શેષ (ક્ષેત્રોના વ્યવસ્થાન) પણ જાણવા. વળી આ ક્ષેત્રોનો વંશ, વર્ષો અને વાસ્ય એવા પર્યાયવાચી નામો ગુણોને આશ્રયી હોય છે.**

• હેમગિરા •

કે ભારત કહેવાય છે. હિમવંત પર્વતની નજીક હોવાથી હૈમવત⁑ એવું આ ક્ષેત્રનું નામ કહેવાય છે. હરિ અને વિદેહો પંચાલ સરખા છે.*

'રમ્યક્'★ એવા નામ (સંજ્ઞા) માં કન્ પ્રત્યય લાગેલો છે.

હૈરણ્યવંત દેવના નિવાસના સંબંધ થકી, છઠ્ઠું ક્ષેત્ર હૈરણ્યવંત❒ કહેવાય છે.

તેમજ ઐરાવતક્ષેત્ર વિશે પણ એ જ પ્રમાણે જાણવું. આ પ્રમાણે આ સાત વંશો = વર્ષો = ક્ષેત્રો છે એમ એકાર્થકતાને દર્શાવે છે.

### ❖ ક્ષેત્ર = વંશ = વર્ષ ❖

હવે આ સાતે ક્ષેત્રોના વિશિષ્ટ ક્રમ પૂર્વકના સ્થાનને કહેવાની ઈચ્છાથી **भरतस्योत्तरतो...** ઈત્યાદિ ભાષ્યને કહે છે, જે પ્રાયઃ સુગમ જ છે. 'વંશ' વગેરે એકાર્થક નામો ગુણની અપેક્ષાએ છે. વંશ (= વાંસ) ખરેખર પર્વવાળા હોય છે. આ વાંસ જેમ પર્વના ભાગથી વિભાજિત થાય છે તેમ આ ભરતાદિ ક્ષેત્રો પર્વતોથી વિભાજિત હોવાથી વંશરૂપ છે. આ ક્ષેત્રો વર્ષના = પૃથ્વીના અમુક ખંડના સંનિધાનથી

⁑. યુગલિક મનુષ્યોને આસનાદિકને માટે હેમ = સુવર્ણ આપતું હોવાથી એ ક્ષેત્ર હૈમવત કહેવાય છે.

*. સર્વ ક્ષેત્રોમાં મોટું હોવાથી અથવા એનો મહાવિદેહ નામનો અધિષ્ઠાયક દેવ હોવાથી અથવા મોટા શરીરવાળા મનુષ્યો ત્યાં વસતા હોવાથી એનું 'મહાવિદેહ' એવું યોગ્ય જ નામ પાડેલું છે.

★. સુવર્ણમય અને માણેકમય પ્રદેશો અને વિવિધ જાતિના કલ્પવૃક્ષોને લીધે એ ક્ષેત્ર અત્યંત રમ્ય લાગતું હોવાથી એનું રમ્યક્ એવું નામ પાડેલું છે. (ક્ષે.લો.પ્ર.સર્ગ-૧૯ ગાથા-૨૪)

❒. હિરણ્ય એટલે 'રૂપુ' પણ થાય છે અને સુવર્ણ પણ થાય છે. તેથી રૂક્મિ અને શિખરી જે બેઉ (અનુક્રમે) રૂપ્યમય અને સુવર્ણમય છે તે બેઉનું હિરણ્યવંત એવું એક સમાન નામ કહી શકાય. એટલે એ હિરણ્યવંત પર્વતોના સંબંધવાળુ જે ક્ષેત્ર તે હૈરણ્યવત ક્ષેત્ર. અથવા તો ત્યાં હિરણ્ય = સુવર્ણની પુષ્કળ પાટો હોવાથી, તે પાટો ત્યાંના યુગલિકોને આસન વગેરે માટે એ ક્ષેત્ર આપ્યા કરે છે માટે તે નામ પાડેલું છે. અથવા તો એમની નિત્ય ઉપયોગની વસ્તુઓ હિરણ્ય = સ્વર્ણવાળી હોવાથી મુનિવરોએ એ નામ પાડેલ છે. (ક્ષે.લો.પ્ર.સર્ગ-૧૯ ગાથા-૧૫-૧૮)

• भाष्यम् •

**सर्वेषां चैषां व्यवहारनयापेक्षादादित्यकृताद् दिग्नियमादुत्तरतो मेरुर्भवति।**

• गन्धहस्ती •

**सर्वेषा**मित्यादि भाष्यम्। सर्वक्षेत्राणां **चैषां** भरतादीनामैरावतपर्यन्तानां **व्यवहारनयापेक्षादादित्यकृताद् दिग्नियमादुत्तरतो मेरुर्भवति**। व्यवहारो हि सङ्गृहीतानां पदार्थानां विधिपूर्वकमवहरणं, लोकप्रसिद्धव्यवहारतत्परत्वात्, न खलु निश्चयमवलम्बते, सर्वव्यवहारोच्छेदप्रसङ्गात्। तथा चाह– "**असत्योपाधि यत् सत्यं, तद्वच्छब्दनिबन्धनम्**" इति, शुक्ला बलाका कृष्णो भ्रमर इत्येवमादिप्रसिद्धिवशव्यवस्थितमेव वस्तु प्रतिजानीतेऽस्तीति॥

तमेवंविधव्यवहारनयमपेक्षते यो दिग्नियमः सवितृगतिजनितस्तस्माद् दिग्नियमात् सर्वेषामुत्तरतो मेरुर्दक्षिणतश्च लवणजलनिधिरिति। न पुनर्नैश्चयिकदिग्व्यवस्थासमासादनेनेदमुच्यते, किन्तु यस्मिन् क्षेत्रे यत्रादित्य उदेति सा दिक् प्राची, यस्यामस्तमेति साऽऽशा प्रतीची, कर्कटकादिराशीन् धनुर्धरान्तान्

• ભાષ્યાર્થ •

**વળી વ્યવહારનયની અપેક્ષાએ સૂર્યથી નક્કી કરાયેલ દિશાના નિયમ થકી આ સર્વે ક્ષેત્રોની ઉત્તર બાજુ મેરુપર્વત હોય છે.**

• હેમગિરા •

'वर्ष' કહેવાય છે અને મનુષ્યાદિના નિવાસ રૂપ હોવાથી 'वास्य' કહેવાય છે.

**❖ વ્યવહારિક દિશાથી સર્વત્ર વ્યવહાર ❖**

- **सर्वेषां...** વ્યવહાર નયની દૃષ્ટિએ, સૂર્યથી કરાયેલ દિશાના નિયમ થકી ભરતથી માંડી ઐરાવત સુધીના આ તમામ ક્ષેત્રોની ઉત્તર દિશામાં મેરુ પર્વત હોય છે. આ વ્યવહાર નય, સંગ્રહ કરાયેલ પદાર્થોનું વિધિપૂર્વક વિભાગીકરણ કરે છે કેમકે આ નય લોક પ્રસિદ્ધ વ્યવહારમાં તત્પર હોય છે. તે નિશ્ચયનયનું આલંબન લેતો નથી કેમકે નિશ્ચયનયનું આલંબન લેતા સર્વે વ્યવહારનો વિચ્છેદ થઈ જવાનો પ્રસંગ આવે. તેમજ કહ્યું છે કે **"ઘણીવાર અસત્ય (ઉપાધિઓ) વિશેષણોવાળુ પણ જે સત્ય હોય તે શબ્દવ્યવહારનું કારણ છે"** જેમકે સફેદ બગલો, કાળો ભ્રમર (બગલા અને ભ્રમર ખરેખર નિશ્ચયનયથી તો પંચવર્ણવાળા જ છે. પણ લોક વ્યવહારમાં તે તે વર્ણની બહુલતાની અપેક્ષાએ તેવો તેવો શબ્દ વ્યવહાર થાય છે. પણ પંચવર્ણી એવો શબ્દ વ્યવહાર થતો નથી). આ પ્રમાણે યથોક્ત રીતથી પ્રસિદ્ધિ પામેલી વસ્તુને **अस्ति** (= છે) એમ વ્યવહારનય જાણે/માને છે.

સૂર્યની ગતિથી ઉત્પન્ન થયેલ જે દિશાનો નિયમ આવા પ્રકારના વ્યવહારનયની અપેક્ષા રાખે છે તે દિશાના નિયમ મુજબ (ભરતાદિ) સર્વ (ક્ષેત્રો) ની ઉત્તર દિશામાં મેરુપર્વત અને દક્ષિણ દિશામાં લવણ સમુદ્ર છે. નિશ્ચયનયની અપેક્ષા રાખનાર નૈશ્ચયિક દિશાની વ્યવસ્થાનો આશ્રય કરવા વડે આ રચના નથી કહેવાઈ. કિંતુ જે ક્ષેત્રમાં જ્યાં સૂર્યોદય થાય તે દિશા પૂર્વ અને જે દિશામાં અસ્ત થાય તે દિશા પશ્ચિમ જાણવી.

કર્કટક (= કર્ક) આદિ રાશિઓથી માંડી ધનુ સુધીની રાશિઓમાં જ્યાં રહેલો સૂર્ય ક્રમસર ફરે છે

• भाष्यम् •

**लोकमध्यावस्थितं त्वष्टप्रदेशं रुचकं दिग्नियमहेतुं प्रतीत्य यथासम्भवं भवतीति ॥३/१०॥**

• गन्धहस्ती •

यत्र व्यवस्थितश्चरति क्रमेण सा दक्षिणा, तथा मकरादीन् मिथुनान्तान् यत्र स्थितश्चरति सोत्तरा दिगिति, तथाऽन्तरालदिशि(शः) एतत्संयोगाद् वाच्याः। तथोर्ध्वमधश्च। सवित्रपेक्षैव दिग् व्यवह्रियत इति व्यावहारिकी सर्वेषां दिग् भवति।

**कथं** पुनर्व्यवहारमात्र[१]मेवेदं निश्चय निरपेक्षमिति ? **उच्यते** यतोऽस्माकं यत्रादित्य उदेति सा प्राची, सैव च पूर्वविदेहकानां प्रतीची, तत्रादित्यस्यास्तमितत्वाद्, विप्रतिषिद्धं चेदम्, एवमन्यास्वपि योज्यम्, तस्माद् व्यवहारमात्रमिदं न निश्चय इति।

अथ नैश्चयिकी दिक् कथं प्रतिपत्तव्येत्यत आह–

**लोकमध्यावस्थित**मित्यादि। तिर्यग्लोकमध्यावस्थितः समतलभूभागमेरुव्यवस्थितो वियत्प्रदेशाष्टक-

• ભાષ્યાર્થ •

**વળી લોકના બરાબર મધ્યમાં રહેલા એવા તેમજ દિશાના નિયમના હેતુ એવા જે આઠ રુચક પ્રદેશ છે તેને આશ્રયીને યથાયોગ્ય નૈશ્ચયિક દિશા હોય છે. ॥૩/૧૦॥**

• હેમગિરા •

તે દિશા દક્ષિણ જાણવી. તેમજ મકર વગેરે રાશિઓથી માંડી મિથુન સુધીની રાશીઓમાં જ્યાં રહેલો સૂર્ય ચરે/ફરે છે તે ઉત્તર દિશા છે. તેમજ અન્તરાલ દિશાઓ (= વિદિશાઓ) પૂર્વાદિ દિશાઓના સંયોગથી કહેવી. અને તે જ પ્રમાણે ઉર્ધ્વ અને અધો દિશા પણ જાણવી. સૂર્યની અપેક્ષાએ જ દિશાનો વ્યવહાર કરાય છે. આથી બધાય ક્ષેત્રોની વ્યવહારિક દિશા હોય છે.

**પ્રશ્ન :-** આ (બધી દિશા) નિશ્ચયનયથી અત્યંત નિરપેક્ષ માત્ર વ્યવહાર રૂપ જ કેમ છે ?

**જવાબ :-** એનું કારણ એ છે કે - આપણને (ભરતવાસીને) જ્યાં સૂર્ય ઉદય પામે છે તે દિશા પૂર્વ છે અને તે જ દિશા પૂર્વવિદેહ ક્ષેત્રવાળાઓને પશ્ચિમ છે. કારણ કે એ દિશામાં ત્યાં (પૂર્વ મહાવિદેહમાં) સૂર્યનો અસ્ત થયેલો છે. અને આ વિપ્રતિસિદ્ધ = વિરોધ થયો. (અર્થાત્ એક જ દિશા ભરતને આશ્રયી પૂર્વ બની અને પૂર્વ વિદેહને આશ્રયી પશ્ચિમ બની) આ રીતે બીજી દિશા અંગે પણ સમજવું. તેથી (નિશ્ચયથી અમુક દિશા પૂર્વ જ કે અમુક દિશા પશ્ચિમ જ એવો નિર્ણય તેઓમાં ન થઈ શકતો હોવાથી આ સૂર્યકૃત દિશાઓ માત્ર વ્યવહાર રૂપ જ છે નિશ્ચય રૂપ નહીં.

હવે નૈશ્ચયિક દિશાને કઈ રીતે સમજવી ? એવો પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી એનો જવાબ ભાષ્યકારશ્રી કહે છે.

### ❖ નૈશ્ચયિક દિશાની અપેક્ષાએ વ્યવસ્થા ❖

**લોકમધ્યાવસ્થિતં...** તિર્ચ્છાલોકની મધ્યમાં રહેલો તેમજ સમભૂતલા પૃથ્વી ઉપર સ્થિત મેરુપર્વતમાં

१. ०मेवेदं निर० मु. (भां.रा.)।

निर्माणो रुचकश्चतुरस्राकृतिः। स किल दिशामैन्द्र्यादीनां विदिशां चाग्नेयादीनां प्रभवः, तत्र दिशो द्विप्रदेशादिकाः प्रदेशद्वयोत्तरवृद्ध्या वर्धमाना महाशकटोद्धिसंस्थानाः सादिका विगतपर्यवसाना नभोदेशैरनन्तैर्विशिष्टाकृतिलब्धव्यवस्थानैर्जनितस्वरूपाश्चतस्रः, विदिशस्तु मुक्तावलीसन्निभा एकैकाकाशदेशरचनाहितस्वरूपाः सादिकाश्चापर्यवसिताश्चानन्तप्रदेशाश्चतस्र एव, उपरिष्टात् तानेव चतुरः प्रदेशानवधीकृत्योपरिस्थितचतुःप्रदेशादिकाऽनुत्तरा विमला नाम दिग् भवति, तथाऽधस्तात् तमोऽभिधानाऽधस्तनाकाशप्रदेशचतुष्टयप्रवहेति॥

एताश्चानादिकालसन्निवेशिन्यस्तथाऽनादिकालप्रसिद्धनामानो निश्चयनयालम्बनात् प्रतिपत्तव्याः। न तदङ्गीकरणेनोत्तरतो मेरुरुच्यत इति। अतस्तमेवंविधं **रुचकं दिग्नियमहेतुं प्रतीत्य यथासम्भवं** = येन प्रकारेण यस्याः सम्भवो द्विप्रदेशादिकेन द्व्युत्तरादिना एकप्रदेशादिना चानुत्तरेण तथा चतुःप्रदेशादिनाऽनुत्तरेणैव यथासम्भवं **भवती**त्युच्यत इति॥३/१०॥


રહેલો અને આઠ આકાશ પ્રદેશથી નિર્માણ પામેલો એવો ચોરસ આકૃતિવાળો રુચક પ્રદેશ છે. આ રુચકપ્રદેશ જ ઐન્દ્રી (પૂર્વ) આદિ દિશાનું તથા આગ્નેય (પૂર્વને દક્ષિણની વચ્ચેનો ખૂણો) વગેરે વિદિશાનું ઉત્પત્તિસ્થાન છે.

બે આકાશ પ્રદેશથી પ્રારંભ છે જેણીનો એવી, બે બે પ્રદેશો વડે ઉત્તરોત્તર વધતી, વિશાલ ગાડાની ધૂંસરીના જેવા સંસ્થાનવાળી, ‘આદિ’ સહિત અને અંતથી શૂન્ય (= સાદિ અનંત), વિશિષ્ટ આકૃતિવડે પ્રાપ્ત થયેલ સ્થિતિવાળા એવા અનંત આકાશ પ્રદેશથી બનેલા સ્વરૂપવાળી દિશાઓ ચાર છે. મોતીના હારના જેવી આકૃતિવાળી, એક એક આકાશ પ્રદેશની રચનાથી પ્રાપ્ત થયેલા સ્વરૂપવાળી, સાદિ અનંત તથા અનંત પ્રદેશવાળી એવી તે વિદિશાઓ ચાર જ છે.

ઉપરની બાજુ રહેલ તે જ ચાર (રુચક) પ્રદેશોને આશ્રયીને ઉપર રહેલા ચાર પ્રદેશની આદિવાળી અનુત્તરા વિમલા નામની દિશા હોય છે તથા નીચેની બાજુ રહેલા તે જ ચાર રુચક પ્રદેશોને આશ્રયીને ‘તમસ્’ નામની અધો દિશા નીચેની બાજુ રહેલા એવા ચાર આકાશ પ્રદેશથી પ્રારંભાયેલી છે.

નિશ્ચયનયને આશ્રયીને આ દિશાઓ (ચતુષ્પ્રદેશી ઉર્ધ્વ -અધો દિશા તેમજ ઐન્દ્રાદિ દિશાઓ અને આગ્નેયાદિ વિદિશાઓ) અનાદિકાળથી રહેનારી તેમજ અનાદિકાળથી પ્રસિદ્ધ નામવાળી સ્વીકારવી.

નિશ્ચયનયને આશ્રયી દિશાઓના ઉત્તરમાં મેરુ છે એમ કહી શકાય નહી. આથી આવા પ્રકારના દિશાના નિયમનમાં હેતુભૂત એવા ૮ રુચક પ્રદેશોને આશ્રયીને નૈશ્ચયિક દિશાનું યથાસંભવ સંયોજન કરવું. તે આ રીતે કે રુચક પ્રદેશથી બે-બે પ્રદેશની ઉત્તરોત્તર વૃદ્ધિવાળા એવા બે પ્રદેશોના પ્રારંભ વડે (ઐન્દ્રાદિ દિશાઓ) અને અનુત્તર = પ્રદેશની ઉત્તરોત્તર વૃદ્ધિ વિનાના એવા એક પ્રદેશના પ્રારંભ વડે (આગ્નેયાદિ વિદિશાઓ) તેમજ અનુત્તર ચાર પ્રદેશોના પ્રારંભ વડે (ઉર્ધ્વ અને અધો દિશા) યથાયોગ્ય રહી છે અર્થાત્ નિશ્ચયથી દિશા, વિદિશાનું ઉત્પત્તિ સ્થાન આ છે. ||૩/૧૦||

सूत्रम्

**तद्विभाजिनः पूर्वापरायता हिमवन्-महाहिमवन्-निषध-नील-रुक्मि-शिखरिणो वर्षधरपर्वताः ॥३/११॥**

भाष्यम्

**तेषां वर्षाणां विभक्तारो हिमवान् महाहिमवान् निषधो नीलो रुक्मी शिखरीत्येते षड् वर्षधराः पर्वताः॥ भरतस्य हैमवंतस्य च विभक्ता हिमवान्। हैमवंतस्य हरिवर्षस्य**

गन्धहस्ती

अथैषां भरतादिक्षेत्राणां किंकृतो विभाग इत्याह–

[ **तद्विभाजिन** इत्यादि (३/११) सूत्रम् ]

तानि विभक्तुं शीलमेषामिति तद्विभाजिनोऽकृत्रिमसन्निवेशित्वात् तच्छीलाः, पूर्वापरायता इत्युभयतो लवणजलधिमवगाढा हिमवदादिसंज्ञानिर्देशः, वंशा वर्षा वा क्षेत्राणि तेषां धारकाः = विशिष्टव्यवच्छेद-कारिणो गिरयोऽनादिकालव्यवस्थानाः।

**तेषां वर्षाणा**मित्यादि भाष्यं प्रायो गतार्थम्, कथं पुनरमी वंशधरपर्वता इत्यादर्शयति– **भरतस्य हैमवंतस्य च विभक्ता हिमवान्**। तन्मध्यव्यवस्थिततत्वाद् भारत-हैमवंतयोर्विभागमापादयति हिमवान्।

સૂત્રાર્થ

**તે (ક્ષેત્રો)નું વિભાજન કરનારા, પૂર્વ અને પશ્ચિમ દિશામાં દીર્ઘ = લાંબા એવા હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રૂક્મિ અને શિખરી વર્ષધર પર્વતો છે. ||૩/૧૧||**

ભાષ્યાર્થ

**તે ક્ષેત્રોનુ વિભાજન = જુદા કરનાર હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રૂકમી અને શિખરી એમ આ ૬ વર્ષધર પર્વતો છે. ભરતક્ષેત્ર અને હૈમવંત ક્ષેત્રનો વિભાજક હિમવાનપર્વત,**

હેમગિરા

## ❖ હિમવંત આદિ વર્ષધર પર્વતોનું સ્વરૂપ ❖

**૩/૧૧ સૂત્રની અવતરણિકા :** હવે આ ભરતાદિ ક્ષેત્રોનો વિભાગ કોનાથી કરાએલો છે એવા પ્રશ્નના જવાબ માટે ૩/૧૧ સૂત્રને કહે છે - તેઓ (ક્ષેત્રો)ના વિભાગ કરવાનો સ્વભાવ છે જે (પર્વતો)નો, આથી तद्विभाजिनः એવુ વિશેષણ પર્વતોનું કહ્યું છે. આ પર્વતોની રચના સ્વાભાવિક હોવાથી તેઓનો તેવો (ક્ષેત્રોના વિભાગ કરવાનો) સ્વભાવ છે.

આ પર્વતો પૂર્વ અને પશ્ચિમ દિશામાં દીર્ઘ છે. અર્થાત્ એમના બન્ને પડખા લવણસમુદ્રને અવગાહીને રહ્યા છે. આ પર્વતો કયા છે તે 'હિમવંત' વગેરે નામોનો નિર્દેશ ભાષ્યમાં કર્યો છે. વંશ, વર્ષ અથવા ક્ષેત્ર, તેઓ (ક્ષેત્રો)ના ધારક અર્થાત્ (ક્ષેત્રોના) વિશિષ્ટ વ્યવચ્છેદ (= વિભાગ) કરનારા એવા આ પર્વતો અનાદિકાળથી રહેલા છે.

**तेषां वर्षाणां...** ઈત્યાદિ ભાષ્ય પ્રાયઃ સ્પષ્ટ અર્થવાળો છે. વળી, આ વંશધર પર્વતો કઈ રીતે રહેલા છે ? તેને કહે છે - ભરતક્ષેત્ર અને હૈમવત ક્ષેત્રનો વિભાગ કરનાર હિમવંતપર્વત છે, કેમકે તે

• भाष्यम् •

**च विभक्ता महाहिमवान्, इत्येवं शेषाः॥ तत्र पञ्च योजनशतानि षड्विंशानि षट्**

• गन्धहस्ती •

तथा हैमवंत-हरिवंशयोर्व्यवस्थाकारी **महाहिमवान्**। इत्येवं शेषगिरयोऽपि नामग्राहं वक्तव्या इत्यतिदिशति, हरिवंश-विदेहयोर्विभक्ता निषधः, विदेह-रम्यकयोर्विभक्ता नीलः, रम्यक-हैरण्यवंतयोर्विभक्ता रुक्मी, हैरण्यवतैरावतयोर्विभक्ता शिखरीति॥

अधुनैषां क्षेत्राणां विभागे सति प्रमाणमाख्याति– **तत्र** भरतक्षेत्रमारोपितचापाकारम्, अतः प्रागिषोरेव प्रमाणमुच्यते– **पञ्च योजनशतानि षड्विंशत्य**धिकानि **षट् चैकोनविंशतिभागा** योजनस्य **भरत-क्षेत्रविष्कम्भः**।

**अपरे** त्विदमेव भाष्यवाक्यं सूत्रीकृत्याधीयते। विष्कम्भत इति मध्यप्रदेशे भवति, एवमैरावतक्षेत्र-

• ભાષ્યાર્થ •

**હૈમવત ક્ષેત્ર અને હરિવર્ષક્ષેત્રનો વિભાજક મહાહિમવાન, એ પ્રમાણે શેષ ક્ષેત્રો વિશે વિભાજક પર્વતો યથા યોગ્ય જાણવા.**

**આ ક્ષેત્રોમાં ભરતક્ષેત્રનો વિષ્કંભ (= પહોળાઈ) ૫૨૬ યોજન અને ૬ કલા (૫૨૬ પૂર્ણાંક**

• હેમગિરા •

બન્ને-ક્ષેત્રની મધ્યમાં રહેલો છે. તેમજ હૈમવત ક્ષેત્ર અને હરિવંશ ક્ષેત્રનો વ્યવસ્થાપક = વિભાજક મહાહિમવાન પર્વત છે. આ રીતે શેષ પર્વતો પણ નામગ્રહણપૂર્વક કહેવા એવી ભલામણ ભાષ્યમાં કરી છે. (તે નામ ગ્રહણ પૂર્વક આ મુજબ કહેવા.) હરિવંશ ક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્રનો વિભાજક નિષધ પર્વત છે. મહાવિદેહ ક્ષેત્ર અને રમ્યક્ ક્ષેત્રનો વિભાજક નીલવંતપર્વત છે. રમ્યક્ક્ષેત્ર અને હૈરણ્યવત ક્ષેત્રનો વિભાજક રુક્મિપર્વત છે. હૈરણ્યવત ક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રનો વિભાજક શિખરી પર્વત છે.

હવે આ ક્ષેત્રોનો વિભાગ કહેવાયે છતે (ક્ષેત્રના) પ્રમાણને જણાવે છે. ત્યાં (ક્ષેત્રોમાં) ભરતક્ષેત્ર પ્રત્યંચા (= ધનુષની દોરી) ઉપર ચઢાવેલ બાણના જેવા આકારવાળો છે, આથી સર્વ પ્રથમ ❒ઈષુનું જ પ્રમાણ કહેવાય છે. તે આ મુજબ-૫૨૬ યોજન અને અધિક ૬ કળા★ (=૫૨૬ પૂર્ણાંક ૬/૧૯ અંશ) ભરતક્ષેત્રનો વિષ્કંભ (= ઈષુ) જાણવો. (જુઓ પરિશિષ્ટ-૧૨, ચિત્ર નં.૪)

વળી બીજા ♦કેટલાક તો ભાષ્યના **पञ्चयोजन**... થી માંડી **विष्कम्भः** સુધીના વાક્યને સૂત્રરૂપે કહે છે.

### ❖ હિમવંત આદિના ઈષુનું માપ ❖

ભરતક્ષેત્ર આટલા પ્રમાણવાળા ઈષુથી મધ્ય વિભાગમાં છે. આ પ્રમાણે ઐરાવત ક્ષેત્રનો વિષ્કંભ

❒. વિવક્ષિત ક્ષેત્રની 'જીવા'ના મધ્યભાગથી સમુદ્ર સુધીનો જે વિષ્કંભ તે 'ઈષુ' કે 'શર' (='બાણ') કહેવાય છે.

★. એક યોજનનો ૧૯ મો ભાગ તે 'કળા' કહેવાય છે. એટલે ઓગણીશ 'કળા' નો એક યોજન કહેવાય. વળી કળાનો ઓગણીશમો ભાગ તે 'વિકળા' એવી ઓગણીશ 'વિકળા'ની એક કળા હોય. (ક્ષે.લો.પ્ર.સર્ગ-૧૬ ગાથા-૧૨)

♦. દિગંબર સૂત્ર રચના ઘણા સ્થાને બહુ લાંબી લાંબી જોવામાં આવેલ છે. હકીકતમાં તે ભાષ્યનો જ એક અંશ દેખાય છે.

भाष्यम्

**चैकोनविंशतिभागा (५२६ ६/१९) भरतविष्कम्भः। स द्विर्द्विर्हिमवद्धैमवतादीनामाविदेहेभ्यः। परतो विदेहेभ्योऽर्धार्धहीनाः॥**

गन्धहस्ती

विष्कम्भोऽपि। हिमवदादिपर्वतानां शेषक्षेत्राणां चैवमतिदिशन्नाह— **स द्विर्द्विर्हिमवद्धैमवंतादीनामाविदेहेभ्य** इति, स भरतेषु द्विगुणोद्विगुणः पर्वतानां क्षेत्राणां च विष्कम्भो भवत्याविदेहेभ्य इति। तद्यथा—

हिमवच्छिखरिणोर्योजनसहस्रं द्व्युत्तरपञ्चाशताधिकं द्वादश चैकोनविंशतिभागा योजनस्य, हैमवंत-हैरण्यवतयोः सहस्रद्वयं शतं च पञ्चोत्तरं पञ्च चैकोनविंशतिभागा योजनस्य, महाहिमवद्-रुक्मिणोश्चत्वारि सहस्राणि शतद्वयं दशोत्तरं दश चैकोनविंशतिभागा योजनस्य, हरि-रम्यकयोरष्टौ सहस्राणि चत्वारि शतान्येकविंशत्यधिकानि एकश्चैकोनविंशतिभागो योजनस्य, निषध-नीलयोः षोडश सहस्राण्यष्टौ शतानि द्व्युत्तरचत्वारिंशताधिकानि द्वौ चैकोनविंशतिभागौ योजनस्य, विदेहानां त्रयस्त्रिंशत्सहस्राणि षट् च शतानि चतुरशीत्यधिकानि चत्वारश्चैकोनविंशतिभागा योजनस्येति।

**परतो विदेहेभ्योऽर्धार्धहीना** इति। नीलादीनां प्रमाणमाचष्टे लाघविक आचार्यः— विदेहक्षेत्रेषुरर्धहीनो

ભાષ્યાર્થ

**૬/૧૯ અંશ) છે. હિમવંતપર્વત, હૈમવંતક્ષેત્રથી માંડીને છેક મહાવિદેહક્ષેત્ર સુધીનો વિસ્તાર તે (ભરત ક્ષેત્રના વિસ્તાર કરતા) બમણો-બમણો જાણવો. મહાવિદેહક્ષેત્રની પછીના પર્વત અને ક્ષેત્રોનો ક્રમશઃ અર્ધો અર્ધો ઓછો વિષ્કંભ જાણવો.**

હેમગિરા

પણ સમજી લેવો. હિમવંત આદિ પર્વતોના તથા શેષ ક્ષેત્રોના ઈષુની ભલામણ કરતા **स द्विर्द्विर्हिमव...** આ ભાષ્યને કહે છે. હિમવંત, હૈમવત વગેરેથી માંડીને મહાવિદેહ સુધીનો તે ઈષુ બમણો બમણો છે. અર્થાત્ ભરતના ઈષુથી બમણો-બમણો મહાવિદેહ સુધીના પર્વતો અને ક્ષેત્રોનો (ક્રમશઃ) વિષ્કંભ = ઈષુ હોય છે. તે આ મુજબ :-

હિમવંતપર્વત અને શિખરીપર્વતનો વિષ્કંભ ૧૦૫૨ યોજન અને ૧૨ કળા છે. હૈમવંતક્ષેત્ર અને હૈરણ્યવંતક્ષેત્રનું પ્રમાણ ૨૧૦૫ યો. ૫/૧૯ કળાનું, મહાહિમવંતપર્વત અને રુક્મિપર્વતનું માપ ૪૨૧૦ યો. ૧૦/૧૯ કળાનું, હરિવર્ષક્ષેત્ર અને રમ્યક્ક્ષેત્રનું માપ ૮૪૨૧ યો. ૧/૧૯ કળાનું, નિષધપર્વત અને નીલપર્વતનું માપ ૧૬૮૪૨ યો. ૨/૧૯ કળાનું, મહાવિદેહક્ષેત્રનું માપ ૩૩૬૮૪ યો. ૪/૧૯ કળા છે એમ જાણવું. "અડધું અડધું ઓછું માપ આ મહાવિદેહક્ષેત્રની પછીના ક્ષેત્ર અને પર્વતોનું છે." એમ સંક્ષેપપ્રિય આચાર્યશ્રી ઉમાસ્વાતિજી મહારાજા નીલાદિ પર્વત અને ક્ષેત્રોના માપને કહે છે. વિદેહક્ષેત્રનો ઈષુ અર્ધો કરતાં નીલપર્વતનો ઈષુ થાય છે, તે નીલપર્વતનો ઈષુ અર્ધો ઓછો કરતાં રમ્યક્ક્ષેત્રનો ઈષુ

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૩૬

• भाष्यम् •

**पञ्चविंशतियोजनान्यवगाढो योजनशतोच्छ्रयो हिमवान्। तद्द्विर्महाहिमवान्। तद्द्विर्निषध इति॥**

**भरत[१]वर्षस्य योजनानां चतुर्दश सहस्राणि चत्वारि शतान्येकसप्ततीति च षड्भागा विशेषतः (१४४७१ ६/१९) ज्या। इषुर्यथोक्तो ५२६ ६/१९ विष्कम्भः, धनुःकाष्ठं चतुर्दश**

• गन्धहस्ती •

नीलेषुर्भवति, सोऽर्धहीनो रम्यकेषुरित्येवं यावदैरावतक्षेत्रमिति॥

अधुनैषां हिमवदादिकुलपर्वतानां अवगाहोच्छ्रायान् प्रतिपादयति– **पञ्चविंशती**त्यादि उच्छ्रायचतुर्भागोऽवगाहः सर्वेषाम्, उच्छ्रायो योजनशतमवगाहः पञ्चविंशतिर्योजनानि हिमवतः। एतदेव द्विगुणमुच्छ्रायावगाहप्रमाणं महाहिमवतः, योजनशतद्वयमुच्छ्रयः पञ्चाशदवगाहः। एतद्द्विगुणं निषधस्य, चत्वारि शतान्युच्छ्रायः शतमवगाह इति। नीलादीनां निषधा[२]दिभिस्तुल्योच्छ्रायावगाहाविति॥

इदानीं जीवा-धनुःकाष्ठे कथयति– **भरतवंशस्ये**त्यादि भाष्यम्। हिमवत आराद्भागवर्तिनी जीवेयं

• ભાષ્યાર્થ •

**હિમવંતપર્વત ૨૫ યોજન ઊંડો (અને) ૧૦૦ યોજન ઊંચો છે. તેના કરતા બમણો મહાહિમવંત છે (અને) તેના કરતા બમણો નિષધ છે.**

**ભરતવંશની જીવા ચૌદ હજાર ચારસો ઈકોત્તેર યોજન અને છ કલા છે. (૧૪૪૭૧ પૂર્ણાંક ૬/૧૯ અંશ યોજનની છે) પૂર્વે કહ્યા મુજબ ઈષુ (૫૨૬ પૂર્ણાંક ૬/૧૯ અંશ યોજન)ના વિષ્કંભ**

• હેમગિરા •

થઈ જાય છે. આ રીતે છેક ઐરવતક્ષેત્ર સુધી છે એમ સમજી લેવું.

### ❖ હિમવંત આદિ પર્વતોની ઉંડાઈ અને ઉંચાઈ ❖

હવે આ હિમવંત આદિ સમગ્ર પર્વતોની અવગાહના (= ઊંડાઈ) અને ઉંચાઈનું પ્રતિપાદન કરે છે.

**पञ्चविंशति...** બધા પર્વતોની (પોતપોતાની) ઉંચાઈના ચોથા ભાગની ઉંડાઈ હોય છે. હિમવંત પર્વતની ૧૦૦ યોજન ઉંચાઈ અને ૨૫ યોજન (જમીનમાં) ઉંડાઈ છે. એના કરતા આ જ બમણી ઉંચાઈ અને ઉંડાઈનું પ્રમાણ તે મહાહિમવંતનું છે, અર્થાત્ ૨૦૦ યોજન ઉંચો અને ૫૦ યોજન ઉંડો છે. આનાથી બમણું માપ નિષધપર્વતનું છે. અર્થાત્ ૪૦૦ યોજન ઉંચો અને ૧૦૦ યોજન ઉંડો છે. નીલાદિ (નીલ, રૂક્મિ, શિખરી)ની ઉંચાઈ અને ઊંડાઈ નિષધાદિપર્વતની જેમ યથાક્રમે સમાન જાણવી.

### ❖ ભરતની જીવા અને ધનુઃકાષ્ઠનું માપ ❖

હવે જીવા (= ધનુષની દોરી = પ્રત્યંચા) અને ધનુઃકાષ્ઠ (ધનુષનું કાષ્ઠ) કહે છે.

**भरतवंशस्य...** આ ભાષ્યમાં કહેલી ૧૪૪૭૧ યોજન ૬/૧૯ કળાવાળી આ જીવા હિમવંતપર્વતના

---

१. वंश० मु.पा.(खं)। २. ०षधादिवदुच्छ्र० मु.रा.(भां.)।

• भाष्यम् •

**सहस्राणि शतानि पञ्चाष्टाविंशान्येकादश च भागाः साधिकाः (१४५२८ ११/१९)।**

**भरतक्षेत्रमध्ये पूर्वापरायत उभयतः समुद्रमवगाढो वैताढ्यपर्वतः षड् योजनानि सक्रोशानि धरणिमवगाढः पञ्चाशद् विस्तरतः पञ्चविंशत्युच्छ्रितः॥**

• गन्धहस्ती •

प्रतिपत्तव्या, धनुःकाष्ठं च **इषुर्यथोक्तो विष्कम्भ** इति प्रागभिहितोऽपि पुनरिहोपन्यस्त इषुरिति, तत्रैवं नोक्तस्तस्मात् पुनरुपन्यास इति।

**भरतक्षेत्रमध्य** इत्यादि। **वैताढ्यपर्वतो** दक्षिणोत्तरार्धविभागकारी विद्याधराधिवासः पञ्चाशत्षष्टि-नगरयुक्तदक्षिणोत्तरश्रेणिद्वयालङ्कृतो गुहाद्वयोपशोभितश्च प्रतिपत्तव्यः।

• ભાષ્યાર્થ •

**રૂપ જાણવો. ધનુઃકાષ્ઠ ચૌદ હજાર પાંચસો અઠ્યાવીસ યોજન અને ૧૧ કલાનું (૧૪૫૨૮ પૂર્ણાંક ૧૧/૧૯ અંશ યોજનનો) છે.**

**ભરતક્ષેત્રની મધ્યમાં પૂર્વ અને પશ્ચિમ દિશામાં (લવણ) સમુદ્ર સુધી લંબાયેલો એવો વૈતાઢ્ય પર્વત એક કોશ સહિત ૬ (= સવા છ) યોજન જેટલો પૃથ્વીમાં રહેલો છે. વિસ્તારથી ૫૦ યોજન છે, ૨૫ યોજનની ઊંચાઈ છે.**

• હેમગિરા •

પહેલાની જાણવી. (જીવા = વિવક્ષિત ક્ષેત્રની પૂર્વથી, પશ્ચિમ સુધીની ઉત્કૃષ્ટ લંબાઈ) અને ધનુઃકાષ્ઠ♦ પણ હિમવંતપર્વતની પહેલાનું જાણવું. (ધનુઃકાષ્ઠ = ધનુઃપૃષ્ઠ = 'જીવા'ના પૂર્વ અને પશ્ચિમના છેડા રૂપ સીમા વડે સમુદ્ર સુધી પહોંચતી પરિધિ.) પૂર્વે ભાષ્યમાં કહેલો વિષ્કંભ તે જ ઈષુ છે. પણ ત્યાં (તે વિષ્કંભ તરીકે કહ્યો છે) ઈષુ તરીકે નથી કહ્યો. આથી ઈષુનો અહીં ફરી ઉપન્યાસ કર્યો છે.

### ❖ વૈતાઢ્ય પર્વતનું પ્રતિપાદન ❖

**ભરતક્ષેત્રમધ્ય...** વૈતાઢ્ય પર્વત (ભરતની મધ્યમાં હોવાથી ભરત ક્ષેત્રના) દક્ષિણાર્ધભરત અને ઉત્તરાર્ધભરત એમ બે વિભાગ કરનારો ⧗છે તથા, વિદ્યાધરોના નિવાસ-સ્થાનરૂપ, ૫૦ અને ૬૦ નગરોથી ❐યુક્ત એવી (ક્રમશઃ) દક્ષિણશ્રેણી અને ઉત્તરશ્રેણીરૂપ બે શ્રેણીથી અલંકૃત, તેમજ બે ગુફાઓ (= પશ્ચિમ અને પૂર્વ દિશામાં ક્રમશઃ તમિસ્રાગુફા અને ખંડપ્રપાતા ગુફા) થી શોભિત જાણવો.

♦. ગોળ પદાર્થનો એક છેલ્લો અમુક ભાગ કે જે ધનુષના આકારનો થાય છે, આ એક ખંડ કહેવાય. ખંડ પર્યન્તનો ઘેરાવો (ખંડિત ઘેરાવો) = ધનુઃપૃષ્ઠ અથવા ધનુષના આકારવાળા ખંડનો કામઠી (ધનુષની લાકડી) સરખો ભાગ ધનુઃપૃષ્ઠ કહેવાય. એ ધનુઃપૃષ્ઠના અતિમધ્યભાગથી તે ખંડના પર્યંત ભાગ સુધીનો બાણ સરખો સીધો ભાગ = પહોળાઈ તે ઈષુ કહેવાય.

⧗. વૈતાઢ્ય નામનો મહર્દ્ધિક દેવ અહીં વસે છે તેથી આ પર્વત વૈતાઢ્ય નામે ઓળખાય છે.

❐. નગર એટલે એકલું શહેર નહીં, પણ મહાન દેશ. અથવા અનેક ગ્રામ સહિત રાજધાની રૂપ મુખ્ય શહેર, તે નગર. આવા નગર, દેશ લાંબી પંક્તિમાં રહ્યા હોવાથી વિદ્યાધરશ્રેણી કહેવાય છે. આ સર્વ નગરોમાં વિદ્યાધર મનુષ્યો વસે છે.

• भाष्यम् •

**विदेहेषु निषधस्योत्तरतो मन्दरस्य दक्षिणतः काञ्चनपर्वतशतेन चित्रकूटेन विचित्रकूटेन चोपशोभिता देवकुरवः।**

**विष्कम्भेणैकादश योजनसहस्राण्यष्टौ च शतानि द्विचत्वारिंशानि द्वौ च भागौ। एवमेवोत्तरेणोत्तराः कुरवश्चित्रकूट-विचित्रकूटहीना द्वाभ्यां च काञ्चनाभ्यामेव यमक-**

• गन्धहस्ती •

**विदेहे**ष्वित्यादि। मेरुगिरेर्दक्षिणतो **निषधस्योत्तरतो** देवकुरवो भवन्ति, ते च **काञ्चनपर्वतकशतेनो**पशोभिता ह्रदपञ्चकोभयपर्यन्तव्यवस्थितैर्दशभिर्दशभिः काञ्चनपर्वतैर्विभूषिताः, शीतोदानदीपूर्वापरगौ निषधाच्चतुस्त्रिंशाष्टशतसचतुःसप्तभागान्तरौ चित्र-विचित्रकूटौ योजनसहस्रोच्चौ तावदधोविस्तृतौ तदर्धमुपरि ताभ्यां चोपशोभिता देवकुरवः। ते च–

**विष्कम्भेणे**त्यादि सुज्ञानम्। इदानीमुत्तरकुरूनतिदिशति– एवमेवोत्तरेणोत्तराः कुरवः काञ्चनकनगशतेनोपशोभिताः, किन्तु **चित्र-विचित्रकूटाभ्यां** हीनास्तत्स्थान एव च **काञ्चनाभ्यां** तत्प्रमाणाभ्यामेव

• ભાષ્યાર્થ •

**મહાવિદેહ ક્ષેત્રમાં નિષધ પર્વતના ઉત્તરમાં તથા મેરુપર્વતના દક્ષિણ તરફ ૧૦૦ સોનાના પર્વત (= કંચનગિરિ)થી ચિત્રકૂટ અને વિચિત્રકૂટ વડે શોભાયમાન એવુ દેવકુરુક્ષેત્ર છે.**

**દેવકુરુક્ષેત્રનો વિષ્કંભ ૧૧૮૪૨ પૂર્ણાંક ૨/૧૯ અંશ યોજન (૧૧૮૪૨ યોજન અને ૨ કળા) છે.**

**આ પ્રમાણે જ ઉત્તર દિશા તરફ આવેલ ઉત્તરકુરુક્ષેત્ર-ચિત્રકૂટ, વિચિત્રકૂટ એ બે વિના (= ૧૦૦ કાંચન પર્વત) તેમજ બે સ્વર્ણમય યમકપર્વત (= કુલ ૧૦૨ પર્વત) વડે શોભે છે.**

• હેમગિરા •

### ❖ દેવકુરુ-ઉત્તરકુરુનો પરિચય ❖

**વિદેહેષુ...** મેરુગિરિની દક્ષિણ બાજુ અને નિષધપર્વતની ઉત્તર બાજુ દેવકુરુ ક્ષેત્ર હોય છે અને તે ૧૦૦ કાંચનગિરિઓથી[૪] ઉપશોભિત હોય છે. અર્થાત્ પાંચ દ્રહોના (= સરોવરના) ઉભય પડખામાં રહેલા ૧૦-૧૦ કાંચનગિરિઓથી વિભૂષિત છે.

નિષધ પર્વત(ના ઉત્તર દિશાના છેડા)થી ઉત્તરમાં ૮૩૪ પૂર્ણાંક ૪/૭ અંશ યોજન પછી સીતોદા નદીના પૂર્વ અને પશ્ચિમ કિનારા ઉપર ચિત્રકૂટ અને વિચિત્રકૂટ નામના બે પર્વતો રહેલા છે. જે એક હજાર યોજન ઉંચા તથા તેટલા જ (૧૦૦૦) યોજન વિસ્તૃત નીચેના ભાગમાં છે. તેનાથી અર્ધ (૫૦૦ યો.) વિસ્તૃત ઉપરના ભાગમાં છે અને તે બે પર્વતો વડે દેવકુરુ ક્ષેત્ર ઉપશોભિત છે.

**વિષ્કમ્ભેણ....** ઈત્યાદિ ભાષ્ય સરળ છે. હવે ઉત્તરકુરુ ક્ષેત્રની ભલામણ કરે છે કે, આ પ્રમાણે જ (જે રીતે દેવકુરુ ક્ષેત્ર કહ્યું એ રીતે જ) ઉત્તરકુરુ ક્ષેત્ર ઉત્તરદિશાના ૧૦૦ કંચનગિરિથી ઉપશોભિત

૪. આ દરેક કંચનગિરિની ઉપર નાની મોટી વાવડીઓમાં, સરોવરમાં, સરોવરની પંક્તિઓમાં ૧૦૦ પાંખડીવાળા, ૧૦૦૦ પાંખડીવાળા કમળો રહેલા છે. જે કંચન (= સોના) ના વર્ણવાળા છે. તેથી તેમજ 'કાંચન' નામના દેવો આ પર્વતના અધિપતિ હોવાથી આ પર્વતો કાંચનગિરિ કહેવાય છે. (क्षे.लो.प्र.सर्ग-१६ गाथा-२६३)

• भाष्यम् •

**पर्वताभ्यां विराजिताः। विदेहा मन्दर-देवकुरूत्तरकुरुभिर्विभक्ताः क्षेत्रान्तरवद् भवन्ति पूर्वे चापरे च। पूर्वेषु षोडश चक्रवर्तिविजया नदी-पर्वतविभक्ताः परस्परस्यागमाः,**

• गन्धहस्ती •

**यमकपर्वताभ्यां** शीतानदीकूलगाभ्यां **विराजिता** इति॥

**विदेहा** इत्यादि **मन्दरगिरिणा देवकुरूत्तर-कुरुभिश्च विभक्ता** = व्यवच्छिन्नमर्यादाः स्थापिताः, एकक्षेत्रान्तःपातिनोऽपि **क्षेत्रान्तरवद् भवन्ति**। तत्रत्यमनुष्यादीनां परस्परेण गमनागमनाभावात्। अतः पूर्वे चापरे चोभये विदेहा भवन्ति, मेरोः पूर्वतः पूर्वे, अपरतोऽपरे, तत्र **पूर्वेषु विदेहेषु षोडश चक्रवर्तिविजया नदी-पर्वतविभक्ताः परस्परस्यागमाः** चक्रवर्तिनां विजेतव्या भोक्तव्याश्च, नदीभिर्गिरिभिश्च विभक्ताः परस्परेणागम्याः क्षेत्रविशेषा इत्यर्थः। अधुनाऽपरानप्यतिदिशति– **अपरेऽप्येवंलक्षणाः षोडशैव**

• ભાષ્યાર્થ •

**વિદેહો તો મેરૂપર્વત, દેવકુરુક્ષેત્ર અને ઉત્તરકુરુક્ષેત્રથી વિભાજિત કરાયેલા, બે ભિન્ન ક્ષેત્રની જેમ 'પૂર્વમહાવિદેહક્ષેત્ર' અને 'પશ્ચિમમહાવિદેહ' એમ શોભે છે. પૂર્વવિદેહમાં સોળ ચક્રવર્તીની વિજયો નદી અને પર્વતોથી વિભાજિત કરાયેલી (અને તેથી જ) પરસ્પર અગમ્ય છે અર્થાત્ વચ્ચે નદી અથવા પર્વત હોવાથી એક (વિજય)માંથી બીજી (વિજય)માં જઈ શકાતું નથી. પશ્ચિમવિદેહમાં**

• હેમગિરા •

છે. પરંતુ ચિત્રકુટ અને વિચિત્રકૂટ નામના (જે દેવકુરુમાં હતા તે) બે પર્વતોથી આ ઉત્તરકુરુ રહિત છે અને તેની જગ્યાએ તેટલા જ લંબાઈ વગેરે પ્રમાણવાળા, સીતા નદીના કાંઠે રહેલા, સ્વર્ણમય બે યમક♦ (અને સમક) પર્વતો શોભી રહ્યા છે.

### ❖ મહાવિદેહ ક્ષેત્રનું દિગ્દર્શન ❖

विदेहा... (હવે વિદેહક્ષેત્રની વાત કરે છે) આ વિદેહો એક ક્ષેત્રની અંદર રહેલી હોવા છતાં ય મેરુગિરિવડે⧗ અને દેવકુરુ તેમજ ઉત્તરકુરુ વડે વિભક્ત થઈ ગયેલી ચોક્કસ પ્રકારની મર્યાદાએ બે વિભાગમાં વહેંચાઈ ગયેલી એક ક્ષેત્રની અંદર રહેલા જુદા ક્ષેત્રની જેમ છે. કેમકે ત્યાં રહેલા મનુષ્યો વગેરેનો પરસ્પર એકથી બીજી વિજયોમાં ગમનાગમનનો અભાવ છે. આથી પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહ એમ બે વિદેહો છે. મેરુની પૂર્વમાં પૂર્વવિદેહ છે અને પશ્ચિમદિશામાં પશ્ચિમવિદેહ છે. 'ત્યાં પૂર્વવિદેહમાં ચક્રવર્તિની ૧૬ વિજયો નદી-પર્વતથી વિભક્ત પરસ્પર અગમ્ય છે.' આ ભાષ્ય પંક્તિનો સાર આ છે કે આ વિજયો ચક્રવર્તિને જીતવા યોગ્ય અને ભોગવવા યોગ્ય છે. તેમજ નદી અને પર્વતોથી વિભાજિત કરાયેલી આ

♦. જોડીયા ભાઈઓની પેઠે એઓનું સ્વરૂપ પરસ્પર એક સરખુ છે. અથવા તો એમનો 'યમક' નામના પક્ષી જેવો આકાર છે તેથી એમને 'યમક' કહેવાય છે. (ક્ષે.લો.પ્ર.સર્ગ-૧૬ ગાથા-૨૪૧)

⧗. મહાવિદેહ ક્ષેત્રની જે (૩૩૬૮૪ યોજન ૪ કળા) પહોળાઈ છે. તેમાંથી મેરુપર્વતની (૧૦૦૦૦ યોજન) પહોળાઈને બાદ કરતા = ૨૩૬૮૪ યોજન ૪ કળા આવે, ફરી આને બે થી ભાગતા = ૧૧૮૪૨ યોજન ૨ કળા આવે તે દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રની પહોળાઈ (વિષ્કંભ) જાણવી.

• भाष्यम् •

**अपरेऽप्येवंलक्षणाः षोडशैव। तुल्यायामविष्कम्भावगाहोच्छ्रायौ दक्षिणोत्तरौ वैताढ्यौ, तथा हिमवच्छिखरिणौ महाहिमवद्रुक्मिणौ निषध-नीलौ चेति॥**

**क्षुद्रमन्दरास्तु चत्वारोऽपि धातकीखण्ड-पुष्करार्धका महामन्दरात् पञ्चदशभिर्योजन-**

• गन्धहस्ती •

चक्रवर्तिविजयाः सरिद्गिरिविभक्ताः परस्परासम्भाव्यमानगमना इति। अधुनोत्तरभागवर्तिपर्वतान् प्रमाणतो निर्दिशति– **तुल्यायामे**त्यादि भाष्यमेव सुज्ञानम्।

**क्षुद्रमन्दरास्त्वि**त्यादि॥ **धातकीखण्डे** द्वौ **पुष्करद्वीपार्धे** द्वौ इत्येवं चत्वारोऽपि क्षुल्लकमन्दरा भवन्ति जम्बूद्वीपमध्यवर्तिमेरोर्हीनप्रमाणत्वात्। तच्चादर्शयति– **महामन्दरात् पञ्चदशभिर्योजन-सहस्रैर्हीनोच्छ्रायाः** = चतुरशीतियोजनसहस्रोच्छ्रिता इत्यर्थः। तथा **षड्भिर्योजनशतैर्धरणितले हीनविष्कम्भाः** = चतुःशताधिकनवसहस्रविष्कम्भा इत्यर्थः। **तेषां** चतुर्णामपि **प्रथमं काण्डं महा-**

• ભાષ્યાર્થ •

**પણ આવા જ પ્રકારની સોળ વિજયો છે. લંબાઈ, પહોળાઈ, અવગાહ અને ઊંચાઈ વડે દક્ષિણ વૈતાઢ્યપર્વત સરખો જ ઉત્તર વૈતાઢ્યપર્વત છે, હિમવંતપર્વતની સરખો શિખરી પર્વત અને મહાહિમવંતની સરખો રુક્મિપર્વત છે અને નિષધ પર્વતની સરખો નીલવંતપર્વત છે.**

**ધાતકીખંડ અને પુષ્કરાર્ધદ્વીપ સંબંધી ચારે ય લઘુ મેરુપર્વતો છે જે મહા મેરુપર્વત કરતા ૧૫ હજાર યોજન ઓછી ઊંચાઈવાળા છે. તેમજ પૃથ્વીતલમાં ૬૦૦ યોજન (૧૦૦૦૦ યોજન**

• હેમગિરા •

વિદેહો એકબીજામાં ગમનાગમન ન થઈ શકે તેવા વિશિષ્ટ ક્ષેત્ર રૂપ છે. હવે પશ્ચિમ વિદેહોની♦ પણ ભલામણ કરતા કહે છે કે પશ્ચિમ વિદેહોમાં પણ આવા લક્ષણવાળી નદી અને પર્વતથી વિભાજિત કરાયેલી, જેમાં અરસપરસ ગમનાગમન નહીં થઈ શકે તેવી ૧૬ જ ચક્રવર્તિ વિજયો છે.

હવે ઉત્તરભાગવર્તી પર્વતોનો પ્રમાણ થકી નિર્દેશ **तुल्यायां...** ઈત્યાદિ ભાષ્યમાં સ્પષ્ટ છે.

### ❖ નાના મેરૂ પર્વતોની ઓળખ ❖

**क्षुद्रमन्दरा...** ધાતકીખંડમાં બે મેરુ તથા પુષ્કરાર્ધદ્વીપમાં બે, એમ ચારે ય મેરુ નાના છે, કેમકે જંબૂદ્વીપના મધ્યમાં રહેલ મેરુની અપેક્ષાએ એ ચારે મેરુ ન્યૂન પ્રમાણવાળા છે. તેનુ વર્ણન કરે છે → મહામેરુ પર્વત કરતા ૧૫ હજાર યોજન હીન એટલે ૮૪ હજાર યોજન ઉંચાઈવાળા (આ ચારે મેરુ) છે. તથા પૃથ્વીતળમાં (મહા મેરુથી) ૬૦૦ યોજન ન્યૂન એટલે = ૯૪૦૦ યોજન વિષ્કંભ (=વિસ્તાર) વાળા (આ નાના મેરુ પર્વતો) છે. ચારે (આ પર્વતો)નો પ્રથમકાંડ મહામેરુની જેમ પૃથ્વીતલમાં ૧૦૦૦ યોજન

♦. મહાવિદેહના ૪ વિભાગ છે. (૧) પૂર્વ મહાવિદેહ (૨) પશ્ચિમ મહાવિદેહ (૩) ઉત્તરકુરુ (૪) દેવકુરુ. આ ચારે ક્ષેત્રોના મધ્યમાં મંદર (= મેરુગિરિ) આવેલો છે. તેથી આ ચારે ક્ષેત્રાન્તર જેવા ભાસે છે. મેરુની ઉત્તર તરફનો ભાગ તે ઉત્તરકુરુ. મેરુની દક્ષિણ તરફનો ભાગ તે દેવકુરુ, મેરુની પૂર્વ તરફનો ભાગ તે પૂર્વવિદેહ, મેરુની પશ્ચિમ તરફનો ભાગ તે પશ્ચિમ વિદેહ.

भाष्यम्

**सहस्रैर्हीनोच्छ्रायाः। षड्भिर्योजनशतैर्धरणितले हीनविष्कम्भाः। तेषां प्रथमं काण्डं महामन्दरतुल्यम्। द्वितीयं सप्तभिर्हीनम्। तृतीयमष्टाभिः। भद्रशाल-नन्दनवने महामन्दरवत्। अर्धषट्पञ्चाशद् योजनसहस्राणि सौमनसं पञ्चशतविस्तृतमेव। ततोऽष्टाविंशतिसहस्राणि पाण्डुकं चतुर्नवतिचतुःशतविस्तृतमेव भवति। उपरि चाधश्च विष्कम्भोऽवगाहश्च तुल्यो**

गन्धहस्ती

**मन्दरतुल्यं** धरणिमवगाढं सहस्रप्रमाणमित्यर्थः। **द्वितीयं** काण्डं **सप्तभिः** सहस्रैर्हीनं मन्दरात् = षट्पञ्चाशत्सहस्रप्रमाणमित्यर्थः। **तृतीयं काण्डमष्टाभिः** सहस्रैर्हीनं मेरोः सकाशाद् = अष्टाविंशतिसहस्रप्रमाणमित्यर्थः।

**भद्रशाल-नन्दनवने महामन्दरे** इव द्रष्टव्ये, धरण्यां भद्रशालवनम्, तदुपरि पञ्चशत्यां नन्दनमिति, तत उपरि **अर्धषट्पञ्चाशत्सहस्राण्यारुह्य सौमनसम्**, पञ्च शतानि नन्दनवनेनाक्षिप्तानि द्वितीयकाण्डस्यातोऽर्धषट्पञ्चाशत्सहस्राणि गत्वा तत् **पञ्चशतविस्तीर्णमेव** भवति। **ततोऽष्टाविंशतिसहस्राण्यारुह्य पाण्डुकवनं चतुर्नवतिचतुःशतविस्तीर्णमेवा**वसेयम्, तथोपरि **चाधश्च विष्कम्भोऽवगाहश्च** तुल्यो महामन्दरेण यथासङ्ख्यमत्राभिसम्बन्धः, उपरि मस्तके यो विष्कम्भः स महामन्दरेणैषां

ભાષ્યાર્થ

**વિસ્તારવાળા મોટા મેરુ કરતા) ઓછા વિષ્કંભવાળા છે. તેઓ (ચારે) નો પ્રથમ કાંડ મહામેરુ જેવો જ છે. બીજો કાંડ ૭ (હજાર) યોજન ન્યૂન છે. ત્રીજો કાંડ ૮ (હજાર) યોજન ઓછો છે. ભદ્રશાલવન અને નંદનવન મોટા મેરુ પર્વત વિશે રહેલા ભદ્રશાલ વન અને નંદનવન જેવા સમજવા. નંદનવનથી સાડા પંચાવન હજાર યોજન ઊંચે પાંચસો યોજન વિસ્તૃત જ સૌમનસ વન છે. ત્યાર બાદ અઠ્ઠાવીસ હજાર યોજન ઉંચે ૪૯૪ યોજન વિસ્તૃત પાંડુકવન છે. વળી આ ચારે લઘુ મેરુ પર્વતોનો ઉપરી વિષ્કંભ તથા નીચેની અવગાહના મહામેરુ પર્વત સમાન જ સમજવા**

હેમગિરા

રહેલો છે. બીજો કાંડ મહામેરુ કરતા ૭૦૦૦ યોજન હીન એટલે ૫૬૦૦૦ યોજન પ્રમાણ છે. ત્રીજો કાંડ મહામેરુ કરતા ૮૦૦૦ યોજન હીન એટલે ૨૮૦૦૦ યોજન પ્રમાણ છે.

મહામેરુની જેમ ભદ્રશાલવન અને નંદનવન (આ ચારે નાના મેરુને વિશે પણ) જાણવા. ભદ્રશાલવન (મેરુની) તળેટીએ છે. તેની ઉપર ૫૦૦ યોજન ગયા પછી નંદનવન છે. તેની ઉપર ૫૫,૫૦૦ યોજન ગયા પછી સૌમનસવન આવે છે. બીજા કાંડના ૫૦૦ યોજન નંદનવનથી ગ્રહણ કરાયેલાં છે આથી તેના ૫૫,૫૦૦ યોજન ઉપર ગયા પછી ૫૦૦ યોજનના વિસ્તારવાળુ જ સૌમનસવન હોય છે. ત્યારબાદ ૨૮,૦૦૦ યોજન ગયા પછી ૪૯૪ યોજનના વિસ્તારવાળુ જ પાંડુકવન જાણવુ. તેમજ પ્રસ્તુત ચારે ક્ષુલ્લક = નાના મેરુનો ઉપર અને નીચેનો વિષ્કંભ અને અવગાહ મોટા મેરુપર્વત તુલ્ય છે.

અહીં (ઉપર અને અધ શબ્દનો વિષ્કંભ અને અવગાહના સાથે) યથાક્રમ સંબંધ કરવો. તે આ

भाष्यम्

**महामन्दरेण। चूलिका चेति॥**

**विष्कम्भकृतेर्दशगुणाया मूलं वृत्तपरिक्षेपः,**

गन्धहस्ती

तुल्यः, सहस्रप्रमाणमित्यर्थः, अधश्च योऽवगाहः सोऽपि महामन्दरेण तुल्यः, योजनसहस्रमानः, एषां भवति। चूलिका चैषां महामन्दरचूडासदृशी प्रमाणतोऽवसातव्येति।

अधुना लाघवार्थं द्वीपादीनां परिधि-गणितपद-जीवाद्यानयनाय करणोपाया भण्यन्ते। तत्रेप्सित-वृत्तक्षेत्रपरिधेरानयनायेदं करणसूत्रम्–

**विष्कम्भकृतेर्दशगुणाया मूलं वृत्तपरिक्षेपः**, विष्कम्भो योजनशतसहस्रं तल्लक्षगुणं, कृतिः वर्गो भवति, पुनर्दशगुणा क्रियते, पश्चान्मूलमानीयते, तद् वृत्तक्षेत्रपरिक्षेपः, तत्र योजनराशौ लब्धव्ये त्र्येक-षट्-द्वि-द्विक-सप्तकैः क्रमेण मूलमानेतव्यम्, ततोऽयं राशिरधस्तात् जातः ६३२४५४। एषोऽर्धेन छिन्नो

ભાષ્યાર્થ

**અને ચૂલિકા (પણ) એ પ્રમાણે જ જાણવી.**

**દશથી ગુણાએલી એવી, વિષ્કંભની કૃતિ (=વર્ગ)નું જે મૂળ તે વૃત્ત પરિધિ કહેવાય, તે (વૃત્ત**

હેમગિરા

મુજબ કે - તેઓના (= નાના મેરુ પર્વતોના) ઉપરના ભાગમાં = મથાળે જે વિષ્કંભ છે તે મહા મેરુપર્વતની તુલ્ય છે અર્થાત્ એક હજાર યોજન પ્રમાણ છે અને તેઓનો અધો ભાગનો (ભૂમિની અંદર) જે અવગાહ છે તે પણ મહામેરુ પર્વતની તુલ્ય છે અર્થાત્ એક હજાર યોજન પ્રમાણ છે. આ ચારેની ચૂડા (ચૂલિકા) મહામેરુની ચૂલિકાના સરખી પ્રમાણવાળી જાણવી.

હવે લાઘવ માટે દ્વીપાદિની પરિધિ, ગણિતપદ♦ તથા જીવા આદિના માપો લાવવા/જણાવવા માટે કરણોના ઉપાય (ફોર્મ્યુલા) કહેવાય છે.

### ❖ વૃત્ત ક્ષેત્રની પરિધિ ❖

**ગોળ ક્ષેત્રની પરિધિ લાવવાનું કરણ-સૂત્ર** કહેવાય છે. **વિષ્કંભકૃતેર્દશગુણઃ**.... દશથી ગુણાયેલી એવી વિષ્કંભની કૃતિ (= વર્ગ)નું જે વર્ગ મૂળ તે વૃત્ત પરિધિ. દા.ત. જંબૂદ્વીપનો વિષ્કંભ = વિસ્તાર ૧ લાખ યોજન છે. આ એક લાખ ને એક લાખે ગુણતા કૃતિ = વર્ગ થાય. ફરી દશ ગણી આ કૃતિ કરાય પછી તેનું વર્ગમૂળ લાવવું. જે સંખ્યા આવે તે વૃત્તક્ષેત્રની પરિધિ કહેવાય.

જંબુદ્વીપનો વિષ્કંભ ૧,૦૦,૦૦૦ યોજન છે. ૧ લાખ X ૧ લાખ = ૧૦ અબજ (૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦) = વર્ગ. ૧૦ અબજ X ૧૦ = ૧૦૦ અબજ (એકડા ઉપર ૧૧ મીંડા ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦). આનું વર્ગમૂળ કાઢવું. (આનું વર્ગમૂળ કાઢવાની પદ્ધતિ બૃહત્ક્ષેત્રસમાસમાં વિસ્તારથી આપેલી છે.) ત્યાં યોજનની રાશિ લાવવી હોય ત્યારે ક્રમશઃ ૩,૧,૬,૨,૨ અને ૭ આ સંખ્યાવડે

♦. વિવક્ષિત ક્ષેત્રના એક યોજન લાંબા, પહોળા જેટલા ખંડો થાય તે એ ક્ષેત્રનું ક્ષેત્રફળ = ગણિતપદ કહેવાય.

• गन्धहस्ती •

योजनत्रिलक्ष-षोडशसहस्र-सप्तविंशति-द्विशतसङ्ख्यो भवति, शेषमुपरीदं ४८४४७१ चतुर्भिर्गुण्यते, चतुर्गव्यूतं योजनं यतः, ततो गव्यूतराशिर्भवति। षडादिराशिना भागो हार्यः, लब्धमिदं गव्यूतत्रयं शेषमुपरीदं ४०५२२। धनुःसहस्रद्वयेन गुण्यते जातस्ततो धनुराशिः। षडादिराशिना भागलब्धमिदं १२८, शेषमुपरीदं ८९८८८। षण्णवत्यङ्गुलं धनुर्भवतीति षण्णवत्या गुण्यते, जातोऽङ्गुलराशिः। भागलब्धमिदं १३, शेषमुपरीदं ४०७३४६। द्वाभ्यां गुण्यते यतोऽर्धाङ्गुलद्वयेनैकमङ्गुलं भवति, जातोऽर्धाङ्गुलराशिः, षडादिराशिना भागलब्धमिदं १। शेषाश्चार्धाङ्गुलभागा एतावन्त उद्धरिताः १८२२३८। अधस्ताद् षडादिराशिरेष जम्बूद्वीपपरिधिः। वृत्तग्रहणं चतुरस्रादिक्षेत्रव्यावृत्त्यर्थम्, परिक्षेपग्रहणं विष्कम्भेषुजीवादिव्यावृत्त्यर्थमिति।

• હેમગિરા •

ક્રમથી મૂળ લાવવું. તે(આ વિધિ કરવા)થી નીચે (= ♦ધ્રુવભાજક) ૬૩૨૪૫૪ ની રાશિ આવે. આ સંખ્યા - બે વડે ભાગેલી (એટલે અર્ધી કરાયેલી) ૩,૧૬,૨૨૭ સંખ્યા પ્રમાણ થાય છે અને ઉપર રહેલી ૪૮૪૪૭૧ આ સંખ્યા ચાર વડે ગુણાય છે. કેમકે ચાર ગાઉ બરાબર એક યોજન થાય છે. તેથી (ચાર વડે ગુણવાથી) ગાઉની (૧૯૩૭૮૮૪) સંખ્યા પ્રાપ્ત થાય છે.

આનો ૬ આદિ (= ૬૩૨૪૫૪) રાશિથી ભાગાકાર કરવો. (એ ભાગ કરવાથી) ત્રણ ગાઉ પ્રાપ્ત થયા અને શેષ ઉપર ૪૦૫૨૨ સંખ્યા પ્રાપ્ત થાય. ત્યાર પછી આ રાશિને ૨૦૦૦ ધનુષ્ય વડે ગુણતા (૮૧૦૪૪૦૦૦) ધનુષ્ય રાશિ થઈ. એને ૬ આદિ (= ૬૩૨૪૫૪) રાશિ વડે ભાગ કરતા ૧૨૮ (ધનુષ્ય) ભાગ પ્રાપ્ત થયા અને શેષ ઉપર ૮૯૮૮૮ રહ્યા. ૯૬ અંગુલ બરાબર એક ધનુષ થાય છે. એથી ૯૬ વડે ગુણતા (૮૬૨૯૨૪૮) અંગુલ રાશિ થઈ (આને) ૬ આદિ (૬૩૨૪૫૪) વડે ભાગતા ૧૩ (અંગુલ) ભાગ પ્રાપ્ત થયા અને ઉપર શેષ ૪૦૭૩૪૬ રહ્યા. તેને બે વડે ગુણવી. કેમકે ૨ અર્ધ અંગુલનો એક અંગુલ થાય તેથી (૮૧૪૬૯૨) અર્ધાંગુલ રાશિ થઈ. તેને ૬ આદિ (= ૬૩૨૪૫૪) રાશિ વડે ભાગ કરતા શેષ ૧૮૨૨૩૮ જેટલા અર્ધ અંગુલો રહ્યા અને નીચે ૬ આદિ (= ૬૩૨૪૫૪)ની રાશિ રહી.

આ જંબૂદ્વીપની પરિધિ છે.❐⧗

પ્રસ્તુતમાં 'વૃત્ત' પદનું ગ્રહણ તે ચોરસાદિ ક્ષેત્રની બાદબાકી માટે છે. અર્થાત્ પરિધિ ગોળ ક્ષેત્રની કહેવાની છે ચોરસ ક્ષેત્રની નહી. પરિક્ષેપ = પરિધિનું ગ્રહણ વિષ્કંભ, ઈષુ, જીવા આદિની વ્યાવૃત્તિ માટે જ છે.

---

♦. અહીં ૧૦૦ અબજના વર્ગમૂળ કાઢવા દર્શાવેલ ૬૩૨૪૫૪ યોજનની રાશિને ધ્રુવ ભાજક (છેદરાશિ) જાણવી. કેમકે આગળ ગાઉ, ધનુષ, અંગુલ આદિના માપ કાઢવા માટે આ જ ભાજક રાશિ સર્વત્ર ઉપયોગી બનવાથી ધ્રુવ ભાજક કહેવાય છે.

❐. અર્થાત્ ૩,૧૬,૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ અને ૧૩ ૧/૨ અંગુલ અધિક આ જ જંબૂદ્વીપની પરિધિ છે.

⧗. ગોળ વસ્તુનો ઘેરાવો = પરિધિ.

भाष्यम्

**स विष्कम्भपादाभ्यस्तो गणितम्।**

गन्धहस्ती

अधुना गणितपदमानीयते जम्बूद्वीपस्य, तत्रेदं करणसूत्रम्– **स विष्कम्भपादाभ्यस्तो गणितं** प्रक्रान्तविष्कम्भो लक्षैकपादः पञ्चविंशतिसहस्राणि विष्कम्भपादेनाभ्यस्तो = गुणितो विष्कम्भपादाभ्यस्तः, **स** इति परिधि र्जम्बूद्वीपस्याभिसम्बध्यते, प्रक्रान्तार्थपरामर्शित्वात् सर्वनामशब्दानाम्। **गणितमिति** = गणितपदमित्यर्थः। जम्बूद्वीपे योजनप्रमाणानि चतुरस्रखण्डान्येतावन्ति भवन्तीतिवाक्यार्थः। तत्र परिधियोजनराशिः पञ्चविंशतिसहस्रगुणितोऽयं ७९०५६७५०००। गव्यूतत्रितयं पञ्चविंशतिसहस्रगुणं जातमिदं ७५०००। गव्यूतराशिश्चायं योजनीक्रियते। चतुर्भिर्भागलब्धमिदं १८७५०। योजनराशिरयम्। धनुराशिरपि पञ्चविंशतिसहस्रगुणः, जातमिदं ३२०००००। अयमपि धनुराशिर्योजनीक्रियते। अष्टौ धनुःसहस्राणि योजनं भवतीति वचनादष्टाभिः सहस्रैर्भागलब्धमिदं ४००। अयमपि योजनराशिरनन्तरराशौ

ભાષ્યાર્થ

**પરિધિ) વિષ્કંભના પા ભાગ વડે ગુણાયેલી 'ગણિતપદ' = ક્ષેત્રફળ કહેવાય.**

હેમગિરા

**❖ વૃત્ત ક્ષેત્રનું ક્ષેત્રફળ ❖**

હવે **જંબૂદ્વીપનું ગણિતપદ** (= ક્ષેત્રફળ) લવાય છે. ત્યાં આ **કરણ સૂત્ર** છે → **स विष्कम्भपादाभ्यस्त...** તે (= વૃત્ત પરિધિને) વિષ્કંભના પા ભાગથી ગુણતા ક્ષેત્રફળ (= ગણિતપદ) રૂપ બને છે. અર્થાત્ પ્રસ્તુત વિષ્કંભ એક લાખ યોજન પ્રમાણ છે. તે એક લાખનો પા ભાગ એટલે ૨૫ હજાર અને તે ૨૫ હજાર રૂપ વિષ્કંભના પા ભાગથી ગુણાયેલી તે વૃત્ત પરિધિ ગણિત = ગણિતપદ = ક્ષેત્રફળ રૂપ બને છે.

અહીં ભાષ્યના 'સ' શબ્દથી જંબૂદ્વીપની પરિધિ સમજવાની છે કારણકે સર્વનામ શબ્દો (હંમેશા) જેનો (અહીં જંબૂદ્વીપનો) અધિકાર ચાલતો હોય તેના માટે વપરાય છે.

(વિષ્કંભ ૧ લાખનો છે. તેનો પા = ચોથો ભાગ ૨૫૦૦૦ થાય. આ સંખ્યાને પરિધિ ૩૧૬૨૨૭ યોજન ૭ ગાઉ, ૧૨૮ ધનુષ, ૧૩।। આંગળ સાથે ગુણવી, ગુણતા જેટલી સંખ્યા આવે. તે જંબૂદ્વીપનું ક્ષેત્રફળ છે.)

ક્ષેત્રફળ એટલે જંબૂદ્વીપમાં યોજન પ્રમાણ સમચોરસ ટુકડા એટલા હોય છે એમ વાક્યનો અર્થ થયો. ત્યાં પરિધિની યોજનની રાશિ = ૩૧૬૨૨૭ ને ૨૫૦૦૦ થી ગુણતા ૭ અબજ ૯૦ ક્રોડ ૫૬ લાખ ૭૫ હજાર (૭૯૦૫૬૭૫૦૦૦) રાશિ થઈ. ત્રણ ગાઉ ૨૫૦૦૦ થી ગુણાએલા આ ૭૫૦૦૦ ગાઉ થયા.

અને આ ગાઉની રાશિને યોજનમાં ફેરવવા માટે ૭૫૦૦૦ ને ૪ વડે ભાગાકાર કરવા, તે કરતા આ ૧૮૭૫૦ પ્રાપ્ત થયા. આ યોજનની રાશિ છે.

ધનુષની રાશિ (= ૧૨૮) ને ૨૫૦૦૦ વડે ગુણતા આ ૩૨,૦૦,૦૦૦ પ્રમાણ થાય. આ ધનુષ્યની રાશિ યોજનમાં લાવવા માટે ૩૨ લાખને ૮ હજારથી ભાગતા ૪૦૦ (યોજન) ભાગ પ્રાપ્ત થાય. કેમકે

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૩૭

भाष्यम्

इच्छावगाहोनावगाहाभ्यस्तस्य विष्कम्भस्य चतुर्गुणस्य मूलं ज्या।

गन्धहस्ती

प्रक्षिप्तः, जातमिदं १९१५०। अयमपि च सप्तकोटिशतादिराशौ, जातमिदं ७९०५६९४१५०। अङ्गुलराशिः पञ्चविंशतिसहस्रगुणो जातमिदं ३२५०००। अर्धाङ्गुलं पञ्चविंशतिसहस्रगुणं जातमिदं २५०००। अस्यार्धाङ्गुलराशेरर्धं गृह्यते ततोऽङ्गुलानि लभ्यन्तेऽमूनि १२५००। एतान्यङ्गुलराशौ क्षिप्यन्ते, जातमिदं ३३७५००। ततः षण्णवत्या भागो यस्मात् षण्णवत्यङ्गुलं धनुर्भवति। भागलब्धमिदं ३५१५। अयं धनूराशिः, शेषमङ्गुलानां षष्टिः। अस्य धनूराशेर्भागः सहस्रद्वयेन, लब्धमेकं गव्यूतं शेषमिदं १५१५॥

अधुना जीवानयनमुच्यते— **इच्छावगाहोनावगाहाभ्यस्तविष्कम्भस्य चतुर्गुणस्य मूलं ज्या॥** ईप्सितोऽवगाहो यावान् स इच्छावगाहस्तेनोनो विष्कम्भ इच्छावगाहोनः पुनरवगाहेनाभ्यस्यते = गुण्यते,

ભાષ્યાર્થ

**પહેલા ઈચ્છાવગાહ (ઈષુ) વડે બાદ કરાયેલ, પછી ઈચ્છાવગાહ (ઈષુ) વડે ગુણાયેલ અને ત્યાર પછી ચાર વડે ગુણાયેલ એવા વિષ્કંભનો જે વર્ગમૂળ તે વૃત્ત ક્ષેત્રની જ્યા કહેવાય.**

હેમગિરા

૮ હજાર ધનુષ બરાબર એક યોજન થાય એવું આગમવચન છે. આ પણ યોજનની રાશિને પૂર્વોક્ત ગાઉના યોજનની રાશિમાં (૧૮૭૫૦ માં) ઉમેરવાથી ૧૯૧૫૦ યોજન થાય અને આ પણ યોજનની સંખ્યાને સાતસો કરોડ વગેરેની રાશિમાં (૭,૯૦,૫૬,૭૫૦૦૦ યોજનમાં) ઉમેરવાથી આ ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન પ્રમાણ રાશિ થઈ. અંગુલની રાશિ (= ૧૩ અંગુલ) ને ૨૫૦૦૦ વડે ગુણતા ૩,૨૫,૦૦૦ (અંગુલ) થાય.

અર્ધાંગુલ (એક છે એટલે એક) ને ૨૫૦૦૦ વડે ગુણતા ૨૫૦૦૦ (અર્ધાંગુલ) થાય. આ અર્ધાંગુલની સંખ્યાનું અહીં અડધું ગ્રહણ કરાય છે. તેથી આ ૧૨૫૦૦ અંગુલો પ્રાપ્ત થાય છે. આ અર્ધ અંગુલોને અંગુલોની રાશિ (૩,૨૫૦૦૦) માં ઉમેરવી એટલે ૩,૩૭,૫૦૦ અંગુલરાશિ થઈ. ત્યાર બાદ (આને ધનુષમાં બદલવા) ૯૬ થી ભાગવી. કારણ કે ૯૬ અંગુલ બરાબર એક ધનુષ થાય છે. ભાગ કરતા ૩૫૧૫ ભાગ થાય. આ ધનુની રાશિ થઈ. (ભાગ કરતા જે) શેષ ૬૦ રહ્યા તે શેષ ૬૦ અંગુલની રાશિ શેષ રહી. આ ધનુ રાશિને ૨,૦૦૦ થી ભાગતા ૧ ગાઉ પ્રાપ્ત થાય = અને (ઉપર) શેષ આ ૧૫૧૫ ધનુષ આવે. આ રીતે સંપૂર્ણ ક્ષેત્રફળ (ગણિતપદ) ૭૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન, ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ, ૬૦ અંગુલ પ્રમાણ થયું.

### ❖ વૃત્તક્ષેત્રની જીવા ❖

હવે **જીવા લાવવાનું કરણ સૂત્ર** કહેવાય છે → **इच्छावगाहोनावगाहा...** પહેલા ઈચ્છાવગાહ (ઈષુ) વડે બાદ કરાયેલ, પછી ઈચ્છાવગાહ (ઈષુ) વડે ગુણાયેલ અને ત્યાર પછી ચાર વડે ગુણાયેલ એવા

✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૩૮

• गन्धहस्ती •

इच्छावगाहोनश्चासाववगाहाभ्यस्तश्चेच्छावगाहोनावगाहाभ्यस्तः, तस्य पुनश्चतुर्भिर्गुणितस्य यन्मूलं सा मण्डलक्षेत्रस्य जीवा भवति। अत्र विष्कम्भो योजनलक्षः, एष ईप्सितावगाहोनः क्रियते, ईप्सितश्चायं ५२६ षट् च कला ६। एष उपरितनो राशिः संवर्ण्यते कलीक्रियत इत्यर्थः। एकोनविंशत्या गुण्यते, जातमिदं ९९९४। अत्र षट् कलाः क्षिप्यन्ते, जातमिदं १००००। विष्कम्भराशिरपि संवर्ण्यते एकोनविंशत्या, जातमिदं १९०००००। एषोऽवगाहराशिरमुतः पात्यते, जातमिदं १८९००००। पुनरवगाहराशिना गुण्यते, जातमिदं १८९००००००००। ततश्चतुर्भिर्गुण्यते जातमिदं ७५६००००००००। अस्य मूलं जीवा भवति, तच्च ग्राह्यं द्वि-सप्त-चतुष्क-नव-पञ्च-चतुष्ककैः, क्रमेण जातमिदं

• હેમગિરા •

વિષ્કંભનો જે વર્ગમૂળ તે વૃત્તક્ષેત્રની જીવા કહેવાય. ઈચ્છિત અવગાહ જેટલો હોય તે ઈચ્છા અવગાહ. તેનાથી બાદબાકી પામેલો જે વિષ્કંભ હોય, તે ઈચ્છા અવગાહથી ન્યૂન એવો વિષ્કંભ. તેને ઈચ્છા અવગાહથી ગુણવો એટલે ઈચ્છા અવગાહથી ન્યૂન અને ઈચ્છા અવગાહથી ગુણાયેલો એવો વિષ્કંભ. **इच्छावगाहोना-वगाहाभ्यस्त**:.... આ પદમાં દ્વન્દ્વ સમાસ થયેલ છે. વિગ્રહ ટીકામાં સ્પષ્ટ છે. ફરી તે વિષ્કંભને ચાર વડે ગુણવામાં આવે. આવા વિષ્કંભનું જે મૂળ છે તે મંડલ = ગોળાકાર ક્ષેત્રની 'જીવા' થાય છે.♦

અહીં (જંબૂદ્વીપનો) વિષ્કંભ = વિસ્તાર ૧ લાખ યોજન છે. આમાંથી ઈચ્છિત અવગાહની બાદબાકી કરવી. પ્રસ્તુતમાં ઈચ્છિત અવગાહના (ભરતક્ષેત્રની) ૫૨૬ યોજન અને ૬ કળા પ્રમાણ છે. આ ઉપરની (યોજનની) રાશિને કળામાં રૂપાંતરિત કરાય છે (તેથી એને) ૧૯ વડે ગુણાય છે. આ ૯૯૯૪ કળા થઈ. અહીં (= એ સંખ્યામાં) ૬ કળા ઉમેરાય છે. આ કુલ સંખ્યા ૧૦,૦૦૦ કળાની થઈ. (આને કળાં = ઈષુ કહેવાય)

જંબૂદ્વીપની વિષ્કંભ રાશિ = ૧ લાખ યોજન પણ ૧૯ વડે ગુણવા દ્વારા કળામાં રૂપાંતરિત કરાય છે. એ સંખ્યા ૧૯,૦૦,૦૦૦ = ૧૯ લાખ કળાની થઈ. આમાંથી એ અવગાહના રાશિ (= ઉપરોક્ત ભરતની કળા = ઈષુ ૧૦,૦૦૦) બાદ કરાય છે. તેમ કરતા આ ૧૮,૯૦,૦૦૦ સંખ્યા થઈ. આને ફરી અવગાહ રાશિ = ૧૦,૦૦૦ કળા વડે ગુણતા આ ૧૮,૯૦,૦૦,૦૦,૦૦૦ = ૧૮ અબજ, ૯૦ કરોડ કળાની સંખ્યા થઈ. ત્યાર પછી આને ૪ વડે ગુણતા આ ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦ = ૭૫ અબજ ૬૦ કરોડ કળાની સંખ્યા થઈ.

આનું વર્ગમૂળ[ॐ] એ જીવા થાય અને તે મૂળ ક્રમથી આ ૨૭૪૯૫૪ અને કાંઈક ન્યૂન એક કળા એટલે કે ૨૯૭૮૮૪/૫૪૯૯૦૮ સંખ્યા વડે ગ્રહણ કરવું. (= ઉપર શેષ ૨૯૭૮૮૪ તથા નીચેની છેદ

♦. ક્ષેત્ર સમાસ મુજબ આ રીતે 'જીવા' કાઢી શકાય - વૃત્ત પદાર્થોનો જે વિસ્તાર હોય તેમાંથી ઈષુને બાદ કરી ત્યાર પછી ઈષુને ૪ થી ગુણતા જે આવે તેના વડે (ઈષુ બાદ કરતા આવેલી રકમનો) ગુણાકાર કરવો. જે આવે તેનું વર્ગમૂળ કાઢતા વૃત્ત ક્ષેત્રની 'જીવા' (= ધનુષની દોરી સરખી ઉત્કૃષ્ટ લંબાઈ) પ્રાપ્ત થાય.

ॐ. વર્ગમૂળની ટૂંકમાં સમજ :

I. જેનું વર્ગમૂળ કાઢવું છે, તેના અંક સમ = બેકી સંખ્યક (Even Digits = ૧૦,૧૦૦૦, ૫૫૫૫, ૧૦૦૦૦૦ વગેરે) હોય તો સર્વ પ્રથમ બે અંકનું (૧૦૦૦ ની સંખ્યા હોય તો ૧૦ નું) વર્ગમૂળ કાઢવું. વિષમ = એકી સંખ્યક

● गन्धहस्ती ●

(२९७८८४ / ५४९९०८) अधस्त्योऽर्धेन च्छिन्नो जातमिदं २७४९५४। अस्य राशेरेकोनविंशत्या भागलब्धमिदं १४४७१। कलाश्च पञ्च। शेषं यदुद्धरितं तत्रैका न्यूना कला लभ्यत इत्येषा जीवा॥

● હેમગિરા ●

રાશિ (ધ્રુવભાજક) ૫૪૯૯૦૮ આવે.) નીચેની રાશિ (= ૫૪૯૯૦૮) બે વડે ભાગતા (અથવા અર્ધી કરતા) આ ૨૭૪૯૫૪ સંખ્યા પ્રમાણ થઈ. ૧૯ વડે ભાગતા આ રાશિ (૨૭૪૯૫૪)ના ૧૪૪૭૧ ભાગ (યોજન) અને ૫ કળા પ્રાપ્ત થાય. શેષ જે રહી તેની કંઈક ન્યૂન એક કળા મેળવાય. આ પ્રમાણે (આ ન્યૂન કળાને પણ ઉમેરતા ૧૪૪૭૧ યોજન અને કંઈક ન્યૂન ૬ કળા થાય છે) આ જીવા છે.

---

(ODD DIGITS = ૧૦૦૦૦, ૫૫,૫૫૫ વગેરે) હોય તો પ્રથમ એક અંકનું (૫૫,૫૫૫ હોય તો ૫ નું) વર્ગમૂળ કાઢવું. ત્યાર પછી ક્રમશઃ બે બે આંક નીચે ઉતરતા જવી.

II. પ્રસ્તુતમાં ૭૫૬૦૦૦૦૦૦૦૦ = વિષમ (૧૧) આંકડા છે. તેથી જ વર્ગમૂળ કાઢવા પ્રથમ આંક ૭ લેવો. વર્ગમૂળ કાઢવા ૩ નહીં લેવાય કેમ કે ૩ x ૩ = ૯ એ ૭થી વધી જશે. માટે ૨ અંક પસંદ કર્યો. એ ૨ અંકને ભાજક (જેનાથી ભાગ કરવાનો છે તે) કહેવો.

III. હવે બે અંકના વર્ગ (= ૪) ને ભાજ્ય રાશિ (= ૭)માંથી બાદ કરી જવાબની રકમ ૩ સાથે ઉપરથી ૫૬ની સંખ્યા જોડવી = ૩૫૬.

IV. હવે એ ૩૫૬ની રકમનો ભાજક રકમ વડે એવી રીતે ભાગાકાર કરવો કે ભાજક અંક-૪ની આગળ જે અંક ગોઠવાય = ૭, તે જ અંક સહિતનો ગુણાકાર = ૪૭ x ૭ = ૩૨૯, ભાજ્ય = ૩૫૬ માંથી બાદ થાય.

V. હવે તે ગુણ કે રકમ ૭ને પુનઃ જવાબના = ભાજક સંખ્યા ૪ની બાજુના સ્થાને સ્થાપવી. હવે નવો ભાજક ૪૭ થશે.

VI. શેષ બચેલી રકમ = ૨૭ની બાજુમાં ઉપરથી ભાજ્યસંખ્યામાંથી બે આંક = ૦૦ ઉતારવા અને નવી બનેલી સંખ્યા = ૨૭૦૦ નો પણ ઉપરોક્ત રીતે ભાગાકાર કરતા જવું.

VII. જ્યાં સુધી ઉપરની સંખ્યા પૂર્ણ ન થાય, ત્યાં સુધી ઉપરથી બે-બે આંક ઉતારી ઉપરોક્ત રીતે ભાગાકાર કરતા જવું. એ રીતે સંપૂર્ણ રકમનું વર્ગમૂળ કાઢવું. તે સાધિક ૨૭૪૯૫૪ કળા આવશે.

VIII. (=૨૭૪૯૫૪ કળાને યોજનમાં બદલવા માટે) ૧૯ થી ભાગતા ૧૪૪૭૧ યોજન અને ૫ કળા આવે. (આ ભરત ક્ષેત્રની ‘જીવા’ જાણવી.)

IX. ભાગતા જે શેષ રહે છે તેમાં કાંઈક ઓછી એક કળા પ્રાપ્ત થાય છે.

**ભરતક્ષેત્રની જીવા :**

| ભાગાકાર → ૨, ૭૪, ૯૫૪ કળા | ભાજ્ય સંખ્યા |
|---|---|
| ભાજક - ૨<br>ભાગાકાર - + ૨ | ૭૫૬૦૦૦૦૦૦૦૦<br>- ૪ |
| ભાજક - ૪૭<br>ભાગાકાર - + ૭ | ૩૫૬<br>- ૩૨૯ |
| ભાજક - ૫૪૪<br>ભાગાકાર - + ૪ | ૦૨૭૦૦<br>-૨૧૭૬ |
| ભાજક - ૫૪૮૯<br>ભાગાકાર - + ૯ | ૦૫૨૪૦૦<br>-૪૯૪૦૧ |
| ભાજક - ૫૪૯૮૫<br>ભાગાકાર - + ૫ | ૦૨૯૯૯૦૦<br>-૨૭૪૯૨૫ |
| ભાજક - ૫૪૯૯૦૪<br>ભાગાકાર - + ૪ | ૦૨૪૯૭૫૦૦<br>-૨૧૯૯૬૧૬ |
| ધ્રુવ ભાજક - ૫૪૯૯૦૮ | શેષ ભાજ્ય - ૦૨૯૭૮૮૪ કળા |

∴ જીવા = ૨,૭૪,૯૫૪ પૂર્ણાંક $\frac{૨૯૭૮૮૪}{૫૪૯૯૦૮}$ અંશ કળા.

भाष्यम्

**ज्या-विष्कम्भयोर्वर्गविशेषमूलं विष्कम्भाच्छोध्यं शेषार्धमिषुः।**

गन्धहस्ती

अधुना करणसूत्रमिषोरानयनाय– **ज्या-विष्कम्भयोर्वर्गविशेषमूलं विष्कम्भाच्छोध्यं शेषार्धमिषुः।** जीवावर्गस्य विष्कम्भवर्गस्य च (यो) विशेषस्तस्य मूलं विष्कम्भाच्छोध्यते, शेषस्य यदर्धं स इषुर्भवति, तत्र जीवावर्गोऽयं ७५६०००००००० विष्कम्भवर्गश्चायमेकषष्टयुत्तरत्रिशतगुणः ३६१००००००००००। अस्माज्जीवावर्गे विशुद्धे शेषमिदं भवति ३५३४४००००००००। अस्य मूलमादीयते, शून्याष्टकस्यार्धेन चत्वारि शून्यानि शेषस्य मूलमेव[1] काष्ठकाष्ठकैर्लब्धमिदं १८८००००। एतद् विष्कम्भादेकोनविंशतिगुणाच्छोध्यम्, शेषं जातमिदं २००००। अस्यार्धेनेदं १००००। अस्यैकोनविंशत्या भागलब्धमिदं ५२६ षट् च कला इषुरिति॥

ભાષ્યાર્થ

**ઈષુનું માપ : જ્યાના વર્ગને વિષ્કંભના વર્ગમાંથી બાદ કરી જે શેષ રહે, તેના વર્ગમૂળને વિષ્કંભમાંથી બાદ કરતા જે શેષ બચે, તે (શેષ) નો અર્ધ ભાગ 'ઈષુ' કહેવાય.**

હેમગિરા

### ❖ વૃત્તક્ષેત્રનું ઈષુ ❖

અત્યારે **'ઈષુ' લાવવા માટે કરણ સૂત્ર** કહેવાય છે → **ज्या-विष्कम्भ**... જીવાના વર્ગને વિષ્કંભના વર્ગમાંથી બાદ કરતા જે શેષ રહે તેના વર્ગમૂળને વિષ્કંભમાંથી બાદ કરતાં જે શેષ રહે તેનું અડધું તે 'ઈષુ' થાય. ત્યાં (દા.ત. ભરતક્ષેત્રનો) જીવા વર્ગ એ ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦ = ૭૫ અબજ ૬૦ કરોડ કળા છે. (જંબૂદ્વીપનો) વિષ્કંભ ૧૯,૦૦,૦૦૦ = ૧૯ લાખ (કળા) છે. તેને ૧૯ લાખથી ગુણતા ૩૬,૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ = ૩૬ ખર્વ ૧૦ અબજ કળા પ્રમાણ વર્ગ થાય. આ (વિષ્કંભનો વર્ગ ૩૬ ખર્વ અને ૧૦ અબજ)માંથી જીવાનો વર્ગ = ૭૫ અબજ અને ૬૦ કરોડ બાદ કરે છતે ૩૫ ખર્વ ૩૪ અબજ, ૪૦ કરોડ કળાની સંખ્યા શેષ રહે છે.

ત્યારબાદ આ ૩૫ ખર્વ, ૩૪ અબજ, ૪૦ કરોડ = ૩૫,૩૪,૪૦,૦૦,૦૦,૦૦૦ની સંખ્યાનું વર્ગમૂળ કાઢવું છે. આમાં ૮ મીંડાના અડધા ૪ મીંડા થાય છે. બાકી રહેલ સંખ્યા ૩૫૩૪૪નું વર્ગ મૂળ ૧૮૮ આવશે. બન્નેને જોડવાથી ૧૮,૮૦,૦૦૦ કળાની સંખ્યા મળશે. કાષ્ઠ-કાષ્ઠકો વડે ? શેષનું આ મૂળ ૧૮ લાખ ૮૦ હજાર મેળવાયું. આ વર્ગમૂળ (૧૮,૮૦,૦૦૦) ને જંબૂદ્વીપના વિષ્કંભ ૧૯,૦૦,૦૦૦ (કળા)માંથી બાદ કરવા. શેષ ૨૦,૦૦૦ કળાની સંખ્યા થઈ. આને બે વડે ભાગતા ૧૦ હજાર કળા પ્રાપ્ત થાય, આને યોજનમાં લાવવા ૧૯ થી ભાગતા ૫૨૬ યોજન ૬ કળારૂપ ભાગ પ્રાપ્ત થાય. આ જ 'ઈષુ' છે.

१. ०मेकाष्ठ० पा.।

• भाष्यम् •

**इषुवर्गस्य षड्गुणस्य ज्यावर्गयुतस्य मूलं धनुःकाष्ठम्।**

**ज्यावर्गचतुर्भागयुक्तमिषुवर्गमिषुविभक्तं तत्प्रकृतिवृत्तविष्कम्भः।**

• गन्धहस्ती •

अधुना धनुःकाष्ठानयनाय करणसूत्रम्– **इषुवर्गस्य षड्गुणस्य ज्यावर्गयुक्तस्य (कृतस्य) मूलं धनुःकाष्ठम्॥** इषोः कलीकृतस्यायं वर्गः १००००००००। एष षड्भिर्गुण्यते, जातमिदं ६००००००००। एष ज्यावर्गे क्षिप्यते, ज्यावर्गश्चायं ७५६००००००००। जातमिदं ७६२००००००००। अस्य मूलमात्रं धनुःकाष्ठं भवति, तच्च द्विक-सप्त-षट्-शून्य-चतुष्क-त्रिकैः क्रमेणादीयते, ततोऽयं राशिर्भवति अधस्त्यस्या (२६२१५१/५५२०८६) र्धेन छिन्नस्यैकोनविंशत्या भागलब्धमिदं १४५२८। एकादश चैकोनविंशतिभागा इति॥

सम्प्रति विष्कम्भानयनाय करणसूत्रमिदम्– **ज्यावर्गचतुर्भागयुक्तमिषुवर्गमिषुविभक्तं तत्प्रकृति-**

• ભાષ્યાર્થ •

**ધનુઃકાષ્ઠનું માપ : ઈષુના વર્ગને ૬ થી ગુણી એને જીવાના વર્ગમાં જોડી, એનું જે વર્ગમૂળ આવે તે ધનુઃકાષ્ઠ કહેવાય.**

**સ્વભાવ વૃત્ત વિષ્કંભ : જીવાના વર્ગને ચારથી ભાગતા જે આવે તેને ઈષુના વર્ગમાં ઉમેરવા. જે આવે તેને ઈષુથી ભાગતા આવેલી સંખ્યા તે સ્વભાવ વૃત્ત-વિષ્કંભ કહેવાય.**

• હેમગિરા •

**❖ વૃત્તક્ષેત્રનું ધનુઃકાષ્ઠ ❖**

હવે **ધનુઃકાષ્ઠ લાવવા માટે કરણ સૂત્ર** કહેવાય છે → **इषुवर्गस्य...** ઈષુનો વર્ગ કરી તેને ૬થી ગુણી એને જીવાના વર્ગમાં ઉમેરવું. એનું જે વર્ગમૂળ આવે તે ધનુઃકાષ્ઠ કહેવાય છે. → ભરતક્ષેત્રનો ઈષુનો વર્ગ = ૧૦,૦૦,૦૦,૦૦૦ = ૧૦ કરોડ કળા છે. આને છ વડે ગુણાય છે એટલે એ ૬૦,૦૦,૦૦,૦૦૦ = ૬૦ કરોડ થાય છે. આ સંખ્યા જયાનો વર્ગ જે ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦ ૭૫ અબજ ૬૦ કરોડ પ્રમાણ છે તેમાં ઉમેરાય છે, તેથી એ ૭૬,૨૦,૦૦,૦૦,૦૦૦ = ૭૬ અબજ ૨૦ કરોડ પ્રમાણ થાય. આનું વર્ગમૂળ જ ધનુઃકાષ્ઠ થાય છે અને તે ક્રમસર ૨,૭૬,૦૪૩ આવે. અહીં છેદ રાશિ = ૫૫૨૦૮૬ થાય છે. બે વડે ભાગતા (અથવા અર્ધી કરતા) એવી આ નીચેની રાશિ ૨૭૬૦૪૩ પ્રમાણ થાય છે. એને ૧૯ થી ભાગતા આ ૧૪,૫૨૮ યોજન અને ૧૧ કળા (= ૧૪,૫૨૮ પૂર્ણાંક અને ૧૧/૧૯ અંશ) પ્રાપ્ત થાય છે. (આ ભરતનું ધનુઃકાષ્ઠ જાણવું.)

**❖ વૃત્તક્ષેત્રનો વિષ્કંભ ❖**

હવે **વિષ્કંભ લાવવા માટે કરણ સૂત્ર** આ છે - **ज्यावर्ग...** જીવાના વર્ગના ચોથા ભાગ વડે યુક્ત એવો ઈષુનો વર્ગ, ઈષુથી વિભાજિત થયેલો તે સ્વભાવ વૃત્ત વિષ્કંભ થાય છે. એટલે

✦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૩૯

• भाष्यम्[♦] •

**उदग्धनुःकाष्टाद् दक्षिणं शोध्यं शेषार्धं बाहुरिति। अनेन करणाभ्युपायेन [1]क्षेत्राणां वैताढ्यादिपर्वतानामायाम-विष्कम्भ-ज्येषु-धनुःकाष्ठपरिमाणानि ज्ञातव्यानि ॥३/११॥**

• गन्धहस्ती •

**वृत्तविष्कम्भः॥** जीवावर्गचतुर्भागेन युक्त इषुवर्गः इषुणा विभक्तः स्वभाववृत्तविष्कम्भो भवति, ज्यावर्गः ७५६००००००००। अस्य चतुर्भागोऽयं १८९००००००००। एष इषुवर्गे क्षिप्यते, इषुवर्गश्चायं १०००००००००। एकीकृतमिदं जातं १९००००००००००। [भागपरावृत्त्या एकषष्ट्यधिकशतत्रयेणेषुर्गुण्यते, एकोनविंशतिभागेनैकः स गुणकार उपरितनस्य, इतरस्य चैकोनविंशतिभागेनैकोनविंशतिरेव, शून्यचतुष्कापगमे तया भागलब्धमिदं १०००००॥] (अस्मात् इषौ विशुद्धे शेषमिदं भवति १९००००० कला। अयमपि कलाराशियोजनीक्रियते। एकोनविंशत्या भागेन लब्धमिदं १,००,००० योजनम् ॥?)

अधुना बाहुरानीयते, तत्रेदं करणसूत्रम्– **उदग्धनुःकाष्ठाद् दक्षिणं शोध्यं शेषार्धं बाहुरिति।**

• ભાષ્યાર્થ •

**બાહુનું માપ : ઉત્તર દિશા સંબંધી ધનુઃકાષ્ઠમાંથી દક્ષિણ દિશા સંબંધી ધનુઃકાષ્ઠ ને બાદ કરતા આવતી શેષ રાશિની અર્ધ સંખ્યા ને બાહુ કહેવાય.**

**આ કરણના ઉપાયો (ગણિત પદ્ધતિઓ) દ્વારા સર્વ ક્ષેત્રોના તથા વૈતાઢ્યાદિ સર્વ પર્વતોના લંબાઈ, પહોળાઈ, જયા, ઈષુ અને ધનુઃકાષ્ઠના માપો જાણવા ॥૩/૧૧॥**

• હેમગિરા •

$[(\text{જીવા})^2/_4 + \text{ઈષુ}^2]$ / ઈષુ = જીવાના વર્ગનો ૪થો ભાગ કરી તેને ઈષુના વર્ગમાં ઉમેરવો. ત્યાર પછી તેને ઈષુ વડે ભાગવો. આનો જવાબ તે ગોળ વસ્તુનો વિષ્કંભ. દા.ત. ભરતક્ષેત્રની જીવા - ૨૭૪૯૫૪ પૂર્ણાંક ૨૯૭૮૮૪/૫૪૯૯૦૮ અંશ આટલી કળા પ્રમાણ છે. તે જીવાનો વર્ગ = ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦ = ૭૫ અબજ ૬૦ કરોડ કળા છે. તેનો ચોથો ભાગ ૧૮,૯૦,૦૦,૦૦,૦૦૦ = ૧૮ અબજ ૯૦ કરોડ કળા છે. આ ચોથો ભાગ ઈષુના વર્ગમાં ઉમેરાય છે. આ ઈષુનો વર્ગ ૧૦,૦૦,૦૦,૦૦૦ = ૧૦ કરોડ છે. આ બન્ને ભેગા મળી (= ૧૮,૯૦,૦૦,૦૦,૦૦૦ + ૧૦,૦૦,૦૦,૦૦૦) કુલ ૧૯,૦૦,૦૦,૦૦,૦૦૦ (૧૯ અબજ) થયા. તે ૧૯ અબજને ૧૦,૦૦૦ થી ભાગતા ૧૯ લાખ કળા પ્રાપ્ત થશે, તેને ૧૯થી ભાગતા ૧ લાખ યોજનની સંખ્યા વૃત્ત વિષ્કંભની પ્રાપ્ત થશે. (વૃત્ત વિષ્કંભ જંબૂદ્વીપનો જાણવો.)

### ❖ વૃત્તક્ષેત્રનો બાહુ ❖

હવે (લઘુ હિમવંતની) **બાહુ (= બાહા) કાઢવાની રીત** કહે છે. ત્યાં **કરણસૂત્ર** આ છે → **ઉદગ્ધનુકાષ્ઠા...** ઉત્તરસંબંધી (લઘુ હિમવંત ક્ષેત્રના) ધનુઃકાષ્ઠમાંથી દક્ષિણના ધનુઃકાષ્ઠને બાદ કરી શેષ જે વધે તેનું અડધું પ્રમાણ 'બાહા' કહેવાય છે.

♦ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૪૦ १. **सर्वक्षेत्राणां सर्वपर्व०** पा.। [ ] આવા કૌંશની અંદરનો ભાગ અસંબદ્ધ લાગે છે.

• गन्धहस्ती •

**अनेन करणाभ्युपायेन क्षेत्राणां वैताढ्यादिपर्वतानामायाम-विष्कम्भ-ज्येषु-धनुःकाष्ठपरिमाणानि ज्ञातव्यानि॥** उदग्धनुःकाष्ठमिदं २५२३० कला ४ चत्वारश्चैकोनविंशतिभागाः, अमुष्माद् दक्षिणं धनुःकाष्ठं पात्यन्ते, तच्चेदं १४५२८ कला एकादश चैकोनविंशतिभागाः, पातित उपरितनराशिरयं १०७०२। अधस्तादेकादश कला न पतन्ति चतसृभ्यः कलाभ्य इतिकृत्वोपरितनराशिर्न ददात्यर्धमतो रूपमेकमवतार्यते, एकोनविंशतिमध्यादेकादश शुद्धा अष्टौ शेषकलाचतुष्टयक्षेपाद् द्वादश जाताः अर्धेन षट्, उपरितनराशिर्न ददात्यर्धमतो रूपमेकमवतार्यते एकोनविंशतिरपि नार्धं ददातीत्येकोनविंशति-रूपमपनीयते, तस्यार्धेनार्धकलाः, अष्टादशानामर्धेन नव-षट्कपञ्चदशकलाः सार्धा जाता उपरितनरा-शेरर्धेनेदं ५३५०।

एतावती बाहा क्षुल्लहिमवत इत्यनेन च परिक्षेपज्यानयनकरणाभ्युपायेन सर्वक्षेत्राणां सर्वपर्वतानां

• હેમગિરા •

આ કરણ સૂત્ર રૂપ ઉપાય વડે ક્ષેત્રોની, વૈતાઢ્ય આદિ પર્વતોની લંબાઈ, પહોળાઈ, જયા, ઈષુ, ધનુઃકાષ્ઠના પરિમાણો જણાય છે.

ઉત્તર (લઘુ હિમવંત ક્ષેત્ર) નું ધનુઃકાષ્ઠ ૨૫૨૩૦ યોજન ૪/૧૯ કળા છે. આ (ઉત્તરધનુ)માંથી દક્ષિણનું ધનુઃકાષ્ઠ બાદ કરાય અને તે (દક્ષિણ ધનુઃકાષ્ઠ) ૧૪૫૨૮ યોજન - ૧૧/૧૯ કળા પ્રમાણ છે. આને ૨૫૨૩૦ યોજન ૪ કળામાંથી બાદ કરે છતે ઉપરની (યોજનની સંખ્યાની) રાશી ૧૦૭૦૨ યોજન પ્રમાણ થાય. પણ ચાર કળામાંથી નીચેની ૧૧ કળા બાદ થઈ શકતી નથી. આથી ઉપરની (નીચેની ? કળાની) રાશિ અર્ધી કરી શકાતી નથી.

એક રૂપ ઉપરની રાશિમાંથી એક યોજન નીચે ઉતારાય છે અને (એક યોજન રૂપ) ૧૯ કળાની મધ્યમાંથી ૧૧ કળા શુદ્ધ (બાદ) કરાએ છતે શેષ ૮ કળાઓમાં ચાર કળા ઉમેરવાથી ૧૨ કળા થઈ. એ અર્ધી કરેલી ૬ કળા થઈ. હજુ ઉપરની (= યોજનની) રાશિ અડધી કરી શકાતી નથી. આથી એક રૂપ (= ૧ યોજન ઉપરની રાશિમાંથી) નીચે ઉતારાય છે. એ (એક યોજન રૂપ) ૧૯ કળાને પણ અર્ધી કરી શકાતી નથી. આથી ૧૯મું રૂપ (૧૯મી કળા એમાંથી) ઓછું કરાય છે. તેની (૧૯મી કળાના બે ભાગ કરી) અર્ધી-અર્ધી કળા કરાય છે. ૧૮ કળાને બે વડે ભાગતા ૯ કળા અને (પૂર્વની) ૬ કળા એમ કુલ સાડા પંદર ૧૫ ૧/૨ કળા થઈ અને ઉપરની (= યોજનની) રાશિને બે વડે ભાગતા ૫૩૫૦ (યોજન પ્રમાણ) થઈ. (એમ કુલ ૫૩૫૦ યોજન અને ૧૫ ૧/૨ કળા થઈ.)

આટલી 'બાહા' લઘુ હિમવંત પર્વતની છે. આ પ્રમાણે આ પરિધિ, જીવા લાવવા માટેના કરણ સૂત્ર રૂપ ઉપાયો વડે સર્વ ક્ષેત્રોની અને સર્વ પર્વતોની લંબાઈ, પહોળાઈ, ઈષુ અને ધનુઃકાષ્ઠના પ્રમાણો સમજી લેવા.

### ❖ સંગ્રહ ગ્રંથમાં સંક્ષેપ ઉચિત, વિસ્તાર અનુચિત ❖

વળી બીજા કેટલાક વિદ્વાનો આ પ્રસ્તાવમાં વિસ્તાર કરવાના અભિપ્રાયથી સ્વયં નવા સૂત્રો રચીને

• सूत्रम् •

**द्विर्धातकीखण्डे ॥३/१२॥**

• भाष्यम् •

**[1]एते मन्दरवर्षवंशधरा जम्बूद्वीपेऽभिहिता एते द्विगुणा धातकीखण्डे द्वाभ्यामिष्वा-**

• गन्धहस्ती •

चायाम-विष्कम्भेषु-धनुःकाष्ठप्रमाणान्यवगन्तव्यानीति। **अपरे** पुनर्विद्वांसोऽतिबहूनि स्वयं विरचय्यास्मिन् प्रस्तावे सूत्राण्यधीयते विस्तरदर्शनाभिप्रायेण, **तन्न** युक्तमयं सङ्ग्रहः सूरिणा संक्षेपः कृत इत्यतोऽत्र विस्तराभिधानमपाचीनमाचक्षते प्रवचननिपुणाः। अथ विस्तरतो विवक्षितस्ततो ग्रन्थलक्षपरिभाषिताया जम्बूद्वीपदेशनायाः पटुप्रज्ञैस्तैर्विस्तृणद्भिरपि कियदत्र विस्तृतं स्याद् ? विस्तरार्थिनो वा बहुगुणः सिद्धान्त एव तत्कृतसूत्रेभ्य इत्यत उपेक्षणीयस्तदभिप्राय इति॥ ३/११॥

एवमिमां जम्बूद्वीपवक्तव्यतां परिसमाप्य समासतः सम्प्रति द्वीपान्तरवक्तव्यताभिधित्सयोवाच– अस्य भाष्यम्।

• सूत्रार्थ •

**ધાતકીખંડમાં (ક્ષેત્રો, પર્વતો) બમણા હોય છે. ||૩/૧૨||**

• ભાષ્યાર્થ •

**જે આ મેરુપર્વત, ક્ષેત્રો અને વંશધરપર્વતો જંબૂદ્વીપમાં કહ્યા છે તેના કરતા બમણા ધાતકી ખંડને વિશે (છે અને તે) દક્ષિણ અને ઉત્તરમાં લાંબા એવા બે ઈષુકાર પર્વતોથી વિભાજિત**

• હેમગિરા •

ઉમેરે છે તે યુક્તિયુક્ત નથી. (કારણ કે) આચાર્યશ્રી ઉમાસ્વાતિજીએ આ સંગ્રહ ગ્રંથ સંક્ષેપવાળો કર્યો છે. (નહીં કે વિસ્તારવાળો) આ પ્રમાણે હોવાથી પ્રવચનનિપુણ (વ્યાખ્યા કુશળ) પુરૂષો અહીં (સંક્ષિપ્ત સંગ્રહરૂપ સૂત્રમાં) વિસ્તાર કથનને અપાચીન = અપ્રસિદ્ધ, અનુચિત ગણે/કહે છે.

હવે જો વિસ્તારથી કહેવાની ઈચ્છા હોય તો વિસ્તાર કરનારા તે પટુ પ્રજ્ઞાવાન પુરૂષો દ્વારા લાખો શ્લોકો (= ગાથા = ગ્રંથો) વડે નિરૂપિત કરાયેલા જંબૂદ્વીપની પ્રરૂપણાનો અહી કેટલો વિસ્તાર કરી શકશો ? (અર્થાત્ નહી કરી શકો કારણ કે આ ગ્રંથ સંગ્રહ ગ્રંથ છે, અહીં લાબું કરવા જતા ગ્રંથનો ઉદ્દેશ્ય ગૌણ થાય છે) અર્થાત્ વિસ્તારના અર્થીને માટે તો તે (વિદ્વાનોના) સ્વયં રચેલા સૂત્રો કરતાં આગમ જ ઘણા ગુણવાળું છે. (તેથી તેઓએ આગમ ગ્રંથોનો આશ્રય કરવો જોઈએ. લાંબા સૂત્રો કરવાનો કોઈ અર્થ નથી) આ પ્રમાણે હોવાથી તેઓનો (સ્વયં નવા સૂત્ર રચી વિસ્તારથી બોધ કરાવનારાઓનો) અભિપ્રાય ઉપેક્ષણીય છે. **||૩/૧૧||**

**૩/૧૨ સૂત્રની અવતરણિકા :** આ પ્રમાણે આ જંબૂદ્વીપની વક્તવ્યતાને સંક્ષેપથી સમાપ્ત કરીને હમણા અન્યદ્વીપની વક્તવ્યતાને કહેવાની ઈચ્છાથી ૩/૧૨ સૂત્રને કહે છે. આ ૩/૧૨ સૂત્રનું (નિમ્ન લિખિત) ભાષ્ય છે.

१. ये एते मु.(खं.)।

• भाष्यम् •

**कारपर्वताभ्यां दक्षिणोत्तरायताभ्यां विभक्ताः। एभिरेव नामभिर्जम्बूद्वीपकसमसङ्ख्या पूर्वार्धेऽपरार्धे च चक्रारकसंस्थिता निषधसमोच्छ्रायाः कालोद-लवणजलस्पर्शिनो वंशधराः**

• गन्धहस्ती •

[ **द्विर्धातकीत्यादि**त्यादि (३/१२) सूत्रम् ]

**ये एते मन्दरवर्षवंशे**त्यादि भाष्यम्। लवणजलनिधेर्बहिर्धातकीखण्डो द्वीपो धातकीवृक्षसम्बन्धाद् वलयाकृतिर्लक्षचतुष्टयविष्कम्भः, तस्मिन् **धातकीखण्डे** मन्दरादयो जम्बूद्वीपकमन्दरादिभ्यः सङ्ख्यया द्विगुणमाना वेदितव्याः, जम्बूद्वीपे मेरुरेकस्तत्र द्वौ पूर्वापरदिग्मध्यव्यवस्थितौ मेरू, वंशा भरतादि-क्षेत्राण्यैरावतपर्यवसानानि, तानि तत्र द्विसङ्ख्यायुक्तानि प्रत्येकं २। वंशधरा हिमवदादयः पर्वता वैताढ्यादयश्च तेऽपि तत्र द्विर्द्विः स्थिताः, एते च सर्वेऽपि मन्दरादयो **द्वाभ्यामिष्वाकारपर्वता-भ्यामृ**जुभ्यामित्यर्थः दक्षिणोत्तरदिङ्मध्यव्यवस्थिताभ्यां **दक्षिणोत्तरायताभ्यां च विभक्ताः**=विच्छिन्ना **पूर्वार्धे चापरार्धे** च व्यवस्थिताः, एभिरेव नामभिर्जम्बूद्वीपकैः समा सङ्ख्या येषां भरतादिप्रतिक्षेत्रं

• ભાષ્યાર્થ •

**કરાયેલ છે. આ જ નામોવાળા જંબૂદ્વીપની જેમ સરખી સંખ્યાવાળા, પૂર્વાર્ધ ધાતકીખંડમાં અને પશ્ચિમાર્ધ ધાતકીખંડમાં ચક્રના આરાના આકારે રહેલા, નિષધપર્વત જેટલી ઉંચાઈવાળા, કાલોદધિ અને લવણ સમુદ્રના પાણીને સ્પર્શનારા એવા ઈષુકાર પર્વત સહિતના વર્ષધર પર્વતો તેમજ ચક્રના**

• હેમગિરા •

**❖ ધાતકીખંડમાં ક્ષેત્રાદિની ભલામણ ❖**

**ये एते**... લવણ સમુદ્રની બહાર ધાતકીખંડ નામનો દ્વીપ છે. કેમકે આ દ્વીપમાં (ઘણા) ધાતકીના = ધાવડીના વૃક્ષો (ના વનો) આવેલા છે. તેની વલયના જેવી ગોળ આકૃતિ છે અને ચાર લાખ યોજનની પહોળાઈ છે. તે ધાતકીખંડ દ્વીપમાં મેરુ આદિ પર્વતો સંખ્યામાં જંબૂદ્વીપ સંબંધી મેરુ આદિ પર્વતો કરતા બમણા જાણવા. જંબૂદ્વીપમાં ૧ મેરુ પર્વત છે. ત્યાં (ધાતકીખંડમાં) પૂર્વ દિશાની મધ્યમાં અને પશ્ચિમ દિશાની મધ્યમાં રહેલા બે મેરુ પર્વતો છે. વંશો એટલે ભરતાદિથી માંડી ઐરાવત સુધીના (સાતે) ક્ષેત્રો, તેઓ દરેક ત્યાં ધાતકીખંડ ક્ષેત્રમાં બમણા (= બે ગણા) છે. વંશધરો એટલે હિમવંત આદિ અને વૈતાઢ્ય આદિ પર્વતો. તે પણ ત્યાં બમણા રહેલા છે.

**❖ ઈષુકાર પર્વતનુ વર્ણન ❖**

વળી આ બધા ય મેરુ વગેરે એ દક્ષિણ અને ઉત્તરદિશાની મધ્યમાં રહેલા, દક્ષિણ અને ઉત્તર દિશામાં લાંબા એવા બે ઈષુકાર એટલે ઋજુ = સીધા પર્વતોથી વિભાજિત થયેલા પૂર્વાર્ધ (ધાતકીખંડ) અને પશ્ચિમાર્ધ (ધાતકીખંડ)માં રહેલા છે.

જંબૂદ્વીપ સંબંધી ભરતાદિ ક્ષેત્રોના જેવી સરખી સંખ્યા છે જેઓની એવા તે (પૂર્વાર્ધ-પશ્ચિમાર્ધ ધાતકી ખંડના) ભરત વગેરે દરેક ક્ષેત્ર જંબૂદ્વીપ સંબંધી (ભરતાદિ ક્ષેત્રોના જેવી) સમાન સંખ્યાવાળા અને નામવાળા છે. અર્થાત્ જંબૂદ્વીપના ભરતાદિ ક્ષેત્રોના જે નામ અને જેટલી સંખ્યા છે તે જ નામ અને તેટલી જ સંખ્યા

• भाष्यम् •

**सेष्वाकारा आरविवरसंस्थिता वंशा इति॥ ३/१२॥**

• गन्धहस्ती •

**जम्बूद्वीपकसमसङ्ख्याः**, चक्रनाभिप्रतिबद्धारकवत् संस्थिताः, तत्र वर्षधरपर्वता निषधगिरि-सदृशोच्छ्रायाश्चतुर्योजनशतोच्छ्राया इत्यर्थः।

**कालोदलवणजलस्पर्शिनो वंशधराः सेष्वाकाराः** कालोदसमुद्रो धातकीखण्डपरिक्षेपी लवणोदधिर्जम्बूद्वीपपरिक्षेपी, एतयोर्जलं कालोदलवणजलं तत्स्प्रष्टुं शीलमेषामिति कालोदलवणजलस्पर्शिनो हिमवदादयः, सहेष्वाकारपर्वताभ्यां पञ्चयोजनशतोच्छ्रायाभ्यामिति। धातकीखण्डवर्तिनश्च हिमवदादयो जम्बूद्वीपकहिमवदादिविच्छेदप्रतिनिधिना व्यवस्थिता वैताढयादयः क्षेत्राणि चेति। **अरविवरसंस्थिता वंशा** इति। अराणां विवराण्यन्तरालानि तद्वद् व्यवस्थिता **वंशाः** = क्षेत्राणि तत्रेति। सङ्क्षेपात् तु प्रतिपत्तव्यमिदं यन्नाम किञ्चिन्नदी-देवकुरूत्तरकुरुप्रभृति जम्बूद्वीपेऽभिहितं तत् सर्वं धातकीखण्डे द्विर्द्विरवसातव्यमिति॥ ३/१२॥

• ભાષ્યાર્થ •

**આરાનાં વિવરના આકારે રહેલા વંશો = ક્ષેત્રો પણ હોય છે. ||૩/૧૨||**

• હેમગિરા •

ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં રહેલા ભરતાદિ ક્ષેત્રોની છે. રથના પૈડાની નાભિથી જોડાયેલા આરાના જેવા આકારે રહેલા એવા ત્યાં (ધાતકી ખંડમાં) વર્ષધર પર્વતો, નિષધ પર્વતની તુલ્ય ઉંચાઈવાળા♦ અર્થાત્ ૪૦૦ યોજનની ઉંચાઈવાળા છે.

**कालोद....** કાલોદ અને લવણ સમુદ્રના જળને સ્પર્શનારા ઈષુકાર પર્વત સહિત વંશધર પર્વતો છે. કાલોદધિ સમુદ્ર ધાતકીખંડને વીંટીને રહ્યો છે તેમજ લવણ સમુદ્ર જંબૂદ્વીપને વીંટીને રહ્યો છે. આ બંનેનું જે જળ તે કાલોદધિ સમુદ્ર અને લવણ સમુદ્રનું જળ કહેવાય, તેને સ્પર્શવાનો સ્વભાવ છે જેઓનો એવા કાલોદ અને લવણના જળને સ્પર્શવાના સ્વભાવવાળા હિમવંતાદિ ક્ષેત્રો છે કે જેઓ ૫૦૦ યોજનની ઉંચાઈવાળા એવા ઈષુકાર પર્વતોની સહિત છે. (જુઓ પરિશિષ્ટ-૧૨, ચિત્ર નં.૫)

વળી ધાતકીખંડમાં રહેલા હિમવંત વગેરે પર્વતો જંબૂદ્વીપ સંબંધી હિમવંત વગેરે પર્વતોની જેમ વિભાગના સ્થાને રહેલા છે. (એ જ રીતે) વૈતાઢ્ય વગેરે પર્વતો અને ક્ષેત્રો પણ રહેલા છે.

**अर... वंशा** = વંશો આરાના વિવરમાં રહેલા છે અર્થાત્ ત્યાં ધાતકીખંડમાં પૈડાના આરાના વિવરમાં = આંતરામાં વંશો = ક્ષેત્રો રહેલા છે.

ટૂંકમાં તો એટલું સમજવું કે આ જે કોઈ નામવાળા નદી, દેવકુરુ, ઉત્તરકુરુ આદિ જંબૂદ્વીપમાં કહેવાયા હતા તે બધા અહીં ધાતકીખંડમાં બમણા ⁸બમણા જાણવા. **||૩/૧૨||**

♦. ધાતકીખંડમાં વર્ષધર પર્વતોની ઊંચાઈ ભાષ્યમાં નિષધ સમાન ૪૦૦ યોજનની કહી છે પણ **બૃહત્ક્ષેત્રસમાસ**માં તે દરેકની ઊંચાઈ જંબૂદ્વીપના તે તે પર્વતોની સમાન કહી છે. ગાથા-૨૨૭, **'દહકુંડ... પૂવ્વસમં.'** ⁸. ધાતકીખંડ એક મહાચક્ર (= રથના પૈડા) સરખો છે. જેમાં જંબૂદ્વીપ સહિત લવણ સમુદ્ર તે ચક્રની મધ્યમાં નાભિ સમાન છે. એવા આ ધાતકીખંડ રૂપ મહાચક્રમાં ૧૨ વર્ષધર અને ૨ ઈષુકાર મળી કુલ ૧૪ પર્વતો આરા સરખા છે. તેમજ આ ૧૪ આરાના ૧૪ આંતરામાં ૧૪ મહાક્ષેત્રો છે. એ કાણા = છિદ્ર સરખા છે.

• सूत्रम् •

## पुष्करार्धे च।। ३/१३।।

• भाष्यम् •

**यश्च धातकीखण्डे मन्दरादीनां सेष्वाकारपर्वतानां सङ्ख्याविषये नियमः स एव पुष्करार्धे वेदितव्यः।।**

**ततः परं मानुषोत्तरो नाम पर्वतो मानुष्यलोकपरिक्षेपी सुनगरप्राकारवृत्तः पुष्करद्वीपार्धे**

• गन्धहस्ती •

यथैव धातकीखण्डे जम्बूद्वीपविधिर्द्विरुक्तस्तथैव–

[ **पुष्करार्धे च** (३/१३) सूत्रम् ]

पुष्करद्वीपः कालोदसमुद्रपरिक्षेपी षोडशलक्षविष्कम्भस्तस्यार्धमारात्तनमष्टौ योजनलक्षास्तस्मिन् पुष्करार्धे च जम्बूद्वीपविधिर्द्विर्द्विर्द्रष्टव्यः। **यश्च धातकीखण्डे** विधिरुक्त इष्वाकारौ दक्षिणोत्तरदिङ्मध्यावस्थितौ दक्षिणोत्तरायतौ पञ्चशतोच्चौ, तथा मन्दरौ चतुरशीतिसहस्रोच्छ्रयादिकौ वंशधराश्चतुःशतोच्चा इत्येवमादिकः सङ्ख्याविशेषनियमः **स पुष्करार्धे**ऽप्यशेषो **वेदितव्य** इति।

**ततः परमि**त्यादि भाष्यम्। आरात्तनपुष्करार्धात् परतः समनन्तरो धान्यपल्यकार्धाकृतिः वलयवृत्तो

• સૂત્રાર્થ •

**અર્ધ પુષ્કરદ્વીપમાં મેરુ આદિ (ધાતકી ખંડની જેમ) જાણવા. ||૩/૧૩||**

• ભાષ્યાર્થ •

**ધાતકીખંડ વિશે ઈષુકાર પર્વત સહિત મેરુ આદિનો સંખ્યા સંબંધી જે નિયમ છે તે જ નિયમ અર્ધપુષ્કરદ્વીપ વિશે જાણવો.**

**ત્યાર (અર્ધ-પુષ્કરદ્વીપ) પછી મનુષ્ય લોકને વીંટળાઈને રહેનારો એક સુંદર નગરના કિલ્લાની**

• હેમગિરા •

**૩/૧૩ સૂત્રની અવતરણિકા :** જે રીતે જંબૂદ્વીપની વિધિ (ક્ષેત્ર-પર્વતાદિની સંખ્યા) ધાતકીખંડ વિશે બમણી કહી તે રીતે જ અર્ધપુષ્કરદ્વીપ વિષે પણ છે. (એ વાત જણાવતા આ ૩/૧૩ સૂત્રને કહે છે.)

### ❖ પુષ્કરાર્ધ દ્વીપનું કથન ❖

કાલોદધિ સમુદ્રને વીંટળાયેલો, ૧૬ લાખ યોજનના વિષ્કંભવાળો જે પુષ્કર દ્વીપ છે તેનો શરૂઆતનો અડધો વિભાગ ૮ લાખ યોજનના વિષ્કંભવાળો છે અને તે અર્ધપુષ્કરદ્વીપ વિષે જંબુદ્વીપની વિધિ બમણી-બમણી જાણવી.

જે વિધિ ધાતકીખંડમાં કહેવાઈ હતી અર્થાત્ દક્ષિણ અને ઉત્તર દિશાના મધ્યમાં રહેલા, દક્ષિણ અને ઉત્તર તરફ લાંબા, ૫૦૦ યોજનની ઉંચાઈવાળા બે ઈષુકાર પર્વતો તેમજ ૮૪,૦૦૦ યોજનની ઉંચાઈ આદિવાળા બે મેરુ પર્વતો તેમજ ૪૦૦ યોજનની ઉંચાઈવાળા વંશધર પર્વતો વગેરે આવા પ્રકારનો જે વિશિષ્ટ સંખ્યાનો નિયમ કહેવાયો હતો તે બધું અર્ધપુષ્કરદ્વીપ વિષે પણ જાણવું.

**ततः परं...** શરૂઆતના અર્ધપુષ્કરદ્વીપ પછી તરત (ધાન્ય માપવાના પલ્ય નામનું સાધન વિશેષ

• भाष्यम् •

**निर्दिष्टः काञ्चनमयः। सप्तदशैकविंशानि योजनशतान्युच्छ्रितः। चत्वारि त्रिंशानि क्रोशं चाधो धरणि-तलमवगाढः। योजनसहस्रद्वाविंशमधस्ताद् विस्तृतः। सप्तशतानि त्रयोविंशानि मध्ये। चत्वारि चतुर्विंशान्युपरीति।**

**न कदाचिदस्मात् परतो जन्मतः संहरणतो वा चारण-विद्याधर⌖र्द्धिप्राप्ता अपि मनुष्या भूतपूर्वा भवन्ति भविष्यन्ति च।**

• गन्धहस्ती •

मानुषोत्तराभिधानो गिरि**र्मानुष्यलोकपरिक्षेपी** महानगरप्राकारप्रतीकाशः कनकमयः पुष्करद्वीपार्ध-विभागकारीति। शेषं समुच्छ्रायादि सुज्ञानम्।

**न कदाचिदस्मादि**त्यादि। अस्मान्मानुषोत्तराद् गिरेः परतो न कस्मिंश्चिदपि काले जायन्ते जनिष्यन्तेऽजनिषत चेति मनुष्या इत्यत एवायं मानुषोत्तरोऽभिधीयते। तथा **संहरणतो**ऽपि न सन्ति

• ભાષ્યાર્થ •

**જેમ ગોળ, સુવર્ણમય એવો માનુષોત્તર નામનો પર્વત□ અર્ધપુષ્કરદ્વીપમાં કહેવાયો છે જે ૧૭૨૧ યોજનની ઉંચાઈવાળો છે. ૪૩૦ યોજન અને એક કોશ પૃથ્વીતલમાં નીચે રહેલો છે. ૧૦૨૨ યોજન નીચેના (મૂળ) ભાગમાં વિસ્તૃત છે. મધ્યમાં ૭૨૩ યોજન વિસ્તૃત છે. ઉપરના ભાગમાં ૪૨૪ યોજન વિસ્તૃત છે.**

**ક્યારેય આની (માનુષોત્તર પર્વતની) પછી (બહાર) જન્મ થકી અથવા સંહરણ થકી ચારણ મુનિઓ, વિદ્યાધરો અને ઋદ્ધિને પ્રાપ્ત થએલા પણ મનુષ્યો પૂર્વે ભૂતકાળમાં હતા નહી, વર્તમાનકાળમાં હોતા નથી અને ભવિષ્યકાળમાં થશે નહી.**

• હેમગિરા •

તે) અર્ધપલ્યની આકૃતિ જેવો, બંગડી જેવો ગોળ એવો માનુષોત્તર નામનો પર્વત છે, જે મનુષ્યલોકને વીંટળાઈને રહેનારો, મહાનગરના એક કિલ્લા જેવો, સ્વર્ણમય તેમજ પુષ્કરવરદ્વીપના અડધા (અભ્યંતર પુષ્કરદ્વીપ અને બાહ્યપુષ્કરદ્વીપ એમ બે) વિભાગને કરનારો છે. આની ઉંચાઈ વગેરે શેષ બાબતો (ભાષ્યમાં કહ્યા મુજબ) સુગમ છે.

### ❖ માનુષોત્તર નામનું કારણ ❖

માનુષ = મનુષ્યલોક, તેની ઉત્તર = પછી આવેલો હોવાથી તે માનુષોત્તર પર્વત કહેવાય છે.

**न कदाचिदस्मात्....** માનુષોત્તર પર્વત પછીના સ્થળમાં કોઈ પણ કાળે મનુષ્યો જન્મતા નથી, જન્મશે નહીં કે જન્મ્યા નથી. આ પ્રમાણે હોવાથી જ આ પર્વત માનુષોત્તર કહેવાય છે. તથા સંહરણને આશ્રયીને પણ સામાન્યથી મનુષ્યો (આ પર્વતની પછી) હોતા નથી. સંહરણ એટલે વૈર વગેરેના અનુબંધને

⌖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૪૧ □. આ માનુષોત્તર પર્વત અઢીદ્વીપની બહાર છતા પુષ્કરાર્ધમાં ગણાયો છે. મનુષ્યક્ષેત્રની સીમા કરવા (મર્યાદા બાંધવા)માં ઉત્તર (= તત્પર) હોવાથી માનુષોત્તર કહેવાય છે. જેમ જંબૂદ્વીપને જગતી વીંટળાઈને રહી છે તેમ માનુષોત્તર પર્વત મનુષ્યલોકને વીંટળાઈને રહ્યો છે.

मनुष्याः, तत्र संहरणं नाम वैराद्यनुबन्धात् केनचिद् देव-विद्याधरादिना इहत्यमनुष्यस्तत्रोत्क्षिप्य नीयेताय-मत्रोर्ध्वशेषं[1] शुष्यतु म्रियतां वाप्यकृतप्रतीकारः क्षिप्रमेवं वैरादिनिर्यातनार्थं, संहरणममून् विहाय क्रियते–

✡''**समणीं अवगतवेदं, परिहार-पुलागमप्पमत्तं च। चोद्दसपुव्विं आहारयं च णवि कोइ संहरइ॥**'' आर्या

तस्मादपि संहरणतो न मनुष्यास्तत्परत इति, अवश्यं हि मनुष्येण मर्तव्यमन्तर्मानुषोत्तरनगस्येति। तथा **चारण-विद्याधरर्द्धिप्राप्ता** अपि मनुष्यास्तमुल्लङ्घ्य गताः सन्तः परतो न म्रियन्ते इति नियम्यते, न पुनर्गमनमेषां मानुषोत्तराद् बहिर्निषिध्यते, तपोविशेषानुष्ठानाज्जङ्घाचारिणो विद्याचारिणश्च संयता नन्दीश्वरादिद्वीपान् गच्छन्ति चैत्यवन्दनायै, प्रसिद्धश्चायमावश्यकादिष्वपि प्रायो विधिः, तथा विद्याधरा महाविद्यासम्पन्नाः ऋद्धिप्राप्ताश्च वैक्रियादिशरीरभाजः सर्वे गच्छन्ति परतः, न तु प्राणान् परित्यजन्ति

• હેમગિરા •

લીધે કોઈક દેવ અથવા વિદ્યાધર આદિ વડે અહીં (ભરતાદિ ક્ષેત્ર)નો મનુષ્ય ત્યાં (માનુષોત્તર પછીના ક્ષેત્રમાં) ઉપાડીને લઈ જવાય તે સંહરણ કહેવાય. ''આ મનુષ્યનું આગળનું શેષ જીવન અહીં પુરૂ થઈ જાઓ અથવા દુઃખનો પ્રતીકાર ન કરવા દ્વારા જલ્દીથી મરી પણ જાઓ એમ વૈર વગેરેનો બદલો વાળવા માટે સંહરણ કરાય છે.

### ❖ અસંહરણીય સાત વ્યક્તિઓ ❖

હવે કહેવાતા આ સાત પ્રકારના મનુષ્યોને છોડીને શેષ કોઈ પણ મનુષ્યનું સંહરણ થઈ શકે છે :-

**(૧) સાધ્વીજીનું, (૨) વેદ રહિત આત્માવાળાનું** (= નવમા ગુણસ્થાનકના અમુક ભાગથી માંડી ૧૪ ગુણઠાણા સુધીના મનુષ્યનું) **(૩) પરિહારવિશુદ્ધિ ચારિત્રીનું, (૪) પુલાક લબ્ધિધારીનું, (૫) અપ્રમત્ત સંયમીનું, (૬) ચૌદ પૂર્વધરનું તેમજ (૭) આહારક લબ્ધિધારીનુ** (આ ૭ વ્યક્તિઓનું) **કોઈ સંહરણ કરી શકતું નથી.**

આમ હોવાથી સંહરણ થકી પણ મનુષ્યો તે (માનુષોત્તર) પર્વતની પછી હોતા નથી. (સંહરણ પામનાર મનુષ્ય પણ ત્યાં કાયમી રહી નથી શકતા). મનુષ્યો અવશ્ય માનુષોત્તર પર્વતની અંદર જ (મનુષ્યલોકમાં જ) મરે છે. વિશેષ એ કે ચારણ મુનિઓ, વિદ્યાધરો અને લબ્ધિવાળા મનુષ્યો તે (માનુષોત્તર) ને ઓળંગીને જઈ શકે છે, ત્યાં હોવા છતાં ત્યાં મરતા નથી એવો નિયમ ચોક્કસ છે. પણ એ ચારણવિદ્યાધર આદિના માનુષોત્તર પછીના ગમનનો નિષેધ કરાયો નથી.

વિશિષ્ટ તપ-અનુષ્ઠાનના પ્રભાવે પ્રગટ થયેલી લબ્ધિવાળા એવા જંઘાચારી અને વિદ્યાચારી સંયમીઓ ચૈત્યોની વંદના માટે નંદીશ્વર આદિ દ્વીપોમાં જાય છે અને આ ગમનવિધિ આવશ્યકાદિ ગ્રંથોમાં પણ પ્રાયઃ પ્રસિદ્ધ છે. તથા મહાવિદ્યાસંપન્ન એવા વિદ્યાધરો, વૈક્રિયાદિ શરીરને ધરાવનારા એવા ઋદ્ધિયુક્ત મનુષ્યો તે બધા માનુષોત્તર પર્વતથી આગળ જાય છે ખરા, પરંતુ ત્યાંજ પ્રાણોને છોડતા નથી. આવા પ્રકારના અતિશયને પ્રાપ્ત થએલા પણ મનુષ્યો ત્યાં મરતા નથી (પણ મનુષ્યલોકમાં જ પ્રાણ છોડે છે)

१. ०शोषं (मु.प्र.) खं । ✡. श्रमणीमपगतवेदं परिहारं पुलाकमप्रमत्तं च । चतुर्दशपूर्विणमाहारकं च नैवकोऽपि संहरति ॥ (भगवतीसूत्रे शतके-२५, उद्देशे-६ वृत्तौ)

• भाष्यम् •

**अन्यत्र समुद्घातोपपाताभ्यामत एव च मानुषोत्तर इत्युच्यते।**

• गन्धहस्ती •

तत्रैवेति। एवंविधातिशयप्राप्ता अपि तत्र नो म्रियन्ते, किमुत निरतिशयमनुष्या इति दर्शयति–

**अन्यत्र समुद्घातोपपाताभ्यामि**त्यपोद्यते मारणान्तिकसमुद्धातेन समुपहतः कश्चिदर्धतृतीय-द्वीपान्तर्वर्ती बहिर्वर्तिद्वीप-समुद्रेषूत्पद्यते तेन चोत्पत्तिप्रदेशे प्रक्षिप्तमात्मप्रदेशजालमिलिकागतिना पश्चान्म्रियते तत्र व्यवस्थित इति। तथोपपातमङ्गीकृत्य जन्माभिसम्बध्यते बहिर्द्वीप-समुद्रवर्तिनाऽसुमता येन मनुष्यायुर्निबद्धमर्धतृतीयद्वीपाभ्यामन्तरे चोत्पत्स्यते वक्रगत्या, तस्य तन्मनुष्यायुर्वक्रकाले विपच्यते, तदैव चासौ मनुष्यो जातस्तदुदयवर्तित्वात्।

तथा चागमः– ❒"**मणुस्से णं भंते ! मणुस्सेसु उववज्जइ अमणुस्से मणुस्सेसु उववज्जइ ? गोयमा ! मणुस्से २ सु उववज्जइ, नो अमणुस्से मणुस्सेसु उववज्जइ॥**" एवं समुद्घातोपपातौ विरहय्य नान्येन प्रकारेण

• ભાષ્યાર્થ •

**(મરણ) સમુદ્ઘાત અને ઉપપાત સિવાય આ નિયમ જાણવો. આથી જ (આ પર્વત) 'માનુષોત્તર' એવા નામે કહેવાય છે.**

• હેમગિરા •

તો પછી સામાન્ય નિરતિશય માનવોની તો શી વાત કરવી ? અર્થાત્ તેઓ પણ નથી જ મરતા. હવે અપવાદ દેખાડે છે →

"સમુદ્ઘાત અને ઉપપાત સિવાયની અપેક્ષાએ, એ નિયમ જાણવો" એવું (ભાષ્યમાં કહેવા દ્વારા) 'માનવના જન્મ મરણ અઢીદ્વીપ પછીના સ્થાનોમાં ન સંભવે' એ સામાન્ય નિયમનો વિશેષ અપવાદ દર્શાવાયો છે. અર્થાત્ મનુષ્યના જન્મ-મરણ, સમુદ્ઘાત અને ઉપપાતની અપેક્ષાએ, માનુષોત્તર પર્વતની પછી ય સંભવે છે. મરણ સમુદ્ઘાતને આશ્રયી મરણનો સંબંધ કરાય છે. તે આ રીતે કે -

મારણાન્તિક સમુદ્ઘાતને પામેલ કોઈ અઢીદ્વીપની અંતર્વર્તિ મનુષ્ય બહિર્વર્તિ દ્વીપ-સમુદ્ર વિશે (તિર્યંચ તરીકે) ઉત્પન્ન થવાનો હોય ત્યારે તે મનુષ્ય ઉત્પત્તિ પ્રદેશોમાં (પોતાના) આત્મપ્રદેશોનો સમૂહ ઈલિકાગતિ વડે નાંખે છે અને ત્યાર પછી ત્યાં (અઢીદ્વીપની બહાર રહેલો) મરણ પામે છે. ઉપપાતને = ઉત્પત્તિને આશ્રયી જન્મનો સંબંધ કરાય છે. તે આ રીતે કે બહિર્દ્વીપ અને સમુદ્રવર્તિ પ્રાણી કે જેના વડે મનુષ્યાયુષ્ય બંધાયુ છે અને જે જીવ વક્રગતિ વડે (બહિર્વર્તિ-દ્વીપ અને સમુદ્રમાંથી) અઢીદ્વીપની અંદર ઉત્પન્ન થવાનો છે, તે જીવને તે મનુષ્યાયુષ્ય વક્રગતિના કાળમાં વિપાક પામે છે અર્થાત્ ઉદયમાં આવે છે. તેનો ઉદય થવાથી તે કાળે જ તે (અઢીદ્વીપની બહાર) જન્મે છે.

## ❖ માનુષોત્તર પર્વતની પ્રરૂપણા ❖

તેમજ આગમ પાઠ છે કે - "**હે ભગવાન ! શું મનુષ્ય મનુષ્યો વિશે ઉત્પન્ન થાય છે કે અમનુષ્ય**

❒. मनुष्यो भदन्त ! मनुष्येषु उत्पद्यते, अमनुष्यो मनुष्येषु उत्पद्यते ? गौतम ! मनुष्यो मनुष्येषु उत्पद्यते, नो अमनुष्यो मनुष्येषु उत्पद्यते ।

• भाष्यम् •

**तदेवमर्वाग्मानुषोत्तरस्यार्धतृतीया द्वीपाः, समुद्रद्वयं, पञ्च मन्दराः पञ्चत्रिंशत् क्षेत्राणि, त्रिंशद् वर्षधरपर्वताः, पञ्च देवकुरवः, पञ्चोत्तराः कुरवः, शतं षष्ट्यधिकं चक्रवर्ति-**

• गन्धहस्ती •

बहिर्मानुषोत्तरधरणीधरान् मरणं मनुष्याणां जन्म वा सम्भाव्यत इति। ये त्वेतद् भाष्यं गमनप्रतिषेधद्वारेण चारण-विद्याधरर्द्धिप्राप्तानामाचक्षते तेषामागमविरोधः, सर्वेषां हि चारणादीनां आगमे गमनाभ्यनुज्ञानाद्, बहिर्जन्ममरणे न सम्भाव्येते इत्यवधीकृत्येदमुच्यते– **अत एव मानुषोत्तर इति**।

**तदेवमर्वाग् मानुषोत्तरस्ये**त्यादि भाष्यम्। व्यावर्णितलक्षणस्य मानुषोत्तरगिरेरर्वाग् जम्बूद्वीप-धातकीखण्ड-पुष्करार्धान्य**र्धतृतीया द्वीपाः**; लवण-कालोदौ **समुद्रद्वयम्**; जम्बूद्वीप एको धातकीखण्डे **द्वौ**, पुष्करार्धे च द्वावेवं **पञ्च मन्दराः**; जम्बूद्वीपे भरतादीनि सप्त धातकीखण्डे चतुर्दश, पुष्करार्धे चतुर्दशैवं **पञ्चत्रिंशत क्षेत्राणि**; जम्बूद्वीपे षट्, धातकीखण्डे द्वादश,पुष्करार्धे द्वादशैवं **त्रिंशद्**

• ભાષ્યાર્થ •

**આ પ્રમાણે માનુષોત્તર પર્વતની પહેલા અઢી દ્વીપો છે, બે સમુદ્રો છે, પાંચ મેરુ પર્વતો છે, ૩૫ ક્ષેત્રો છે, ૩૦ વર્ષધર પર્વતો છે, પાંચ દેવકુરુઓ છે, પાંચ ઉત્તરકુરુઓ છે. ચક્રવર્તિની**

• હેમગિરા •

**મનુષ્યો વિશે ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! મનુષ્ય મનુષ્યો વિશે ઉત્પન્ન♦ થાય છે, અમનુષ્ય મનુષ્યો વિશે ઉત્પન્ન ન થાય.''** 'णं' એ વાક્યાલંકારમાં છે.

આ પ્રમાણે સમુદ્ઘાત કે ઉપપાતને છોડી બીજા કોઈ પણ પ્રકાર વડે માનુષોત્તર પર્વતની બહાર મનુષ્યોના મરણ અથવા જન્મ સંભવતા નથી.

વળી જેઓ આ ભાષ્યની સંગતિ અઢીદ્વીપના બાહ્ય ક્ષેત્રમાં ચારણમુનિ, વિદ્યાધર, ઋદ્ધિ પ્રાપ્ત મનુષ્યોના ગમનના પ્રતિષેધ અર્થમાં કરે છે તેઓને આગમ સાથે વિરોધ આવે છે. કારણ કે આગમમાં બધા જ વિદ્યાધરો અને ચારણ મુનિઓ આદિ મનુષ્યોના ગમનની વાત (પ્રસ્તુત અઢીદ્વીપની બહાર નંદીશ્વર-કુંડલ-રુચકદ્વીપ સુધી) કહેવાયેલી છે. માત્ર જન્મ મરણ ત્યાં ન સંભવે આવી વાતને ધ્યાનમાં લઈને **अत एव मानुषोत्तर इति....** એવું ભાષ્ય કહેવાયુ છે.

### ❖ મનુષ્ય લોકમાં દ્વીપ-સમુદ્ર આદિની સંખ્યા ❖

**तदेवमर्वाग्....** કહેલા સ્વરૂપવાળા માનુષોત્તર પર્વતની પહેલા જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કર એમ અઢીદ્વીપ છે, લવણ અને કાલોદ એમ બે સમુદ્રો છે, જંબૂદ્વીપમાં એક, ધાતકીખંડમાં બે અને અર્ધપુષ્કરમાં બે એમ ૫ મેરુપર્વતો છે. જંબૂદ્વીપમાં ભરતાદિ ૭, ધાતકીખંડમાં ૧૪, અર્ધપુષ્કરમાં ૧૪ એમ ૩૫ ક્ષેત્રો છે. જંબૂદ્વીપમાં ૬, ધાતકીખંડમાં ૧૨, અર્ધપુષ્કરમાં ૧૨, એમ ૩૦ પર્વતો છે. જંબૂદ્વીપમાં ૧, ધાતકીમાં

---

♦. કોઈ પણ (તિર્યંચ, મનુષ્ય, દેવ કે નરક) જીવ જ્યારે મરીને મનુષ્ય તરીકે ઉત્પન્ન થવાનો હોય ત્યારે તેના ઉત્પન્ન થયા પૂર્વે જ વિગ્રહ ગતિમાં મનુષ્ય આયુષ્યનો ઉદય થઈ જાય છે. તેથી ત્યારે તેને મનુષ્ય તરીકે જે વ્યપદેશ થાય છે તે અપેક્ષાએ એમ કહેવાય છે કે મનુષ્ય મનુષ્યમાં ઉત્પન્ન થાય છે, અમનુષ્ય નહીં)

• भाष्यम् •

**विजयानाम्। द्वे शते पञ्चपञ्चाशज्जनपदानाम्, अन्तरद्वीपाः षट्पञ्चाशदिति॥ ३/१३॥**

• गन्धहस्ती •

**वर्षधरपर्वताः**; जम्बूद्वीप एकः, धातकीखण्डे द्वौ, पुष्करार्धे द्वावेवं **पञ्च देवकुरवः**, एवमेव **पञ्चोत्तराः कुरवः**; जम्बूद्वीपे द्वात्रिंशत्, धातकीखण्डे चतुःषष्टिः, पुष्करार्धे चतुःषष्टिश्चैवं **षष्ट्यधिकं शतं** चक्रवर्तिविजयानाम्; पञ्चसु भरतेषु पञ्चसु चैरावतेषु प्रत्येकं पञ्चविंशतिर्जनपदा अर्धं चार्याः एते दशगुणा **द्वे शते पञ्चपञ्चाशदधिके जनपदानामार्याणाम्**; जम्बूद्वीप एव हिमवतः प्राक् पश्चाद् विदिक्षु सप्त सप्तान्तरद्वीपा एकत्राष्टाविंशतिस्तथा शिखरिणोऽप्यष्टाविंशतिरेवमेते **षट्पञ्चाशद् भवन्ति**।

उत्सेधाङ्गुलं सहस्रगुणितं प्रमाणाङ्गुलं भवति, तदनुमानेन चैषां द्वीप-क्षेत्र-गिरि-कूट-सरित्-सागर-काण्ड-पाताल-भवन-कल्प-विमानादीनां विष्कम्भायाम-परिधयो ग्राह्याः। क्षेत्रादीनि च

• ભાષ્યાર્થ •

**વિજયો ૧૬૦ છે, ૨૫૫ (આર્ય) દેશો છે અને ૫૬ અંતર્દ્વીપ છે. ॥૩/૧૩॥**

• હેમગિરા •

૨, અર્ધપુષ્કરમાં ૨ એમ ૫ દેવકુરુઓ અને આ પ્રમાણે જ ૫ ઉત્તરકુરુઓ સમજવા. જંબૂદ્વીપમાં ૩૨, ધાતકીમાં ૬૪ અને અર્ધપુષ્કરમાં ૬૪, એમ ૧૬૦ ચક્રવર્તિની વિજયો છે. ૫ ભરત અને ૫ ઐરાવત પ્રત્યેકમાં સાડા પચ્ચીસ આર્ય દેશો છે. એ ૨૫ ૧/૨ ને ૧૦ થી ગુણતા (૨૫ ૧/૨ X ૧૦) ૨૫૫ આર્ય દેશો છે.

જંબૂદ્વીપમાં જ હિમવંત પર્વતના પૂર્વ અને પશ્ચિમ બાજુની ૪ વિદિશાઓમાં (થી નીકળેલી દાઢાઓમાં) ૭-૭-અંતર્દ્વીપો છે. એમ કુલ ૨૮ અંતર્દ્વીપો છે. તેમજ શિખરી પર્વતની વિદિશામાં પણ આ રીતે ૨૮ અંતર્દ્વીપો છે. આ પ્રમાણે આ કુલ ૫૬ અંતર્દ્વીપો❐ થાય છે.

### ❖ પ્રમાણ અંગુલથી દ્વીપાદિની લંબાઈ આદિનું પરિમાણ ❖

♦હજારથી ગુણાયેલો ઉત્સેધઅંગુલ પ્રમાણાંગુલ બને છે. અને આ પ્રમાણાંગુલના માપથી આ દ્વીપ, ક્ષેત્ર, પર્વત, કુટ = શિખર, નદી, સાગર, કાંડ, પાતાળ, ભવન⧗, કલ્પ, વિમાનાદિની પહોળાઈ, લંબાઈ અને પરિધિ ગ્રહણ કરવી. વળી ક્ષેત્ર વગેરેને યથાવત્ પરિમાણથી જાણીને તે ક્ષેત્રાદિના પરિમાણની પ્રતીતિ

---

⚘ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૪૨ ❐. હિમવંત પર્વતથી દાંતના આકારના ચાર દાઢા નીકળે છે. તેમાં બે દાઢા તે પર્વતના પૂર્વ દિશાવાળા છેડાથી નીકળીને તથા બે દાઢા પશ્ચિમ છેડાથી નીકળીને લવણસમુદ્રમાં આવે છે. દરેક દાઢા ઉપર ૭-૭ અંતર્દ્વીપો છે. એથી કુલ ૨૮ દ્વીપો થયા. એ પ્રમાણે જ શિખરી પર્વતથી નીકળતી ૪ દાઢા ઉપર ૨૮ અંતર્દ્વીપ છે. ♦. અનુયોગદ્વારચૂર્ણિમાં ઉત્સેધાંગુલની પહોળાઈ પ્રમાણ એક પ્રમાણાંગુલ કહ્યો છે અર્થાત્ ૨ ૧/૨ ઉત્સેધાંગુલ = ૧ પ્રમાણાંગુલ અને ઉંચાઈનું પ્રમાણ ૪૦૦ ઉત્સેધાંગુલ = ૧ પ્રમાણાંગુલ. પહોળાઈના પ્રમાણ (૨ ૧/૨)ને ઉંચાઈના પ્રમાણ (૪૦૦) સાથે ગુણતા ટીકામાં ઉક્ત (૧૦૦૦ ઉત્સેધાંગુલ = ૧ પ્રમાણાંગુલનું) પ્રમાણ આવે. જો માત્ર ૨ ૧/૨ ઉત્સેધાંગુલ = ૧ પ્રમાણાંગુલ કરશુ તો અતિ અલ્પ યોજન પ્રમાણ જ ભરતાદિ ક્ષેત્રોનું માપ આવશે, ૫૨૬ યોજન વગેરે માપો બંધબેસતા નહી આવે. (અંગુલસિત્તરી પ્રકરણ) ⧗. ભવન = ભવનપતિ નિકાયના દેવોના રહેવાસો, કલ્પ = ૧૨ દેવલોકના વિમાનો, વિમાન = ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તરના વિમાનો.

यथावत्परिमाणतो ज्ञात्वा तत्प्रत्ययार्थं सङ्ख्यानमुक्तम्, तच्च गणितग्रन्थेभ्यः साक्षात् सम्बन्धिफलत्वादव्यभिचारि प्रत्येतव्यम्, यैश्च क्षेत्रादिपरिमाणं सङ्ख्यातं तैरवश्यं सङ्ख्यानशास्त्रं प्रमाणेयम् (प्रणेयम् ?), प्रमेयपदार्थप्रणयने प्रमाण-प्रणयनवत्, यद्यपि चेयत्ता आगममात्रप्रतिपाद्या [[१]तथाऽनु]♦ (तथाऽप्यत्र सम्बन्धित्वात् सङ्ख्यानशास्त्रं प्रणेयं, प्रतिपादितं ?) तदन्यैरपि सङ्ख्यानं तत्सङ्ख्यानलक्षणं तु नोक्तम्, यदप्युक्तम् तदपि क्षेत्रपरिक्षेपादि व्यभिचरति, **सर्वभुवनकोशा**दिप्रक्रियान्तःपाति प्रदर्श्यं, प्रायश्च **सावर्णि-सांशपायन-बुद्धादयः** सातिशयज्योतिष-क्षेत्र-गणितशास्त्रानभिज्ञास्तेषामविषय एवायम्।

यदि नाम मूढतया कश्चिदभिनिविशेत, स तु प्रतिवृत्तफलक-सूत्र-दीपच्छायादिभिः प्रत्ययैः प्रत्याय्यः, यस्येयान् विष्कम्भस्तस्य परिक्षेपः कियान् भवतीति सङ्ख्याननियमात्, पूर्वापराविरोधि प्रत्यक्षफलं च

• હેમગિરા •

માટે સંખ્યાન એટલે કરણસૂત્ર આદિ ગણિત કહેવાયુ છે. અને તે (કરણસૂત્રો) ગણિતના ગ્રંથો થકી સાક્ષાત્ સંબંધિના ફળ રૂપ હોવાથી અવ્યભિચારી (= સત્ય) જાણવા.[૨] વળી જેઓ (= અન્યમતવાળા) ક્ષેત્રાદિના પરિમાણને કહે છે તેઓએ અવશ્ય ગણિતશાસ્ત્ર અર્થાત્ તેના કરણસૂત્રો પણ કહેવા જોઈએ. જેમ પ્રમેયના નિરૂપણમાં (પ્રત્યક્ષાદિ) પ્રમાણનું નિરૂપણ આવશ્યક છે તેમ.

## ❖ ગણિતશાસ્ત્ર-સર્વજ્ઞ કથિત સાચું ❖

**પ્રશ્ન :-** જંબૂદ્વીપાદિના ક્ષેત્રફળાદિ માપોનું જ્ઞાન જ અહી પર્યાપ્ત છે, તેના કરણસૂત્રો (Formulae)ની માથાકૂટ શા માટે કરવી ?

**જવાબ :-** જો કે જંબૂદ્વીપાદિનું માપ આગમોમાં કહ્યુ જ છે અને તે જ ઈષ્ટ છે, છતાં 'સંખ્યાનશાસ્ત્ર' = કરણસૂત્રવાળુ ગણિતશાસ્ત્ર પણ કહેવુ જ જોઈએ, કારણકે એનાથી દરેક ક્ષેત્ર-પર્વત-નદીના ઈષ્ટફળ લાવી શકાય. અન્ય લોકોએ પણ ક્ષેત્ર-પર્વતાદિના તે રીતના માપો કહ્યા છે પણ કરણસૂત્ર તેમજ તે કરણસૂત્રના લક્ષણ કહ્યા નથી. વળી જે પણ કહ્યા છે તે પણ ક્ષેત્રની પરિધિ આદિ સાથે બંધબેસતા નથી આવતા. અર્થાત્ તે કરણસૂત્રોમાં ક્ષેત્રાદિના માપો સાથે વ્યભિચાર આવે છે. જેમ કે સર્વભુવનકોશ વગેરે (ગ્રંથોમાં દર્શિત) પ્રક્રિયાની અંતર્ગત આવતો વ્યભિચાર જોવા યોગ્ય છે.

આશય એ છે કે આ સર્વજ્ઞ કથિત ક્ષેત્રાદિના પરિધિ આદિ માપો તથા કરણસૂત્રોમાં કોઈ વ્યભિચાર નથી. જ્યોતિષ શાસ્ત્ર, ક્ષેત્ર શાસ્ત્ર અને ગણિત શાસ્ત્રને અતિશય = વિશિષ્ટતા સાથે નહી જાણનારા એવા જે સાવર્ણિ, સાંશપાયન અને બુદ્ધ વગેરે (જે દર્શનકારો) છે તેઓનો આ (ક્ષેત્ર પરિમાણ) વિષય જ નથી. એટલે કે તેમની બુદ્ધિ અહી કથિત માપોને સમજવા ટૂંકી પડે છે.

જો કોઈ માણસ મૂઢતાથી મિથ્યા આગ્રહ કરે અર્થાત્ આ ક્ષેત્રાદિના પરિમાણને ન સ્વીકારે તો તેને પ્રતિવૃત્ત ફલક = ચારે બાજુથી ગોળ લાકડું, સૂત્ર = દોરડા, દીપકની છાયા આદિ પ્રતીતિઓ વડે વિશ્વાસ

१. तथाऽप्यत्र सम्बन्धित्वात् सङ्ख्यानशास्त्रं प्रणेयं, प्रतिपादितं तदन्यै... इति पाठो हारिभद्रीये दृष्टमस्ति तदत्रोचितं भासते।

♦ [ ] આવા કૌંશની અંદરનો ભાગ અસંબદ્ધ લાગે છે. ૨. પ્રસ્તુતમાં કથિત ક્ષેત્રાદિના કરણસૂત્રો વિવિધ ગણિતના ગ્રંથોમાં ઉપલબ્ધ હોવાથી તેમજ જે ઈષ્ટ ક્ષેત્રફળાદિ છે તે ફળને લાવતા હોવાથી અવ્યભિચારી છે તેમ જાણવું.

सूत्रम्

**प्राङ् मानुषोत्तरान्मनुष्याः ॥३/१४॥**

भाष्यम्

**अत्राह– उक्तं भवता– मानुषस्य स्वभावमार्दवार्जवत्वं च (अ.६ सू.१८) इति। तत्र के मनुष्याः क्व वेति ?। अत्रोच्यते–**

**प्राङ् मानुषोत्तरात् पर्वतात् पञ्चत्रिंशत्सु क्षेत्रेसु सान्तरद्वीपेषु जन्मतो मनुष्या भवन्ति।**

गन्धहस्ती

सङ्ख्यानम्, अतः सर्वज्ञज्ञानविषयाभ्यन्तरत्वाज्ज्ञानातिशयत्वाच्च महातडागोदरसंस्थितजलद्रव्यपलपरिमाणपरिज्ञानोपायोपदेशवत् तीर्थकरैः सर्वमिदमनवद्यमादर्शितं सर्वज्ञतालाञ्छनमिति॥ ३/१३॥

अत्राह– **उक्तं भवते**त्यादि पातनिकाग्रन्थः। सूत्रेषूक्तमाश्रवप्रस्तावे षष्ठेऽध्याये (सू.१८) **स्वभावमार्दवार्जवं च मानुषस्ये**ति, तत्र के मनुष्या आर्यादिभेदेन[1] व्यवस्थिताः क्व वा द्वीपक्षेत्रे समुद्रे वा ?। अत्रोच्यते–

સૂત્રાર્થ

**મનુષ્યો માનુષોત્તરની પૂર્વે હોય છે. ॥૩/૧૪॥**

ભાષ્યાર્થ

**પ્રશ્ન :- આપે આગળ ૬/૧૮ સૂત્રમાં કહ્યુ છે કે મનુષ્યના આયુષ્યનું કારણ સ્વભાવની ઋજુતા અને મૃદુતા છે. ત્યાં આ મનુષ્યો કોણ છે ? અથવા આ મનુષ્યો ક્યાં હોય છે ?**

**જવાબ :- ૩/૧૪ સૂત્રમાં કહેવાય છે.**

**માનુષોત્તર પર્વતની પૂર્વે અંતર્દ્વીપ સહિતના ૩૫ ક્ષેત્રો વિશે જન્મથી મનુષ્યો હોય છે. વળી**

હેમગિરા

પમાડવો. અર્થાત્ જેનો અમુક વિષ્કંભ હોય તેનો પરિક્ષેપ (પરિધિ) કેટલો હોય ?

એમ સંખ્યાનના નિયમ થકી (ગણિત પ્રક્રિયાથી) સિદ્ધ કરવું. પૂર્વાપર અવિરોધિ અને પ્રત્યક્ષ ફળવાળુ આ સંખ્યાન (= ગણિત) છે. તેથી તીર્થંકરોએ કહેલુ આ ક્ષેત્રાદિનું પ્રમાણાદિ બધુ જ નિર્દોષ છે, સર્વજ્ઞતાની છાપવાળુ છે કારણ કે સર્વજ્ઞના જ્ઞાનના વિષયવાળુ છે તેમજ જ્ઞાનના અતિશયવાળુ છે. કોની જેમ ? તે જણાવતા એક દાખલો આપે છે - જેમ વિશાળ તળાવમાં રહેલુ જળ-દ્રવ્ય કેટલા પળ (= એક માપ વિશેષ) પ્રમાણ છે તેનું ગણિત આ સર્વજ્ઞો ચોક્કસ જણાવી શકે છે તેમ આ ક્ષેત્રાદિ વિશે પણ સર્વજ્ઞોની નિર્દોષતા સમજવી.॥૩/૧૩॥

**૩/૧૪ સૂત્રની અવતરણિકા : अत्राह - उक्तं भवता** ઈત્યાદિ ભાષ્ય (૩/૧૪ સૂત્રની) પાતનિકા = અવતરણિકા રૂપે છે. તે આ પ્રમાણે, આશ્રવનું પ્રકરણ ૬/૧૮ સૂત્રમાં **"મનુષ્યના આયુષ્યનું કારણ જીવના સ્વભાવની ઋજુતા, મૃદુતા છે"** એમ કહેવાયું છે. તો મનુષ્યો કોણ છે ? તેના આર્ય આદિ ક્યા ભેદો છે ? આ પ્રશ્નના જવાબમાં ૩/૧૪ સૂત્ર કહેવાય છે.

१. ०भेदेन केन व्य० - मु. (खं) ।

• भाष्यम् •

**संहरण-विद्यर्द्धियोगात् तु सर्वेष्वर्धतृतीयेषु द्वीपेषु समुद्रद्वये च समन्दरशिखरेष्विति। भारतका हैमवतका इत्येवमादयः क्षेत्रविभागेन। जम्बूद्वीपका लवणका इत्येवमादयो द्वीप-समुद्रविभागेनेति।।३/१४।।**

• गन्धहस्ती •

[ **प्राङ् मानुषोत्तरेत्यादि** (३/१४) सूत्रम् ]

**मानुषोत्तरगिरिमर्यादाव्यवच्छिन्नाः, पञ्चत्रिंशत्सु भरतक्षेत्रादिषु, सान्तरद्वीपेषु जन्मासादयन्ति मनुष्याः**, एतेन भाष्येण न व्याप्तिरर्धतृतीयद्वीपानां समुद्रस्य दर्शिता। अधुना व्याप्तिमादर्शयति– **संहरण-विद्यर्द्धियोगात्** त्वित्यादि। सर्वत्र संहरणादिभिः कारणैः सन्निधानं स्यान्मनुष्याणामिति। एवमेषां स्थानानि निरूप्य मनुष्याणां क्षेत्रादिविभागेन भेदमाख्याति– **भारतका** इत्यादि सुज्ञानम्।। ३/१४।।

अधुनैषां क्षेत्रादिकृत एव विभागो विशेष्यते कर्मनिर्वृत्तिसंश्रयेण, अतस्तदाख्यानायाह–

• ભાષ્યાર્થ •

**સંહરણ, વિદ્યા કે ઋદ્ધિના યોગથી તો માનવો મેરુપર્વતના શિખર સહિત અઢી દ્વીપ અને બે સમુદ્રને વિશે સંભવે છે. ભારતીય, હૈમવતીય આ પ્રમાણેના મનુષ્યના ભેદો ક્ષેત્રોના વિભાગ વડે, જંબૂદ્વીપકો, લવણસમુદ્રીયો આ પ્રમાણેના ભેદો દ્વીપો અને સમુદ્રોના વિભાગ વડે છે. ।।૩/૧૪।।**

• હેમગિરા •

### ❖ મનુષ્યોના સ્થાન ❖

**मानुषोत्तर...** માનુષોત્તર પર્વતની મર્યાદામાં રહેલા એવા મનુષ્યો ૫૬ અંતર્દ્વીપ સહિતના ૩૫ ભરતક્ષેત્ર વગેરેમાં જન્મ પામે છે. અહીં દેવકુરુ અને ઉત્તરકુરુ, મહાવિદેહ ક્ષેત્રની અંતર્ગત હોવાથી એ (૧૦) ની સંખ્યા ગણવામાં આવી નથી માટે ૩૫ ક્ષેત્ર લખ્યા છે અન્યથા ૪૫ આવે - એ વાત ધ્યાનમાં રાખવી.

આ ભાષ્યમાં અઢીદ્વીપોની તેમજ સમુદ્રની વ્યાપ્તિ મનુષ્યોની સાથે બતાવી નથી. એટલે કે આ દ્વીપ-સમુદ્રમાં બધે જ મનુષ્યની ઉપસ્થિતિ કહી નથી. જે વ્યાપ્તિ હવેના **संहरण-विद्यर्द्धि...** ઈત્યાદિ ભાષ્યથી દર્શાવે છે. સંહરણ આદિ કારણો થકી (મેરુના શિખરો સહિત) સર્વત્ર (અઢી દ્વીપની અંદરના અને બહારના દ્વીપ, સમુદ્ર વિશે) મનુષ્યોનું સંનિધાન રહેઠાણ હોઈ શકે. આ પ્રમાણે આ મનુષ્યોના સ્થાનો (દ્વીપ, સમુદ્ર-પર્વત)નું નિરૂપણ કરીને તે સ્થાનોને મનુષ્યોના ક્ષેત્રાદિના વિભાગથી ભેદને દર્શાવે છે. **भारतका...** ઈત્યાદિ ભાષ્ય સુગમ છે. ।।૩/૧૪।।

### ❖ મનુષ્યના ભેદો ❖

**૩/૧૫ સૂત્રની અવતરણિકા :** તે સ્થાનોનો ક્ષેત્રાદિથી કરાયેલો જ વિભાગ હવે તે તે વ્યાપારના આશ્રય વડે વિશેષિત કરાય છે. અર્થાત્ તે ક્ષેત્ર-વિભાગોમાં જાતિ, કુલ આદિ કેવા પ્રકારના હોય છે તેને જણાવવા માટે કહે છે.

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૪૩

• सूत्रम् •

**आर्या [१]म्लेच्छाश्च॥३/१५॥**

• भाष्यम् •

**द्विविधा मनुष्या भवन्ति– आर्या म्लेच्छाश्च। तत्रार्याः षड्विधाःक्षेत्रार्याः, जात्यार्या, कुलार्याः, कर्मार्याः, शिल्पार्याः, भाषार्या इति। तत्र क्षेत्रार्याः पञ्चदशसु कर्मभूमिषु**

• गन्धहस्ती •

[ **आर्या म्लेच्छाश्च** (३/१५) सूत्रम् ]

चशब्दोऽनेन भेदत्वमुभयोरापादयति।

**द्विविधा** इत्यादि भाष्यम्। तत्रार्धषड्विंशतिजनपदजाता भूयसा आर्याः, अन्यत्र जाता म्लेच्छाः, तत्र क्षेत्र-जाति-कुल-कर्म-शिल्प-भाषा-ज्ञान-दर्शन-चारित्रेषु शिष्टलोकन्याय-धर्मानपेताचरणशीला आर्याः, एतद्विपरीतास्तु म्लेच्छा भवन्त्यव्यक्तानियतभाषा-चेष्टत्वात्।

**तत्रार्याः षड्विधा** इत्यादि। क्षेत्र-जाति-कुल-कर्म-शिल्प-भाषाभेदेन, तत्र **क्षेत्रार्या** इत्यादि सुज्ञानम्। **जात्यार्या इक्ष्वाकव** इत्यादि। सर्व एते जातिभेदाः केनचिन्निमित्तान्तरेणाध्यवसेयाः। **कुलार्या**

• સૂત્રાર્થ •

**આર્યો અને મ્લેચ્છો એમ બે ભેદે મનુષ્યો છે. ||૩/૧૫||**

• ભાષ્યાર્થ •

**મનુષ્યો બે પ્રકારે હોય છે. આર્યો અને મ્લેચ્છો, ત્યાં આર્યો ૬ પ્રકારે છે. તે આ રીતે :- (૧)-ક્ષેત્ર આર્યો, (૨) જાતિ આર્યો, (૩) કુલ આર્યો, (૪) કર્મ આર્યો, (૫) શિલ્પ આર્યો, (૬) ભાષા આર્યો. ત્યાં (૧) ક્ષેત્ર આર્યો :- ૧૫ કર્મભૂમિઓમાં ઉત્પન્ન થયેલા તથા ભરત વિશે**

• હેમગિરા •

સૂત્રમાં જે 'ચ' શબ્દ છે તે આ સૂત્ર વડે (अनेन) બંન્ને (આર્ય-અનાર્ય)ના ભેદને પ્રતિપાદન કરે છે.

**द्विविधा**..... સાડા પચ્ચીશ દેશોમાં જન્મેલા મોટા ભાગે આર્યો હોય છે. એ સિવાયના દેશોમાં જન્મેલા મ્લેચ્છો (= અનાર્યો) હોય છે. ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, દર્શન, ચારિત્રને વિશે શિષ્ટ લોકોના ન્યાય અને ધર્મથી યુક્ત આચરણ કરવાના સ્વભાવવાળા આર્યો હોય છે. આનાથી વિપરિત સ્વભાવવાળા તે મ્લેચ્છ કહેવાય છે. કેમકે એ લોકો અવ્યક્ત અને અનિયત એવી ભાષા અને ચેષ્ટાવાળા હોય છે.

### ❖ ક્ષેત્રાર્ય–જાત્યાર્ય–કુલાર્ય–કર્માર્ય ❖

**तत्रार्याः षड्विधा**... ત્યાં આર્યો ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ અને ભાષાના ભેદથી ૬ પ્રકારે છે.

(૧) **तत्र क्षेत्रार्या**... ઈત્યાદિ ભાષ્ય સુગમ છે. (૨) **जात्यार्याः**... જાતિઆર્યોમાં દર્શાવેલ ઈક્ષ્વાકુ વગેરે બધા જાતિના ભેદો કોઈક જુદા-જુદા નિમિત્ત લઈને (જ ઉભા થયેલા) જાણવા. (૩) **कुलार्या**...

१. म्लिशश्च पा.।

• भाष्यम् •

**जातास्तथा भरतेष्वर्धषड्विंशतिषु जनपदेषु जाताः शेषेषु च चक्रवर्तिविजयेषु। जात्यार्या इक्ष्वाकवो विदेहा हरयोऽम्बष्ठा ज्ञाताः कुरवः [१]वुंवुनाला उग्रा भोगा[२] राजन्या इत्येवमादयः। कुलार्याः कुलकराश्चक्रवर्तिनो बलदेवा वासुदेवा ये चान्ये आ तृतीयादा पञ्चमादा सप्तमाद् वा कुलकरेभ्यो वा विशुद्धान्वयप्रकृतयः। कर्मार्या यजन-याजनाध्ययनाध्यापन-प्रयोग-कृषि-लिपि-वाणिज्य-योनिपोषणवृत्तयः। शिल्पार्यास्तन्तुवाय-कुलाल-नापित-तुन्नवाय-देवटादयोऽल्पसावद्या अगर्हिता जीवाः। भाषार्या नाम ये शिष्टभाषानियतवर्णं लोकरूढ-स्पष्टशब्दं पञ्चविधानामप्यार्याणां संव्यवहारं भाषन्ते॥**

• गन्धहस्ती •

इत्यादि। अत्रापि निमित्तभेदेन भिद्यन्ते। अपरे परिभाषन्ते– पित्रन्वयो जातिः, मात्रन्वयः कुलम्। **कर्मार्या** इत्यादि। अनाचार्यकं किल कर्म तत्रार्याः कर्मार्याः। **शिल्पार्या** इत्यादि। आचार्योपदेशात् शिक्षितं शिल्पं तन्तुवायादि तत्रार्याः शिल्पार्याः। **भाषार्या** नामेत्यादि। शिष्टाः सर्वातिशयसम्पन्ना

• ભાષ્યાર્થ •

**સાડા પચ્ચીશ (આર્ય) દેશો વિશે જન્મેલા અને શેષ (મહાવિદેહક્ષેત્રની) ચક્રવર્તિ વિજયોમાં જન્મેલા જાણવા.**

**(૨) જાતિ આર્યો :- ઈક્ષ્વાકુ, વિદેહ, હરિ, અંબષ્ઠ, જ્ઞાત, કુરૂ, બુંવુનાલ, ઉગ્ર, ભોગ, રાજન્ય ઈત્યાદિ ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો જાતિ આર્ય જાણવા.**

**(૩) કુલ આર્યો :- કુલકરો, ચક્રવર્તિઓ, બળદેવો, વાસુદેવો અને અન્ય જેઓ કુલકરોથી ત્રીજી પેઢી સુધી, પાંચમી પેઢી સુધી અથવા તો સાતમી પેઢી સુધી થનારા જે વિશુદ્ધ વંશ અને વિશુદ્ધ સ્વભાવવાળા હોય છે.**

**(૪) કર્મ આર્યો :- યજ્ઞ = પૂજન કરવું, કરાવવું, અધ્યયન, અધ્યાપન, પ્રયોગ, કૃષી, લિપી, વાણિજ્ય યોનિપોષણ વગેરેની આજીવિકાવાળા જાણવા.**

**(૫) શિલ્પ આર્યો :- વણકર (દરજી), કુંભાર, હજામ, ચરખો ચલાવનારા, દેવટ (=શિલ્પી) આદિ જાતિવાળા જીવો અલ્પ સાવદ્યવાળી એવી અનિન્દિત આજીવિકાવાળા જાણવા.**

**(૬) ભાષા આર્યો :- જેઓ શિષ્ટોની ભાષાના નિયત અક્ષરવાળા, લોકમાં પ્રચલિત, સ્પષ્ટ શબ્દવાળા એવા શાબ્દવ્યવહારને પાંચે ય આર્યોની સાથે કરે/બોલે છે તેઓ ભાષા આર્યો કહેવાય છે.**

• હેમગિરા •

અહીં (કુલ નામના આર્યોને વિષે) પણ નિમિત્તના ભેદથી ભેદ છે. બીજાઓ એમ કહે છે - પિતાનો વંશ તે જાતિ કહેવાય, અને માતાનો વંશ તે 'કુલ' કહેવાય. (૪) **કર્માર્યા...** કર્માર્યો - આચાર્ય (વિશેષ ઉપદેશક, તાલીમ આપનાર) વિના જે શીખાય તે કર્મ, તેવા કર્મને જણનારા આર્યો કર્મ-આર્ય કહેવાય.

१. वुंवनाला मु.(खं.) बुंवनाला पा.। २. भोजा पा.। ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૪૪

भाष्यम्

**अतो विपरीता म्लिशः॥**

गन्धहस्ती

गणधरादयस्तेषां भाषा संस्कृताऽर्धमागधिकादिका च,

तत्र शिष्टभाषानियता अकारादयो वर्णा विशिष्टेन पौर्वापर्येण सन्निवेशिता यस्य शब्दप्रधान-संव्यवहारस्यासौ **शिष्टभाषानियतवर्णस्तं लोकरूढ-स्पष्टशब्दं लोकरूढः** = अत्यन्तप्रसिद्धः संव्यवहारेषु स्पष्टः = स्फुटो नाव्यक्तो बालभाषावल्लोकरूढः स्पष्टः शब्दो यस्मिन् संव्यवहारे तमेवंविधम्, पञ्चविधानामप्यार्याणां क्षेत्रादिभेदभाजामनन्तरोक्तानां **संव्यवहार**मागच्छ याहीदं कुरु मैवं कार्षीरित्येव-मादिकं भाषन्ते ये ते भाषार्याः॥

उक्तक्षेत्र-जाति-कुल-कर्म-शिल्प-भाषाव्यतिरिक्तक्षेत्रादिषट्कभाजः **सर्वे म्लिशो** भवन्ति, शक-यवन-किरात-काम्बोज-बाह्लीकादयोऽनेकभेदाः, तथाऽन्तरद्वीपकाः किल म्लेच्छा एव, क्षेत्रादिषट्क-विपर्यासात्।

ભાષ્યાર્થ

**આ (આર્યો)થી વિપરીત મ્લિશ = મ્લેચ્છો હોય છે.**

હેમગિરા

### ❖ શિલ્પાર્ય-ભાષાર્ય ❖

(૫) **શિલ્પાર્યા...** આચાર્યના ઉપદેશથી શીખેલું 'તન્તુવાય' વણાટ આદિ 'શિલ્પ' કહેવાય. તે શિલ્પને જાણનારા આર્યો શિલ્પ-આર્યો કહેવાય. (૬) **ભાષાર્યા નામ...** શિષ્ટ ભાષાના જાણકાર તે ભાષા આર્યો કહેવાય. શિષ્ટ એટલે સર્વ અતિશયસંપન્ન ગણધરાદિ, તેઓની = શિષ્ટોની ભાષા સંસ્કૃત અને અર્ધમાગધી વગેરે છે.

શિષ્ટ ભાષાથી નિયત એવા અકારાદિ વર્ણો જે શાબ્દ વ્યવહારમાં વિશિષ્ટ પ્રકારનાં પૌર્વાપર્યભાવથી ગોઠવાયેલા છે તે શાબ્દ વ્યવહાર શિષ્ટ ભાષાથી નિયત વર્ણવાળો કહેવાય. **लोकरूढस्पष्टशब्दं...** લોકરૂઢ એટલે લોકમાં = શાબ્દ વ્યવહારમાં (ઉચ્ચારાતો) અત્યંત પ્રસિદ્ધ એવો શબ્દ તે લોકરૂઢ કહેવાય, તેમજ સ્પષ્ટ એટલે નાના બાળકની ભાષાની જેમ અવ્યક્ત ન હોય પણ વ્યક્ત હોય = પ્રગટ હોય. જે શબ્દ વ્યવહારમાં લોકરૂઢ સ્પષ્ટ શબ્દ છે તે શાબ્દ વ્યવહાર લોકરૂઢ સ્પષ્ટશબ્દવાળો કહેવાય.

"તું આવ, તું જા, તું આ કર, તું આ પ્રમાણે ના કર." આવા પ્રકારના શબ્દ કરનારા હમણાં કહેલા ક્ષેત્ર આદિના ભેદવાળા એવા પાંચેય પ્રકારના મનુષ્યો ભાષાર્ય કહેવાય.

### ❖ મ્લેચ્છ માનવોની ઓળખ ❖

મ્લેચ્છો પણ આગળ પૂર્વે કહેવાયેલ ક્ષેત્ર, જાતિ, કુળ, કર્મ, શિલ્પ અને ભાષાથી છ પ્રકારના હોય છે. તેઓના શક, યવન, કિરાત, કાંબોજ, બાહ્લિક આદિ અનેક ભેદો છે. તેમજ અંતર્દ્વીપક (મનુષ્યો) મ્લેચ્છો જ હોય છે. કેમકે અંતર્દ્વીપમાં (ઉપર જણાવેલા) ક્ષેત્રાર્ય આદિ છએ આર્યોનો અભાવ હોય છે.

• भाष्यम् •

**तद्यथा → हिमवतः प्राक् पश्चाच्च चतसृषु विदिक्षु त्रीणि योजनशतानि लवण-समुद्रमवगाह्य चतसृणां मनुष्यविजातीनां चत्वारोऽन्तरद्वीपा भवन्ति, त्रियोजनशत-विष्कम्भायामाः। तद्यथा → एकोरुकाणामाभासिकानां लाङ्गूलिनां विषाणिनामिति १।**

• गन्धहस्ती •

**तद्यथा– हिमवतः प्राक् पश्चाच्च विदिक्षु** इत्यादि भाष्यम्। हिमवतः प्राग्भागे पश्चाद्भागे च विदिक्षु पूर्वोत्तरादिकासु **चतुसृषु, त्रीणि योजनशतानि** लवणजलधिमवगाह्य द्वीपकाः प्रथमतः सन्निविष्टास्तासां मनुष्यजातीनामेकोरुकादिकानाम्, तत्र पूर्वोत्तरस्यां दिशि त्रीणि योजनशतान्यवगाह्य लवणसागरजलं त्रिशतायाम-विष्कम्भः प्रथम एकोरुकाभिधानो द्वीप एकोरुकपुरुषाणामधिवासो द्वीपनामतः पुरुषनामानि, ते तु सर्वाङ्गोपाङ्गसुन्दरा दर्शनमनोरमणा नैकोरुका एवेत्येवं शेषा अपि वाच्याः,

तथा दक्षिणपूर्वस्यां दिशि लवणजलमवगाह्य त्रीणि शतानि त्रिशतायाम-विष्कम्भः प्रथमो द्वीप आभासिकाभिधान आभासिकमनुष्यावासः, तथा दक्षिणापरस्यां दिशि हिमवतस्त्रीणि शतानि लवणजलमवगाह्य त्रिशतायाम-विष्कम्भो लाङ्गूलिकाभिधानः प्रथमद्वीपो लाङ्गूलिकमनुष्यावासः,

• ભાષ્યાર્થ •

**તે આ પ્રમાણે છે → હિમવંત પર્વતની પૂર્વ અને પશ્ચિમ બાજુની ચારે વિદિશાઓમાં (જંબૂદ્વીપની જગતીથી) લવણ સમુદ્રને ૩૦૦ યોજન ઓળંગ્યા પછી મનુષ્યોની જુદી જુદી ચાર જાતિઓના ત્રણસો યોજન લાંબા અને પહોળા એવા ચાર અન્તર્દ્વીપો હોય છે. તે આ પ્રમાણે → એકોરુકોના, આભાસિકોના, લાંગુલિઓના અને વિષાણિ મનુષ્યોના. (જંબૂદ્વીપની જગતીથી)**

• હેમગિરા •

### ❖ અંતર્દ્વીપોના માનવો ❖

હિમવંતપર્વત થકી પૂર્વ અને પશ્ચિમ ભાગમાં પૂર્વોત્તર (ઈશાનખૂણા) આદિ ચાર વિદિશાઓમાં લવણ સમુદ્રને ૩૦૦ યોજન ઓળંગ્યા પછી તે એકોરુકાદિ મનુષ્ય જાતિઓના પ્રથમ દ્વીપો ગોઠવાયેલા છે. ત્યાં પૂર્વોત્તર વિદિશામાં અર્થાત્ પૂર્વ અને ઉત્તરની વચ્ચેના ઈશાન ખૂણામાં લવણ સમુદ્રમાં ૩૦૦ યોજન ગયા પછી ૩૦૦ યોજનની લંબાઈ-પહોળાઈવાળો સર્વ પ્રથમ એકોરુક પુરુષોના નિવાસ સ્થાન રૂપ એકોરુક નામનો દ્વીપ છે. અહીં બધે દ્વીપોના નામો ઉપરથી પુરૂષોના નામો જાણવા. વિશેષ એ કે તે મનુષ્યો માત્ર એક ઉરુ = જંઘાવાળા છે તેવું નથી પણ સર્વ અંગોપાંગથી સુંદર અને દેખાવમાં મનોરમ રૂપવાળા હોય છે. એ પ્રમાણે શેષ અંતર્દ્વીપમાનવો વિશે પણ કહેવું.

તેમજ દક્ષિણ-પૂર્વ દિશામાં (= અગ્નિખૂણામાં) લવણ સમુદ્રને ૩૦૦ યોજન ઓળંગ્યા પછી ૩૦૦ યોજન લંબાઈ-પહોળાઈવાળો આભાસિક માનવોના આવાસરૂપ એવો આભાસિક નામનો પ્રથમ દ્વીપ છે. તથા હિમવંતપર્વત થકી દક્ષિણ પશ્ચિમ દિશામાં (= નૈઋત્ય ખૂણામાં) લવણ સમુદ્રને ૩૦૦ યોજન ઓળંગ્યા પછી ૩૦૦ યોજન લંબાઈ પહોળાઈવાળો લાંગૂલિક મનુષ્યોના આવાસરૂપ લાંગૂલિક નામનો પ્રથમ દ્વીપ

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૪૫

• भाष्यम् •

**चत्वारि योजनशतान्यवगाह्य चतुर्योजनशतायाम-विष्कम्भाः। एवमेव हयकर्णानां गजकर्णानां गोकर्णानां शष्कुलीकर्णानामिति २। पञ्च योजनशतान्यवगाह्य पञ्चयोजनशतायाम-विष्कम्भा एवान्तर्द्वीपाः। तद्यथा– आदर्श-मेष-हय-गजमुखनामानः ३। षड् योजनशतान्यवगाह्य तावदायाम-विष्कम्भा एवान्तर्द्वीपाः। तद्यथा– अश्व-हस्ति-सिंह-**

• गन्धहस्ती •

तथोत्तरापरस्यां त्रीणि शतान्यवगाह्य लवणजलं त्रिशतायाम-विष्कम्भः प्रथमद्वीपो वैषाणिकाभिधानो वैषाणिकमनुष्यावासः।

एवं हयकर्ण-गजकर्ण-गोकर्ण-शष्कुलीकर्णाश्चत्वारि **योजनशतान्यवगाह्य** हिमवतो लवणोदधिं पूर्वोत्तरादिकासु विदिक्षु चतुर्योजनशतायाम-विष्कम्भाश्चत्वारो द्वीपा भवन्ति, एवं शेषचतुष्काण्यपि विभजनीयानि यावत् सप्तमो द्वीपः शतानि नवावगाह्य लवणजलधिं नवयोजनशतायाम-विष्कम्भो विदिशि विदिशि भवतीति, आदर्शमुख-मेषमुख-हयमुख-गजमुखाः, अश्वमुख-हस्तिमुख-सिंहमुख-

• ભાષ્યાર્થ •

**૪૦૦ યોજન ઓળંગીને હયકર્ણોના, ગજકર્ણોના, ગોકર્ણોના તથા શષ્કુલીકર્ણ મનુષ્યોના ૪૦૦ યોજનની લંબાઈ અને પહોળાઈવાળા જ ચાર (અન્તર્દ્વીપો) છે. ૫૦૦ યોજન ગયા પછી ૫૦૦ યોજનની લંબાઈ અને પહોળાઈવાળા જ (ચાર) અંતર્દ્વીપો છે. તે આ મુજબ → આદર્શમુખ, મેષમુખ, હયમુખ અને ગજમુખ નામવાળા. ૬૦૦ યોજન ગયા પછી તેટલી જ = ૬૦૦ યોજનની જ લંબાઈ-પહોળાઈવાળા (ચાર) અંતર્દ્વીપો હોય છે. તે આ મુજબ → અશ્વમુખ, હસ્તિમુખ,**

• હેમગિરા •

છે. ત્યાર બાદ ઉત્તર-પશ્ચિમ દિશામાં (= વાયવ્ય ખૂણામાં) લવણ સમુદ્રને ૩૦૦ યોજન ઓળંગ્યા પછી ૩૦૦ યોજન લંબાઈ પહોળાઈવાળો વૈષાણિક નામના મનુષ્યોના નિવાસરૂપ વૈષાણિક નામનો પ્રથમ દ્વીપ જાણવો.

### ❖ અંતર્દ્વીપોના નામો ❖

એ પ્રમાણે હિમવંતપર્વત થકી લવણસમુદ્રને ૪૦૦ યોજન ઓળંગીને પૂર્વોત્તર (= ઈશાન) આદિ ૪ વિદિશામાં ૪૦૦ યોજનની લંબાઈ પહોળાઈવાળા હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ તેમજ શષ્કુલીકર્ણ નામના ૪ દ્વીપો આવેલા છે.

આ રીતે (અહીં સુધીમાં જે રીતે એકોરુક, આભાસિક, લાંગૂલિક, વૈષાણિક વગેરે દ્વીપચતુષ્કની વ્યવસ્થા કહી તેવી રીતે આગળ) શેષ ચતુષ્કોનું પણ વિભાગીકરણ (ઈશાનાદિ વિદિશા વિશે) કરી લેવુ. યાવત્ ૯૦૦ યોજનની લંબાઈ-પહોળાઈવાળો ૭ મો દ્વીપ લવણસમુદ્રને ૯૦૦ યોજન ઓળંગ્યા પછી દરેક (ચાર) વિદિશામાં હોય છે. (શેષ આ બધા દ્વીપના તથા મનુષ્યોના નામ ક્રમશઃ આ મુજબ જાણવા :-)

(૩) ૧. આદર્શમુખ, ૨. મેષમુખ, ૩. હયમુખ, ૪. ગજમુખ.

• भाष्यम् •

**व्याघ्रमुखनामानः ४। सप्त योजनशतान्यवगाह्य सप्तयोजनशतायाम-विष्कम्भा एवान्तरद्वीपाः। तद्यथा– अश्वकर्ण-सिंहकर्ण-हस्तिकर्ण-कर्णप्रावरणनामानः ५। अष्टौ योजनशतान्यवगाह्याष्टयोजनशतायाम-विष्कम्भा एवान्तरद्वीपाः। तद्यथा– उल्कामुख-विद्युज्जिह्व-मेषमुख-विद्युद्दन्तनामानः ६। नव योजनशतान्यवगाह्य नवयोजनशतायाम-विष्कम्भा एवान्तरद्वीपा भवन्ति। तद्यथा– घनदन्त-गूढदन्त-[1]श्रेष्ठदन्त-शुद्धदन्तनामानः ७। एकोरुकाणामेकोरुकद्वीपः। एवं शेषाणामपि स्वनामभिस्तुल्यनामानो वेदितव्याः।**

• गन्धहस्ती •

व्याघ्रमुखाः, अश्वकर्ण-सिंहकर्ण-हस्तिकर्ण-कर्णप्रावरणाः, उल्कामुख-विद्युज्जिह्व-मेषमुख-विद्युद्दन्ताः, घनदन्त-गूढदन्त-विशिष्टदन्त-शुद्धदन्ताख्याः। एते च युग्मप्रसवाः पल्योपमासङ्ख्येयभागायुषोऽष्टधनुःशतोच्चाः पुरुषा भवन्ति।

एवमेवाष्टाविंशतिरन्तरद्वीपकानां हिमवद्गिरिप्रागपरपर्यन्तप्रवाहा भवन्त्युक्तेन न्यायेन। तथैरावत-

• ભાષ્યાર્થ •

**સિંહમુખ અને વ્યાઘ્રમુખ નામવાળા.**

**૭૦૦ યોજન ઓળંગ્યા પછી ૭૦૦ યોજનની લંબાઈ પહોળાઈવાળા જ (ચાર) અંતર્દ્વીપ છે, તે આ મુજબ → અશ્વકર્ણ, સિંહકર્ણ, હસ્તિકર્ણ અને કર્ણપ્રાવરણ નામવાળા. ૮૦૦ યોજન ઓળંગીને ૮૦૦ યોજન લંબાઈ પહોળાઈ વાળા જ (ચાર) અંતર્દ્વીપ છે. તે આ મુજબ → ઉલ્કામુખ, વિદ્યુત્જિહ્વા, મેષમુખ અને વિદ્યુદ્દન્ત નામવાળા. ૯૦૦ યોજન ઓળંગીને ૯૦૦ યોજનની જ લંબાઈ અને પહોળાઈવાળા ચાર અંતર્દ્વીપો છે. તે આ મુજબ → ઘનદન્ત, ગૂઢદંત, શ્રેષ્ઠદંત અને શુદ્ધદંત નામવાળા. એકોરુક મનુષ્યોનો એકોરુક નામનો દ્વીપ છે. આ પ્રમાણે શેષ દ્વીપોના**

• હેમગિરા •

(૪) ૧. અશ્વમુખ, ૨. હસ્તિમુખ, ૩. સિંહમુખ, ૪. વ્યાઘ્રમુખ.

(૫) ૧. અશ્વકર્ણ ૨. સિંહકર્ણ, ૩. હસ્તિકર્ણ ૪. કર્ણપ્રાવરણ.

(૬) ૧. ઉલ્કામુખ, ૨. વિદ્યુત્જિહ્વા, ૩. મેષમુખ, ૪. વિદ્યુદ્દન્ત.

(૭) ૧. ઘનદન્ત, ૨. ગૂઢદન્ત, ૩. વિશિષ્ટદંત, ૪. શુદ્ધદંત.

વળી એઓ યુગ્મ (સ્ત્રી-પુરૂષ બંને સાથે) જન્મવાળા = જોડિયા જન્મ લેનારા, પલ્યોપમના અસંખ્યેયભાગના આયુષ્યને ધારણ કરનારા, ૮૦૦ ધનુષની ઉંચાઈવાળા હોય છે.

**❖ અંતર્દ્વીપ ૫૬ છે, ૯૬ નહીં ❖**

આ પ્રમાણે ઉક્ત ન્યાયથી (= ઉપર કહેલી રીત મુજબ) ૨૮ અંતર્દ્વીપો હિમવંતપર્વતના પૂર્વ - પશ્ચિમના છેડેથી નિકળેલા છે. તેમજ ઐરાવત ક્ષેત્રને વિભાજિત કરનારા શિખરીપર્વતના પણ એ પ્રમાણે

१. विशिष्टदन्त- पा.।

सूत्रम्

**भरतैरावत-विदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः ॥३/१६॥**

भाष्यम्

**शिखरिणोऽप्येवमेवेत्येवं षट्पञ्चाशदिति ॥३/१५॥**

**मनुष्यक्षेत्रे भरतैरावत-विदेहाः पञ्चदश कर्मभूमयो भवन्ति। अन्यत्र देवकुरूत्तरकुरुभ्यः।**

गन्धहस्ती

क्षेत्रविभागकारिणः शिखरिणोऽप्येवमेव पूर्वोत्तरादिविदिक्षु क्रमेणामुनैव नामकलापेन चान्तरद्वीपकानामष्टाविंशतिर्भवत्येकत्र षट्पञ्चाशदन्तरद्वीपका भवन्ति।

एतच्चान्तरद्वीपकभाष्यं प्रायो विनाशितं सर्वत्र कैरपि दुर्विदग्धैर्येन षण्णवतिरन्तरद्वीपका भाष्येषु दृश्यन्ते। अनार्षं चैतदध्यवसीयते **जीवाभिगमा**दिषु षट्पञ्चाशदन्तरद्वीपकाध्ययनात्, नापि वाचकमुख्याः सूत्रोल्लङ्घनेनाभिदधत्यसम्भाव्यमानत्वात्, तस्मात् सैद्धान्तिकपाशैर्विनाशितमिदमिति ॥३/१५॥

तदेतस्मिन्नार्यानार्यविकल्पे मनुष्यक्षेत्रे काः कर्मभूमयोऽकर्मभूमयो वेत्यत आह–

સૂત્રાર્થ

**ભરત, ઐરાવત (ક્ષેત્રો) અને દેવકુરુ, ઉત્તરકુરુ સિવાયની વિદેહો કર્મભૂમિઓ છે. ॥૩/૧૬॥**

ભાષ્યાર્થ

**પણ (મનુષ્યો)ને સ્વ દ્વીપ તુલ્ય નામવાળા જાણવા. શિખરી પર્વતના પણ આ પ્રમાણે જ (૨૮) અંતર્દ્વીપો છે. એમ કુલ (૨૮ + ૨૮ =) ૫૬ અંતર્દ્વીપો છે. ॥૩/૧૫॥**

**મનુષ્યક્ષેત્રમાં ભરત, ઐરાવત (ક્ષેત્રો) અને દેવકુરુ-ઉત્તરકુરુ સિવાયની વિદેહો એ ૧૫**

હેમગિરા

જ પૂર્વોત્તર (= ઈશાન) આદિ વિદિશાઓમાં આ જ ક્રમથી અને આ જ નામોના ૨૮ અંતર્દ્વીપ હોય છે. એમ કુલ મળીને ૫૬ અંતર્દ્વીપ હોય છે. આ ભાષ્ય કોઈ પણ દુર્વિદગ્ધો (= દોઢડાહ્યાઓ = અભિમાનથી ફૂંકાએલા, પોતાને પંડિત માનનારાઓ) વડે પ્રાયઃ સર્વત્ર (= સર્વ હસ્તપ્રતિઓમાં) વિનાશ કરાયું છે કેમકે ભાષ્યોમાં (અન્તર્દ્વીપ સંબંધી હસ્ત પ્રતિઓમાં) ૯૬ અંતર્દ્વીપોનો પાઠ દેખાય છે. આ વાત અનાગમિક જણાય છે. કારણ કે જીવાભિગમાદિ આગમોમાં ૫૬ અંતર્દ્વીપનું વિધાન કરેલું છે. વાચકમુખ્યશ્રી (= ભાષ્યકારશ્રી) પણ ૫૬ અંતર્દ્વીપના સૂત્રનું ઉલ્લંઘન કરી વ્યાખ્યા કરતા નથી કેમકે એ ૯૬ અંતર્દ્વીપ સંભવતા નથી.

તેથી આમ લાગે છે કે આ (૫૬ અંતર્દ્વીપવાળું ભાષ્ય) સિદ્ધાન્તના પાશો વડે = શત્રુઓ વડે વિનાશ કરાયેલું છે. ॥૩/૧૫॥

## ❖ ૧૫ કર્મભૂમિઓ ❖

**૩/૧૬ સૂત્રની અવતરણિકા :** આ આર્ય અને અનાર્ય ભેદવાળા મનુષ્ય ક્ષેત્રમાં કર્મભૂમિઓ કે અકર્મભૂમિ કઈ છે ? એવો પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી એના જવાબમાં ૩/૧૬ સૂત્રને કહે છે.

**મનુષ્યક્ષેત્ર...** અઢીદ્વીપની અંદર પાંચ ભરતો, પાંચ ઐરાવતો અને પાંચ વિદેહો (= મહાવિદેહો) એમ કુલ ૧૫ કર્મભૂમિઓ છે.

• भाष्यम् •

**संसारदुर्गान्तगमकस्य सम्यग्दर्शन-ज्ञान-चारित्रात्मकस्य मोक्षमार्गस्य ज्ञातारः कर्तार**

• गन्धहस्ती •

[ **भरतैरावते**त्यादि (३/१६) सूत्रम् ]

**मनुष्यक्षेत्र** इत्यादि भाष्यम्। अर्धतृतीयद्वीपाभ्यन्तरे पञ्च भरतानि पञ्चैरावतानि पञ्च विदेहाः **पञ्चदश कर्मभूमयो भवन्ति,** कार्त्स्न्येन प्राप्ते कर्मभूमित्वे विदेहानामपवादः क्रियते– देवकुरूत्तरकुरुवर्जा विदेहाः कर्मभूमयो भवन्तीति, तदन्तःपातित्वान्निषेधः॥

अथ कः कर्मभूमिशब्दार्थ इत्यत आह–

**संसारदुर्गान्तगमकस्ये**त्यादि। मोक्षमार्गो विशिष्यते, संसारो नारकादिभेदः स एव **दुर्गं**-गहनमनेकजातिप्रमुखत्वाद् दुःखात्मकत्वाच्च तस्यान्तः = पारः संसारदुर्गान्तस्तं संसारदुर्गान्तं गमयति-प्रापयति यस्तस्य संसारदुर्गान्तगमकस्य **मोक्षमार्गस्य** = सम्यक्त्व-ज्ञान-चरणात्मकस्येति मोक्षाङ्गानामियत्तामावेदयति, एवंविधस्य मोक्षपथस्य, **ज्ञातार**स्तीर्थकरा यथावदवगन्तार इत्यर्थः।

• ભાષ્યાર્થ •

**કર્મભૂમિઓ હોય છે.**

**સંસારરૂપી કિલ્લાને પાર કરાવનારા એવા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગના જ્ઞાતા,**

• હેમગિરા •

ઉપર જણાવ્યા મુજબ તો આખા મહાવિદેહની ગણત્રી કર્મભૂમિમાં પ્રાપ્ત થાય છે. તેમાં અપવાદ કહે છે કે દેવકુરુ અને ઉત્તરકુરુને વર્જી અર્થાત્ દેવકુરુ અને ઉત્તરકુરુ સિવાયની વિદેહો કર્મભૂમિઓ કહેવાય છે. વિદેહની અંદર હોવાથી તે દેવકુરુ અને ઉત્તરકુરુની કર્મભૂમિ તરીકે ગણત્રી આવતી હતી (પણ તે કર્મભૂમિ નથી) માટે નિષેધ કર્યો છે.

**❖ કર્મભૂમિનું સ્વરૂપ ❖**

હવે 'કર્મભૂમિ' શબ્દનો અર્થ શું છે ? એના જવાબમાં **संसारदुर्गान्तगमकस्य...** ઈત્યાદિ ભાષ્ય કહે છે - આ ભાષ્યમાં મોક્ષમાર્ગને બે વિશેષણ દ્વારા વિશેષિત કર્યો છે.

અહીં 'संसारदुर्गान्तगमकस्य' શબ્દનો વિગ્રહ આ પ્રમાણે કર્યો છે :- સંસાર એ જ દુર્ગ = સંસારદુર્ગ, સંસારદુર્ગનો અંત = સંસારદુર્ગાન્ત તેને જે પ્રાપ્ત કરાવે (ગમયતિ) તે સંસારદુર્ગાન્તગમક (तस्य) તેનો = 'संसार-दुर्गान्तगमकस्य.' નારકાદિ ભેદવાળો સંસાર તે જ દુર્ગ અર્થાત્ ગહન છે. ગહન = દુઃખે કરીને ઓળંગી શકાય તેવો છે. કારણ કે અનેક જન્મની પરંપરાવાળો છે, તેમજ દુઃખાત્મક છે. તે સંસારદુર્ગનો અંત લાવનાર/ પાર પમાડનાર સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રાત્મક એવો મોક્ષમાર્ગ છે. સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રાત્મક એવું વિશેષણ મોક્ષના અંગોની (= ઉપાયોની = કારણોની) સંખ્યાને જણાવે છે. તીર્થંકરો આવા પ્રકારના મોક્ષપથના જ્ઞાતા = વાસ્તવિકપણે જાણકાર અને કર્તા છે. અર્થાત્ મોક્ષપથના પ્રણેતા = દેખાડનાર છે.

• भाष्यम् •

**उपदेष्टारश्च भगवन्तः परमर्षयस्तीर्थकरा अत्रोत्पद्यन्ते। अत्रैव जाताः सिद्ध्यन्ति नान्यत्र, अतो निर्वाणाय कर्मणः सिद्धिभूमयः कर्मभूमय इति। शेषास्तु विंशतिर्वंशाः सान्तरद्वीपा**

• गन्धहस्ती •

**कर्तार** इति प्रणेतारः = प्रदर्शयितार इतियावन् नित्यत्वात् प्रवचनार्थस्येति, सम्यक्त्वाद्यात्मकं तीर्थं तत्प्रणयनात् तीर्थकरा भवन्ति, गणधरादिप्रव्राजनाद् वा, वाग्योगेन चोपदिशन्ति भगवन्त **इत्युपदेष्टारः** श्रुतज्ञानाभावादिति सूचयति, यशो-लक्ष्म्यादियोगाद् **भगवन्तः, परमर्षयः** कृतार्थत्वे सति सन्मार्गोपदेशेन भव्यसत्त्वाभ्युद्धरणात् तीर्थकरणहेतवस्तच्छीलास्तदनुलोमवृत्तयो वा **तीर्थकरा अत्रोत्पद्यन्ते** पञ्चदशसु क्षेत्रेषु, एतेष्वेव च पुनः सकलकर्मक्षयं विधाय सिद्धिधामाभिधावन्ति **नान्यत्र क्षेत्र** इति।

**अतो निर्वाणाय कर्मणः सिद्धिभूमयः कर्मभूमय इति**। अतः सकलकर्माग्नेर्विध्यापनाय

• ભાષ્યાર્થ •

**કર્તા અને ઉપદેશક એવા પરમર્ષિ - તીર્થંકર ભગવંતો અહીં (કર્મભૂમિમાં) ઉત્પન્ન થાય છે. તેમજ અહીં જ જન્મેલા (એવા તેઓ) અહીં જ (કર્મભૂમિમાં જ) સિદ્ધ થાય છે, બીજે નહીં, આથી કર્મોને નષ્ટ કરવા માટે અને સિદ્ધિ પ્રાપ્તિ માટેની ભૂમિઓ એ કર્મભૂમિ એમ કહેવાય છે. બાકીના વીશ**

• હેમગિરા •

અહીં 'કર્તા' શબ્દનો અર્થ મોક્ષમાર્ગના સ્થાપનાર એવો નથી કરવાનો પણ દેખાડનાર એવો કરવાનો છે. કેમકે પ્રવચનનો અર્થ એ (પ્રવાહની અપેક્ષાએ) નિત્ય હોય છે. (જો કે વ્યક્તિની અપેક્ષાએ તો સાદિ-સાંત જ છે.) જેમ કે સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ જે તીર્થ છે તેનું પ્રણયન કરતા હોવાથી (ઋષભાદિ) તીર્થંકર કહેવાય છે. અથવા તો ગણધર♦ આદિ (તીર્થ) ને દીક્ષા આપતા હોવાથી તે અપેક્ષાએ તીર્થના કર્તા તરીકે તીર્થંકર કહી શકાય. વળી ભગવાન વચન યોગ વડે ઉપદેશ આપે છે. અહીં 'વાગ્યોગં' વડે એમ કહેવા દ્વારા ભગવાનમાં શ્રુતજ્ઞાનના અભાવનું સૂચન કરે છે.

**ભગવંત** :- યશરૂપી લક્ષ્મી વગેરેનો યોગ હોવાથી તીર્થંકરો 'ભગવાન' કહેવાય છે.

**પરમર્ષિ** :- (કેવલજ્ઞાન પામી) કૃતાર્થપણું હોવા છતાં સન્માર્ગનો ઉપદેશ કરવા દ્વારા ભવ્યજીવોનો ઉદ્ધાર કરતા હોવાથી તીર્થંકરો પરમર્ષિ કહેવાય છે.

### ❖ સકલ કર્મક્ષયની ભૂમિ તે કર્મભૂમિ ❖

તીર્થંકરો તીર્થને કરવામાં હેતુરૂપ કે તીર્થને કરવાના સ્વભાવવાળા અથવા તીર્થ કરવાની અનુકૂલ વૃત્તિવાળા હોય છે. તેઓ અહીં પંદર (કર્મભૂમિમાં) ક્ષેત્રમાં જન્મ લે છે. અને ફરી તેમાં (૧૫ ક્ષેત્રોમાં) જ સકલ કર્મનો ક્ષય કરી સિદ્ધિગતિમાં જાય છે. અર્થાત્ બીજા કોઈ ક્ષેત્રમાંથી મોક્ષ-સિદ્ધિ ગતિ પામી શકાય નહી.

**अतो निर्वाणाय...** આથી કર્મના નિર્વાણ માટેની તેમજ સિદ્ધિ (પ્રાપ્તિ) માટેની ભૂમિઓ તે કર્મભૂમિઓ

♦. 'તીર્થ' શબ્દનો ગણધર અને પ્રવચન અર્થ પણ થાય છે.

• सूत्रम् •

**नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ॥३/१७॥**

• भाष्यम् •

**अकर्मभूमयो भवन्ति।**

**देवकुरूत्तरकुरवस्तु कर्मभूम्यभ्यन्तरा अप्यकर्मभूमय इति ॥३/१६॥**

**नरो नरा मनुष्या मानुषा इत्यनर्थान्तरम्। मनुष्याणां परा स्थितिस्त्रीणि पल्योपमानि,**

• गन्धहस्ती •

सिद्धिप्राप्त्यै भूमयः कर्मभूमयोऽभिधीयन्त इति। परिशेषलब्धमकर्मभूमिशब्दार्थमाख्याति– **शेषास्त्वि-** त्यादि। जम्बूद्वीपे हैमवत-हरिवर्ष-रम्यक-हैरण्यवताख्याश्चत्वारो वंशाः, अत एव धातकीखण्डेऽष्टौ द्विगुणाः पुष्करार्धे चाष्टावेकत्र **विंशतिर्वंशाः** सहान्तरद्वीपैरेकोरुकादिभिः षट्पञ्चाशद्भिर**कर्मभूमयो भवन्ति**, तीर्थकरजन्मादिरहितत्वात्। पूर्वापोदितमर्थमुपसंहरति–

सर्वदाचरणप्रतिपत्तेरभावादित्यवगमयति ॥३/१६॥

अथैते मनुष्या आर्यादिभेदवर्तिनः कियन्तं कालमनुपाल्यायुः प्राणान् विजहतीत्याह–

• सूत्रार्थ •

**મનુષ્યની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ ક્રમશઃ ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે. ||૩/૧૭||**

• ભાષ્યાર્થ •

**ક્ષેત્રો અને અન્તર્દ્વીપો એ અકર્મભૂમિઓ છે. (અહીં દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્રની જો આ વીશ ક્ષેત્રની ભેગી ગણત્રી કરવામાં આવે તો ત્રીશ ક્ષેત્રો અને ૫૬ અંતર્દ્વીપો એ અકર્મભૂમિઓ છે.)**

**દેવકુરુઓ અને ઉત્તરકુરુઓ તો કર્મભૂમિની અંતર્ગત હોવા છતાં પણ અકર્મભૂમિ રૂપ છે.||૩/૧૬||**

**નૃ, નર, મનુષ્ય, માનુષ આ બધા પર્યાયવાચી શબ્દો (= એકાર્થક શબ્દો) છે. મનુષ્યોની**

• હેમગિરા •

છે. અર્થાત્ જે સકલ કર્મરૂપી-અગ્નિને ઓલવવા માટે તેમજ સિદ્ધિની પ્રાપ્તિ માટેની ભૂમિઓ છે તે કર્મભૂમિ એ પ્રમાણે કહેવાય છે.

**શેષાસ્તુ** ઈત્યાદિ ભાષ્ય પારિશેષન્યાયથી મળેલા એવા અકર્મભૂમિના શબ્દાર્થને કહે છે - જંબૂદ્વીપમાં હૈમવંત, હરિવર્ષ, રમ્યક અને હૈરણ્યવંત નામના ચાર વંશો (= ક્ષેત્રો) છે. એવા જ ધાતકી ખંડમાં ચારથી બે ગણા એટલે આઠ છે અને અર્ધપુષ્કરમાં (પણ) આઠ છે. કુલ મળી ૨૦ ક્ષેત્રો થયા. એકોરુક વગેરે ૫૬ અંતર્દ્વીપ સાથેની આ (૨૦) અકર્મભૂમિઓ હોય છે. કેમકે (આ અકર્મભૂમિ) તીર્થંકરોના જન્મ આદિથી રહિત હોય છે.

પૂર્વે અપવાદથી જે કહેલુ છે (કે દેવકુરુ-ઉત્તરકુરુ કર્મભૂમિ નથી) એ જ અર્થનો ઉપસંહાર કરે છે : સર્વકાળે ત્યાં ચારિત્ર-પ્રાપ્તિનો અભાવ હોવાથી દેવકુરુ-ઉત્તરકુરુ પણ અકર્મભૂમિ રૂપે છે એમ જણાવે છે. ||૩/૧૬||

### ❖ મનુષ્યાયુષ્યનું પરિમાણ ❖

**૩/૧૭ સૂત્રની અવતરણિકા :** હવે આ આર્યાદિ ભેદવાળા મનુષ્યો કેટલા કાળ સુધી આયુષ્યનું પાલન કરી પ્રાણોનો ત્યાગ કરે છે ? એ વાતને કહે છે.

सूत्रम्

## तिर्यग्योनीनां च॥३/१८॥

भाष्यम्

**अपरा अन्तर्मुहूर्तेति॥३/१७॥**

**तिर्यग्योनीनां च परांपरे स्थिती त्रिपल्योपमान्तर्मुहूर्ते भवतो यथासङ्ख्यमेव। पृथक्करणं**

गन्धहस्ती

[ **नृस्थिती**त्यादि (३/१७) सूत्रम् ]

**नरो नरा** इत्यादि भाष्यम्। पर्यायाख्यानेन व्याख्यातमेतद् नृशब्दस्य, **परा** = उत्कृष्टा **स्थितिः** = आयुषोऽवस्थानं = जीवितकालस्**त्रीणि पल्योपमानि मनुष्याणाम्**, एतानि चाद्धापल्योपमेन जीवा-नामायूंषि गण्यन्ते, **अपरा अन्तर्मुहूर्ता** जघन्या स्थितिरायुषोऽन्तर्मुहूर्तपरिमाणा भवतीति॥३/१७॥

[ **तिर्यग्योनीनां च** (३/१८) सूत्रम् ]

**तिर्यग्योनीनाम**प्यत्रैवोच्यते स्थितिरायुषः समानप्रक्रमत्वात्। **तिर्यग्योनीनां चे**त्यादि भाष्यम्। तिर्यग्योनयः = पृथिव्यप्तेजो-वायु-वनस्पति-द्वि-त्रि-चतुः-पञ्चेन्द्रियास्तेषामपि **परापरे स्थिती** जीवितव्यस्य **त्रिपल्योपमान्तर्मुहूर्त्ते भवतो यथासङ्ख्यमु**त्कृष्टजघन्ये स्थिति बोद्धव्ये,

સૂત્રાર્થ

**તિર્યંચયોનિવાળા જીવોની પણ સ્થિતિ એ જ પ્રમાણે જાણવી. ॥૩/૧૮॥**

ભાષ્યાર્થ

**ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની જાણવી. ॥૩/૧૭॥**

**તિર્યંચયોનિવાળા જીવોની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ યથાક્રમે ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવી. આ સૂત્ર જૂદું રચવાનો આશય 'યથાસંખ્ય' ને લઈ ઉભા થતા દોષની બાદબાકી**

હેમગિરા

**नरो नरा...** સૂત્રમાં કહેલ 'नृ' શબ્દનું ભાષ્યમાં 'नरो नरा' એ પર્યાયવાચી શબ્દો દ્વારા વ્યાખ્યાન (= અર્થ) કર્યું છે. મનુષ્યોની પરા = ઉત્કૃષ્ટ સ્થિતિ = આયુનું અવસ્થાન = જીવનકાળ ત્રણ પલ્યોપમ હોય છે. વળી જીવોના આ આયુષ્યો અદ્ધાપલ્યોપમથી ગણાય છે. अपरा अन्तर्मुहूर्ता... અર્થાત્ આયુષ્યની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તના પરિમાણવાળી હોય છે. **॥૩/૧૭॥**

### ❖ તિર્યંચાયુષ્યનું પરિમાણ ❖

**तिर्यग्योनीनां च...** તિર્યંચયોનિની પણ આયુષ્યની સ્થિતિ અહીં જ કહેવાય છે કેમકે (તેમની આયુષ્યની સ્થિતિ મનુષ્યની જેમ) સમાન પ્રકરણવાળી છે.

પૃથ્વી, અપ્, તેજો, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એ તિર્યંચ યોનિવાળા જીવો જાણવા. સામાન્યથી તેમની પણ ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્યની સ્થિતિ ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટી.૪૬

• भाष्यम् •

**यथासङ्ख्यदोषविनिवृत्त्यर्थम्, इतरथा यद्येकमेव सूत्रमभविष्यत्। उभयत्र चोभे यथासंख्यं स्यातामिति।**

• गन्धहस्ती •

**पृथग्योगकरणं यथासङ्ख्यदोषविनिवृत्त्यर्थ**मित्यादि। नृ-तिर्यग्योनीनां स्थिति परापरे त्रिपल्योपमान्तर्मुहूते इत्येवं न्यासे सति त्रिपल्योपमा परा स्थितिर्मनुष्याणाम्, अपरा स्थितिस्तिरश्चामन्तर्मुहूर्तप्रमाणेत्येवं स्यात् सूत्रार्थ इत्याचार्याभिप्रायः। न खल्वेवमपि न्यस्यमाने कश्चिद्दोषः, स्थिति **परापरे** इति समुदितमेवेदं समासपदत्वादभिसम्भन्त्स्यते, नृणां स्थिति परापरे त्रिपल्योपन्तर्मुहूर्ते तिरश्चां च परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते, व्याख्यानतो वा विच्छेद आर्षानुवादित्वाद् वाऽस्य सूत्रप्रबन्धस्येति।

• ભાષ્યાર્થ •

**કરવાનો છે. અન્યથા જો આ બે (૧૭, ૧૮મા) સૂત્રને સાથે જોડી એક સૂત્ર સ્વરૂપ કરી દીધુ હોત તો ઉત્કૃષ્ટ અને જઘન્ય એ બે માં બે ગતિઓનો ક્રમસર સંબંધ = અન્વય થાત અને તેથી મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની અને તિર્યંચની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની જાણવી - આવો અનિષ્ટ અર્થ થાત.**

• હેમગિરા •

હોય છે. આ ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ યથાક્રમે જાણવી. અર્થાત્ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ અને જઘન્ય અંતર્મુહૂર્ત જાણવી. (જુઓ પરિશિષ્ટ-૧૨, ચિત્ર નં.૬)

**यथासंख्यदोष**... યદિ જો મનુષ્ય અને તિર્યંચ બન્નેના જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય એક જ છે તો પછી એક જ સૂત્રમાં બન્નેનો સમાવેશ કરી શકાય ને ! ૧૭, ૧૮ બે ભિન્ન સૂત્રો કેમ રચ્યા ? આ શંકાના સમાધાનરૂપે જો **नृ-तिर्यग्योनिस्थिति परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते** આવા પ્રકારનું એક સૂત્ર રચાય તો **અનુક્રમ ન્યાય** લાગીને યથાક્રમે અર્થ કરતા ''ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ મનુષ્યોની અને અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્ય સ્થિતિ તિર્યંચોની'' એવો અર્થ થાય જે અનિષ્ટ છે માટે અલગ સૂત્ર રચ્યું છે. એમ આચાર્યશ્રીનો (પૃથગ્ સૂત્ર રચવાનો) અભિપ્રાય જણાય છે.

અથવા એક અપેક્ષાએ વિચારીયે તો એ પ્રમાણે ભેગું પણ સૂત્ર રચાયે છતે ય કોઈ દોષ નથી જણાતો, કારણ અહીં ''**स्थिति परापरे**'' એવા આ પદનો ભેગો = સમુદિત જ અન્વય થશે કેમકે 'परापरे' એ સામાસિક પદ છે અને તેથી એનો અર્થ આ પ્રમાણે થશે → માનવોની ઉત્કૃષ્ટ = પર અને જઘન્ય = અપર સ્થિતિ ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્તની છે. અને તિર્યંચોની પર અને અપર સ્થિતિ ત્રણ પલ્યોપમ અને અંતર્મૂહૂર્ત છે.

સૂત્ર રચનાનો વિચ્છેદ = બે જુદા સૂત્રોની રચના વ્યાખ્યાને આશ્રયીને સમજવાની છે. (આ રીતે સૂત્ર રચવાથી વ્યાખ્યા પદ્ધતિ સુગમ બને. શ્રોતાને શીઘ્ર સમજાય) અથવા આ સૂત્ર રચના એ આર્ષ પરંપરા મુજબ છે તેમ કહેવુ પડે.

भाष्यम्

